Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC

(CGPA 2.93)

Kotecha, Jayshree M., 2007, *સૌરાષ્ટ્રના સ્થાનિક શાસન પર બ્રિટિશ પ્રભાવ રાજકોટ રાજ્યના વિશેષ સંદર્ભમાં (૧૮૮૫ થી ૧૯૩૦)*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/266

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# સૌરાષ્ટ્રના સ્થાનિક શાસન પર બ્રિટિશ પ્રભાવ
# રાજકોટ રાજયના વિશેષ સંદર્ભમાં (૧૮૮૫ થી ૧૯૩૦)

## British impact on local rule of Saurashtra with special reference to Rajkot state (1885 - 1930 A.D.)

# THESIS

## TO BE SUBMITTED FOR THE DEGREE OF DOCTOR OF PHILOSOPHY IN HISTORY

to the

Saurashtra University,

Rajkot

**: Guide :**
**Dr. Rashmiben T. Vyas**
**( M.A., Ph.d. )**
Head
Department of History
Matushri Virbaima
Mahila Arts College,
Rajkot - 360 001. (Guj.)

**: By :**
**Jayshree M. Kotecha**
**(Smt. Jayshree G. Kathrani)**
( M.A., M. Phil. )
"Krishna Kunj"
6/8 Gayakwadi Plot,
Opp. Satkar Zerox,
Rajkot - 360 001. (Guj.)

**JUNE – 2007**

પ્રો. ડો. આર.ટી. વ્યાસ,
અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ,
માતુશ્રી વીરબાઈમાં મહિલા આર્ટસ કોલેજ,
રાજકોટ

તારીખ

# :: પ્રમાણપત્ર ::

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે જયશ્રી બેન એમ. કોટેચાએ મારા માર્ગદર્શન હેઠળ અને સલાહસૂચન પ્રમાણે "સૌરાષ્ટ્રમાં સ્થાનીક શાસન પર બ્રિટિશ પ્રભાવ – રાજકોટ રાજયના વિશેષ સંદભમાં (ઈ.સ. ૧૮૮૫–૧૯૩૦)" શીર્ષકવાળો શોધનિંબધ "ઈતિહાસ" વિષયમાં પી.એચ.ડી. પદવી માટે તૈયાર કર્યો છે.

વિશેષમાં આ શોધનિબંધ કે તેનો કોઈ અંશ પ્રકાશિત થયો નથી કે કોઈપણ પદવી માટે કોઈ યુનિવર્સિટીમાં રજુ થયો નથી.

ક્ષેત્રીય માહિતી તેમજ અનુભવજન્ય માહિતી ઉપર આધારીત આ મૌલિક સંશોધન પ્રથમ વખત આ યુનિવર્સિટીમાં "ઈતિહાસ" વિષયમાં પી.એચ.ડી. ની પદવી માટે રજુ કરવામાં આવે છે.

રાજકોટ :
તારીખ :

પ્રો. ડો.આર.ટી. વ્યાસ,
પી.એચ.ડી. ના માર્ગદર્શક,
અધ્યક્ષ : ઈતિહાસ વિભાગ,
માતુશ્રી વીરબાઈમાં મહિલા,
આર્ટસ કોલેજ,
રાજકોટ.

# સૌરાષ્ટ્રના સ્થાનિક શાસન પર બ્રિટિશ પ્રભાવ રાજકોટ રાજયના વિશેષ સંદર્ભમાં (૧૮૮૫ થી ૧૯૩૦)

# :: નિવેદન ::

ઈતિહાસનું અધ્યયન સમયના સંદર્ભમાં ગતિ અને સ્થિતિનું ચિત્ર પુરું પાડે છે. કોઈપણ એક સમયગાળા દરમ્યાન કોઈને કોઈ ઘટના કે પરિવર્તન આકાર લેતા જ હોય છે. કોઈ એક ક્ષેત્રે થયેલ પરિવર્તન અન્ય ક્ષેત્રોમાં પણ બદલાવ આણતું હોય છે. ઘણી બધી દ્રષ્ટિએ અંગ્રેજ સત્તાની ભારતમાં સ્થાપના પણ આ જ સત્ય પ્રગટ કરે છે. આર્થિક હેતુસર ભારતમાં પ્રવેશેલા અંગ્રેજોએ સમય જતાં સમગ્ર ભારત પર રાજકીય પ્રભુત્વ સ્થાપી દીધું. આ ઘટનાએ અનેક ક્ષેત્રે રાજકીય અને આર્થિક સિવાય પણ સમાજિક, શૈક્ષણિક, ધાર્મિક વગેરે ક્ષેત્રોમાં પરિવર્તન આણ્યું. તેના પર વિવિધ અભ્યાસો પણ થયા છે. પરંતુ અહીં દેશી રાજયો જે છેક આઝાદી સુધી અસ્તિત્વ ધરાવતા હતાં, તેમના શાસનમાં કોઈ પ્રકારનું પરિવર્તન આવ્યું હતું કે કેમ તેવા પ્રશ્રમાંથી આ સંશોધન કાર્યનો ઉદભવ થયો.

સ્થાનિક ઈતિહાસના સંશોધનનું મહત્વ એ દ્રષ્ટિ છે કે તે ચોકકસ વિસ્તારના ઈતિહાસનું ઊંડાણપૂર્વકનુ અધ્યયન રજૂ કરે છે. સૌરાષ્ટ્રમાં રાજકોટનું ભૌગોલિક સ્થાન અને રાજકીય મહત્વ નોંધપાત્ર રહ્યા છે. બ્રિટિશ એજન્સીનું તે મુખ્ય મથક હતું. આથી રાજકોટ રાજયને કેન્દ્રમાં રાખીને બ્રિટિશ શાસનનો પ્રભાવ સ્થાનિક શાસન પર કેવો પડયો તેનું સંશોધન કરવાનો અહીં નમ્ર પ્રયાસ કર્યો છે.

આ સંશોધન કાર્ય માટે મે મુખ્યત્વે રાજકોટની રેકોર્ડ ઓફિસના દસ્તાવેજો, ફાઈલોનો આધાર લીધો છે. આ ઉપરાંત લેંગ લાયબ્રેરી રાજકોટ ડિસ્ટ્રીકટ લાયબ્રેરી, લાખાજીરાજ લાયબ્રેરી, માતુશ્રી વીરબાઈમાં મહિલા કોલેજની લાયબ્રેરી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની લાયબ્રેરી વગેરે માંથી

સંદર્ભગ્રંથો અને અન્ય પુસ્તકોનો ઉપયોગ કર્યો છે. રાજકોટના સંદર્ભમાં લખાયેલા સંશોધનગ્રંથો તથા સંશોધનપત્રોનો પણ આધાર લીધો છે.

આ ઉપરાંત વિવિધ સમાચાર પત્રો, એમ. ફિલ તથા પી.એચ.ડી. ના શોધ નિબંધોનો અભ્યાસ કરી પ્રસ્તુત વિષયને શકય તેટલો આધારભૂત, વિશ્વસનીય અને વૈજ્ઞાનિક અર્થઘટનવાળો બનાવવાનો મેં નમ્ર પ્રયાસ કર્યો છે.

મારા આ શંસોધન કાર્યમાં મનેં હંમેશા ઉત્સાહપૂર્વક માર્ગદર્શન તથા પ્રેરણા આપનાર તથા દરેક પગીથીયે ઉપસ્થિત થયેલ સમસ્યાઓનું નિરાકરણ કરનાર, પોતાના અંગત કૌટુંબિંક રોકાણો પણ રદ કરીને અવાર–નવાર માર્ગદર્શન આપનાર અને આ ભગીરથ કાર્ય પુરું કરાવનાર મારા સુખ દુઃખના સાથી અને માતુશ્રી વીરબાઈમા મહિલા આર્ટસ કોલેજના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડો. રશ્મિબેન ત્રિભુવનભાઈ વ્યાસ નો તથા તેના સમગ્ર પરિવારનો આ ક્ષણે અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. અને તેમને વંદન કરું છું.

મારા આ સંશોધન કાર્યમાં કેટલીક વ્યકિતઓ મને ઘણી મદદરૂપ બની છે. આ તકે તે સૌનો ઉલ્લેખ કરી આભારની લાગણી વ્યકત કરું છું.

માતુશ્રી વીરબાઈમા મહિલા કોલેજના ટ્રસ્ટીશ્રીઓ શ્રી વીણાબેન પાંધી, પ્રિન્સિપાલશ્રી ડો.હસુતાબેન સેદાણી, ડો. કુસુમબેન ભોજાણી, પ્રા. નીતાબેન સુતરીયા, ગ્રંથપાલશ્રી મીતાબેન ધનેશા તથા તમામ અધ્યાપક ભાઈઓ અને બહેનો કે જેમણે મને આ કાર્ય કરવાની પ્રેરણા આપી તથા સાથ સહકાર આપ્યો તે તમામની હું આભારી છું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ તથા મારા મિત્ર ડો. પ્રફુલ્લાબેન રાવલ તથા તેના પરિવારજનો તથા ઈતિહાસ વિભાગના તમામ અધ્યાપકોનો આ તકે આભાર માનું છું. રેકોર્ડ ઓફિસના તમામ સ્ટાફ તથા અધિકારીઓનો ખૂબ ખૂબ આભાર માનું છું.

મારા આ સંશોધન કાર્યના રાહબર મારા પિતાતુલ્ય સસરા સ્વ. શ્રી નારણદાસભાઈ કાથરાણી, મારા સાસુ પૂજય સવિતાબેન, મારા પિતાશ્રી સ્વ. શ્રી મનસુખલાલ અને મારા માતુશ્રી

સ્વ. રૂક્ષ્મણીબેન કોટેચા, મારા નણંદ સ્વ. માયાબેન, મારા દિયર સ્વ. શ્રી ખગેશભાઈ કે જેમની શુભાશિષને કારણે હું આ ભગીરથ કાર્ય પૂર્ણ કરી શકી છું.

મારા આ સંશોધન કાર્યને વેગ આપવા બદલ મારા ભાઈ શ્રી સુરેશભાઈ, પરેશભાઈ , ભાભી શ્રીમતી વીણાબેન, જલ્પાબેન, મારી બહેનો શ્રીમતી ભારતીબેન હર્ષદકુમાર, નીતાબેન મહેન્દ્રકુમાર, રાજગીશબેન ભરતકુમાર તથા મને હરપળે સાથ સહકાર આપનાર નાની બહેન ચેતના તે તમામની હું આભારી છું.

મારા આ સમગ્ર કાર્ય દરમ્યાન મને સતત પ્રોત્સાહિત કરી મારી સગવડો સાચવી સામાજિક તથા કૌટુંબિક જવાબદારીઓમાંથી મુકત રાખી મને અનુકુળતા કરી આપાવ બદલ હું મારા દિયરશ્રી ઈન્દ્રવદનભાઈ કાથરાણી, શ્રીમતી લતાબેન, જયોતિબેન તથા સમગ્ર કાથરાણી પરિવાર, તથા મારા નણંદ શ્રીમતી ચેતનાબેન મહેન્દ્રકુમારનો ખૂબ ખૂબ આભાર માનું છું.

વિશેષમાં મારા આ સંશોધનકાર્યમાં મારા જીવનસાથી સાચા પથદર્શક શ્રી ઘનશ્યામ કાથરાણી કે જેમણે મને તન, મન, ધનથી ખૂબજ મદદ કરી છે અને જે સહકાર આપ્યો છે તે સદાય યાદ રહેશે. મારા પુત્ર વિમલ તથા પુત્રી નેહલે મારા આ કાર્યમાં ખૂબજ પ્રોત્સાહન આપ્યું છે. અને સક્રિય સાથ સહકાર આપ્યો છે. તો મા સરસ્વતીની કૃપા તેમના પર વરસે તેવી માતાજીને પ્રાર્થના કરું છું. અને તેમનો પણ આભાર માનું છું.

અંતમાં મારા આ સંશોધન કાર્ય દરમ્યાન મને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાય કરનાર તમામ નામી અનામી ગુરૂજનો, સ્નેહીજનો, સ્વજનો તથા મિત્રોનો અંતઃ કરણપૂર્વક આભાર માનું છું.

રાજકોટ જયશ્રી એમ. કોટેચા

તાઃ (શ્રીમતી જયશ્રી ઘનશ્યામ કાથરાણી)

# :: અનુક્રમણિકા ::


| ક્રમ | પ્રકરણનું નામ | પાના નં. |
|---|---|---|
| ૧) | સૌરાષ્ટ્ર પ્રદેશ, પર્યાવરણ અને પ્રજા વિહંગાવલોકન. | ૦૦૧ થી ૦૨૪ |
| ૨) | અંગ્રેજ સત્તાની સ્થાપના પૂર્વેનો સૌરાષ્ટ્રના રાજકીય અને વહીવટી ઈતિહાસની ઝાંખી. | ૦૨૫ થી ૦૬૫ |
| ૩) | સૌરાષ્ટ્રમાં અંગ્રેજસત્તાની સ્થાપના. | ૦૬૬ થી ૦૯૦ |
| ૪) | સૌરાષ્ટ્રના રજવાડાંઓનો વહીવટ અને અંગ્રેજ સત્તાના આગમનથી થયેલ પરિવર્તન. | ૦૯૧ થી ૧૧૮ |
| ૫) | રાજકોટ રાજયનો ઈતિહાસ. | ૧૧૯ થી ૧૪૧ |
| ૬) | સર લાખાજીરાજની કારકીર્દી અને તેના વહીવટી પ્રયોગો. | ૧૪૨ થી ૧૬૪ |
| ૭) | સરલાખાજી રાજના વહીવટી પ્રયોગોનું વિશ્લેષણ. | ૧૬૫ થી ૧૮૨ |
| ૮) | સાર્વભૌમ સત્તા સાથેના સંબંધો. | ૧૮૩ થી ૨૦૧ |
| ૯) | "તારતમ્ય". | ૨૦૨ થી ૨૦૮ |
| ૧૦) | પરિશિષ્ટ – ૧<br>લાખાજીરાજના શાસન દરમ્યાન રાજકોટ રાજયનો વિકાસ. | ૨૦૯ થી ૨૦૯ |
| ૧૧) | પરિશિષ્ટ – ૨<br>સૌરાષ્ટ્રમાં પ્રજા પ્રતિનિધિ સભા અને પ્રજા મંડળો. | ૨૧૦ થી ૨૧૪ |
| ૧૨) | રાજકોટનો નકશો તથા ફોટાઓ. | ૨૧૫ થી ૨૧૭ |
| ૧૩) | સંદર્ભ–સુચિ. | ૨૧૮ થી ૨૨૩ |

# પ્રકરણ – ૧

## સૌરાષ્ટ્ર પ્રદેશ, પર્યાવરણ અને પ્રજા વિહંગાવલોકન

૦૧) ભૌગોલિક પરિસ્થિતિ

૦૨) નામ

૦૩) કાઠિવાડના વિભાગો

૦૪) પર્વતો

૦૫) નદીઓ

૦૬) આબોહવા

૦૭) વરસાદ

૦૮) દુષ્કાળ

૦૯) જમીન

૧૦) ખેડુતો

૧૧) સિંચાઈ

૧૨) બંદરો

૧૩) વેપારીઓ

૧૪) ઉદ્યોગો – ધંધા

૧૫) મહાજન

૧૬) રસ્તા

૧૭) રેલ્વે

૧૮) સંદેશા વ્યવહાર / પોષ્ટ ઓફિસ / તાર, ટેલિફોન

૧૯) ચલણ

૨૦) વ્યાજ વટુ

૨૧) વેઠ

૨૨) ઉપસંહાર

# પ્રકરણ – ૧

# સૌરાષ્ટ્ર – પ્રદેશ, પર્યાવરણ અને પ્રજા વિહંગાવલોકન

ઈતિહાસના અધ્યયનમાં જેટલું ઈતિહાસનું મહત્વ છે. તેટલુ જ તેની ભૂગોળનું પણ છે. ભૌગોલિક પરિસ્થિતિએ કોઈપણ પ્રદેશના ઈતિહાસને ઘડયો હોય છે. જમીન, પહાડો, સમુદ્ર નદીઓ, આબોહવા વગેરે પ્રજાને ઘડવામાં અગત્યનો ભાગ ભજવે છે. તેથી અહિ અભ્યાસના ક્ષેત્રની ભૌગોલિક માહિતી અસ્થાને નહીં ગણાય. સૌરાષ્ટ્ર એ ભારતના પશ્ચિમ ભાગમાં આવેલો એક પ્રાચીન પ્રદેશ છે. તેનું મહત્વ અનેક પ્રાચીન ગ્રંથોમાં સ્વીકારવામાં આવ્યું છે. પુરાણોમાં સૌરાષ્ટ્રને 'દેવભૂમિ' ગણવામાં આવ્યો છે. સૌરાષ્ટ્ર વિશે કહેવાયું છે કે

"સોરઠ દેશ સોહામણો, ચંગા નર ને નાર"
જાણે સ્વર્ગથી ઉતર્યો, દેવદેવી અણસાર."

## ભૌગોલિક પરિસ્થિતિ :

સૌરાષ્ટ્રએ સંત અને શુરાની ભૂમિ છે. સૌરાષ્ટ્રનો દ્વીપકલ્પ ભારતના પશ્ચિમ કાંઠે ૨૦°–૪૦° ૨૩°–૨૫° ઉતર અક્ષાંસ અને ૬૯°–૫° થી ૭૨°–૨૦° પૂર્વ રેખાંશની વચ્ચે આવેલો પ્રદેશ છે. પહેલા સૌરાષ્ટ્રનું ક્ષેત્રફળ ૬૧,૦૦૦ ચોરસ કિ.મી. હતું. હાલમાં તે ૬૪,૦૦૦ ચો.કિ.મી. છે.[૧] સૌરાષ્ટ્રની ઉત્તરે કચ્છનું રણ અને કચ્છનો અખાત આવેલો છે. તેની વાયવ્ય, પશ્ચિમ અને દક્ષિણ બાજુએ અરબી સમુદ્ર આવેલો છે. તેની પૂર્વ સીમાએ ખંભાતનો અખાત અને ગુજરાતની તળભૂમિના અમદાવાદ તથા મહેસાણા જીલ્લો આવેલો છે. આ ગુજરાતની તળભૂમિ સાથે જોડાયેલ પ્રદેશને બાદ કરતા સૌરાષ્ટ્રની સીમાએ સમુદ્ર આવેલો છે. આમ સૌરાષ્ટ્ર એક દ્વીપકલ્પનો પ્રદેશ છે. અને અતિ પ્રાચીનકાળમાં તે ચારે બાજુએ પાણી ધરાવતો ટાપુ હતો. કચ્છના રણ સુધી અરબી સમુદ્ર હતો. જે નૌકાવિહાર માટે યોગ્ય હતો.[૨]

---

૧) જાની એસ.વી. સૌરાષ્ટ્રનો ઈતિહાસ દર્શક ઈતિહાસ નિધિ અમદાવાદ – ૨૦૦૩– પૃ – ૫

૨) એજન પૃ – ૫

ભૂસ્તર શાસ્ત્રીઓનો એવો મત છે કે સૌરાષ્ટ્ર પ્રાંત તદન બેટ હતો અને તે ગુજરાતનાં કોઈ ભાગ સાથે જોડાયેલ ન હતો. સૌરાષ્ટ્રની ઉત્તરમાં કચ્છના અખાતથી પૂર્વમાં ખંભાતના અખાતની વચ્ચે ભાલકાંઠાનો પ્રદેશ આવેલો છે. ત્યાં પહેલા સમુદ્રની ખાડી હતી. ત્યારે કચ્છનું રણ ખંભાતનો અખાત પાણીની બે નાની ખાડીથી જોડાયેલા હતા. આમ કચ્છના અખાતથી તે છેક ખંભાતના અખાત સુધી સૌરાષ્ટ્રના ઉત્તર અને પૂર્વ કિનારે સમુદ્ર હતો.[૧]

સૌરાષ્ટ્રમાં ઘણી નદીઓ આવેલી છે. જેવી કે લુણી, બનાસ, રૂપેણ, સરસ્વતી વગેરે નદીઓ દ્વારા આ વિસ્તારમાં કાંપ ઠલવાતા હતા. તેના લીધે ઉત્તર પૂર્વની આ છીછરી ખાડી પૂરાઈ ગઈ અને સૌરાષ્ટ્રટાપુ ગુજરાતની મૂળભૂમી સાથે જોડાઈ ગયો. આમ સૌરાષ્ટ્ર એક દ્વીપ માંથી દ્વીપકલ્પનો પ્રદેશ બની ગયો.[૨]

દક્ષિણ સૌરાષ્ટ્ર સોરઠ તરીકે, સમુદ્રતીરની પટ્ટીનો પ્રદેશ 'નાઘેર' તરીકે, પશ્ચિમ દક્ષિણ ભાગ 'બરડા' અને તેની દક્ષિણનો ભાગ 'ઘેડ'ના નામથી જાણીનો બન્યો. સૌરાષ્ટ્રની પશ્ચિમે દ્વારકા આસપાસનો પ્રદેશ 'ઓખા' તરીકે ઓળખાયો. સોરઠના વન પ્રદેશનું 'ગિર' નામ પડયું જામનગરની દક્ષિણનો ભાગ 'હાલાર' અને મોરબી તરફનો પ્રદેશ 'મચ્છુકાંઠા' તરીકે ઓળખાયો મોરબીની ઉત્તરનો પ્રદેશ 'રણકાંઠા' તરીકે ઓળખાયો. પૂર્વ સૌરાષ્ટ્ર 'કાઠિયાવાડ' તરીકે ઓળખાયો અને આજે તે સૌરાષ્ટ્ર તરીકે ઓળખાય છે.[૩]

**નામ :**

આ પ્રદેશનું નામ સૌરાષ્ટ્ર કઈ રીતે પડયું તે અંગે વિદવાનોમાં જુદા જુદા મતમતાંતરો થયા છે.

---

૧) વોટસન જે. ડબલ્યુ (મૂળ લેખક) અનુવાદક નર્મદાશંકર – લાલશંકર – કાઠિયાવાડ સર્વ સંગ્રહ મુંબઈ – ૧૮૮૬ પૃ – ૧ – ૨

૨) એજન : પ્ર– ૧–૨.

૩) દેસાઈ શંભુ પ્રસાદ હરિપ્રસાદ – 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ' – જુનાગઢ – ૧૯૬૮ પૃ –૬૨૪

'સું' એટલે સારું અને 'રાષ્ટ્ર' એટલે 'દેશ' 'સુરાષ્ટ્ર' નો અર્થ 'સારોદેશ' એમ કરી શકાય કેટલાક વિદ્વાનો સૌરાષ્ટ્રને 'સુરરાષ્ટ્ર' એટલે 'દેવોનો દેશ' કહે છે. અંગ્રેજ ઈતિહાસકારો "સૌરાષ્ટ્ર" ને "સુર્યપૂજક લોકોનો દેશ કહે છે"

આપણા પ્રાચીન ગ્રંથો જેવા કે રામાયણ મહાભારતમાં પણ સૌરાષ્ટ્રનો ઉલ્લેખ જોવા મળે છે. આ ઉપરાંત પાણિનીના અષ્ટાધ્યાયી તથા પાતંજલિના મહાભાષ્યમાં, ગિરનારના શિલાલેખમાં, કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં, બૌધ્ધાયન ધર્મશાસ્ત્રમાં, દેવસ્મૃતિમાં પણ સૌરાષ્ટ્રનો ઉલ્લેખ જોવા મળે છે. મહાક્ષત્રપ રૂદ્રદામાના ઈ.સ. ૧૩૦ થી ૧૫૦ વચ્ચેના જુનાગઢના લેખમાં સૌરાષ્ટ્રનો ઉલ્લેખ જોવા મળે છે.

આ ઉપરાંત પુરાણો, શ્રીમદભાગવત અને હરિવંશમાં મૈત્રકોના દાનશાસનમાં અને સોલંકીકાળમાં સૌરાષ્ટ્રનો ઉલ્લેખ જોવા મળે છે. એક એવી માન્યતા છે કે 'સુરા' જાતિ આ દેશમાં વસ્તી તેથી તે દેશ 'સૌરાષ્ટ્ર' કહેવાયો, આમ વૈદિક કાળથી 'સૌરાષ્ટ્ર' નામનો ઉલ્લેખ જોવા મળે છે. પ્રાચીનકાળથી સૌરાષ્ટ્ર એક સભ્ય, સંસ્કૃત, સમૃધ્ધ અને સુંદર દેશ તરીકે પ્રખ્યાત થયો હતો. આમ સૌરાષ્ટ્ર માટે "સુર્યરાષ્ટ્ર" સુરાષ્ટ્ર' 'સૌરાષ્ટ્ર' અને 'સુરરાષ્ટ્ર' જેવા નામો પ્રચલિત થયા પરંતુ પ્રાચીન ગ્રંથો જોતા તેનું શુધ્ધ નામ 'સૌરાષ્ટ્ર' છે જે આજે પણ પ્રચલિત છે.[૧]

એક સમયે સૌરાષ્ટ્રને સોરઠ તરીકે પણ ઓળખવામાં આવતો, વિદ્વાનોનું એવું માનવું છે કે પ્રાચીન સમયમાં 'સુ' નામની પ્રજા હતી અને એવી જ બીજી પ્રજા 'રઠ' હતી. તે બન્ને પ્રજાનો આ દેશ તે 'સુરઠ' એટલે કે 'સોરઠ' કહી શકાય. અકબરનામાં, આઈન–એ–અકબરી તથા તવારીખ–એ–સોરઠ માં સોરઠ નામનો ઉલ્લેખ જોવા મળે છે.

---

૧) કડાકા ધંજીશાહ હોરમઝજી – કાઠીયાવાડ ડિરેકટરી ઠકકર દામોદર રાજકોટ ૧૮૮૬ ભાગ–૧ પૃ–૨૨.

ગુજરાતના સુલતાનોનું સૌરાષ્ટ્ર પર આધિપત્ય સ્થપાયા પછી સૌરાષ્ટ્રના વિભાગો પડયા અને તેમાંથી હાલાર, ગોહિલવાડ, ઝાલાવાડ વિભાગો અલગ પડયા, જે દક્ષિણ સૌરાષ્ટ્ર 'સોરઠ' નામે ઓળખાયો. મુસ્લીમ વિર્જતાઓએ સૌરાષ્ટ્રનું પ્રાકૃતનામે સોરઠ સ્વીકારી લીધું હતું જુનાગઢના બાબીવંશના નવાબો સોરઠ સરકાર તરીકે ઓળખાતા તેમની રાજમુદ્રામાં નો નાગરી લિપિમાં ''સૌરાષ્ટ્ર'' શબ્દનો ઉલ્લેખ જોવા મળે છ. આમ સૌરાષ્ટ્ર માંથી 'સોરઠ' થયું અને આ શબ્દ પ્રજાએ પણ અપનાવ્યો સોરઠીલિપી, સોરઠી રાગિણી સોરઠી સમશેર, સોરઠી પાઘડી, સોરઠી ઘોડી, સોરઠી હુડા–રાસ, સોરઠી ભેંસ, વિગેરે સૌરાષ્ટ્રમાં તથા અન્યત્ર પ્રસિધ્ધ થયા. આમ સોરઠ શબ્દ ત્રણ અક્ષર સ.ર.ઠ. ક્રમશ સરસ રસ ઠાલવતા પ્રદેશનું પ્રત્તીક છે.[૧]

સોરઠ શબ્દ જયારે દક્ષિણ સૌરાષ્ટ્ર માટે વપરાતો થયો અને હાલાર ઝાલાવડ વગેરે પ્રદેશો જુદા–જુદા નામથી પ્રચલિત બન્યા ત્યારે સૌરાષ્ટ્ર પર મુલકગીરી માટે આવતા પેશ્વા અને ગાયકવાડના અધિકારીઓને સૌ પ્રથમ કાઠીઓનો જબરદસ્ત મુકાબલો કરવો પડયો તેથી મરાઠાઓએ સૌરાષ્ટ્રના મધ્ય અને દક્ષિણ ભાગને 'કાંઠેવાડ' નામ આપ્યું. સમય જતા આખા દ્વિપકલ્પનું નામ કાઠીઆવાડ પડયું. પછીથી અંગ્રેજોએ પણ સૌરાષ્ટ્રના પ્રદેશને કાઠીઆવાડ કહયો. અને તે નામ ૧૯૪૭ સુધી ચાલુ રહયું.[૨]

સૌરાષ્ટ્રનું મુંબઈ રાજયમાં જોડાણ થયા પછી સરકારી દફતરોમાંથી ''સૌરાષ્ટ્ર'' અને 'સોરઠ' શબ્દ અદ્રષ્ય થઈ ગયા અને 'કાઠીઆવાડ' શબ્દ પ્રચલિત થયો,

---

૧) કડાકા ધ.હો. કા. ડિ. ભાગ – ૧ પૃ. – ૮૫

૨) દેસાઈ શં.હ.સૌ.ઈ.પૃ.–૫

## કાઠીઆવાડના વિભાગો :

આ કાઠીઆવાડના ઐતિહાસિક તથા ભૌગોલિક દ્રષ્ટીએ ૧૦ વિભાગ કરી શકાય. જે આ પ્રમાણે છે.

**૧) ઝાલાવાડ :** તેમા મુખ્યત્વે ધાંગધ્રા, વાંકાનેર, વઢવાણ, લીંબડી, લખતર, સાયલા, મૂળી અને ચુડાના રાજયો આવેલા હતા.

**૨) ગોહેલવાડ :** જેમાં ભાવનગર, પાલીતાણા, વળા, અને લાઠીના ગોહેલ રાજયકર્તાઓના રાજયોનો સમાવેશ થતો હતો.

**૩) ઉંડ સરવૈયા વાડ :** આ પ્રદેશમાં સરવૈયા, તાલુકાદારોના ગામો આવેલાં હતાં. અને તેમનો વહીવટ એજન્સીની હકૂમત હેઠળ ચાલતો હતો.[૧]

**૪) બાબરિયાવાડ :** બાબરિયાવાડ એ દરિયાકાંઠા ઉપર ગોહિલવાડ અને સોરઠ એ બે ની વચ્ચે છે. તેનું ક્ષેત્રફળ ૫૦૦ ચોરસ માઈલ છે. બાબરિયા રજપૂતો ઉપરથી તે નામ પડયું છે એમા ઘણા નાના સંસ્થાનો તથા જંજીરાના હબસીનું જાફરા બાદ હતા.[૨]

**૫) કાઠિયાવાડ :** પ્રાંતના જેટલા વચલા ભાગમાં કાઠીઓ વસેલા તેને કાઠિયાવાડ કહે છે. એનું ક્ષેત્રફળ ૪૦૦૦ ચોરસ માઈલ છે. નેત્રશ્ય ભાગમાં વાળા કાઠીનું જેતપુર સંસ્થાનને બાકીના ભાગમાં ખારાપાટ આલગ ધાનાણી, કુંડલા અને દેસાઈઓના વાંસાવડ પરગણા, ખાંચર કાઠીઓની ચોટીલા અને આણંદપુરની તથા ખવડકાઠીની સુદામડા, અને ધાંધલપુરની નાની જાગીર તથા ગાયકવાડી અમરેલી, ધારી ધાતરવાડ મહાલો છે. ઈ.સ. ૧૮૧૨ માં જયારે દુષ્કાળ પડયો ત્યારે જૂનાગઢના નવાબે તથા પાસેના કાઠી ગરીસિયાઓએ આ વિસ્તાર ગાયકવાડને આપ્યો હતો.[૩]

---

૧) મહેતા ગોરધનદાસ નાગરદાસ – 'સૌરાષ્ટ્ર ઈતિહાસ દર્શન" – સિંહોર ૧૯૨૭ પૃ – ૪૦–૪૧

૨) સં. ખાચર પ્રદ્યુમ્ન (વોટસન કૃત) – "કાઠીયાવાડ સર્વ સંગ્રહ જૂનાગઢ – ૨૦૦૫ – પૃ–૪.

૩) એજન – પૃ – ૪

**૬) સોરઠ :** સોરઠ દક્ષિણમાં છે. એનું ક્ષેત્રફળ ૫૨૨૦ ચોરસ માઈલ છે. તેમાં જુનાગઢનું મુસલમાની રાજય, બાંટવાનું સંસ્થાન, ગાયકવાડી કોડીનાર પ્રાંત, ફીરંગીનો દીવ ટાપુ આવેલ હતા. માગરોળ, માણાવદર, સરદારગઢ વગેરે નાના મોટા મુસલમાન રાજયકર્તાના તાલુકા આવેલા હતા.

**૭) બરડો :** બરડો એ પ્રાંતના નૈઋત્ય કિનારા ઉપર છે. એનું ક્ષેત્રફળ ૫૦૦ ચોરસ માઈલ છે. જેઠવા રજપૂતોના તાબાનો અસલ જેટલો વિસ્તાર હતો, તેમાંથી આટલો જ તેઓની પાસે રહી ગયો.

**૮) હાલાર :** હાલાર પશ્ચિમમાં છે. કચ્છના જાડેજા જામહાલાના વંશજે સૌથી પહેલાં આવી ઈ.સ. ૧૫૩૫ માં અહી પોતાની હાકેમી બેસાડી તે ઉપરથી તેનું નામ હાલાર પડયું છે. હાલારમાં નવાનગર, રાજકોટ, ગોંડલ, ધ્રોળ અને કોટડા સાંગાણી એ સંસ્થાનો આવેલા હતા. તે સિવાય બીજી નાની જાગીરો પણ હતી. કાઠિયાવાડના બધા જાડેજા રજપૂતોના ઉપરી નવાનગર ના જામ હતા.

**૯) મચ્છુ કાંઠો :** મચ્છુ કાંઠો એટલે મચ્છુ નદીના કાંઠાનો વિસ્તાર એ ઝાલાવાડને પશ્ચિમે અને એની ને હાલારની વચ્ચે છે. એનું ક્ષેત્રફળ ૮૭૦ ચોરસ માઈલ છે. એમા મોરબી અને માળિયા જાડેજા રજપૂતના સંસ્થાન હતા.

**૧૧) ઓખામંડળ :** ઓખામંડળ એક દ્વીપકલ્પના છેક પશ્ચિમ છેડા ઉપર છે. એનું ક્ષેત્રફળ ૩૦૦ ચોરસ માઈલ છે. તળ કાઠિયાવાડ અને ઓખામંડળ વચ્ચે નીચી ખારાસવાળી જમીન છે. તેને પણ રણ કહે છે. ઓખા મંડળ ગાયકવાડી વિસ્તાર હતો.[૧]

---

૧) એજન પૃ – ૩

**આમ કાઠિયાવાડના ઉપર દર્શાવ્યા મુજબના દેશી રાજયો અને નાના મોટા તાલુકાઓ હતા. આ બધા રાજયોમાં કેટલાંક વિકાસ પામેલા અને કેટલાક પછાત રાજયો પણ હતાં. પરંતુ આ બધી નાની મોટી રાજસત્તાઓ ઉપર રાજકોટમાં રહેતા મુખ્ય બ્રિટિશ અમલદારની સતત નજર અને વધુ ઓછો અંકુશ હતો.**

## પર્વતો :

**સૌરાષ્ટ્રમાં અનેક દેવદેવીઓના સ્થાન પર્વતની તળેટીમાં આવેલા છે. સૌરાષ્ટ્રના અનેક પર્વતો, વનરાજી તથા વન્ય પશુ સૃષ્ટિનું વૈવિધ્ય ધરાવે છે. આ ઉપરાંત પર્વતીય પ્રદેશોમાં ઘાસચારાની સગવડને લીધે પશુપાલનનો ધંધો વિકાસ પામ્યો હતો. સૌરાષ્ટ્રના મુખ્ય પર્વતો ગિરનાર, શંત્રુજય, બરડો, ચોટીલા, મોરીધાર વગેરે છે. સૌરાષ્ટ્રમાં મુખ્ય બે ગિરિમાળા છે. જયારે દક્ષિણમાં પૂર્વ પશ્ચિમ આવેલી છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં અનેક ડુંગરો પણ આવેલા છે. જેમા માંડવ ડુંગર આલેચ ડુંગર, ગોપડુંગર તળાજા અને રાણાનો ડુંગર વગેરે આવેલા છે. ગિરનાર એ સૌરાષ્ટ્રનો જ નહિ પરંતુ સમગ્ર ગુજરાતનો સૌથી ઉચો પર્વત છે. તે ૧૧૭૫ થી ઉચો છે. તે 'ઉજ્જયંત' કે 'રેવત્તગિરિ' તરીકે પણ ઓળખાય છે. ગિરનારના રૈવત, કુમુદ અને ઉજ્જયંત નામના ત્રણ પર્વતો હોવાનું મનાય છે.[૧] ગિરનારની તળેટીમાં ઉપરકોટનો કિલ્લો અને અશોકના તથા બીજા શિલાલેખો છે. [૨] શેત્રુંજી નદીની સામેની બાજુએ શત્રુંજય પર્વત આવેલો છે. જે ૬૦૦ મીટર ઊંચો છે. તેના ઉપર જૈનોના પ્રસિધ્ધ મંદીરો આવેલાં છે. શત્રુંજયની તળેટીમાં પાલિતાણામાં જૈનોનું મોટું તીર્થ વસેલું છે. શત્રુંજયની પાસે ૬૧૦ મીટર ઊંચો લોચનો પર્વત છે. આ ઉપરાંત નંદીવેલાનો પર્વત છે. આ વિસ્તારમાં જ તળાજા અને રાણાનો ડુંગર પણ બૌધ્ધ ગુફાઓને કારણે પસિધ્ધ છે. આમ સૌરાષ્ટ્રમાં અનેક પર્વતો અને ડુંગરો આવેલા છે. અને આ પર્વતોને ઔતિહાસિક સાંસ્કૃતિક આર્થિક, અને પર્યટન તથા ઔષધશાસ્ત્રની દ્રષ્ટિએ મહત્વના ગણવામાં આવે છે. [૩]**

---

૧) જાની એસ.વી. – સૌ. ઈ. પ્ર– ૫,૬,૭

૨) માહિતી ખાતું, ગુજરાત સરકાર, ગાંધીનગર દ્વારા પ્રકાશિત "યાત્રાધામ ગિરનાર" પૃ– પૃ – ૫

૩) જાની એસ.વી. – (લેખક અને પ્રકાશક) 'ઈતિહાસની આરસીમાં સૌરાષ્ટ્ર' રાજકોટ ૨૦૦૪ પૃ–૧૦૦

## નદીઓ :

સૌરાષ્ટ્રમાં મુખ્ય નદીઓ નવ છે. ભાદર, શેત્રુંજી, મચ્છુ, આજી, ભોગાવો, સુખભાદર, કેરી, ઘેલો અને કાળુભાર આ ઉપરાંત બીજી ૪૪ નાની નદીઓ આવેલી છે. જેમ કે બ્રાહમણી ડેમી, ઊંડ, રૂપારેલ, રંગમતી, નાગમતી, સસોઈ, સિંહણ, ખારી, ઘી, ફલઝર, સોરઠી, કાલિન્દ્રી, મધુવંતી, ધાતરવડી, માલણ, નાવલી, રંઘોળી, સુરજવડી, માલેશ્વરી મચ્છુન્દ્રી, શીંગવડો, ઠેબી, ચંદ્રભાગા, કંકાવટી વગેરે નદીઓ પણ સૌરાષ્ટ્રમાં આવેલી છે. ભાદર એ સૌરાષ્ટ્રની સૌથી મોટી નદી છે. આ નદી જસદણ પાસેના આણંદપરથી નીકળે છે. અને પોરબંદરની દક્ષિણે નવીબંદર પાસે અરબી સમુદ્રને મળે છે. તેની લંબાઈ ૧૯૩ કિ.મી. છે. તેને કરવલ, વાંસાવડી, ગોંડલી, ઉતાવળી, ફોફળ, મોજ, વેણું, મીણસર અને ઓઝત જેવી નદીઓ મળે છે.[૧]

મચ્છુ નદી ચોટીલા તાલુકાના આણંદપુર ભાડલા ગામ પાસેથી નીકળી માળિયા મિયાણા પાસે કચ્છના અખાત પાસે રણમાં સમાઈ જાય છે. મચ્છુ નદી પર મોરબી અને વાંકાનેર જેવા બે મહત્વના શહેરો વસેલા છે. તેથી જ આ ઉકિત પ્રસિધ્ધ છે કે 'મચ્છુ કાંઠે મોરબી વચ્ચે વાંકાનેર' આ નદી પર આધુનિકયુગમાં સિંચાઈ માટે એક બંધ બાંધવામાં આવ્યો છે. મચ્છુ નદી મોરબી આસપાસના અન્ય ગામોને પીવાનું પાણી પુરુ પાડે છે.[૨]

આજીનદી રાજકોટ પાસેના સરધારના પર્વતમાંથી નીકળી બાલંભા પાસે કચ્છના અખાતને મળે છે. આ નદી પરનું મુખ્ય શહેર રાજકોટ છે. સૌરાષ્ટ્રમાં ભોગાવો નામની બે નદીઓ આવેલી છે. 'લીંબડી ભોગાવો' અને 'વઢવાણ ભોગાવો' આ બન્ને ભોગાવો નદી ચોટીલાની પર્વતમાળા માંથી નીકળી નળસરોવરને મળે છે. આ નદીઓ ઉપર વઢવાણ અને લીંબડી જેવા બે મહત્વના શહેરો વસેલા છે.[૩]

સુખભાદર નદી ચોટીલા પાસેના પર્વતમાંથી નીકળી રાણપુર પાસે થઈને ખંભાતના અખાતને મળે છે. આ નદીમાં બારેમાસ મીઠું પાણી રહે છે. સામાન્ય રીતે આ પ્રાંતમાં પાણીની ઘણી તંગી જોવા મળે છે. ઘેલો નદી ઘેલા સોમનાથ લાખણકા પ્રદેશમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. તેના ઉપર ઘેલા સોમનાથ, ગઢડા, અડતાલા, નવાગામ, લાખણકા અને વલ્લભીપુર આવેલા છે.

---

૧) નર્મદાશંકર લાલશંકર – કાઠિયાવાડ સર્વસંગ્રહ – પૃ – ૨૩

૨) કાકડા ઘંજીશાહ હોરમસજી કાઠિયાવાડ ડિરેકટરી રાજકોટ ભાગ–૧, કાઠિયાવાડનાં પ્રાંતો પૃ–૭૨

૩) નર્મદાશંકર લાલશંકર – કાઠિયાવાડ સર્વસંગ્રહ – પૃ–૨૩

કાળુભાર નદી કોટડા પીઠા પાસેના ડુંગરમાંથી નીકળી પૂર્વ તરફ વહી ખંભાતના અખાતને મળે છે. તેના ઉપર સોગઠ અને ઉમરાળા ગામ આવેલા છે. 'કેરી' નદી જસદણ પાસેના મોઢુકા ગામમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. તેના ઉપર સોગઢ અને ઉમરાળા ગામ આવેલા છે.

આ ઉપરાંત સૌરાષ્ટ્ર બીજી નાની પણ મહત્વની અનેક નદીઓ છે. જે સામાન્ય જન સમાજમાં ખુબજ જાણીતી તથા ઉપયોગી છે. હિરણ, કપિલા અને સરસ્વતી નદી પ્રભાસ પાટણ પાસે સમુદ્રને મળે છે. એ ત્રિવેણી સંગમ રચે છે. જેનું ધાર્મિક મહત્વ ખૂબ જ છે.[૧] આ ઉપરાંત ઓખા મંડળમાંથી ગોમતી નામની નદી નીકળે છે. જે હિંદુઓમાં પવિત્ર ગણાય છે.[૨]

સૌરાષ્ટ્રની બધી જ નદીઓ સૌરાષ્ટ્રની મધ્યમાં આવેલ બે ગિરિમાળામાંથી નીકળે છે. એ બાબત નોંધપાત્ર છે કે અહિની કોઈ નદી સૌરાષ્ટ્ર બહારના પ્રદેશમાંથી નીકળતી નથી. આ નદીઓ નું વહેણ ઉતાવળું અને તળ પથરાળ છે. તેથી તેમા મોટેભાગે ચોમાસામાંજ પાણી રહે છે. આ નદીઓ કચ્છના અખાતને, ખંભાતના અખાતને, કે અરબી સમુદ્રને મળે છે.

## આબોહવા :

આબોહવાની અસર જે તે પ્રદેશની સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક બાબતો ઉપર થાય છે.

---

૧) સં–પરીખ અને શાસ્ત્રી – 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ – ભાગ–૧, અમદાવાદ – ૧૯૭૨ – પૃ–૧૯.

૨) કડાકા ધ. હો. કાઠીયાવાડ ડિરેકટરી ભાગ–૧ પૃ – ૮૮

સૌરાષ્ટ્રની ત્રણેય બાજુએ સમુદ્ર છે. તેની આબોહવા એકંદરે સમશીતોષ્ણ પ્રકારની છે. શિયાળો સામાન્ય રીતે નવેમ્બર થી ફેબ્રુઆરી સુધી હોય છે. સૌથી વધુ ઠંડી જાન્યુઆરીમાં પડે છે. કાશ્મીરમાં કે હિમાલયની તળેટીમાં હિમવર્ષા થાય ત્યારે ઠંડીનું પ્રમાણ વધે છે. જેની અસર સૌરાષ્ટ્રના જનજીવન ઉપર થાય છે. ઉનાળો સામાન્ય રીતે માર્ચ મહિનાથી જૂન મહિના સુધી રહે છે. મે મહિનામાં સૌથી વધુ ગરમી પડે છે. જૂલાઈથી ઓકટોમ્બર મહિનામાં ચોમાસું રહે છે. સૌરાષ્ટ્રની આબોહવા સૂકી અને ઉષ્ણ હોવાથી સૌરાષ્ટનો માનવી સારું સ્વાસ્થ્ય ધરાવતો હતો. પરિણામે પ્રજા ખડતલ અને સક્રિય હતી.[૧] ટૂંકમાં એમ કહી શકાય કે સૌરાષ્ટ્રનો ઉત્તરભાગ, દક્ષિણભાગ કરતા ગરમ હોય છે. અને દરિયાકાંઠાનો પ્રદેશ ઠંડો હોય છે.

## વરસાદ :

સૌરાષ્ટ્ર સહિત ભારતમાં વરસાદ મોટેભાગે મોસમી પવનોથી થાય છે. સૌરાષ્ટ્રમાં ચોમાસુ અનિયમિત હોય છે. કોઈપણ સમયે દુષ્કાળની પરિસ્થિતિ ઉભી થાય છે. સામાન્ય રીતે દર ત્રણ વર્ષે એક વર્ષ વરસાદની તંગી રહે છે. ઓછા વરસાદને કારણે પીવાના પાણીની કટોકટી ઉભી થાય છે. ખેતીને પણ ઘણું નુકશાન પહોંચે છે. કારણ કે મોટા ભાગની ખેતી વરસાદ ઉપર આધારિત હોય છે. સૌરાષ્ટ્રમાં સૌથી વધુ વરસાદ જૂનાગઢ જિલ્લામાં જંગલો અને પર્વતોને કારણે પડે છે. ગામડાઓમાં પીવાના પાણીની તંગીને કારણે મનુષ્ય તથા પશુઓ સહિત સ્થળાંતર કરવું પડે છે.[૨]

## દુષ્કાળ :

વરસાદ ઓછો હોવાને લીધે સૌરાષ્ટ્રમાં દર ત્રણ વર્ષે નાના દુષ્કાળ અને દર ૮ થી ૧૦ વર્ષે મોટા દુષ્કાળ પડતા હતા. દુષ્કાળ સમયે અનાજ તથા ઘાસચારાની અછત સર્જાતી હતી. દુષ્કાળની પહેલી વિગતવાર નોંધ સન ૧૫૫૯ ની મળી આવે છે. આ નોંધ નવાનગરના દફતરમાંથી મળે છે.

---

૧) જાની, એસ.વી. – સૌ. ઈ. – પૃ–૧૦

૨) એજન – પૃ – ૧૧

જગડુશાહ નામના વણિક શેઠે દાણાના કોઠારો ભરી રાખી આ દુકાળમાં ગરીબ લોકોને છુટા હાથે, અનાજ વહેચ્યું હતું, તેથી એમની યાદગીરીમાં આ દુકાળ 'જગડુશાહ' ના દુકાળના નામે ઓળખાય છે. હાલ પણ રાજકોટમાં આજી નદીના પૂર્વ કિનારાની જગ્યાને 'જગડુશાહ' નો કોઠો કહે છે.[૧]

આ ઉપરાંત સને ૧૬૪૬–૧૬૮૧–૮૨–૮૬ ઈ.સ. ૧૬૬૯માં પણ દુકાળો પડયા હતા. સન ૧૭૧૮–૧૯ નો દુકાળ ઘણો ભારે હતો (વિ.સ. ૧૭૭૫) તેથી તેને 'પંચોતર દુકાળ' કહેવામાં આવે છે. આ સમયે ગરીબ લોકોને ઝાડના પાંદડા અને મૂળિયા ખાવા પડયા આવા રોગકારી ખોરાક ને લીધે લોકો રોગનો ભોગ બન્યા અને ઘણા લોકો મરણ પામ્યા ઘણા એ રૂપિયે અને બબ્બે રૂપિયે છોકરાં વેંચી દીધા ત્યરબાદ સને ૧૭૨૩માં પણ દુષ્કાળ પડયો ત્યારબાદ સને ૧૭૫૧, ૧૭૫૯, ૧૭૬૪, ૧૭૮૦, ૧૭૮૫, ૧૭૯૦, ૧૭૯૧માં સુડતાલો દુષ્કાળ પડયો હતો. આ દુષ્કાળ ઘણો ભારે હતો. તારીખ–ઈ– સોરઠમાં લખ્યા પ્રમાણે રોટલીના કટકા માટે ઘણાં હિંદુઓ મુસલમાન થયા અને ઘણાં મુસલમાનો હિંદુઓ થયા.[૨]

૧૯ મી અને ૨૦ મી સદીના પૂર્વાર્ધમાં મુખ્ય દુકાળો નીચે પ્રમાણે વર્ષમાં પડયા હતા ૧૮૦૪ માં ઝાલાવાડ અને હાલાર ૧૮૧૧માં મારવાડ અને ૧૮૧૨માં કચ્છ કાઠિયાવાડમાં દુકાળ પડયા હતા તારીખ–ઈ–સોરઠ પ્રમાણે ઈ.સ. ૧૮૧૨માં 'અગણોતરો દુકાળ' પડયો હતો. તે ઈ.સ. ૧૮૧૫ સુધી પહોચ્યો હતો. આ ઉપરાંત સને ૧૮૨૦, ૧૮૨૫, ૧૮૩૪, ૧૮૪૬, ૧૮૫૭, ૧૮૬૪, ૧૮૬૯, ૧૮૬૪, ૧૮૬૯, ૧૮૭૭, ૧૮૭૮, ૧૮૯૯, ૧૯૦૦, ૧૯૦૪, ૧૯૦૬, ૧૯૧૧, ૧૯૧૨, ૧૯૧૩, ૧૯૧૮, ૧૯૧૯, ૧૯૨૩, ૧૯૨૪, ૧૯૨૫, ૧૯૩૪, ૧૯૪૦, ૧૯૫૧, ૧૯૫૨, ઈ.સ. ૧૯૦૦ નો દુષ્કાળ વિ.સં. ૧૯૫૬ ના કારણે છપ્પનીયા દુષ્કાળ તરીકે પ્રસિધ્ધ છે. આ દુષ્કાળ ખૂબજ ભયંકર હતો. લાખો પશુઓ અને હજારો મનુષ્યો મૃત્યુ

૧) નર્મદાશંકર લાલશંકર કાઠીયાવાડ સર્વસંગ્રહ પૃ–૧૪૬

૨) એજન પૃ – ૧૪૭

પામ્યા હતા. દુષ્કાળમાં ભાવનગર રાજયે ૩૩ લાખ મણ અનાજ રૂા. ૧૩૯ લાખના ખર્ચે દરિયાઈ માર્ગે આયાત કરી સૌરાષ્ટ્રના અન્ય ભાગમાં પહોચાડયું હતું.[૧]

સવંત ૧૭૮૭માં લીલો દુકાળ પડયો હતો. જેમા ૧૪ દિવસ સુધી એકધારો મુશળાધાર વરસાદ વરસ્યો અનેક લોકો મૃત્યુ પામ્યા લોકો એટલા બધા મરી ગયા કે આખરે બાળવા લાકડા ખૂટી ગયા.

સૌરાષ્ટ્રમાં વારંવાર દુકાળો પડતા તેથી ૧૯૧૯ માં સૌરાષ્ટ્રના વગર્નર જનરલ એજન્ટ લેફ. કર્નલ આર. એસ. પોટિંગર ના નૈતૃત્વ હેઠળ રાજકોટમાં દુકાળની ચર્ચા કરવા કાઠિયાવાડ કેન્દ્રીય દુકાળ રાહત સમિતિ નિમાઈ હતી. તેના માર્ગદર્શન નીચે દુકાળ રાહત સમિતિઓ નિમાઈ રાજકોટમાં ઘાસ ડેપો ખોલવામાં આવ્યો હતો. કેટલ કેમ્પો ખોલ્યા હતા. આ સમિતિઓ અનાજ, વસ્ત્ર અને રોકડ સહાય રૂપે કુલ રૂા. ૭.૪૭.૫૬૮ એક જ વર્ષમાં ખર્ચ્યા હતા. રાજકોટ રાજયે પણ ૨૬ લાખ કિલો ઘાસ આયાત કરી પશુધન બચાવ્યું હતું. [૨]

## જમીન

સૌરાષ્ટ્રનો મધ્યભાગ ડુંગરાળ અને બાકીનો સપાટ મેદાનનો છે. મેદાની જમીન ફળદ્રુપ છે. તે પ્રદેશ ઉપજાઉ અને ખેતી માટે અનુકુળ છે. સૌરાષ્ટ્રની જમીન મુખ્યત્વે બે પ્રકારની છે. કાળી અને ગોરાડુ. કાળી જમીનમાં કપાસ જવ અને ઘઉ વાવેતર જાય છે. રાતી કાચી માટીની જમીન પાંચ જાતની છે. તેમા ઘઉ તથા જવ સારા થાય છે. રાતી જમીનમાં ઘઉ જવ શાકભાજી, કઠોળ, જુવાર અને તલ સારા થાય છે.[૩]

---

૧) એજન પૃ–૧૪૯

૨) Rajkot District Gazetter Ahmedabad - 1965 P. 249 - 50

૩) નર્મદાશંકર લાલશંકર – કાઠીયાવાડ સર્વ સંગૃહ – પૃ – ૧૨૭

કાઠિયાવાડમાં કેટલાક રસાળ મુલક ભાદર નદીને કિનારે આવેલો છે. ગોહિલવાડમાં કેટલીક ઘણી રસાળ જમીન છે. વિશેષ કરીને મહુવા અને લીલીયામાં જમીન નીચે ૧૦ કે ૧૨ ફીટ ઊંડુ ખોદતા મીઠું પાણી નીકળી છે. અને ત્યાં ફળ ફળાદી, મેવો તથા શાકભાજી ઘણી ઉત્તમ જાતના પાકે છે. શેરડીનો પાક પણ ઘણો થાય છે. હાલારમાં ખંભાળીયાની નજીક જમીન વખણાય છે.

ગોંડલ અને ઝાલાવાડનું રૂ પ્રસિધ્ધ છે. અને તે વઢવાણના રસ્તે ઘણું થાય છે. ઝાલાવાડ અને ગોહિલવાડના ઉત્તર અને પૂર્વ તરફના તાલુકામાં રૂ નો પાક ઘણો થાય છે. હાલારની પશ્ચિમ માં ઉતમ જાતની જુવાર, બાજરી, ઘઉ, અને બીજા અનાજ પાકે છે. સોરઠની દક્ષિણમાં રૂ અને અનાજ બન્નેનો પાક સારો થાય છે. કાઠિઆવાડના પૂર્વ કિનારે ખંભાતના અખાતની નજીક લીંબડીનો ભાલનો પ્રદેશ ઘણો નીચાણમાં છે. અને ચોમાસામાં નદીનો કચરો ઘસડાઈ ત્યાં એકઠો થાય છે. તેથી ત્યાની જમીન ફળદ્રુપ બની છે. અને થોડી મહેનતે ઘઉનો પાક સારો થાય છે. વળી ત્યાં રૂ તથા ચણા પણ  થાય છે.

**ખેડૂતો :**

હિંદુઓમાં ખેતીવાડીનો ધંધો કરનારાઓ મુખ્યત્વે કણબી, સત્તવારા, રાજપૂત, આહીર, મેર કોળી હતા અને મુસલમાનોમાં મોમના, ઘાંચી, વહોરા, સિંધી, જાટ અને મિયાણા હતા આ બધામાં સારા ખેડૂત કણબી હતા.[૧] તેઓ ઘણા મહેનતુ હતા જમીન પણ સારી ખેડાયેલી હતી  કણબીઓ બીજા ખેડૂતો કરતા પૈસે ટકે ખાધે પીધે સુખી હતા. સવારે અને બપોરે જુવાર બાજરીના રોટલા અને શાકમાં કઠોળ અને દૂધ કે છાશની સાથે તેઓ ખેતીવાડી ના કામમાં મગ્ન રહેતા. તેઓ કોઈના ઓશિયાળા ન હતા. સૌને પોતાના ગાડા, બળદ અને ઢોર હતા.આ ખેડૂતો એકમાર્ગી, નિવ્યર્સની અને ધાર્મિક જીવન જીવનારા હતા. ખેતીવાડી માટે કોઈ ખાસ હથિયારો ન હતા. ભાત અને ડાંગર સમગ્ર કાઠિઆવાડમાં પકવવામાં આવતા.  આ ઉપરાંત જુવાર,  બાજરી,  ઘઉ, જવ, કોદ્રા, બંટી,

---

૧)  જાની એસ.વી. સૌઈ. પૃ–૩૮

૨)  કર્નલ વોકરનો રિપોર્ટ – "હાલાર" – ૨૫ જાન્યુઆરી – ૧૮૦૮ પૃ – ૨૨૪

મકાઈ, કાંગ, ચણા, મઠ, મેથી, ડુંગળી, પાન, મગફળી, કપાસ, તેલીબિયા, એરંડી રાઈ, કસુંબી વગેરેનું વાવેતર થતું હતું શેરડી કપાસ તમાકુ રોકડિયા પાક હતા. બધી જ જાતના શાકભાજી તથા ફળોનું વાવેતર થતું હતું. આ સમયે ઘઉંના ઉત્પાદન માટે ભાલનો પ્રદેશ, કપાસના ઉત્પાદન માટે લીંબડી, વઢવાણ, ધાંગધ્રા, ભાવનગરના રાજયો પ્રખ્યાત હતા. શેરડીના ઉત્પાદન માટે કોડીનાર, જૂનાગઢ તથા ભાવનગરના રાજયો પ્રસિધ્ધ હતા. ભાવનગર બોર તથા દાડમ માટે પણ પ્રસિધ્ધ હતું તથા સોરઠ કેરી માટે પ્રખ્યાત હતું.[૧]

૧૯મી સદીના પ્રારંભે ખેડૂતોને રાજય તરફ થી બિનખેડાણ જમીનને ખેડાણ કરવા શેરડી કે કપાસ જેવા રોકડિયા પાક ઉગાડવા પ્રોત્સાહન આપવામાં આવતું ઉપરાંત કૂવા ગાળવા તથા ઉંચી જાતનું બિયારણ ખરીદવા યોગ્ય મદદ કરવામાં આવતી. આવા ખેતી અંગેના સુધારાથી ખેડૂતોની સ્થિતિ સુધરી અને આવકમાં વૃધ્ધિ થઈ ગોંડલ, ભાવનગર, મોરબી, રાજકોટ જેવા કેટલાક ઉદારવાદી અને પ્રગતિશીલ રાજયોમાં અન્ય રાજયો કરતા મહેસુલ ઓછું હતું.

## સિંચાઈ

સૌરાષ્ટ્રના રાજયોમાં ખેતી મુખ્યત્વે વરસાદ ઉપર આધારિત હતી. તેથી સિંચાઈનાં સાધનોના અભાવે ખેતી નિષ્ફળ જાય તેવો ભય રહેતો. સૌરાષ્ટ્રના ઘણા રાજયોએ સિંચાઈના વિકાસ માટેના પગલાં લીધાં હતાં. સિંચાઈ માટેના મુખ્ય બે સાધનો કુવા અને તળાવ હતાં તળાવ તો સામાન્ય રીતે રાજય તરફથી બાંધવામાં આવતાં પરંતુ નવા કુવા ગાળવા કે જુના કુવા રીપેર કરાવવા રાજય તરફથી અમુક રકમની મદદ આપી સિંચાઈને પ્રોત્સાહન અપાયું હતું. રાજકોટ રાજયે ૧૮૯૫માં રૂા. ચાર લાખના ખર્ચે રાજકોટના સીમાડે લાલપરી તળાવ બંધાવ્યું હતું આ ઉપરાંત સરધાર, કુવાડવા, પીપળિયા, હલેન્ડા તથા આણંદપુરમાં તળાવો હતા. તેમાંથી લગભગ ૩૫૦૦ એકરમાં સિંચાઈ થઈ શકે તેમ હતી.[૨]

---

૧) જાની એસ.વી. સૌ.ઈ. પૃ – ૩૪૮

૨) Administration Report of Rajkot State 1920-21 P-5(5)

## બંદરો :

સૌરાષ્ટ્ર બંદરો વેપારનાં મુખ્ય મથકો હતા. સૌરાષ્ટ્રના મુખ્ય બંદરો ૧૫ હતાં. દરેક નાની ખાડી ઉપર બંદર હતું. કાઠીઆવાડનો માલ બહારગામ સહેલાઈ થી જતો. ભાવનગર, મહુવા, વેરાવળ, બેડી, જોડીયા, પોરબંદર, માંગરોળ, સલાયા, જાફરાબાદ, વવાણિયા, નવીબંદર, ભેરઈ, કાથીવદર, તળાજા, નવલખી, ઓખા, સિકકા, વગેરે મુખ્ય બંદરો હતા. સૌથી મોટું અને મહત્વનું બંદર ભાવનગર હતું. ૧૯ મી સદીના અંતે ભાવનગર રાજયમાં ૧૬૮, જામનગર રાજયમાં ૧૫૦, જૂનાગઢ રાજયમાં ૮૭, પોરબંદર રાજયમાં ૭૨ અને નવી બંદરમાં ૧૦ વહાણો હતા. પછીથી રાજયોએ સ્ટીમરો પણ વસાવી હતી. માણસો કરતા માલની હેરફેરમાં બંદરોનો વધુ ઉપયોગ થતો હતો. આ બંદરોથી ભારતના મુંબઈ, કાલીકટ, ભરૂચ, સુરત, વલસાડ, કરાંચી અને પરદેશમાં બસરા, મકકા એડન, ઝાંઝીબાર, મલકકા વગેરે સુધી માલનું વહન થતું હતું.[૧] બંદરના કાંઠે મત્સ્ય ઉદ્યોગનો વિકાસ પામ્યો હતો. વહાણવટાનો સારો વિકાસ થયો હતો.

## વેપારીઓ :

હિંદુઓમાં મોટા વેપારી વાણિયા, ભાટીયા અને લોહાણા હતા અને મુસલમાનોમાં વહોરા, મેમણ અને ખોજા હતા. વઢવાણ, જેતપુર અને ધોરાજીના કેટલાક વેપારીઓ મોટા ભંડોળવાળા હતા. તેઓ મુંબઈ તથા બીજા શહેરો સાથે વેપાર ચલાવતા રૂ અનાજ ઘી વગેરે મોકલતા અને ત્યાંથી કાપડ, લાકડા, વસાણા, ત્રાંબા, પિતળ, ચિનાઈ માટીનો સામાન વગેરે ધાતુઓ લઈ આવતા.

દરેક ગામમાં એક દુકાન હતી તે હાટડી તરીકે ઓળખાતી ગામના લોકોને ઘી, ગોળ, ખાંડ, તેલ, મરીમસાલા, કાપડ વગેરે દુકાનદાર રોકડા પૈસાથી કે અનાજ કે કાપડના બદલામાં વેંચતો. સૌરાષ્ટ્રમાં આંતરિક વેપાર ગાડામાં બળદ કે ગધેડાની પીઠ ઉપર માલવહન દ્વારા થતો હતો. અનાજ, ખાંડ, ધાતુ મરીમસાલા, રંગ, હાથીદાંત, કાપડ, રેશમ ખજુર, સોપારી, નાળિયેર, ગોળ

---

૧) જાની એસ.વી. – સૌ. ઈ. – પૃ–૩૬૨

તંબાકુ , અફીણ અને દારૂની આયત થતી હતી. કપાસ, તેલ, તલ, એરંડી, ઊન, ઘી અને પથ્થરની નિકાસ કરવામાં આવતી. વેપાર ધંધાના વિકાસ માટે સૌરાષ્ટ્રની પ્રજાએ આફ્રિકના પૂર્વ કિનારાના દેશો, અગ્નિ એશિયાના દેશો અને મધ્યપૂર્વના દેશો સુધી સફર કરી હતી.

બીજા કેટલાક ભાગોમાં અમુક વારે હાટ ભરાતી તેવા હાટ કાઠિયાવાડમાં ભરાતા ન હતા. પણ ભાવનગર અને જૂનાગઢમાં દરરોજ સાંજના સમયે ૪ થી ૬ વાગ્યા સુધી ગુજરી ભરાતી બૈરાઓ માથે શાકના ટોપલા મુકી શેરીએ શેરીએ વહેંચતા, ફેરીયાઓ પણ વેપાર કરી ગુજરાન ચલાવતા ફેરીયાઓમાં ઘણા વાણીયા, લુહાર, લોહાણા, ભાટિયા, વહોરા, ખોજા અને મેમણો હતા. ફેરીયાઓ કાપડ શાકભાજી મરી મસાલા વગેરે પરચુરણ સામાન વહેચતા.

**ઉદ્યોગ–ધંધા :**

ભારત વર્ષના મીઠા ઉત્પાદનનો ૫૫% પાક ગુજરાતના બંદરો પર થાય છે. કાઠિયાવાડના જે રાજયો મીઠુ પકવે છે. તે દરિયાકાંઠાના છે. ભાવનગર જીંજીરા, જૂનાગઢ, નવાનગર, મોરબી અને ધાંગધ્રા રાજયમાં મીઠું પકવવામાં આવતું બીજા અંદરના રાજયો આ રાજયો પાસેથી મીઠું ખરીદતા તેના ઉપર જે જકાત લેવામાં આવતી તે સરકારની તિજોરીમાં ન જતી પરંતુ દરિયા કિનારે મીઠું પકવનારા રાજયોને મળતી હતી.[૧]

મીઠા ઉદ્યોગમાં મોરબી તાલુકાના સાગરકાંઠાનો ફાળો મહત્વનો હતો આ ઉદ્યોગમાં બે કોમો વધુ પ્રચલિત હતી. (૧) સુવાળિયા કોળી જ્ઞાતિના મહેનતુ અગિરયા લોકો (૨) મારવાડી લોકો.[૨] મીઠાના ઉદ્યોગથી દરબારને સારી ઉપજ થતી અગરીયા રોજમદારીથી કામ કરતા. તેઓ દિવસના નવ કલાક કામ કરતા અને વર્ષે રૂા. ૧૦૦/– મેળવતા.

૧) સંપાદક રાવલ મનોજ–ગુજરાત રાજય સર્વસંગ્રહ–ગુજરાત સરકાર(રાજકોટ જીલ્લો) ૨૦૦૧–પૃ ૧૦૨

૨) Administration Report of Morbi State - 1942 - 43 P - 39.

આ ઉપરાંત સુડી, ચાકા, કાતર બનાવવાનો ઉદ્યોગ, સાડી અને કાપડ છાપકામ ઉદ્યોગ, અગરબતી, કુમકુમ, કાજલ, સુરમાનો ઉદ્યોગ, ધાબળા ઉદ્યોગ, ત્રાંબા પિતળના વાસણનો ઉદ્યોગ વગેરે વિકાસ પામ્યા હતા. સોની, સુથાર, કંસારા, દરજી, લુહાર, કુંભાર, હજામ, મોચી અને બીજા કારીગરો ધંધો રોજગાર કરતા સુતરાઉ, રેશમી અને ગરમ કાપડ હાથસાળ ઉપર તૈયાર થતું અને તેની નિકાસ થતી હતી.

## મહાજન :

સોની, સુથાર, કંસારા, દરજી, લુહાર, કુંભાર, હજામ, મોચી અને બીજા કારીગરો દરેક એક જ જ્ઞાતિના હોવાથી તેઓના ધંધા રોજગાર સંબંધી પ્રશ્નો સોની જ્ઞાતિના મહાજન આગળ આવતા વેપારી લોકોનું જ્ઞાતિથી જુદું જ મહાજન હતું. એ મહાજન ગામડાના ચાર પાંચ વેપારીઓને મહાજન તરીકે નિમતા. વેપાર સંબંધી પ્રશ્નો મહાજન હલ કરતા અને વેપારીની કેટલીક ચીજો પર મહાજનો થોડોક કર ઉઘરાવતા હતા.

કોઈપણ ઉદ્યોગ મોટા પાયા પર ચાલતો ન હતો. વારંવાર પડતા દુષ્કાળ, રોગચાળો અને અશાંતિના કારણે વેપાર ઉદ્યોગ પડી ભાંગ્યા હતા. અને ખેતી પાયમાલ થઈ ગઈ હતી. આ સમય સૌરાષ્ટ્ર અને ગુજરાત માટે આપત્તિનો કાળ હતો. ત્રાસ અને જુલ્મો વધતા જતા હતા.[૧]

## રસ્તા :

૧૯મી સદીના પ્રારંભે સૌરાષ્ટ્રમાં વેપાર તથા વાહન વ્યવહાર મોટે ભાગે રસ્તા માર્ગે થતો. તે વેપારી માર્ગ મુખ્યત્વે દરિયા કિનારે ઘોંઘા થી સોમનાથ તથા દ્વારકા સુધીનો હતો. બીજો મુખ્ય રસ્તો ઝીંઝુવાડા થી પાટડી થઈને વઢવાણ વીરમગામ સુધીનો હતો. અને એક રસ્તો ધોળકા ધંધુકા થી વઢવાણ સુધીનો હતો. ઉપરાંત વઢવાણથી અમદાવાદ અને રાજકોટ થી વઢવાણ સુધીનો રસ્તો પણ હતો. આમ વઢવાણ એ સૌરાષ્ટ્રનું કેન્દ્રબિંદુ ગણાતું હતું બધા રસ્તા વઢવાણ થઈને જતા હતા.[૨]

---

૧) નર્મદાશંકર લાલશંકર – કાઠિઆવાડ સર્વસંગ્રહ – પૃ – ૨૦૧

૨) જાની એસ. વી. સૌ. ઈ. પૃ – ૩૫૯

ઈ.સ. ૧૮૬૫ પહેલા સૌરાષ્ટ્રમાં પાકા રસ્તા ન હતા. ચોમાસામાં બંદરો બંધ થઈ જતા અને નદીઓમાં પુર આવતા ત્યારે બહારના પ્રદેશો સાથે સંપર્કમાં ન રહેતા ગાડાઓને પસાર થવામાં મુશ્કેલી થતી હતી. સૌરાષ્ટ્રમાં ગાડાઓ અને બળદો જ વાહન વ્યવહારના સાધનો હતા. સૌરાષ્ટ્રના આવા રસ્તાઓની દુર્દશા નિવારવા માટે સૌપ્રથમ ૧૮૬૫માં પોલિટિકલ એજન્ટ કર્નલ કીટીંગે ધ્યાન આપ્યું હતું. સૌ પ્રથમ તેણે રાજકોટ થી વઢવાણ રસ્તો બંધાવ્યો. આમ સૌરાષ્ટ્રમાં પાકા અને સારા રસ્તા બાંધવાની શરૂઆત બ્રિટીશ એજન્સીએ કરી હતી.[૧]

## રેલ્વે :

ભારતમાં રેલ્વે ૧૮૫૩માં મુંબઈ અને થાણે વચ્ચે નખાઈ હતી. પછી તે રેલ્વે વડોદરા થી અમદાવાદ થઈ વિરમગામ સુધી લંબાવાઈ હતી. ૧૮૮૦ પછી સૌરાષ્ટ્રમાં રેલ્વે નાખવાનો પ્રારંભ થતા રસ્તાઓનાં બાંધકામનો કાર્યક્રમ મંદ પડી ગયો. કારણ કે રાજાઓને રસ્તાઓ કરતા રેલ્વેનું બાંધકામ વધારે નફાકારક જણાયું હતું. રેલ્વેના બાંધકામ પછી માત્ર એવા રસ્તા જ રાજય બંધાવતું કે જે રેલ્વે સ્ટેશનને જોડતા હોય. સૌરાષ્ટ્રમાં પ્રથમ રેલ્વે વીરમગામથી વઢવાણ વચ્ચે નખાઈ હતી. આમ વઢવાણ મુંબઈ સાથે રેલ્વે માર્ગ થી જોડાયું.[૨] તેની સાથે જ સૌરાષ્ટ્રની આર્થિક પ્રગતિના દ્વાર ખુલ્લી ગયા. કારણ કે તેનાથી માલ અને માણસોની અવર જવરમાં સુગમતા થઈ. રેલ્વેના પ્રારંભ પૂર્વે માલ અને મનુષ્યની હેરફેર જમીનમાર્ગે રસ્તા ઉપરથી તથા દરિયાઈ માર્ગે બંદરોથી થતી હતી. રેલ્વેનો પ્રારંભ થતા વેપાર રેલ્વે માર્ગે વધ્યો હતો. વઢવાણે રેલ્વેના આગમન પહેલા અને પછી પણ જમીન માર્ગે થતા વેપારનું કેન્દ્ર જાળવી રાખ્યું હતું.

---

૧) એજન પૃ – ૩૫૨

૨) નર્મદાશંકર લાલશંકર – કાઠિઆવાડ સર્વ સંગ્રહ – પૃ – ૧૭૧

## સંદેશા વ્યવહાર :

ઈ.સ. ૧૮૫૦ સુધી સૌરાષ્ટ્રમાં તારની લાઈન નખાઈ હતી. સંદેશા વ્યવહાર માટે ઊંટ કે સાંઢણીનો ઉપયોગ થતો હતો. પરંતુ આ સાધન ખર્ચાળ હોવાથી શ્રીમંતો કે રજવાડાંઓજ તેનો ઉપયોગ કરતા સામાન્ય માણસો માટે સંદેશા લઈ જવા લાવવા માટે 'ખેપિયા' ઓની વ્યવસ્થા હતી. તે 'કાસદ' તરીકે ઓળખાતા 'ખેપિયા' તરીકે મોટેભાગે બ્રાહમણો કામ કરતા. નજીકના સ્થળો માટે ઘોડેશ્વાર મારફત પણ ટપાલ પહોચાડવામાં આવતી. પરંતુ તે મોંઘી પડતી ૧૯ મી સદીના ઉત્તરાર્ધમાં બ્રિટીશ સરકારે ટપાલ વ્યવસ્થા શરૂ કરતા ખાનગી આંગડિયા પેઢી ઉપર પ્રતિબંધ આવ્યો હતો. સૌરાષ્ટ્રમાં બ્રિટિશ સત્તાના પ્રારંભના ૫૦ વર્ષ પછી પ્રારંભે માત્ર રાજકોટ અને ભાવનગર એવા બે સ્થળો એ જ ટપાલ અંગેની વ્યવસ્થા હતી.[૧]

ટપાલનું કામ ઝડપી બનાવવા સૌરાષ્ટ્રના પોલિટીકલ એજન્ટ કર્નલ લેંગ સુરતનાં કલેકટરશ્રી હેમર્ટ સાથે ચર્ચા–વિચારણા કરી સમુદ્ર માર્ગે ટપાલ લાવવા લઈ જવાની કામગીરી ગોઠવવામાં આવી હતી. તદનુસાર ટપાલ રાજકોટ થી ઘોઘા લાવવા લઈ જવા માટે હલકારા રાખવામાં આવ્યા હતા. બે વર્ષ સુધી તેનો ખર્ચ ભાવનગર રાજયે આપ્યો હતો.[૨]

## પોષ્ટ ઓફિસ

અંગ્રેજોના આગમન થી નવાનગર અને જુનાગઢ સંસ્થાનમાં દરબારની પોષ્ટ ઓફિસો હતી. નવાગઢથી પૂર્વ અને પશ્ચિમ બે બાજુએ ડાક ઉપડતી અને મુખ્ય કસબાઓમાં થઈ ૪૮ કલાકમાં પાછી આવતી જે ગામોમાં અંગ્રેજ સરકારની પોષ્ટ ઓફિસ ન હતી. તે રાજયમાં આ દરબારી પોષ્ટ ઓફિસ મારફત ટપાલ મોકલાતી પત્ર દીઠ અડધા તોલે બે પાઈની દરબારી ટિકિટ

૧) જાની એસ.વી. સૌ.ઈ. પૃ – ૩૬૩

૨) ભાવનગર જીલ્લા સર્વસંગ્રહ – ગુજરાત રાજય – અમદાવાદ – ૧૯૮૯ પૃ – ૩૫૬

ચોડવી પડતી ૧૮૮૦ સુધીમાં સોરાષ્ટ્રમાં બ્રિટિશ એજન્સી એ કુલ ૭૨ પોષ્ટ ઓફિસો ખોલી હતી.[૧] ૨૦મી સદીની શરૂઆતમાં તેની સંખ્યા વધીને અનેકગણી થઈ ગઈ હતી. બસ સેવા શરૂ થયા પછી ગ્રામ વિસ્તારોને ટપાલ સેવાથી સાંકળી લેવાયા હતા.

## તાર ટેલીફોન :

વેપાર અને વસ્તીના વિસ્તારની સાથે ઝડપી સંદેશા વ્યવહાર માટે હિંદમાં ડેલહાઉસીના સમયમાં તારની લાઈનો નખાઈ હતી. તારના દોરડા મારફત સંદેશાની ઝડપી આપ–લેને સ્થાનિક લોકો અજાયબીની લાગણીથી નિહાળતા સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ ૧૮૭૩ માં ધોળેરા ભાવનગર સુધીની તારની લાઈન નાખવામાં આવી હતી. તે માટે બ્રિટીશ સત્તા સાથે ભાવનગર બ્રાંચ ટેલિગ્રાફ લાઈન નામની સમજુતી થઈ હતી. આ લાઈન નખાતાં સંદેશા વ્યવહાર ઝડપી બન્યો.

ટેલીફોનની સૌ પ્રથમ સગવડ મોરબી રાજયમાં તેના રાજવી વાઘજીએ ૧૮૮૦–૮૧માં કરી હતી. પછીથી તે સગવડ સૌરાષ્ટ્રના અન્ય રાજયોમાં પણ શરૂ થઈ હતી. જામનગરમાં ૧૯૨૦માં ૧૦૦ લાઈનનું ટેલિફોન એકસચેંજ નખાયું હતું.[૨]

## ચલણ :

૧૮મી સદીમાં સૌરાષ્ટ્રમાં મુઘલ સમ્રાટના સિકકા ચલણમાં હતા તે રૂપિયા તરીકે ઓળખાતા હતા ત્યારબાદ મરાઠાઓએ અને ગાયકવાડ જેવા સરદારોએ પણ સિકકા પાડવાનું શરૂ કર્યું. દેશી રાજયોમાં સિકકા પાડવાની પહેલ કચ્છ રાજયે કરી હતી તેમા મુઘલ બાદશાહ બદલે ગુજરાતના સુલતાનનું નામ લખવામાં આવતું હતું. સૌરાષ્ટ્રમાં જામનગર, ભાવનગર, જૂનાગઢ, પોરબંદર વગેરે રાજયોની પોતાની ટંકશાળો હતી. સૌથી જૂની ટંકશાળ જામનગરની હતી. તે ૧૫૭૦માં જામસત્રાજીના શાસનકાળમાં સ્થપાઈ હતી. સૌરાષ્ટ્રના રાજયના સિકકા કોરી તરીકે ઓળખાતા હતા.[૩] સૌરાષ્ટ્રમાં બ્રિટિશ સત્તાની સ્થાપના થતા બ્રિટિશ કંપનીના ચલણમાં દાખલ

---

૧) નર્મદા શંકર લાલશંકર – કાઠિઆવાડ સાર સંગૃહ પૃ – ૧૭૮

૨) જાની એસ.વી. સૌ. ઈ. પૃ ૩૬૪

૩) નર્મદાશંકર લાભશંકર – કા.ઠિયાવાડ સારસંગૃહ – પૃ – ૧૨૭

કરવાનું કહયું. ભાવનગરના રાજવી વજેસિંહજી અને કંપની સરકાર વચ્ચે ૧૮૪૦ માં સંધિ થઈ હતી. તેની શરત મુજબ ભાવનગર રાજયમાં બ્રિટિશ કંપનીના સિકકા દાખલ કરવામાં આવ્યા અને ભાવનગર રાજયની ટંકશાળ બંધ કરવામાં આવી. પરંતુ ૧૯મી સદીના અંત સુધી સૌરાષ્ટ્રના મોટાભાગના રાજયોમાં 'કોરી'નું ચલણ પ્રચલિત હતું નવાનગર, જુનાગઢ તથા પોરબંદરની ટંકશાળો ચાલુ હતી. અને ત્યાં ચાંદીના સિકકા જે 'કોરી' કહેવાતા હતા. ઉપરાંત ત્રાંબાના સિકકા જેવા ઢીંગલા, ત્રાંબિયા, દોકડા વગેરે બહાર પાડવામાં આવ્યા આ બધામાં દોકડા વધુ પ્રચલિત હતા. એક રૂા. ના ૧૦૦ દોકડાનો વિનિમય દર હતો. આમ નાણાંમાં બાબાશાહી રૂપિયો, કોરી અને દોકડાનું ચલણ હતું ઈ.સ. ૧૮૫૮માં કંપની શાસનનો અંત આવ્યો અને તાજનું શાસન શરૂ થતા બ્રિટિશ સરકારે દેશી રાજયોમાં ચલણની એકરૂપતા સ્થાપવા પ્રયત્ન કર્યા. પરિણામે ૧૮૭૬ થી ૧૮૯૩ના ગાળા દરમ્યાન બ્રિટિશ સરકારે સૌરાષ્ટ્રના અનેક  રાજયોને વળતર આપી તેમની ટંકશાળો બંધ કરાવી અને તેમનું ચલણ નકકી કરેલા વિનિમય દરથી ખરીદી લીધું.[૧] પરિણામે ૧૯૦૧માં સમગ્ર સૌરાષ્ટ્રમાં બ્રિટિશ ચલણ પ્રચલિત બન્યું. આ ઉપરાંત રૂપિયો અર્ધો રૂા. પાવલી બેઆના, એકઆનો, પૈસો પઈ જેવા સિકકા ચલણમાં આવ્યા.[૨]

## વ્યાજવટું :

જેમની પાસે પૈસા વધારે હોય તે વ્યાજવટું કરતા હતા. પછી તે ગમે તે જ્ઞાતિનો હોય ખરૂં વ્યાજવટું કરનાર હિન્દુ પૈકી વાણીયા, નાગરબ્રાહમણ, ભાટીયા, લોહાણા, કણબી અને મુસલમાન પૈકી મેમણ હતા. શરાફ હુંડીનો વેપાર કરતા અને ચોકસી તથા ઝવેરીનું કામકાજ પણ કરતા આંગડીયા પધ્ધતિ પણ અસ્તિત્વમાં હતી. તેઓ વેપારીઓને ૪૫ થી ૬ ટકાના દરે, ખેડૂતોને ૯ થી ૧૮ ટકાના દરે, ગરાસિયાઓને ૧૨ થી ૨૪ ટકાના દરે ધિરાણ આપતા હતા. જો કે ઘરેણા ગિરવે મુકવામાં આવ્યા હોય તો વ્યાજનો દર ઓછો લેવાતો ધિરાણ પરત કરતી વખતે પણ શાહુકાર ને ભેટ કે નજરાણું આપવું પડતું. ધિરાણ આપતી વખતે પણ શાહુકાર ધીરેલી ખરેખરી રકમથી વધારે

---

૧)　એજન – પૃ ૧૫૬

૨)　જાની. એસ.વી. સૌ. ઈ. પૃ– ૩૬૬

રકમ લખાવી લેતો. આ વધારાની રકમ કોથળી છોડામણ, વટાવ કે અન્ય સ્થાનિક નામથી ઓળખાતી.[૧]

## વેઠ :

વેઠનો રિવાજ કાઠિઆવાડમાં ઘણો હતો. વરસદહાડે થોડું ઘણું અનાજ આપે તેના બદલામાં કુંભાર, વાણંદ, સુથાર, લુહાર, દરજી, ઢેઢ અને ભંગી પાસે થી વગર પૈસે ગામના જમીનદારો મહેનત કરાવતા તેને 'વેઠ' કહેવામાં આવે છે. ગામના ખેડૂત સિવાય તમામ લોકો પાસેથી ઉભડકવેરો લેવામાં આવતો. આ ઉપરાંત 'રોજ' પણ મજૂરોને ચુકવવાનો રિવાજ હતો. મજૂરોને તે જેટલું કામ કરે તે પ્રમાણે રોજ મળતું જયારે મજૂરણ આખો દહાડો ઢીંઢવા માંથી એક મણ કપાસ છુટો પાડતી અને તેને બે આનાનું 'રોજ' મળતું.[૨]

## ઉપસંહાર :

સૌરાષ્ટ્રના વિશિષ્ટ ભૌગોલિક લક્ષણોએ તેની પ્રજાના જીવન ઉપર વ્યાપકપણે અસર કરી છે. પ્રાચીન યુગથી અહીં દરિયાઈ તેમજ જમીનમાર્ગે અનેક જાતિઓ આવીને વસી ગઈ તેમાંની ઘણી લડાયક વૃત્તિની પણ હતી. પરંતુ તે સિવાયના સમયમાં તે ખેતી, પશું પાલન કે હુન્નર ઉદ્યોગમાં વ્યસ્ત રહેતી. દરિયા કાંઠા વિસ્તારમાં માછલાં પકડવાનો અને મીઠું પકવવાનો ધંધો વિકાસ પામ્યો હતો. સૌરાષ્ટ્રની આબોહવા સૂકી અને ઉષ્ણ હોવાથી સૌરાષ્ટ્રનો માનવી સારું સ્વાસ્થ્ય ધરાવતો હતો. પરિણામે સૌરાષ્ટ્રની પ્રજા ખડતલ, સક્રિય અને ઉત્પાદક બની હતી વેપાર ધંધાના વિકાસ માટે સૌરાષ્ટ્રની પ્રજાએ આફ્રિકાના પૂર્વ કિનારા દેશો, અગ્નિ એશિયાના દેશો અને મધ્યપૂર્વના દેશો, સુધી સફર કરી ત્યાં પોતાની પેઢીઓ ખોલી હતી. લાંબાગાળા પછીથી તેઓ ત્યાં વસવાટ પણ કરવા લાગ્યા હતા. વેપારમાં સાહસિકતા દાખવવાથી સમૃધ્ધિ આવી. પરંતુ આ સમૃધ્ધિને કારણે ચાંચિયાગીરીનો પણ પ્રારંભ થયો હતો.

---

૧) એજન પૃ ૩૬૭

૨) નર્મદાશંકર લાભશંકર – કાઠિઆવાડ સારસગૃંહ – પૃ – ૧૫૭

ભૌગોલિક લક્ષણોએ સૌરાષ્ટ્રની પ્રજામાં સાહસિકતા વિકસાવી છે. અહીંનો ખેડૂત પરિશ્રમી અને મજૂર ખડતલ છે. વેપાર વાણિજયના વિકાસને લીધે પ્રજામાં દાનની ભાવના પણ ખીલી. સમૃધ્ધિ આવતા સાહિત્ય, કલા અને હુન્નર ઉદ્યોગમાં પણ પ્રગતિ થઈ બુધ્ધિ કૌશલ્યમાં સૌરાષ્ટ્રની પ્રજા પછાત નથી. આમ સૌરાષ્ટ્રની વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિએ સૌરાષ્ટ્રની પ્રજાને બધાજ ક્ષેત્રે સાહસિક બનાવી છે. અને આ પ્રજાએ જીવનના વિવિધ ક્ષેત્રે સાહસ કરી પોતાની શકિત અને બુધ્ધિ થી સફળતા મેળવી  છે. આમ પ્રજા જીવન ઘડતરમાં સૌરાષ્ટ્રની ભૌગોલિક પરિસ્થિતિએ મહત્વનો ભાગ ભજવ્યો છે.

# પ્રકરણ – ૨

# અંગ્રેજ સત્તાની સ્થાપના પૂર્વેનો સૌરાષ્ટ્રના રાજકીય અને વહીવટી ઈતિહાસની ઝાંખી

૦૧) પ્રાચીનકાલ

૦૨) અંધકારયુગ

૦૩) બૌધ્ધકાલિન ગુજરાત

૦૪) મૌર્યકાલ

૦૫) અનુ મૌર્યકાલ

૦૬) ક્ષત્રયકાલ

૦૭) ગુપ્તકાલ

૦૮) મૈત્રકકાલ

૦૯) અનુમૈત્રકકાલ

૧૦) સોલંકીકાલ

૧૧) મુસ્લિમ યુગ

૧૨) મુસ્લિમ આક્રમણોની અસર

૧૩) સૌરાષ્ટ્રના વિવિધ રાજવંશો અને તેના મુખ્ય રાજયો

- ૦૧) બાબીવંશનું રાજય – જુનાગઢ
- ૦૨) રાજકોટ
- ૦૩) ગોંડલ
- ૦૪) મોરબી
- ૦૫) વાંકાનેર
- ૦૬) વઢવાણ
- ૦૭) ધ્રોળ

૦૮) ભાવનગર

૦૯) પાલિતાણાં

૧૦) ધ્રાંગધ્રા

૧૧) લીંબડી

૧૨) પોરબંદર

૧૩) જાફરાબાદ

૧૪) જામનગર

૧૫) ઉપસંહાર

# પ્રકરણ – ૨

# અંગ્રેજ સત્તાની સ્થાપના પૂર્વેના સૌરાષ્ટ્રના રાજકીય અને વહીવટી ઈતિહાસની ઝાંખી

ઈતિહાસ એટલે માત્ર રાજાઓની વંશાવલી, યુધ્ધના વર્ણનો અને કોઈ પ્રસિધ્ધ પુરુષો અથવા રોમાંચક બનાવોનો નામ નિર્દેશ નહીં પરંતુ કોઈ પ્રદેશનો, કોઈ સમય વિશેષનો ઈતિહાસ એટલે તે પ્રદેશમાં તે સમય વિશેષનું રાજકીય, સામાજિક અને આર્થિક સ્થિતિનું સર્વગ્રાહી દર્શન અને યથાસ્થિત કંથન, સૌરાષ્ટ્રના ઈતિહાસની સામગ્રીતો વિપુલ છે. પરંતુ તે વેરાયેલી પડી છે.[૧] પુરાણોથી શરૂ કરીએ તો સૌરાષ્ટ્રના ગામ ગામના પાદરે ઉભેલા સ્મારકો આપણને ઈતિહાસની ઝાંખી કરાવે છે. પુરાતત્વીય અન્વેષણો દ્વારા સૌરાષ્ટ્રના પ્રાચીનકાળ, મધ્યકાળ અને અર્વાચીનકાળની માહિતી મળે છે. જે આ પ્રમાણે છે.

## પ્રાચીનકાલ :

દેશી રાજયોની કારકિર્દીનો આરંભ સોલંકીકાળથી મોગલકાળ દરમ્યાન થયેલો પરંતુ તેના ભૂભાગોનો ઈતિહાસ તો છેક મોર્યકાળથી શરૂ થાય છે. પુરાતત્વીય અન્વેષણો દ્વારા તેની પ્રાગૈતિહાસિક તથા આદ્ય–ઔતિહાસિક સંસ્કૃતિની પણ ઝાંખી થાય છે.

મહાભારતના સમયમાં ગુજરાતમાં જુદાં–જુદાં રાજયો તથા ભિન્ન–ભિન્ન જાતિઓ અસ્તિત્વમાં હોવાના પૌરાણિક સાહિત્યમાં ઉલ્લેખો છે. તેમા અસુર અને નાગ જાતિઓ મુખ્ય હતી જેમને મનુના વંશજોએ પછીથી પરાજય આપ્યો પૌરાણિક દંતકથા અનુસાર વિવસ્વાન (સુર્ય) ના પુત્ર વૈવસ્વતમનુ માનવકુળના મૂળપુરુષ તથા તેના પ્રથમ રાજા હતા. ભારતના પ્રદેશો પોતાના પુત્રો વચ્ચે વહેચી આપતાં, શર્યાતિ નામના પુત્રને ફાળે સૌરાષ્ટ્રનો પ્રદેશ આવ્યો. એમના વંશની રાજધાની કુશસ્થલી હતી. રાજા રૈવત કકુક્ષીના સમયમાં શ્રીકૃષ્ણ વાસુદેવની પ્રેરણાથી મથુરાના

---

૧) મહેતા ગોરધનદાસ નાગરદાસ – ઉપર્યુકત – પૃ – ૫

યાદવો અહીં આવી વસ્યા તેઓએ કુશસ્થલીનો જીર્ણ દુર્ગ સમરાવી નગરીનું 'દ્રારાવતી' (દ્વારકા) નામે નવનિર્માણ કર્યું. યાદવોના ગણના વડા ઉગ્રસેન હતા. શ્રીકૃષ્ણે દેશના અનેક રાજયો સાથે લગ્ન સંબંધો બાંધ્યા અને પાંડવોને યુધ્ધમાં વિજય મેળવવામાં સક્રિય સાથ આપ્યો. અંતે યાદવો પ્રભાસમાં મદિરાથી ઉન્મત્ત થઈ આસપાસમાં લડી મૃત્યુ પામ્યા અને જરાના શરપ્રહારથી શ્રીકૃષ્ણનો પણ દેહોત્સર્ગ થયો. શાયાર્તો અને યાદવોનું શાસન સમસ્ત સૌરાષ્ટ્ર પર પ્રવર્તતું હતું.(૧)

## અંધકારયુગ :

યાદવોના અસ્તબાદ સૌરાષ્ટ્ર તથા ગુજરાતમાં કયા રાજકુળોની સતા સ્થપાઈતે અંગે કોઈ પુરાવા પ્રાપ્ત થયા નથી. પરંતુ પુરાણો કચ્છ, આનર્ત, સારસ્વત, શ્વભ્ર (સાબરમતી) સૌરાષ્ટ્ર માહેય, ભૃગુકચ્છ, વગેરે પ્રદેશોમાં જુદા–જુદા રાજયોના નામનો માત્ર ઉલ્લેખ કરે છે. તેમના વિષે કોઈ ચોકકસ માહિતી તેઓ આપતા નથી. વળી તેમના ભૌગોલિક નિર્દેશોમાં અર્બુદ, ઉજજયની (ગિરનાર) ઋક્ષ (સાતપૂડો) વગેરે પર્વતોના નામ આવે છે. સરસ્વતી, સાભ્રમતી, પર્ણાશા, ચન્દ્રભાગા, સેરિકા, વાર્ત્રદની હિંડિંબા, મહી, રેવા, તાપી, હસ્તિમની વગેરે નદીઓનું પુરાણોમાં વર્ણન આવે છે. પરંતુ તેમને લગતી વિશેષ વિગતો તેમાં આપવામાં આવી નથી આનર્તપુર (વડતગર) મોઢેરક, (મોઢેરા) કુશસ્થળી (દ્વારકા) વલભીપુર, ખેટક (ખેડા) સ્તબ્ભતીર્થ, ભૃગૃકચ્છ વગેરેનો સમાવેશ અગત્યના મથક તરીકે તથા અર્બુદક્ષેત્ર, ધર્મારણ્ય ક્ષેત્ર, બ્રહ્મક્ષેત્ર, દ્વારકાક્ષેત્ર, પ્રભાસક્ષેત્ર, ગિરિક્ષેત્ર, મહીક્ષેત્ર તથા તાપીક્ષેત્રનો મહત્વના તીર્થસ્થાનો તરીકે પુરાણો ઉલ્લેખ કરે છે. પરંતુ તે સિવાય આ યુગની અન્ય રાજકીય સામાજિક કે સાંસ્કૃતિક બાબતો પરત્વે કોઈ સાધનો પ્રકાશ પાડતાં નથી.

## બૌધ્ધકાલીન ગુજરાત :

બૌધકાલીન ગુજરાત વિશે પણ પુરાણો તથા જૈન ગ્રંથો માંથી ખાસ માહિતી પ્રાપ્ત થતી નથી. વળી તે સમયના કોઈ શિલાલેખો કે તામ્રપત્રો મળ્યા નથી. પરંતુ પાલીભાષામાં લખાયેલા

---

૧) સં. રાવલ મનોજ ઉપર્યુકત પૃ – ૬૮

બૌધ્ધગ્રંથો દીપવંશ તથા મહાવંશ ગુજરાતનો નોંધપાત્ર ઉલ્લેખ કરે છે. તેમા જણાવ્યા મુજબ સિંહપુર (સિહોર) માં સિહંબાહુ નામે રાજા હતો. તે ભગવાન બુધ્ધનો સમકાલીન હતો. તેણે પોતાને યુવરાજ વિજયને પોતાના અનુગામી નિયુકત કર્યો પરંતુ તેની દુષ્ટ રીત–ભાતથી તેણે પ્રજાને ગુસ્સે કરી પરિણામે સિંહાબાહુને તેણે દેશવટો આપવો પડયો. વિજય પોતાના ૭૦૦ સાથીઓ સાથે સિંહપુર થી દરિયાઈ માર્ગે, ભૃગુકચ્છ અને સોપારા થઈને લંકા પહોચ્યો તે જ દિવસે ભગવાન બુધ્ધ નિર્વાણ પામ્યાનું  દીપવંશ મહાવંશ નોંધે છે. પરિણામે આ બનાવ બુધ્ધ ભગવાનનો સમકાલીન ગણાય. તેના સાથીદારો એ અન્ય નગરો વસાવ્યા. તેઓએ પાંડય પ્રદેશની કન્યાઓ સાથે લગ્ન કરીને સૌરાષ્ટ્ર તથા ગુજરાતની સંસ્કૃતિ તે પ્રદેશમાં ફેલાવી વિજયે 'સિંહપુર' તથા 'સિંહબાહુ' પરથી લોકોને 'સિંહલદ્વીપ' એવુ નામ આપ્યું. અને ત્યારથી સિંહ સંસ્કૃતિનો પ્રાંરભ થયો.

ઈ.સ. પૂર્વે પાંચમાં સૈકામાં થઈ ગયેલ પાણિની પણ 'અષ્ટાધ્યાયી' માં કચ્છ, સૌરાષ્ટ્ર, વલભીપુર આનર્ત, મહીપ્રદેશ, વગેરેનો નિર્દેશ કરે છે. બૌધ્ધ તથા બ્રાહ્મણ સાહિત્યના ઉલ્લેખોના આધારે કહી શકાય કે મૌર્ય શાસનની સ્થાપના પહેલા ગુજરાતમાં કચ્છ, આનર્ત, સુરાષ્ટ્ર, શ્વભ્ર અને લાટ જેવા વિભાગો હતા. તેમા નાના મોટાં રાજયો હતાં અને આર્ય તથા અનાર્ય લોકોનો વસવાટ હતો. ખેતી અને વેપારી ઉદ્યોગો વિકસિત હતા. અગત્યના વેપારી મથકો તથા બંદરો થી દેશદેશાવર વ્યવહાર અને વેપાર ચાલતો હતો. લોકો શૈવ, વૈષ્ણવ, બૌધ્ધ, જૈન તથા શાકતધર્મ પાળતા હતા મોટેભાગે સહિષ્ણુતાનું વાતાવરણ હતું.[૧]

લિખિત ઈતિહાસના વૃતાંતમાં પ્રમાણિત ઈતિહાસ ભારતમાં બુધ્ધ મહાવીરના સમયથી શરૂ થાય છે. પરંતુ ગુજરાતમાં તેનો આરંભ મૌર્યકાલ થાય છે.[૨]

---

૧) જોટે રત્નમણિરાવ – "ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ" ગુજરાત વિદ્યાસભા – અમદાવાદ ૧૯૫૭ ભાગ – ૧ પૃ – ૨૮

૨) સં. રાવલ મનોજ ઉપર્યુકત – પૃ – ૬૮

## મૌર્યકાલ

ભારતના ઈતિહાસની જેમ સૌરાષ્ટ્રના ઈતિહાસના ઔતિહાસિક યુગનો આરંભ સિકંદરના આક્રમણ તથા મૌર્યવંશની સ્થાપના સમયથી ગણવામાં આવે છે. મૌર્યયુગથી ઈતિહાસની સાધન સામગ્રી વિપુલ પ્રમાણ પ્રમાણમાં મળી રહે છે. સૌરાષ્ટ્રના પ્રાચીન ઓતિહાસિક યુગમાં મૌર્ય, શક તથા ગુપ્તવંશના શાસનની ઘણી માહિતી જૂનાગઢમાં આવેલા અશોકના શિલાલેખ માંથી મળે છે.[૧]

## અનુમૌર્યકાલ :

મૌર્ય રાજયના પતનબાદ (ઈ.સ. પૂર્વે ૧૮૫) ભારતમાં મુખ્ય ત્રણ રાજવંશોની સત્તા હોવાનું મનાય છે.

૧) ઉત્તર – પશ્ચિમ પ્રદેશમાં યવનો

૨) મધ્ય ભારતમાં શુંગ અને કણ્વ

૩) પૂર્વ ભાગમાં ખારવેલ

આ માંથી છેલ્લા બે રાજવંશોની સત્તા સૌરાષ્ટ્ર – ગુજરાતમાં હોવાના પુરાવા મળતા નથી. પરંતુ ઉત્તર–પશ્ચિમના ગ્રીક યવન રાજાઓના સિકકાઓ સૌરાષ્ટ્ર તથા કચ્છમાંથી મળ્યા છે. સૌરાષ્ટ્રમાં મિનન્દરના થોડા દ્રમ્મ અને અપલદતના ઘણા દ્રમ્મ તથા તાંબાના સિકકા મળ્યા છે. આ ઉપરથી એ ભારતીય – યવન રાજાઓનું શાસન સૌરાષ્ટ્રમાં પ્રવર્ત્યુ હોવાનું સંભવે છે.[૨]

## ક્ષત્રપ કાલ :

ભારતની વાયવ્ય સરહદ ઉપરથી ગ્રીક શાસનને નાબુદ કરનાર શક અને પહલવ હતા. તેઓ મધ્ય એશિયાના મૂળ નિવાસી હતા. પછીથી શકોએ માળવા અને સૌરાષ્ટ્રમાં પોતાનું શાસન સ્થાપ્યું હતું શક શાસકોમાં નહપાન ખૂબ શકિત શાળી હતો. તેને સાતવાહન વંશના સાતકર્ણીએ હરાવતા પશ્ચિમ ભારતમાંથી નહપાન કુળના શાસનનો અંત આવ્યો. પાછળથી કાર્દમક વંશના

---

૧) જાની– એસ.વી. સૌ ઈ. પૃ–૨૬

૨) ગુ.રા. સાં. ઈ. ભાગ – ૨ પૃ – ૫

શકક્ષત્રપોનું રાજય સ્થપાયું. તેનો સ્થાપક ચષ્ટન હતો. અષ્ટન પછી તેનો પૌત્ર રુદ્રદામા મહાક્ષત્રપ બન્યો હતો. તેનો શાસનકાળ ઈ.સ. ૧૩૦ થી ૧૫૦ નો હતો તેની રાજધાની ઉજ્જૈનમાં હતી. ઈ.સ. અને ગિરિનગર તેની પ્રાંતિક રાજધાની હતી. સૌરાષ્ટ્ર પ્રાંતના સૂબા તરીકે તેણે સુવિશાખને નિમ્યો હતો. સુવિશાખ અર્થકરણ, ધર્મ અને વ્યહવારની ઊંડી સમજદારી ધરાવતો હતો.[૧] રુદ્રદામાએ તથા નિરામિયાની અને લાંચની બદીથી દુર હતો. તથા ઘણા પ્રદેશો જીતી લઈ 'મહાક્ષત્રપ'નું બિરુદ ધારણ કર્યુ હતું. તે સાહિત્યનો શોખીન હતો. અને સંસ્કૃતમાં રચનાઓ કરતો હતો. તે મહાપરાક્રમી, વિજેતા અને કુશળ વહિવટકર્તા હતો. વહીવટમાં તેણે મતિ સચિવ (શાસનની નીતિ ઘડનારા) અને કર્મસચિવ (નીતિને અમલમાં મુકનાર) નામના બે પ્રકારના અમલદારો નીમ્યા હતા. તેનો ઉલ્લેખ તેના જૂનાગઢના શિલાલેખમાં છે. રુદ્રદામાએ પ્રજા પાસેથી કોઈ નાણા લીધા વિના પોતાના ખજાના માંથી નાણાં ખર્ચી સુદર્શન તળાવનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો.[૨] રુદ્રદામાએ અનેક યુધ્ધો કર્યા અને વિજયી બન્યો તે મધ્યભારત, રાજસ્થાન, કચ્છ, સિંધ, ગુજરાત – સૌરાષ્ટ્ર અને કોંકણનો સ્વામી બન્યો હતો.[૩]

## ગુપ્તકાલ :

રુદ્રદામા પછી લગભગ ૨૨ ક્ષત્રપ શાશકો થયા. ગુપ્તવંશના રાજવી ચંદ્રગુપ્ત બીજાએ શક વંશના છેલ્લા રાજવી રુદ્રસિંહ ત્રીજાને ઈ.સ. ૩૯૮માં હરાવી તેનો વધ કરી પશ્ચિમ ભારતમાંથી શક સત્તાનો અંત લાવી તે પ્રદેશો પોતાના રાજયમાં ભેળવી દીધા મગથના ગુપ્ત સમ્રાટ ચંદ્રગુપ્તે ઈ.સ. ૪૦૧ ના આરસમાં માળવા પર પોતાની સત્તા ફેલાવી ત્યારે સૌરાષ્ટ્રમાં સર્વભંટ્ટારક નામે રાજાની સત્તા પ્રર્વતી[૪] એ રાજા મહાક્ષત્રપનું બિરૂદ ધરાવતો અને શૈવધર્મનો અનુયાયી હતો. તેના ત્રિશુલ અંકિત સિકકા મળ્યા છે.

---

૧) એજન – પૃ – ૧૩૫

૨) પરીખ ર.છો. – ગુજરાતની રાજધાનીઓ – ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ ૧૯૫૮ પૃ – ૬૩

૩) જાની એસ.વી. સૌ.ઈ. પૃ – ૨૭

૪) ગુ.રા. સાં.ઈ. – ભાગ – ૨ – પૃ – ૯

કુમાર ગુપ્ત ૧ લાના શાસનકાળ દરમ્યાન ગુપ્ત સામ્રાજયની સત્તા સૌરાષ્ટ્ર પર પ્રસરી કુમાર ગુપ્ત મહેન્દ્રાદિત્યના સિકકા સૌરાષ્ટ્રમાં સંખ્યાબંધ મળ્યા છે. સ્કંદગુપ્ત વિક્રમાદિત્યના સમયમાં સૌરાષ્ટ્રમાં ગુપ્તાપર્ણદત વહીવટ કરતો હતો. સ્કંદગુપ્તના મૃત્યુબાદ સૌરાષ્ટ્ર જેવા દૂરના પ્રાંત સ્વતંત્ર થઈ ગયા.[૧]

## મૈત્રકકાલ :

ગુપ્ત સમ્રાટ ચંદ્રગુપ્તના અવસાન પછી કેન્દ્રીય સતા નબળી પડતા ગુપ્ત સામ્રાજયના સુબાઓ શકિતશાળી બનવા લાગ્યા હતા. તેમાં ગુપ્ત સામ્રાજયના સૌરાષ્ટ્રના પ્રાંતિક સેનાપતિ ભટાર્કે ઈ.સ. ૪૭૦માં પોતાની રાજધાની ગિરિનગરના બદલે વલ્લભીપુરમાં સ્થાપી અને ત્યાં પોતાનું મૈત્રકવંશનું શાસન સ્થાપ્યું. મૈત્રકવંશના રાજાઓ પરમમાહેશ્વર હતા. તેઓની રાજમુદ્રા શિવના વાહન નંદિના ચિહ્નથી અંકિત હતી. આ વંશમાં કુલ ૧૯ રાજાઓ થઈ ગયા તેઓમાં મહારાજ ગૃહસેન નામે પ્રતાપી રાજા થયો. તેમના પુત્ર મહારાજ ઘરસેન – બીજાના ૧૬ દાનશાસન મળ્યા છે. તેમાના બે રાજકોટ જીલ્લામાંથી પ્રાપ્ત થયાં છે. ઈ.સ. ૭૮૮ માં સિંઘના અરબોએ વલભીનો નાશ કરતાં, મૈત્રક રાજની સત્તાનો અંત આવ્યો [૨]

## અનુમૈત્રક કાલ :

મૈત્રક રાજના અંત પછી ઉત્તરના પ્રતિકારો અને દક્ષિના રાષ્ટ્રકુટોએ સૌરાષ્ટ્ર પર પોતાનું આધિપત્ય જમાવવા પ્રયત્ન કર્યો. સિંઘથી આવેલા સૈન્ધવ રાજાઓએ ઘુમલીમાં રાજધાની રાખી અને પશ્ચિમ સૌરાષ્ટ્ર ઉપર પોતાની સત્તા સ્થાપી.[૩]

## સોલંકી કાલ :

ઈ.સ. ૯૪૨માં મૂળરાજ ગાદીએ બેઠો ત્યારે એક નાના રાજયનો તે રાજા હતો. તેણે

---

૧) એજન પૃ–૯

૨) સં. રાવલ મનોજ – ઉપર્યુકત પૃ – ૬૯

૩) એજન પૃ – ૭૦

અણહિલપુર પાટલામાં પોતાની રાજસતા સ્થાપી હતી.[૧] આ સમયે દક્ષિણ સૌરાષ્ટ્રમાં ચુડાસમા વંશનો રાજા ગૃહરિપુ રાજ કરતો હતો. સિધ્ધરાજ જયસિંહ ઈ.સ. ૧૦૯૪થી ૧૧૪૨ અને કુમારપાળ (ઈ.સ. ૧૧૪૨ થી ૧૧૭૩)ના સમયમાં સોલંકી રાજની સત્તા સમસ્ત ગુજરાત પર પ્રસરી એટલું જ નહી. એનુ આધિપત્ય ગુજરાત પર પ્રસરી એટલું જ નહી એનું આધિપત્ય આસપાસના પ્રદેશો પર પણ પ્રવર્ત્યુ. સિધ્ધરાજે સોરઠ જીતી સોમનાથની યાત્રા કરી. કુમાર પાળે સોમનાથ મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યા ઈ.સ. ૧૨૪૪ માં મૂળરાજ ના વંશનો અંત આવતા વાઘેલા રાજવી વિશલદેવનો વંશ સત્તારૂઢ થયો. એ વંશના કર્ણદેવ – બીજાના સમયમાં ઈ.સ. ૧૩૦૪માં દિલ્હીના ખિલજી સુલતાને ગુજરાતમાં હિંદુ રાજનો અંત આણ્યો.[૨]

આ સમયે સોરઠમાં રા'માંડલિક ૧ લો રાજ કરતો હતો. સોલંકીકાલ દરમ્યાન ઘૂંમલી, પોરબંદર પ્રદેશમાં જેઠવા રાજાઓ રાજ કરતા હતા. સોમનાથ પાટણમાં વાળા વંશની સત્તા હતી. લીંબડી પ્રદેશમાં ઝાલાવંશના રાજાઓ રાજ કરતા હતા. દરમિયાન વાળા કુળનો રાજા એભલ–ઉજો – તળાજા ગુમાવતાં ઢાંક જઈ વસ્યો. જાંબુ (તા.–લીંમડી) ના ઝાલા રાજાએ જાંબુ ગુમાવતા ધામલેજ (તા.–વાંકાનેર) ગામ વસાવી રાજધાની ત્યાં રાખી. રાજકોટ જીલ્લામાં સોલંકીકાળ દરમ્યાન રાજકીય સ્થિતિ કેવી હતી તે વિશે આટલી જ માહિતી ઉપલબ્ધ છે.[૩]

## નાના રાજયોનો ઉદય :

ઈ.સ. ૭૮૮ માં વલ્લભીના વિનાશ પછીના લગભગ એકસો વર્ષ બાદ સૌરાષ્ટ્રમાં ગારુલકો સૈંધવો, રાષ્ટ્રકૂટો, પ્રતિહારો વગેરેના રાજવંશો ક્રમશઃ અદ્રષ્ય થઈ ગયા. આ ૧૦૦ વર્ષ દરમ્યાન સૌરાષ્ટ્રમાં સતત યુધ્ધો થતા રહયા આ ગાળામાં જ ગુજરાતી લિપીના શ્રી ગણેશ થયા, બૌધ્ધ ધર્મ નષ્ટપ્રાય : બન્યો. પૌરાણિક હિંદુધર્મનો વિકાસ થયો. ધાર્મિક ક્ષેત્રે નૈતિક સિધ્ધાંતોમાં પરિવર્તન આવ્યું. આ સમયગાળામાંજ વિવિધ પ્રકારના રાજકીય, સામાજીક, ધાર્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે ક્રાંતિકારી કહી શકાય તેવા પરિવર્તન થયાં અને સૌરાષ્ટ્રની આગવી સંસ્કૃતિના મૂળ

---

૧) શાસ્ત્રી દુર્ગાશંકર કેવળરામ–ગુજરાતનો મધ્યકાલિન રાજપૂત ઈતિહાસ–અમદાવાદ–૧૯૫૩ પૃ–૧૫૧

૨) સં. રાવલ મનોજ – ઉપર્યુકત પૃ – ૬૯

૩) એજન પૃ – ૭૦

**રોપાયા ઈ.સ. ૭૮૮માં વલ્લભીના પતન પછી ઈ.સ. ૮૭૫માં વંથલીમાં ચુડસમાં વંશની સ્થાપના થઈ ત્યારબાદ સૌરાષ્ટ્રમાં રાજપુત વંશોની સત્તા સ્થપાઈ. જે લગભગ ઈ.સ. ૧૪૭૨ એટલે કે ૬૦૦ વર્ષ સુધી રહી તેથી તે યુગ રાજપુત યુગ તરીકે ઓળખાય છે. આ યુગ દરમ્યાન ચુડાસમા, ઝાલા, જાડેજા, ગોહિલ, જેઠવા, પરમાર વગેરે રાજવંશોનો ઉદય થયો રાજપુત યુગમાં સૌરાષ્ટ્ર મુસ્લિમ આક્રમણોનું ભોગ બન્યું હતું.**

**રાજપૂતયુગમાં રાજપૂતોની વિવિધ જાતિઓ ઉતરમાંથી રાજસ્થાન, સિંધ કે કચ્છમાંથી સૌરાષ્ટ્રમાં આવીને વસીને સ્થાયી થઈ ગઈ હતી. આ વિવિધ જાતિઓનો સૌરાષ્ટ્રમાં આવવાનો સમયાનું ક્રમ નીચે દર્શાવ્યા પ્રમાણે માનવામાં આવે છે.**

| **ક્રમ** | **જાતિ / વંશ** | **સૌરાષ્ટ્રમાં આગમનનું વર્ષ** |
|---|---|---|
| ૧ | ચાવડા | ઈ.સ. ૮૦૦ |
| ૨ | ચૂડાસમા | ઈ.સ. ૮૭૫ |
| ૩ | જેઠવા | ઈ.સ. ૯૦૦ (લગભગ) |
| ૪ | ગોહિલ | ઈ.સ. ૧૦૯૦ / ૧૧૪૦ |
| ૫ | વાઘેલા | ઈ.સ. ૧૨૭૦ |
| ૬ | રાઠોડ | ઈ.સ. ૧૨૨૫, ૧૫૦૦, ૧૫૨૯ |
| ૭ | જાડેજા | ઈ.સ. ૧૪૨૫ |
| ૮ | પરમાર | ઈ.સ. ૧૪૫૩[૧] |

**સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ આઠમી સદીમાં ચાવડા આવ્યા હોય એવો સંભવ છે. સૌરાષ્ટ્રમાં તેઓ દ્વારકા, પ્રભાસપાટણ, દીવ વગેરેમાં વસ્યા હતા. નવમી સદીના અંતભાગમાં સિંધના સમા રાજપૂતોની એક શાખા વામનસ્થલી (વંથલી) માં આવી. ૧૫મી સદીમાં કચ્છમાંથી જાડેજાઓએ સૌરાષ્ટ્રમાં પગપેસારો કર્યો હતો. અને ઈ.સ. ૧૫૨૯ માં જામનગરમાં સ્થાયી હતા. સિંધના થરપાકરમાંથી આવીને પરમારો, થાન, ચોટીલા અને મૂળી આસપાસ વસ્યા હતા.**[૨]

---

૧) જાની એસ.વી. – સૌ. ઈ. પૃ – ૩૬

૨) એજન – પૃ – ૩૯

વલ્લભી પતન પછી તેના ખેડિયા એવા ચાવડાઓએ પોતાને સ્વતંત્ર જાહેર કરી ઉતર ગુજરાતમાં પોતાની સતા વિસ્તારી હતી. તેમણે અણહિલપુર પાટણમાં રાજધાની સ્થાપી હતી. તેમનો શાસનકાળ ઈ.સ. ૭૪૬ થી ૯૪૨ સુધીનો હતો. ચાવડા રાજાઓનો અંત લાવીને ઈ.સ. ૯૪૨માં મૂળરાજ સોલંકીએ સોલંકીવંશની સ્થાપના કરી. સોલંકીવંશના ભીમદેવ–૧લો, સિધ્ધરાજ જયસિંહ, કુમારપાળ, ભીમદેવ બીજાનો સૌરાષ્ટ્ર અને તેમાં પણ ખાસ કરીને પ્રભાસપાટણના પ્રસિધ્ધ સોમનાથનાં મંદીર સાથે ધનિષ્ઠ રીત સંબંધ રહયો હતો.[૧]

ઈ.સ. ૯૭૯માં મૂળરાજ સોરઠમાં આવેલ વંથલીના શાસક ગૃહરિપુને હરાવવા એક મોટી સેના સાથે સૌરાષ્ટ્ર તરફ કુચ કરી હતી. ત્યારે ગૃહરિપુએ આટકોટ પાસે મૂળરાજના લશ્કરનો મૂકાબલો કરવાનો નિર્ણય કર્યો હતો. આટકોટ ઉપર કચ્છના રાજવી લાખો ફુલાણીની હકુમત હતી. વળી તે ગૃહરિપુનો મિત્ર હોવાથી તે પણ સેન સાથે તેની મદદે આવ્યો હતો. સિંઘના રાજાની પણ ગૃહરિપુને મદદ મળી. દ્રયાશ્રય ના વર્ણન મુજબ મૂળરાજને શ્રીમાલ તથા અન્ય પ્રદેશના રાજાઓનો સાથ મળ્યો. બન્ને વચ્ચે આટકોટમાં યુધ્ધ થયું. તેમા લાખો ફુલાણી માર્યા ગયો. અને ગૃહરિપુ કેદ પકડાયો પરંતુ ગૃહરિપુએ મૂળરાજા સોલંકીની સર્વોપરિતા સ્વીકારી તેને ખંડણી આપવાનું કબૂલ કરતા તેને મૂકત કરવામાં આવ્યો હતો. લાખો ફુલાણી એ સૌરાષ્ટ્ર અને કચ્છના ઈતિહાસનું એક મહત્વનું પાત્ર ગણાવી શકાય. આટકોટ ગામ લાખો ફુલાણીએ વસાવ્યું હતું. આટકોટમાં આજે પણ લાખો ફુલાણીનો પાળિયો છે. લાખો ફુલાણીના મૃત્યુ બાદ આટકોટ ઉજજડ થઈ ગયુ હતું. પરંતુ આહિરો એ તેને ફરીથી વસાવ્યું હતું.[૨]

જૂનાગઢમાં ચુડાસમા વંશના રાજવી રા'નવઘણ પહેલાના શાસનકાળ દરમ્યાન મહેમુદ–ગઝનીએ દેલવાડા તરફથી સૌરાષ્ટ્રમાં પ્રવેશ કરી ૧૦૨૬ માં સોમનાથ મંદિર પર ચડાઈ કરી. ગુજરાતમાં આ સમયે સોલંકી રાજવી ભીમદેવ – ૧લો સત્તા પર હતો. ભીમદેવ સહિત કેટલાક રાજાઓ તથા સામંતો સોમનાથનું રક્ષણ કરવા એકત્રિત થયા હતા. પરંતુ મહેમુદગઝનીએ

---

૧) સં રાવલ મનોજ – ઉપર્યુકત પૃ–૭૧

૨) એજન – પૃ – ૭૧

રાજપૂતોની સેનાને હરાવીને મંદિર લૂંટયુ હતું. મહેમૂદ ગઝની વંટોળિયાની માફક આવ્યો અને ચાલ્યો ગયો.[૧]

સોલંકી વંશના રાજવી સિધ્ધરાજ જયસિંહે જયારે રાજય વિસ્તાર કરવાનું શરૂ કર્યુ. ત્યારે તેને જૂનાગઢના શાસક રાંખેગાર સાથે સંઘર્ષમાં ઉતરવું પડયું હતું. એક માન્યતા પ્રમાણે સિધ્ધરાજનો જન્મ વીરપુરમાં થયો હતો. અને આ પ્રસંગની સ્મૃતિ જાળવવા માતા મીનળદેવીએ વીરપુરમાં વાવ બંધાવી હતી. જે મીનળવાવ તરીકે ઓળખાય છે. મેરુત્તુંગ તથા સ્થાનિક અનુશ્રુતિ પ્રમાણે તેનો જન્મ પાલનપુરમાં થયો હતો.[૨]

સિધ્ધરાજ પોતાના લશ્કરની કૂચની પૂર્વ તૈયારી રૂપે આપહિલપુર પાટણથી જૂનાગઢ સુધીના રસ્તા બંધાવ્યા કે સમારાવ્યા હતા. સરધારનું તળાવ તેણે બંધાવ્યું હતું. લશ્કરની છાવણી નાખવા માટે તેણે વઢવાણ સાયલા, ધાંધલપુર, ચોબારી, આણંદપુર, સરધાર, ગોંડલ, વીરપુર અને જેતપુરમાં કિલ્લેબંધ થાણા રાખ્યા હતા. સિધ્ધરાજે રાખેંગારને હરાવી સોરઠ પ્રદેશ જીતી લીધો હતો. ઈ.સ. ૧૧૧૪માં આ મહાન વિજયની યાદમાં સિધ્ધરાજ સિંહસંવંત શરૂ કર્યા હોવાનું મનાય છે.[૩]

## મુસ્લીમ યુગ

ઈ.સ. ૧૧૯૮માં મહમદઘોરીના સેનાપતિ કુતુબુદીન ઐબકે સૌરાષ્ટ્ર પર આક્રમણ કર્યુ હતું. સૌરાષ્ટ્રમાં તેણે જાંબુના ધામળજી ઝાલાને હરાવ્યો અને ત્યાની પ્રજાનું બળજબરીથી ધર્મ પરિવર્તન પણ કરાવ્યું હતું. ત્યાથી તેની સેના મોરબીમાં ગઈ અને ત્યાના જેઠવા રાજાઓને હરાવી તે પ્રદેશમાંથી જેઠવાઓની સત્તા નાબુદ કરી.[૪]

---

૧) દેસાઈ શં.હ. – સૌ. ઈ. – પૃ – ૨૪૬

૨) એજન – પૃ – ૨૪૭

૩) સં. રાવલ મનોજ – ઉપર્યુકત – પૃ ૭૨ (૭૨)

૪) દેસાઈ શં.હ. સૌ – ઈ – પૃ ૨૭૯

ગુજરાતમાં વાઘેલા રાજવી કર્ણદેવ બીજાના સમયમાં દીલ્હીના સુલતાન અલ્લાઉદીન ખિલજીના સેનાપતિ ઉલુઘખાન અને નરસતખાને ઈ.સ. ૧૨૯૦માં ગુજરાત પર આક્રમણ કરી ત્યાંથી સૌરાષ્ટ્રના પ્રસિધ્ધ મંદિર સોમનાથ પર ચડાઈ કરી ગુજરાતનો રાજવી કર્ણદેવ (કર્ણ વાઘેલો) પરાજીત થયો. અને નાસી ગયો. સોલંકીઓના પાટનગર ઉપર દિલ્હીના સુલતાનનો લીલો ઝંડો લહેરાયો.[૧]

ત્યાર પછી પીરમબેટના રાજવી મોખડાજી ગોહીલે દિલ્હીના મુસ્લિમ વેપારીના ૧૪ વહાણ ખંભાતના અખાતમાં લૂંટી લીધા સુલતાન મહમદ તઘલખે સૌરાષ્ટ્ર પર આક્રમણ કરી મોખડાજીને ઘોઘા પાસેના યુધ્ધમાં હરાવ્યા હતા. અને મોખડાજી મૃત્યુ પામ્યા જૂનાગઢના રાજવી રાંખેગાર–૪થા એ મહંમદ તઘલખની સામે બળવો કરનાર તઘીને આશ્રય આપતા મહમદ તઘલખે જૂનાગઢ ઉપર આક્રમણ કરી રાંખેગારને હરાવ્યો. તેણે શરણાગતિ સ્વીકારી ખંડિયા રાજા બનવાનું સ્વીકાર્યુ હતું.[૨]

મહંમદ તઘલખ પછી ફિરોઝશાહ તઘલખ અને તેના વારસદારોના સમયમાં તેમણે જીતેલા ગુજરાત પ્રદેશનો વહીવટ તેમના સૂબેદારો દ્વારા થતો હતો. પરંતુ દિલ્હીની કેન્દ્રીય સત્તા નબળી પડતા ગુજરાતના સૂબેદારો સ્વતંત્ર રીતે વહીવટ કરવા લાગ્યા ઈ.સ. ૧૪૦૭માં ગુજરાતના ગવર્નર ઝફરખાને મુઝફ્ફરશાહ – ૧ નામ ધારણ કરીને ગુજરાતમાં સ્વતંત્ર મુસ્લિમ સલ્લતનતની સ્થાપના કરી હતી.[૩]

ગુજરાતમાં ઈ.સ. ૧૪૦૭થી ૧૫૭૩ સુધીનો સમય સ્વતંત્ર સુલતાનોનો શાસનકાળ હતો. તેમા કુલ – ૧૫ સુલતાનો થયા. તેમા મુખ્ય બે હતા. અહમદશાહ – ૧લો અને મહેમૂદ બેગડો તે

---

૧) એજન પૃ – ૩૧૧

૨) સં. રાવલ મનોજ – ઉપર્યુકત પૃ – ૭૨

૩) એજન પૃ – ૭૨

બન્ને સુલતાનો એ જુનાગઢ પર આક્રમણ કર્યુ અને તે પ્રદેશ જીતી લીધો હતો. મહેમુદ બેગડાએ ચૂડાસમા વંશના અંતિમ રાજવી રા'માંડલિકને હરાવીને ઈ.સ. ૧૪૭૦માં જૂનાગઢ કબ્જે કરી તેનું નામ મુસ્તફાબાદ કર્યુ હતું. અને રા'માંડલિકને ઈસ્લામ ધર્મ સ્વીકારવા ફરજ પાડી હતી પરિણામે સૌરાષ્ટ્રમાં ઈ.સ.૮૭૫ થી ૧૪૭૨ સુધીના રાજપૂત યુગનો અંત આવ્યો. રા'માંડલિકના વારસદારો રાયજાદા કહેવાયા અને વિજેતા સુલતાન મહમૂદ બેગડાએ તેમને બગસરા ચોવીસીના ગામ જીવાઈ માટે આપ્યા હતા.[૧]

મહેમૂદ બેગડાના આક્રમણ પછી સૌરાષ્ટ્રનાં આંતરિક પ્રદેશમાં આવેલા રાજકોટ જીલ્લાના પ્રદેશોમાં મુસ્લીમ આક્રમણ થયા હતા. તેવા પ્રદેશમાંથી હિજરત કરીને આવતા લોકો માટે આ જિલ્લાનો પ્રદેશ જાણે કે આશ્રય સ્થાન બન્યો હતો. છતા રાજપૂતો પરસ્પરના કલહમાંથી બહાર આવ્યા ન હતા. તેથી સુલતાનના અધિકારીઓ તેમના આ ઝગડાનો લાભ લઈને પોતાનો સ્વાર્થ સાધી લેતા હતા. સૌરાષ્ટ્રના રાજપૂત રાજવીઓ વચ્ચે ઈ.સ. ૧૪૬૮માં આવો જ એક પ્રસંગ બન્યો હતો. સરધારના વાઘેલા રાજવી અને જંબુ તથા કુંદણીના ઝાલાઓ  વચ્ચે ખટરાગ ઉત્પન્ન થયો હતો. ઝાલા રાજવી ખેતોજીએ સરવૈયાઓને હરાવ્યા. સરધાર સાથેના યુધ્ધમાં ખેતાજી ઝાલા મૃત્યુ પામ્યા વિજયી વાઘેલાઓએ જસદણ ઉપર પોતાની સત્તા સ્થાપી દીધી. આમ ઝાલા, સરવૈયા અને વાઘેલા રાજપૂત વચ્ચેના આંતરીક કલહમાં વાઘેલાઓ શકિતશાળી પુરવાર થયા.[૨]

મહેમુદ બેગાડા એ ઈ.સ. ૧૪૬૮માં કુવાના ઝાલા રાજવી વાઘોજી ઉપર આક્રમણ કરી તેને હરાવ્યો અને મોરબી પરગણું પોતાના ખાલસા પ્રદેશમાં ભેળવી દીધુ. ઈ.સ. ૧૫૯૩માં કચ્છના જાડેજા રાજવીએ છેલ્લા સુલતાન મુઝફ્ફરશાહ ઉજાને મુઘલોને સોંપી દઈ તેના બદલામાં મોરબી પરગણું પાછું મેળવ્યું હતું.

---

૧) એજન પૃ – ૭૨

૨) એજન પૃ – ૭૩

સૌરાષ્ટ્રમાં યુરોપમાંથી આવનાર સૌ પ્રથમ પોર્ટુગીઝો હતા. તેમણે ઈ.સ. ૧૫૩૭માં દીવમાં વસવાટ કર્યો હતો. ગુજરાતના સુલતાનોએ આ દીવને પોતાના નૌકામથક તરીકે વિકસાવ્યું હતું. પરંતુ પોર્ટુગીઝો સાથે સુલતાન બહાદૂરશાહે સંધિ કરી. તેમને દીવમાં કિલ્લો બાંધવાની પરવાનગી આપી હતી. દીવમાં પોર્ટુગીઝો સાથે તેમને ઝઘડો થતા ઈ.સ. ૧૫૩૭માં તેનુ મૃત્યુ થયું. બહાદૂરશાહ પછીના સુલતાનો નિર્બળ હતા. અકબરે ગુજરાતમાં મુઘલસત્તાની સ્થાપના કરી. ઈ.સ. ૧૭૫૩ સુધી ગુજરાતમાં મુસ્લિમોની સત્તા રહી. ઈ.સ. ૧૭૫૩માં ગુજરાતમાં મરાઠાઓની સત્તા સ્થપાઈ હતી.[૧]

૧૬મી સદી ભારતમાં તેમજ સૌરાષ્ટ્રના ઈતિહાસની દ્રષ્ટિએ મહત્વ ધરાવે છે. ગુજરાતનો સુલતાન બહાદૂર શાહ મુઘલ સેનાનો સામનો કરવામાં વ્યસ્ત હતો ત્યારે સુલતાનની સત્તાનો પ્રભાવ સૌરાષ્ટ્ર વિસ્તાર ઉપરથી ઘટી ગયો. આ પરિસ્થિતિનો લાભ લઈ ઈ.સ. ૧૫૫૩માં કચ્છના જાડેજા વંશનો જામરાવળ સૌરાષ્ટ્રામાં પોતાનું નશીબ અજવવા આવ્યો. તેણે વવાણીયા બંદર પાસેનું મોરાણા ગામ જીતી લીધું હતું ત્યારબાદ આમરણ, ધ્રોળ, ખિલોસ, બેડ, ખંભાળિયા વગેરે જીતી લઈ પોતાની સત્તા સ્થાપી અને રંગમતી અને નાગમતી નદીના સંગમ ઉપરના નાગનેસ બંદરની જગ્યા મેળવી ઈ.સ. ૧૫૪૦માં ત્યાં પોતાની રાજધાની સ્થાપી અને તેનું નામ નવાનગર પાડવામાં આવ્યું. પછી તેના જામશાસકોના નામ ઉપરથી જામનગર પ્રસિધ્ધ થયું છે. જામરાવળે જીતેલા આ સમગ્ર પ્રદેશનું નામ, તેમણે પોતાના પૂર્વ જ હાલાજીના નામ ઉપરથી 'હાલાવાડ' પાડયું હતું. પછીથી 'હાલાર' નામ વધુ પ્રસિધ્ધ થયું હતું.[૨]

કચ્છ અને સૌરાષ્ટ્રના જાડેજા વંશના રાજપૂતો પોતાને ચંદ્રવંશના યાદવકૂળના કૃષ્ણના વંશ જ ગણાવે છે. હાલારમાં કચ્છના જાડેજા વંશના જામરાવળે પોતાનું શકિતશાળી રાજ સ્થાપી દીધું હતું. નવાનગરના સ્થાપક જાડેજાવંશના રાજાઓએ જ રાજકોટ જિલ્લામાં ગોંડલ, વીરપુર, ખીરસરા, કોટડાસાંગાણી, જાળિયા, દેવાણી, કોઠારિયા, ગવરીદડ, પાળ, લોધિકા, ગઢકા, મેંગણી,

---

૧) એજન પૃ – ૭૩

૨) દેસાઈ શં – હ – સૌ. ઈ. પૃ – ૫૧૧

ભાડલા, રાજપરા વગેરે રાજયો તથા કચ્છના રાજયોમાંથી આ જિલ્લાના મોરબી અને માળિયાના રાજયો સ્થપાયા હતા. આમ રાજકોટ જિલ્લામાં જસદણ, જેતપુર જેવા નાના કાઠી રાજયો ઝાલાવંશના વાંકાનેર જેવા રાજયો ને બાદ કરતા બાકીના મોટા ભાગના રાજયો જાડેજાવંશના હતા. આ દ્રષ્ટિએ ૧૬મી સદીમાં સૌરાષ્ટ્રમાં જાડેજા વંશના રાજવીઓની સ્થાપના અત્યંત મહત્વ ધરાવે છે. ઈ.સ. ૧૫૭૩માં મુઘલ સમ્રાટ અકબરે ગુજરાતના છેલ્લા સુલતાન મુઝઝફરશાહને હરાવીને ગુજરાતમાં મુઘલ સત્તાની સ્થાપના કરી હતી. મુઝજફરશાહને પકડીને દિલ્હી મોકલવામાં આવ્યો. પરંતુ ઈ.સ. ૧૫૭૮માં ત્યાથી ભાગીને તે ફરી ગુજરાતમાં આવ્યો.[૧] અને પોતાની સતા પુનઃ સ્થાપવાના પ્રયાસો કર્યા હતા. ઈ.સ. ૧૫૮૩ સુધી તે ગુપ્તવાસમાં રહયો પછી થોડા સમય માટે અમદાવાદ જીતી લઈ પોતાની સત્તા ત્યાં પુનઃ સ્થાપી પરંતુ ઈ.સ. ૧૫૮૪માં મુઘલ સૂબેદારે તેને સરખેજ પાસે હરાવ્યો. તે નાસતો ફરતો રહયો. અને મુઘલ સેના તેનો પીછો કરતી રહી અંતે ઈ.સ. ૧૫૯૧માં તેણે જામનગના જામસતાજીનો આશ્રય મેળવ્યો. સુલતાને જામનગરના જામસતાજી જૂનાગઢના દોલતખાન ઘોરી, ખરેડીના કાઠી સરદાર લોમા ખુમાણ અને બગસરાના રાયજાદા રાંખેગારને પોતાનો પક્ષ લઈ મુઘલ સેનાનો સામનો કરવા સમજાવ્યા. સામાપક્ષે મુઘલોની સેનાનો સેનાપતિ મિરઝા અઝીઝકોકા હતો. બન્ને વચ્ચે ધ્રોળ પાસેના ભૂચરચોરીના મેદાનમાં ભયંકર યુધ્ધ થયું. (૧૫૯૧) મુઘલ સેનાનો વિજય થયો.[૨] ત્યાંથી મુઘલ લશ્કરે જૂનાગઢ પર આક્રમણ કર્યુ. તે પણ જીતી લીધુ તે વખતે જામનગર રાજયે તેને પુરવઠો પુરો પાડવામાં મદદ કરેલી તથા ખંડણી આપવાનું સ્વીકારેલું તેથી તેનું રાજય તેને પાછુ સોપવામાં આવ્યું. જૂનાગઢને સોરઠ સરકાર નામ આપવામાં આવ્યું અને ત્યાં વહીવટ માટે મુઘલ ફોજદાર રાખવાનું શરૂ કરાયું.[૩]

ભુચર ચોરીના યુધ્ધમાં પરાજય મળતાં મુઝઝફરશાહ અનેક સ્થળોએ આશ્રય મેળવવા નાસતો ફરતો રહયો હતો. અંતે કચ્છના જાડેજા રાજવી પાસે તેણે આશ્રયની માંગણી કરી. પરંતુ

---

૧) નર્મદાશંકર લાલશંકર – કાઠિયાવાડ સારસંગ્રહ પૃ – ૨૨૩

૨) દેસાઈ શે. હ. – સૌ. ઈ. – પૃ – ૫૩૨

૩) નર્મદાશંકર લાશંકર – કાઠીઆવાડ સારસંગ્રહ પૃ – ૨૨૩

ત્યાના રાજવી ભારમલે વ્યવહારુ અભિગમ અપનાવ્યો, તેણે મોરબી અને માળિયા પરગાણાં મેળવવાની શરતે મુઝફ્ફરશાહને મુઘલોને સોંપી દેવાની તૈયારી દર્શાવી તે શરતનો મુઘલોએ સ્વીકાર કર્યો. અને સુલતાનને કેદ કરી દિલ્હી તરફ રવાના કર્યા. પરંતુ સુલતાને રસ્તામાં ધ્રોળ પાસે આત્મહત્યા કરી (ઈ.સ. ૧૫૯૩માં) આમ ગુજરાતની સ્વતંત્ર મુસ્લિમ સલ્તનતનો અંત આવ્યો[૧]

મુઘલ સમ્રાટે સૌરાષ્ટ્ર પ્રદેશમાં જૂનાગઢ વિભાગને ખાલસા જાગીર બનાવી હતી. તે જાગીર 'સોરઠ સરકાર' તરીકે ઓળખાતી હતી અબુલ ફઝલના ગ્રંથ આઈન – એ – અકબરીમાં દર્શાવ્યા પ્રમાણે સૌરાષ્ટ્રમાં આવેલા મુઘલ ફોજદારના વહીવટ હેઠળના સોરઠ સરકારમાં મહેસુલ આપનારા કુલ ૬૦ એકમો હતા. તેમાંથી કેટલાંક મહત્વના એકમો દર્શાવવામાં આવ્યા છે. જેમા ઉપલેટા જેતપુર જસદણ ગોંડલ વગેરેનો સમાવેશ થાય છે. તે બધામાં ગોંડલ બીજા કરતા વધુ મહત્વ ધરાવતું એકમ હતું. કારણ કે તે આ પૂર્વે ચુડાસમા વંશની સત્તાના કેન્દ્ર સમા સોરઠ પ્રદેશની નજીક આવેલું હતું.[૨]

ઈ.સ. ૧૭૦૭માં ઔરંગઝેબના મૃત્યુ પછી મુઘલ સતા ગુજરાતમાં નબળી પડી ગઈ હતી. આ પરિસ્થિતિનો લાભ લઈ સૌરાષ્ટ્રના રાજવીઓ પણ સ્વતંત્ર થવા પ્રયત્ન કરવા લાગ્યા હતા. જુનાગઢમાં મુઘલોના ૩૧માં ફોજદાર શેરખાન બાબીએ પોતાને ઈ.સ. ૧૭૪૮માં સ્વતંત્ર શાસક તરીકે જાહેર કરી દીધો હતો.[૩] તેમા બાબીવંશે ઈ.સ. ૧૭૪૮ થી ૧૯૪૭ – ૨૦૦ વર્ષ સુધી જૂનાગઢમાં રાજ કર્યુ હતું મુઘલોની સત્તા નબળી પડતા તેનો લાભ મરાઠાઓએ પણ લીધો. ઈ.સ.૧૭૦૭ થી ૧૭૫૮ ના ગાળા દરમ્યાન મરાઠાઓએ ગુજરાત ઉપર પોતાની સત્તા વિસ્તારી અમદાવાદ જીતી લીધુ હતું. પછીથી ઈ.સ. ૧૭૫૮ થી ૧૮૧૮ (૧૮૧૮) ૬૦ વર્ષના ગાળા દરમ્યાન મરાઠાઓ ગુજરાતમાં સર્વોપરી પ્રદેશ ઉપર મુલકગીરી કરી ખંડણી ઉઘરાવતા હતા.[૪]

---

૧) સં. રાવલ મનોજ ઉપર્યુકત પૃ – ૭૪

૨) એજન પૃ – ૭૪

૩) જાની–એચ.વી.–જુનાગઢની આરઝી હકુમતનો ઈતિહાસ મહાનિબંધ–સૌ. યુનિ.રાજકોટ ૧૯૮૦ પૃ–૩૦

૪) રાવલ મનોજ – ઉપર્યુકત – પૃ – ૭૪

## મુસ્લિમ આક્રમણોની અસરો :

સૌરાષ્ટ્રમાં ચુડાસમા, ગોહીલ, ઝાલા, જેઠવા, જાડેજા, અને વાળા જેવા શકિતશાળી વંશના રાજયો હોવા છતા તેમનામાં એકતાનો અભાવ હતો. પારસ્પરિક અવિશ્વાસ, અણબનાવ, અને ઈર્ષ્યા ને કારણે તેઓ સતત સંઘર્ષ કરતા રહેતા હતા. તેથી તેઓ નિર્બળ બની ગયા હતા. તેઓએ મુસ્લિમોની વધતી જતી શકિત, સત્તા અને વસતીની ગણતરી કરી નહી.[૧] જોકે એકત્રિત અને સંગઠિત થઈ તેઓ એકસંપ થયા હોતતો સૌરાષ્ટ્રમાં મુસ્લિમ વર્ચસ્વ સ્થાપી શકત નહિં. પરંતુ રાજવીઓ વ્યકિતગત સ્વાર્થને પ્રાધાન્ય આપતા હતા. અને 'ઘર કુટેઘર' જાય જેવી પરિસ્થિીત પ્રવર્તતી હતી. તેથી તેનું માઠુ પરિણામ ભોગવવું પડયું હતું.

મુસ્લિમ સત્તાની ગુજરાતમાં સ્થાપના થઈ તેની અસર સૌરાષ્ટ્ર ઉપર પણ થઈ. તેમા પણ ધાર્મિક ક્ષેત્રે વિશેષ અસર થઈ. મુસ્લિમો સામાન્ય રીતે ધર્મની બાબતમાં અસહિષ્ણુ હતા. વળી સૌરાષ્ટ્રમાં સોમનાથનું મંદિર, દ્વારકાનું રણછોડરાયનું મંદિર, ગિરનાર તથા પાલીતાણાંના જૈનોના મંદિરો વગેરે હિંદુ તથા જૈનના પવિત્ર મંદિરો હતા. મુસ્લિમ આક્રમણકારોએ તેને જ પોતાના હુમલાના કેન્દ્ર બનાવ્યા હતાં. ધર્મ અગેના વિચારભેદને કારણે સૌરાષ્ટ્રમાં હિંદુ–મુસ્લિમ વચ્ચે લાંબા સમય સુધી સંઘર્ષો થતા રહયા.[૨]

ઈ.સ. ૧૭૪૨માં જૂનાગઢના રા'માંડલિક–૩ જાના પતન સાથે સૌરાષ્ટ્રમાં રાજપૂતયુગનો અંત આવ્યો. અને મુસ્લિમ યુગનો પ્રારંભ થયો. ૧૫ મી સદીમાં સૌરાષ્ટ્રમાં જૂનાગઢનું એકજ રાજય જ એવું હતું કે જેને નમાવવા મુસ્લિમ સુલતાનોને એકસોથી પણ વધુ વર્ષનો સમય લાગ્યો. રાજપૂતો અત્યંત બહાદુર હતા યુધ્ધમાં ભાગ લઈ મૃત્યુને ભેટવાને તેઓ જીવનનો એક લહાવો ગણાતા હતા. સામાન્ય પ્રજા પણ રાજા, દેશ અને પ્રદેશની આઝાદી માટે તન–મન–ધનનો ત્યાગ કરવા તત્પર હતી પરંતુ પ્રજામાં અંધવિશ્વાસ, વહેમને કારણે તેમના પુરુષાર્થ ઉપર નિયંત્રણ આવી

૧) દેસાઈ શં.હ. સૌ – ઈ. પૃ – ૩૧૫

૨) જાની એસ.વી. સૌ. ઈ. પૃ – ૪૫

ગયા હતા. વળી પારસ્પરિક કલહ, કલેશ અને કુસંપના કીડાએ સમાજ અને દેશને કોરી ખાધો હતો. અંગત કારણોસર રાજાઓએ યુધ્ધ કરી પોતાની શકિત વેડફી નાખી હતી.[૧] મુસ્લિમોએ સૌરાષ્ટ્રમાં મંદિર અને મુર્તિઓનો નાશ કર્યા. બળજબરી થી ધર્માન્તર કરાવ્યું છતા ભાવિના સંદેશને સ્થાનિક રાજા કે પ્રજા પારખી શકયા નહિં. રાજપૂતોની તિજોરી ખાલી થઈ ગઈ. લુંટમાં મેળવેલા ધનથી સંપતિમાં પણ વધારો થયો. વળી તેઓ વિજેતા સમુહના હોવાથી સમાજમાં પણ મુસ્લીમોની સ્થિતિ માનપૂર્ણ રહેતી. રાજકીય દ્રષ્ટિએ પણ તેઓ શાસક હોવાથી અસરકારક રહયા.

આવી રાષ્ટ્રીય આપત્તિ સમયે પણ રાજપૂતો એક સંપ થઈ વિદેશી આક્રમણકારોનો સામનો કરવા કટિબધ્ધ ન થયા. અંદરો અંદર લડતા રહયા. રાજપૂતો શરણાગતને આશ્રય આપવાના, રાજયના સ્વામીને ન મારવાના, દંગો નહિ કરવાના, યુધ્ધમાં પીઠ ન દેખાડવાના કેસરિયા અને જોહર કરવાના નિયમો પાળતા રહયા. જયારે સામા પક્ષે મુસ્લિમો યુધ્ધના કોઈ નિયમો પાળતા ન હતા. રાજપૂતોની આ સિધ્ધાંતોની માન્યતા તેમના વિજયોમાં અવરોધક બની. આમ અપાર બદિાનની ભાવના, પ્રજાની યુધ્ધમાં ભાગ લેવાની વૃતિ અને શકિત હોવા છતા રાજપૂત રાજાઓએ હાથે કરીને પોતાનો વિનાશ નોતર્યો અને દેશની સમૃધ્ધિ તથા શકિતને વેડફી નાખી અને પ્રદેશને ગુલામીની ખીણમાં ધકેલી દીધો.[૨]

## સૌરાષ્ટ્રના વિવિધ રાજવંશો અને તેમના મુખ્ય રાજયો :

ઈ.સ. ૧૯૪૭માં સ્વતંત્રતા મળી તે પૂર્વે સૌરાષ્ટ્રમાં નાના મોટા મળી કુલ ૨૨૨ રાજયો હતા. તેમા વિવિધ રાજવંશોનું શાસન હતું તે વિવિધ રાજવંશો અને તેના રાજયોની માહિતી આ પ્રમાણે છે. આ રાજવંશોમાં મોટાભાગના હિંદુ રાજવંશો હતા. પરંતુ કેટલાક મુસ્લિમ રાજવંશો પણ હતા. વિશેષ નોંધપાત્ર બાબત એ છે કે સૌરાષ્ટ્રના સૌથી મોટા અને શકિતશાળી એવા જુનાગઢ રાજયમાં બાબીવંશ નામનો મુસ્લિમ રાજવંશ શાસન કરતો હતો. ઉપરાંત સિદી જાટ, અને મલેક જેવા મુસ્લિમ વંશના રાજયો પણ હતા. હિંદુ રાજવંશો મોટા પ્રમાણમાં હતા. તેમાંથી મુખ્ય હતા

---

૧) એજન પૃ – ૪૬

૨) દેસાઈ શં. હ. સૌ. ઈ. પૃ ૩૮૮ – ૩૮૯

જાડેજા, ગોહિલ, જેઠવા, ઝાલા, કાઠી, પરમાર, દેસાઈ, કાયસ્થ વગેરે. આ રાજવંશો અને તેમની સત્તા હેઠળના મુખ્ય રાજયો નીચે દર્શાવેલ આલેખમાં દર્શાવવામાં આવ્યા છે.

| ક્રમ | રાજવંશનું નામ | મુખ્ય રાજયોના નામ | | |
|---|---|---|---|---|
| ૧) | જાડેજા | ૧) નવાનગર (જામનગર) | ૮) કોટડા સાંગાણી | ૧૫) મેંગણી |
| | | ૨) મોરબી | ૯) જાળિયા દેવાણી | ૧૬) શાહપુર |
| | | ૩) ગોંડલ | ૧૦) કોઠારીયા | ૧૭) ભાડવા |
| | | ૪) ધ્રોળ | ૧૧) ગવરીદડ | ૧૮) રાજપરા |
| | | ૫) રાજકોટ | ૧૨) પાળ | ૧૯) ખીરસરા |
| | | ૬) વીરપુર | ૧૩) લોધિકા | |
| | | ૭) માળિયા | ૧૪) ગઢકા | |
| ૨) | બાબી | ૧) જુનાગઢ | ૨) માણાવદર | ૩) બાટવા |
| | | ૪) સરદારગઢ | | |
| ૩) | સીદી | જાફરાબાદ (જિજીરાનું આશ્રિત રાજય) | | |
| ૪) | મલેક | ૧) બજાણા | ૨) વણોદ | |
| ૫) | ગોહિલ | ૧) ભાવનગર | ૨) પાલિતાણા | ૩) લાઠી |
| | | ૪) વળા (વલ્લભીપુર) | | |
| ૬) | જેઠવા | ૧) પોરબંદર | | |
| ૭) | ઝાલા | ૧) ધાંગધ્રા | ૪) વઢવાણ | ૭) ચુડા |
| | | ૨) વાંકાનેર | ૫) લખતર | ૮) રાજપર |
| | | ૩) લીંબડી | ૬) સાયલા | |

આ ચિન્હવાળા ૧૪ રાજયો સલામી રાજયો છે.

| | | |
|---|---|---|
| ૮) | કાઠી | |
| | (અ) વાળા | ૧) થાણાદેવડી ૨) વડિયા ૩) કોટડા પીઠા ૪) જેતપુર |
| | (બ) ખાચર | ૧) જસદણ ૨) આણંદપર |
| ૯) | પરમાર | મૂળી |
| ૧૦) | દેસાઈ | ૧) પાટડી ૨)રાયસાંકળી ૩) વાસાવડ |
| ૧૧) | કાયસ્થ | વિસલગઢ |
| ૧૨) | કાઝીશેખ | માંગરોળ |

કુલ – ૧૨ ૧૪ + ૩૭ = ૫૧ – [૧]

## મહત્વના રાજવંશોના મુખ્ય રાજયોનો ઈતિહાસ (ઈ.સ. ૧૮૦૭ સુધી)

સૌરાષ્ટ્રમાં ઉપર દર્શાવેલ મુખ્ય બાર રાજવંશોમાંથી પણ છ રાજવંશો મુખ્ય હતા. તેમાં પણ તે રાજવંશોના મુખ્ય અને સલામી રાજયો એવા ચૌદ રાજયોનો ઈ.સ. ૧૮૦૭ સુધીનો ઈતિહાસ અત્રે પ્રસ્તુત છે તે રાજવંશો અને તેના મુખ્ય રાજયો આ પ્રમાણે છે.

| ક્રમ | વંશના નામ | રાજયોના નામ |
|---|---|---|
| ૧) | બાબી | જૂનાગઢ |
| ૨) | જાડેજા | જામનગર, ગોંડલ, મોરબી, રાજકોટ, ધ્રોળ |
| ૩) | ગોહિલ | ભાવનગર, પાલિતાણા |
| ૪) | ઝાલા | વઢવાણ, ધાંગધ્રા, લીંબડી, વાંકાનેર |
| ૫) | જેઠવા | પોરબંદર |
| ૬) | સિદી | જાફરાબાદ |

૧) જાની એસ.વી. – સૌ. ઈ. પૃ – ૪૬ – ૪૭

આમ કુલ છ રાજવંશોના કુલ મહત્વના ૧૪ રાજયો હતા. તે સલામીવાળા અને પ્રથમ કે દ્વિતિય વર્ગના રાજયો હતા. તેમનો ઈતિહાસ આ પ્રમાણે છે.

## બાબી વંશનું રાજય : (જૂનાગઢ)

અકબરે ગુજરાત વિજય કર્યા પછી સોરઠમાં સોરઠમાં જૂનાગઢમાં વહીવટ માટે ' ફોજદાર' નામનો અમલદાર નીમ્યો હતો. મુઘલ વહીવટ દરમ્યાન ઈ.સ. ૧૫૯૨ થી ૧૭૪૮ દરમ્યાન સોરઠ સરકારમાં કુલ ૩૧ ફોજદારો થયા હતા.[૧] અઢારમી સદીમાં ઔરંગઝેબન મૃત્યુ પછી મુઘલસત્તા નબળી પડી ગઈ હતી.

ઈ.સ. ૧૬૪૮માં ગુજરાતના રાજકારણમાં નામના મેળવનાર શેરખાન બાબી આવ્યો. તેણે પાદશાહોનું વર્ચસ્વ માત્ર વિવેક ખાતર સ્વીકાર્યુ પરંતુ વાસ્તવમાં જૂનાગઢમાં સ્વતંત્ર શાસક તરીકે રાજય કર્યુ. આ શેરખાન બાબી જૂનાગઢના બાબીવંશનો સ્થાપક થયો.[૨]

ઈ.સ. ૧૭૪૮માં દિલ્હીની કેન્દ્રીય મુઘલસત્તા એટલી બધી નબળી પડી ગઈ હતી કે દરેક શકિતશાળી સરદાર શકય તેટલું મેળવી લેવામાં વ્યસ્ત હતા. શેરખાને લાગ્યું કે ગુજરાતના તળ પ્રદેશમાં આગળ વધી શકાય તેમ નથી. તેથી તેણે પોતે જેનો ઘણા સમયથી ફોજદાર હતો. તે જૂનાગઢમાં ૧૭૪૮માં 'બહાદૂરખાન' નામ અને 'દિવાન' નો ઈલકાબ ધારણ કરી સ્વતંત્ર રાજયની સ્થાપના કરી. આમ જૂનાગઢમાં 'બાબીવંશ' સ્થપાયો અને પ્રથમ રાજવી બહાદુરખાન બન્યો, તેના બે નાના ભાઈઓ દિલેરખાને માણાવદરમાં, અને શેરઝમાનખાને બાટવા અને સરદારગઢમાં પોતાની હકુમતો સ્થાપી જૂનાગઢમાના વંશજો 'નવાબો' કહેવાયા અને તેના નાના ભાઈઓના વંશજો 'ખાન' કહેવાયા[૩]

૧) જાની એસ.વી. પૂર્વોકન મહાનિબંધપૃ – ૨૫ – ૨૬

૨) દેસાઈ શં.હ. સૌ. ઈ. પૃ – ૫૯૧

૩) જાની એસ.વી. પૂર્વાકત મહાનિબંધ પૃ–૩૦

ઈ.સ. ૧૭૫૭માં ગુજરાતમાં મુઘલસત્તાને હટાવીને મરાઠાસત્તા બળવાન બની ગઈ ત્યારે નવાબ બહાદૂરખાને દિલ્હીની સત્તાને સંપૂર્ણપણે ફગાવી દીધી. અને પોતે જૂનાગઢનો સંપૂર્ણ સ્વતંત્ર એવો પ્રથમ નવાબ બન્યો.

બહાદુરખાનના મૃત્યુ પછી તેનો પુત્ર મહોબતખાન પહેલો નવાબ બન્યો તેનો સમય ગાળો ઈ.સ. ૧૭૫૮ થી ૧૭૭૪ નો મનાય છે. મહાબતખાનના વર્તનને કારણે તેના અમલદારો તથા પ્રજા અસંતુષ્ઠ હતા. તેનું શાસન તેના દુષ્કૃત્યો અને ષડયંત્રોને કારણે કુપ્રસિધ્ધ બન્યું હતું.

## દીવાન અમરજી કુવરજી નાણાવટી (ઈ.સ. ૧૭૪૧ – ૧૭૮૪)

અમરજીનો જન્મ ઈ.સ. ૧૭૪૧માં થયો હતો. માત્ર ૧૮ વર્ષની ઉમરે તે ભાગ્ય અજમાવવા માંગરોળ થી જૂનાગઢ આવ્યો હતો. તેના કાર્યથી ખુશ થઈને ઈ.સ. ૧૭૬૦માં નવાબે અમરજીને જૂનાગઢનો સેનાપતિ અને પછીથી દીવાન બનાવ્યો હતો. અમરજી ખુબ જ બહાદુર, પરાક્રમી સેનાપતિ અને બાહોશ રાજનીતિજ્ઞ હતો. નવાબ મહોબતખાન ક્રુર અને તરંગી હતો. અમરજીની વધતી જતી શકિતની તે ઈર્ષ્યા કરતો હતો. મહોબતખાનના અવસાનના સમાચાર જાણી તેઓએ જૂનાગઢ આવી નવાબના આઠ વર્ષના પુત્ર હામદખાન પહેલાને ગાદીએ બેસાડી રાજયની તથા રાજકુટુંબની બધી જવાબદારી સંભાળી લીધી હતી.[૧] દીવાન અમરજીએ બાળરાજવીને ગાદીએ બેસાડી વહીવટીતંત્રને વ્યવસ્થિત ગોઠવી દીધું ઈ.સ. ૧૭૭૬માં તેણે પેશવા અને ગાયકવાડના સંયુકત લશ્કરનો બહાદૂરીથી સામનો કર્યો હતો.

દીવાન અમરજી પોતે હિંદુ હોવા છતા તેના કાર્યોથી સૌરાષ્ટ્રમાં જૂનાગઢની મુસ્લિમસત્તા અત્યંત શકિતશાળી બની ગઈ હતી. અને રાજપુતોની સતા નિર્બળ બની ગઈ હતી. તે હિંદુ રાજાઓને ગમતું ન હતું અમરજીની વીરતા અને કીર્તિની ઈર્ષ્યાને કારણે તેના શત્રુઓ તેનો ઘાત

---

૧) જાની એસ.વી. સૌ. ઈ. પૃ – ૫૦ – ૫૧

કરવા માટે નવાબના કાન ભંભેરતા હતા. ગોંડલના કુંભાજી બીજાએ તો અમરજીનું ખૂન કરવા મોટી રકમ આપવાની લાલચ આપી હતી. નવાબ પણ અમરજીની ઈર્ષ્યા કરતા હતા. તેથી ષડયંત્ર રચી નવાબે અમરજીને રાજયમહેલમાં બોલાવી દગાથી ૬ માર્ચ ૧૭૮૪ના તેમનુ ખૂન કરાવ્યું.[૧]

આમ ઈ.સ. ૧૭૬૦ થી ૧૭૮૪ ના ચોવીસ વર્ષના ગાળા દરમ્યાન દીવાન અમરજીએ પોતાના વિજયો અને કુટનીતિક કુનેહ દ્વારા જૂનાગઢને એક જાગીરમાંથી સૌરાષ્ટ્રનું સર્વોચ્ચ શકિતશાળી રાજય બનાવ્યું હતું. ગાયકવાડની સેના ખંડણી અને પેશવાની સેના પેશકશી ઉઘરાવતી હતી. તેમ જૂનાગઢના દિવાન અમરજીની સેનાએ જોરતલબી (જોર–બળ તલબી–કર ઉઘરાવવો = બળથી ઉઘરાવતો કર) ઉઘરાવવાનું શરૂ કર્યું હતું. સૌરાષ્ટ્રના ૧૯૩ રાજયો અને તાલુકાઓ પૈકીના ૧૩૪ રાજયો પાસેથી જૂનાગઢ જોરતલબી વસૂલ કરતું હતું. તે એક મહાન યુધ્ધવીર, મૃત્સદી, અપૂર્વનેતા, અજોડ રાજનીતિજ્ઞ અને વફાદાર સ્વામી ભકત હતો તેની કીર્તિ સૌરાષ્ટ્ર કચ્છ અને ગુજરાતના સીમાડા સુધી વિસ્તરી હતી.[૨] કર્નલ વોકર પણ પોતાના રિપોર્ટમાં નોંધેલુ કે અમરજીએ નવાબની અને તેના કુટુંબની મહાન સેવા કરી છે. એમા કોઈ શક નથી. તેમ છતા નવાબે તેનો વધ કરાવ્યો તે તેનામાં અકકલ ની ઉણપ દર્શાવે છે.[૩]

દીવાન અમરજીના અવસાન બાદ તેના પુત્ર રઘુનાથજીને હીમદખાને દીવાન બનાવ્યા. જૂનાગઢ અને રાજયને વફાદાર દીવાન કુટુંબે રાજયનો વિસ્તાર કર્યો હોવા છતા અસ્થિર બુધ્ધિના નવાબે દીવાન રઘુનાથજીને કેદ કર્યા અને પછીથી મુકત કર્યા. મુકત થયા પછી રઘુનાથજી અને રણછોડજી બંને ભાઈઓ નવાનગરના મેરુ ખવાસના આમંત્રણથી સહકુટુંબ નવાનગર ચાલ્યા ગયા. ત્યાં મેરુખવાસે તેમને ઉચ્ચ હોદા આપ્યા હતા. ઈ.સ. ૧૮૦૦ માં મેરુખવાસના અવસાન પછી જામનગરમાં રઘુનાથજીને દીવાન પદ સોંપાયું હતું.

---

૧) એજન પૃ – ૫૨

૨) જાની એસ. વી. પૂર્વોકત મહાનિબંધ – પૃ ૩૨ – ૩૪

૩) દેસાઈ શં.હ. – જુનાગઢ અને ગિરનાર, સોરઠ સંશોધન સભા, જુનાગઢ – ૧૯૭૫ – પૃ – ૮૭

રઘુનાથજીની ગેરહાજરીનો લાભ લઈ મરાઠાઓએ જુનાગઢ ઉપર બે વખત આક્રમણ કર્યું હતું. અને ખંડણી વસૂલ કરી હતી ભાવનગરના વખતસિંહજીએ કંડલા અને રાજુલા જૂનાગઢ પાસેથી જીતી લીધા હતા. મુશ્કેલીમાં ઘેરાયેલા નવાબે રઘુનાથજીને જૂનાગઢના દીવાનપદે આવવા આમંત્રણ આપ્યું ત્યારે તે આમંત્રણ સ્વીકારી રઘુનાથજીએ પોતાની સ્વામીભકિત દાખવી હતી. અને ફરીથી વિજયકુચ શરૂ કરી. કર્નલ વોકરને દીવાન અમરજીના પુત્રો રઘુનાથજી અને રણછોડજી પ્રત્યે ઘણો આદર હતો. તેમના હિતોને નુકશાન ન થાય તેની તે તકેદારી રાખતો તેણે કહેલું કે ''આ દીવાનના જે શત્રુ છે તે અંગ્રુજોના પણ શત્રુ છે.[૧]

અઢારમી સદીના ઉતરાર્ધમાં સૌરાષ્ટ્રમાં ચાર નોંધપાત્ર વ્યકિતઓનો ઉદય થયો હતો. તે હતા જૂનાગઢના દીવાન અમરજી (નવાનગર) દીવાન મેરુખવાસ. ભાવનગરના વખતસિંહજી ગોહિલ અને ગોંડલના રાજવી ભાકુંભાજી ઉપરોકત ચારેય મહાપુરુષોમાંથી પણ સૌથી મહત્વના અને શકિતશાળી દીવાન અમરજી હતા.

## જાડેજા વંશના રાજયો (૧) જામનગર (નવાનગર) રાજય :

જાડેજા રાજવીઓ પોતાને ચંદ્રવંશી અને કૃષ્ણના યાદવકુળના ગણે છે. ચંદ્રથી ૧૩૭ માં ક્રમે અને કૃષ્ણથી ૮૨માં ક્રમે રાજા દેવેન્દ્ર થયા. તેને અસપત, ગજપત, નરપત અને ભૂપતનામે ચાર પુત્રો હતા. તેમાંથી નરપત જામ કહેવાતો હતો. એવી માન્યતા છે. જાડેજાઓની ઉત્પતિ વિશે અનેક લોકકથાઓ પ્રચલિત છે. કર્નલ વોકરના ૧૮૦૮ના અહેવાલની નોંધ પ્રમાણે પ્રભાસપાટણની યાદવાસ્થળી પછી ચાર યાદવ નાશીને સિંધમાં હીંગળાજ માતા પાસે ગયા. માતાએ એકને મોઢામાં, (જડબા–જાડા) બીજાને હાથની ચૂડીમાં, ત્રીજાને ગાદી (ચાકડા) નીચે, અને ચોથાને ઘૂણી (ભઠી) માં છુપાવ્યા હતા. તેથી તેમના વંશજો અનુક્રમે જડબા ઉપરથી જાડેજા, ચુડા ઉપરથી ચુડાસમા, ચાકડા ઉપરથી ચકદા અને ભઠી ઉપરથી ભટ્ટી કહેવાયા. અને હિંગળાજ માતાએ તેમને અનુક્રમે સિંધ, સોરઠ, હસ્તિનાપુર, અને જેસલમેરના રાજયો આપ્યા એવી અનુશ્રુતિ છે.[૨]

---

૧) ગુ.રા.સાં.ઈ. ભાગ – ૭ પૃ – ૨૧૨

૨) જાની એસ.વી. સૌ ઈ. પૃ – ૫૪

એવી એક દંતકથા છે કે સિંધના રાજા જાડાને સંતાન ન હોવાથી તેણે પોતાના ભાઈ વરેજીના કુવર લાખાને દત્તક લીધો હતો. તેથી તે જાડાનો લાખો અથવા જાડો કહેવાયો. આમ જાડેજા શબ્દ લાખાજીના ધર્મપિતા જાડાના નામ ઉપરથી આવ્યો હોવાનું મનાય છે. એવી પણ એક માન્યતા છે કે લાખો અને લખધીર બે જોડીયા ભાઈઓ હતા 'જોડીયા' માટે સિંધી ભાષામાં 'જાડો' શબ્દ છે તેથી જાડેજા શબ્દ આ જાડામાંથી ઉદભવ્યો હોય શકે. આમ જાડેજાઓની ઉત્પતિ વિશે અનેક લોકકથાઓ પ્રચલિત છે.

જાડેજાઓએ સિંધમાંથી કચ્છમાં આવીને પોતાની સત્તા સ્થાપી હતી. પ્રથમ જાડેજા રાજવી લાખાજી હતો. ત્યાર પછી ચાર સદી પછી ખેંગારજી થયા. તે કચ્છાધિપતિ તરીકે ઓળખાય છે. તેણે અંજાર અને ભૂજ શહેરની સ્થાપના કરી હતી. આમરણમાં શાસન ચલાવતા દેદાતમાચીએ લાખાજીનું દગાથી ખુન કરાવ્યું. જામલાખાજીના પાટવી કુંવર જામરાવળ પોતાના ત્રણ ભાઈઓ સાથે પિતાના ખુનનો બદલો લેવા તથા પોતાનું ભાગ્ય અજમાવવા ઈ.સ. ૧૫૩૫માં સૌરાષ્ટ્રમાં આવ્યા હતા. તે પહેલા જામરાવળનું ૧૫૬૨માં અવસાન થયું પછી વિભોજી અને તેના પછી સતાજીએ શાસનનો દોર સંભાળ્યો મુઝફ્ફરશાહ –૩જો અકબર સામે હાર્યા સૌરાષ્ટ્રમાં આવ્યો ત્યારે સતાજીએ તેને આશ્રય આપ્યો હતો. અને મદદ કરી હતી.[૧]

મુઘલ સત્તાના પતન પહેલાના સમયગાળામાં રાજકોટ, ગોંડલ, વીરપુર વગેરેમાં જાડેજાના, વાંકાનેરમાં ઝાલાના અને જસદણ જેતપુરમાં કાઠી વંશના રાજયો સ્થપાયાં હતાં. ટૂંક સમયમાં તેઓ પોતાના બાહુબળના જોરે શકિતશાળી બનવા લાગ્યા હતા. સૌરાષ્ટ્રના મધ્યયુગના ઈતિહાસમાં આ રાજયોએ મહત્વનો ભાગ ભજવ્યો હતો. તેથી ઈ.સ. ૧૮૦૭–૦૮માં વોકર કરાર થયા ત્યાં સુધીના સૌરાષ્ટ્રના આ રાજયોની સ્થાપના અને વિકાસનો ઈતિહાસ જણાવો જરૂરી છે.

---

૧) એજન – પૃ – ૫૪ – ૫૫

## ૧) રાજકોટ રાજય :

રાજકોટ રાજય એ સૌરાષ્ટ્રના બીજા વર્ગનું રાજય હતું અને તેના શાસકો જામનગરના જાડેજા વંશના હતા. ૧૮૦૨ થી ૧૯૪૮ દરમ્યાન આ રાજય રાજવીઓ આ પ્રમાણે હતા.

| | | | |
|---|---|---|---|
| ૧) | રણમલજી બીજા | – | ઈ.સ. ૧૭૭૯ – ૧૮૨૫ |
| ૨) | સુરાજી | – | ઈ.સ. ૧૮૨૫ – ૧૮૪૪ |
| ૩) | મહેરામણજી ચોથા | – | ઈ.સ. ૧૮૪૪ – ૧૮૬૨ |
| ૪) | બાવાજીરાજ | – | ઈ.સ. ૧૮૬૨ – ૧૮૯૦ |
| ૫) | લાખાજીરાજ | – | ઈ.સ. ૧૮૯૦ – ૧૯૩૦ |
| ૬) | ધર્મેન્દ્રસિંહજી | – | ઈ.સ. ૧૯૩૦ – ૧૯૪૦ |
| ૭) | પ્રદ્યુમ્નસિંહજી | – | ઈ.સ. ૧૯૪૦ – ૧૯૪૮[૧] |

રાજકોટ રાજયના રાજાઓનો અહિ માત્ર ઉલ્લેખ જ કરેલ છે. પ્રકરણ – ૫ માં (રાજકોટ રાજયનો ઈતિહાસ) તેની વિગતે ચર્ચા કરેલ છે.

## ગોંડલ :

ગોંડલમાં, 'ગોંડલા' નામની પ્રાચીન જગ્યા છે. ગોંડલા 'નાગના' નામ ઉપર થી તે શહેરનું નામ ગોંડલ અને નદીનું નામ ગોંડલી પડયું હોવાનું મનાય છે. ઈતિહાસમાં ગોંડલની સૌપ્રથમ મહત્વની નોંધ ઈ.સ. ૧૩૫૦ની મળે છે. જયારે દિલ્હીનો સુલતાન મહમદ તઘલખ સોમનાથ– મંદિર પર આક્રમણ કરી પાછો ફરતા બિમાર પડતા રસ્તામાં ગોંડલમાં રહયો હતો. અકબરે ૧૫૭૩માં ગુજરાત જીતી લીધું ત્યારે જૂનાગઢના સૂબા અમીરખાન ઘોરીએ તેને ગોંડલમાં રહેવાની સગવડ કરી આપી હતી. આઈન–એ–અકબરીમાં ગોંડલને સોરઠ સરકારનું પરગણું ગણાયું છે. અને તે વાઘેલાઓનું જાગીર ગામ હોવાનો તેમા ઉલ્લેખ છે.[૧]

---

૧) એજન પૃ – ૨૧૦

૨) નર્મદાશંકર લાલ શંકર – કાઠિઆવાડ સારસંગૃહ – પૃ – ૩૫૧

ગોંડલમાં જાડેજા વંશનું રાજય એ રાજકોટના જાડેજા વંશની એક શાખા ગણાવી શકાય. રાજકોટ રાજયના સ્થાપક વિભાજી હતા. ત્યારબાદ તેના પુત્ર મહેરામણજી રાજકોટની ગાદીએ આવ્યા તેના બે પુત્રો કુંભાજીએ ગોંડલમાં સ્વતંત્ર રાજયની સ્થાપના કરીહતી. આમ રાજકોટ રાજયની ગાદીના સ્થાપક વિભાજીની સ્થાપના કરી હતી આમ રાજકોટ રાજયની ગાદીના સ્થાપક વિભાજીની પેઢીના ત્રીજા વારસદાર કુંભાજીએ ગોંડલમાં જાડેજાઓના નવા રાજયની ઈ.સ. ૧૬૫૮માં સ્થાપના કરી કુંભાજીના રૂઆબ અને પ્રભાવ એવા હતા કે સૌ કોઈ તેને મોટા કુંભાજી કહીને બોલાવતા સાહેબજી શાંત સ્વભાવના હતા. પરંતુ કુંભાજી મહત્વકાંક્ષી હતા. મહેરામણજીના સ્વર્ગવાસ સમયે સાહેબજી બિમાર હોવાનો દેખાવ કરી ઘેર રહયા અને બધા સ્માશાને ગયા ત્યારે તે સરધારના કિલ્લાના દરવાજા બંધ કરીને ગાદીએ બેસી ગયા તેથી નારાજ થઈને કુંભાજીએુ જૂનાગઢના મુઘલ ફોજદારની (કુતુબુદીન ખેરાગી) મદદ માંગી તેની જાણ થતા સાહેબજીએ નવાનગરના જામ લાખાજીની મદદ માંગી. પરંતુ અંતે કુતુબુદીન અને લાખાજીની સમજાવટથી બન્ને ભાઈઓ વચ્ચે સમાધાન કરવામાં આવ્યું તે સમાધાન પ્રમાણે સરધાર રાજયના કુલ ૪૩ ગામમાંથી સરધાર સહિતના ૨૩ ગામ સાહેબજીને અને અરડોઈ સાથેના ૨૦ ગામ કુંભાજીને આપવાનું નકકી કર્યુ હતું. ત્યારથી મોટા કુંભાજીએ અરડોઈમાં રહીને રાજય કર્યુ તેમણે ગોંડલ તથા અન્ય સાત ગામ કબ્જે કરી પોતાની રાજયસત્તા ૨૮ ગામો ઉપર સ્થાપી હતી. આગ મહેરામણજીના મોટા પુત્ર સાહેબજીએ સરધારમાં અને બીજા પુત્ર કુંભાજીએ ગોંડલમાં ગઢ બાંધી તેને પોતાની રાજધાની બનાવી શાસન કર્યું. તે અંગે એક દુહો પ્રચલિત છે કે

"મચ્છક મહેરામણ તણાં કરમી દોઉકુમાર.

કુંભે ગઢ ગોંડલ કીયો, સાહેબ ગઢસરધાર" [૧]

મુઘલોના સુબેદાર અઝીઝ કોકાએ ભૂચર મોરીના યુધ્ધ પછી જૂનાગઢમાં ગુજરાતના સુલતાનના ફોજદારને હરાવી ગોંડલમાં મુઘલોનું થાણું સ્થાપ્યું. હતું પરંતુ મુઘલોના અમદાવાદ મુકામે રહેતા સૂબા અને જૂનાગઢમાં રહેતા ફોજદાર અવારનવાર બદલાતા રહેતા હતા તે પરિસ્થિતિનો લાભ લઈને ગોંડલ ઉપર કુચ કરી તે કબ્જે કર્યુ હતું.

---

૧) સંપાદક–રાવલ મનોજ–ઉપર્યુકત પૃ – ૭૭

આ બાબતને મુઘલ સતાએ પડકારરૂપ ગણીને ઈ.સ. ૧૬૦૮માં અમદાવાદથી શાહી સેના મોકલી ગોંડલ કબ્જે કર્યુ હતું. તેથી ઈ.સ. ૧૬૭૯માં જયારે કુંભાજી અવસાન પામ્યા ત્યારે તેમની સતા ગોંડલ સિવાયના ૨૭ ગામો ઉપર હતી.[૧]

કુંભાજીના અવસાન પછી તેમના જયેષ્ઠ પુત્ર સંગ્રામજી ગાદીએ બેઠા અને નાના પુત્ર સાંગાજીને અરડોઈ (કોટડા) સહિતના છ ગામો ગરાસમાં મળ્યા. બન્ને ભાઈઓ વચ્ચે સંબંધો સારા હતા. નાનાભાઈ સાંગાજીએ મોટાભાઈ સંગ્રામજીની મદદથી ઘણા ગામ મેળવેલા અને કોટડા (અરડોઈ) માં પોતાની રાજધાની સ્થાપી હતી. તેમના નામ ઉપરથી તે કોટડા સાંગાણી કહેવાય છે. તો સંગ્રામજીએ ગોંડલ પુનઃ મેળવી ત્યાં પોતાની રાજધાની સ્થાપી હતી. સંગ્રામજી પછી હાલાજી ગાદીએ બેઠા તેમણા રાજય વિસ્તારની પ્રવૃતિને પ્રાધાન્ય આપ્યું હતું. જયારે મરાઠા સેનાએ ખંડણી ઉઘરાવવા ગોંડલ ઉપર ચડાઈ કરેલી ત્યારે ગોંડલે જૂનાગઢ સાથે મિત્રતાના કરાર કર્યા હતા. જૂનાગઢે ગોંડલમાંથી મરાઠી સેનાને હટાવવા મદદ કરી હતી.[૨]

## ભા કુંભાજી (ઈ.સ. ૧૭૫૩ – ૧૭૯૦)

હાલાજીનું ઈ.સ. ૧૭૫૩ માં અવસાન થતા કુંભાજી બીજા ગાદીએ આવ્યા તે પ્રજામાં ભા–કુંભાજી તરીકે પ્રસિધ્ધ હતા. તેમનામાં શિયાળની ચતુરાઈ અને સિંહનું પરાક્રમ હતું. તેમનું સાહસ અને શોર્ય શત્રુઓને ભયભીત કરતા સૌરાષ્ટ્રના બધાજ રાજાઓ તેમની મદદ લેતા હતા. તેમણે ગોંડલ અને ધોરાજીમાં કિલ્લા બંધાવ્યા હતા. તેમણે ગરાસની એક નવી પધ્ધતિ દાખલ કરી હતી. તે પ્રમાણે તેઓ ગામ ગરાસમાં આપતા. પરંતુ તેના બદલવામાં તેઓ તેમની પાસે એક નિશ્ચિત સંખ્યામાં ઘોડેસવારોની સેવા માંગતા આ ઘોડેસવારો સરહદોની સુરક્ષા કરતા તેની આ નવી પ્રથા હેઠળ તેમણે સૌરાષ્ટ્રની શૂરવીર ગણાતી કોમના ઝાલા, સરવૈયા, સુમરા, વાઘેલા, રાયજાદા, ખીમાણી વાઢેર અને ખંઢેરીયા રાજપુતો તથા આરબોને ગરાસ આપી નોકરીમાં રાખ્યા હતા.[૩]

---

૧) એજન પૃ – ૭૮

૨) જાની એસ.વી. સૌ. ઈ. પૃ – ૬૪

૩) સંપાદક રાવલ મનોજ – ઉપર્યુકત પૃ – ૭૮

જુનાગઢના નવાબ ભા. કુંભાજીના મિત્ર હતા. વળી તેઓ મુઘલ સતાથી સ્વતંત્ર થઈ ગયા હતા. તેથી તેમને ગોંડલના શકિતશાળી રાજવીની મદદની જરૂર હતી. જૂનાગઢના નવાબ બહાદૂર ખાન બાબી ઈ.સ. ૧૭૫૮માં અવસાન પામતા મહોબતખાન (ઈ.સ. ૧૭૫૮ થી ૧૭૭૦) જુનાગઢના નવાબ બન્યા હતા. ત્યારે જૂનાગઢની આર્થિક પરિસ્થિતિ કથળી ગઈ હતી તેથી જૂનાગઢ ની સેનામા નોકરી કરતા આરબ સૈનિકોના પગાર અનેક વાર તેઓ આપી શકતા નહિં ત્યારે કેટલીક વાર આરબોએ નવાબને કેદ પણ કર્યા હતા. આવી મુશ્કેલીમાં ગોંડલના 'ભા કુંભાજી' પોતાના મિત્ર નવાબની મદદે આવ્યા હતા. તેમણે આરબ સૈનિકોના ચડત પગાર ચુકવવા નવાબને અનેકવાર નાણા ઉધાર આપ્યા હતા. પરંતુ 'ભાકુંભાજી' ચતુર રાજનીતિત હતા. તેમણે પોતાની આ લશ્કરી અને નાણાકીય મદદના બદલામાં જૂનાગઢ પાસે થી ઉપલેટા, જેતલસર, મજેઠી, લાઠ, ભીમોરા વગેરે ગામો મેળવ્યા હતા. પછીથી ઈ.સ. ૧૭૭૪ માં કુંભાજીએ લગભગ ૭૫,૦૦૦રૂા. આપીને જૂનાગઢ પાસેથી ગીરમાં સરસાઈ અને ચાંપરડા ગામના પરગણાં મેળવ્યા હતા. આમ ભા કુંભાજીના અથાગ પ્રયત્નોને પરિણામે ગોંડલ રાજયનો વિસ્તાર થયો અને સૌરાષ્ટ્રમાં તે એક શકિતશાળી રાજય બની ગયું.[૧]

ભા કુંભાજી પછી ક્રમશઃ મુળુજી દાજીભાઈ અને દેવાજી (ઈ.સ. ૧૮૦૦–૧૮૧૨) ગાદીએ આવ્યા. દેવાજીના શાસનકાળ દરમ્યાન ગોંડલ રાજયે વોકર કરાર ઉપર સહી કરી હતી. તથા તેમણે જાડેજાઓમાં દિકરીઓને દૂધપીતી કરવાનો રિવાજ બંધ કરાવવામાં વોકરને મદદ કરી હતી.[૨]

---

૧) જાની એસ.વી. – સૌ. ઈ. – પૃ – ૬૫

૨) રાવલ મનોજ ઉપર્યુકત – પૃ – ૮૦

## મોરબી :

મોરબી એ જાડેજા રાજપૂતોનું રાજય હતું. જુનુ મોરબી ગામ મોર જેઠવાએ વસાવ્યું હોવાનું કહેવાય છે. મચ્છુનદીના પૂર્વ કાઠે તે મોરધ્વજપુરી મયુરધ્વજપુરી કે ભીમ્મોર તરીકે પણ ઓળખાતું હતું.[1] મોરબી બીજા વર્ગનું સંસ્થાન હતું. મોરબીના મુળપુરૂષ કચ્છના કાયાજી હતા. કાયાજીના અવસાન બાદ ૧૭૩૪માં ઓલિયોજી મોરબીના શાસક બન્યા ૧૭૪૦માં પડધરીના હાલાજીએ તેની હત્યા કરી તેથી ઓલિયોજીના વફાદાર રવાજી સતા પર આવ્યા રવોજીના અવસાન બાદ પંચાલજી શાસક બન્યા.

મોરબી રાજય માટે માળિયાના મિયાંણાઓનો ત્રાસ કાયમી હતો. મોરબીના જીયાજીએ ઈ.સ. ૧૮૦૬–૦૭માં બાબાજી અપાજીની મરાઠી સેનાની મદદથી માળિયા પર આક્રમણ કર્યું. અને તેઓ મોરબીના પ્રદેશોમાં લૂંટફાંટ કરવા લાગ્યા. તેથી મોરબીએ ગાયકવાડ ફોજ સાથે આવેલા કર્નલ વોકરની મદદ માંગી. કર્નલ વોકરે બ્રિટિશ સેના સાથે માળિયા ઉપર ચડાઈ કરી તેને તાબે કર્યુ. ઈ.સ. ૧૮૦૭–૦૮ માં વોકર કરાર ઉપર મોરબીના રાજવી જીયાજીએ સહી કરી હતી.

## વાંકાનેર :

વાંકાનેરએ ઝાલાવંશનું રાજય હતું વાંકાનેરમાં ઝાલા વંશની સ્થાપના સરતાનજીએ કરી હતી. તેના તાબા હેઠળ ૧૦૪ ગામ હતા. સરતાનજી પછી ચંદ્રસિંહજી–૧ લા ગાદીએ આવ્યા તે અપુત્ર હતા. તેમના બાદ તેના ભાઈ કેસરીસિંહ શાસક બન્યા તેમણે રાજકોટના જાડેજા રાજવી લાખોજીને હરાવ્યા હતા. ભારોજી પછી પૌત્ર કેસરીસિંહ, તેના પછી તેનો પુત્ર ચંદ્રસિંહજી બીજો શાસક બન્યા, ચંદ્રસિંહજી ડોસાજી તરીકે પ્રખ્યાત હતા. ચંદ્રસિંહજીના શાસનકાળ દરમ્યાન વાંકાનેરે વોકર કરાર પણ સહી કરી હતી.[2]

---

૧) નર્મદાશંકર લાલશંકર – કા.સા. પૃ – ૫૪૪

૨) જાની એસ. વી. – સૌ. ઈ. – પૃ – ૮૧

## વઢવાણ :

વઢવાણ એ સૌરાષ્ટ્રનું એક પ્રાચીન શહેર છે. વઢવાણના ઝાલાવંશના રાજવીઓ હળવદના ઝાલા રાજવી ચંદ્રસિંહના પાટવી કુવર પૃથ્વીરાજના વંશજો હતા. પૃથ્વીરાજના મોટાપુત્ર સુલતાનજીએ ૧૬૦૫માં વાકાંનેર રાજયની અને બીજા પુત્ર રાજોજીએ વઢવાણના સ્વતંત્ર રાજયની સ્થાપના કરી હતી. વઢવાણને હળવદના પાટણી કુવરને જીવાઈમાં આપવાની પ્રથા હતી. તેવી રાજોજી પિતા પૃથ્વીરાજ પાટવી કુંવર તરીકે વઢવાણમાં આવીને રહયાં હતા. રાજોજી પછી સબળસિંહ શાસક બન્યા. તેના નાનાભાઈ ઉદયસિંહે ખૂન કરી સતા મેળવી હતી. ઉદયસિંહ પછી તેનો પુત્ર ભગતસિંહ ગાદીએ આવ્યા ત્યારબાદ અર્જુનસિંહ વઢવાણના શાસક બન્યા. ત્યારબાદ ચંદ્રસિંહજી શાસક બન્યો. ચંદ્રસિંહજીના અવસાન બાદ કુંવર પૃથ્વીરાજ શાસક બન્યો તેણે રાજયને વધુ સુરક્ષિત બનાવ્યું. તેમના અવસાન બાદ બાળ રાજવી જાલમસિંહ શાસક બન્યો બાળવયનો હોવાથી રાજય વહીવટ તેમની માતા રાજબા ચલાવતા હતા. તેમના સમયમાં વોકર કરાર થયો હતો.[૧]

## ધ્રોળનું રાજય :

ધ્રોળ રાજયના સ્થાપક હરધોળજી જાડેજા હતા. તેઓ નવાનગરના સ્થાપક જામરાવળના નાના ભાઈ હતા. તેઓએ કચ્છમાંથી આવી આમરણ, જોડિયા, મોરબી, નાગના વગેરે પ્રદેશો જીત્યા હતા. તેમની આ ચડાઈ વખતે ધમાલપુરમાં ધમાલ ચાવડો રાજય કરતો હતો. તે આ ભાઈઓની વિજયકુંચમાં અડચણો ઉભી કરતો. તેથી હરધોળજીએ તેના પર ચડાઈ કરી. ઈ.સ. ૧૫૧૯માં પોતાનું સ્વતંત્ર રાજય સ્થાપ્યું હતું અને પોતાના નામ ઉપરથી તેનું 'ધમાલપુર' નામ ફેરવીને 'ધ્રોળ' રાખ્યું.[૨] હરધોળજી પછી જશાજી શાસક બન્યા. ધ્રોળમાં જશાજી પછી ક્રમશ : બામાણિયોજી હરધોળજી બીજા, મોડજી, પંચાણજી, અને કલોજી સત્તા ઉપર આવ્યા. કલોજી પછી જુણોજી, ખેતાજી, કલાજી અને વાઘજી શાસક થયા. વાઘજી પછી જેસિંહજી, જુણાજીબીજા, નાથાજી અને મોડજી થયા. મોડજીએ જામનગરના જામજશોજીને તેમના દિવાન મેરુખવાસની પકડમાંથી છોડાવવા જાડેજા ભાયાતો સાથે રહી જશાજીને મદદ કરવા પ્રયત્ન કર્યો. પરંતુ

મેરુખવાસે તે યોજના નિષ્ફળ બનાવી દીધી હતી. છતાં મોડજીએ જશાજી અને મેરુ ખવાસ વચ્ચે સમાધાન કરાવવામાં સફળતા મેળવી હતી. મોડજીના રાજયકાળમાં કચ્છના જમાદાર ફતેહ મામદે ધ્રોળમાં થાણું સ્થાપ્યું હતું. પરંતુ તેના ગયા પછી મોડજીએ થાણેદારને હાંકી કાઢી પોતાના સ્વતંત્ર સત્તા સ્થાપી હતી. મોડજી પછી ભૂપતસિંહ (૧૮૦૩ થી ૧૮૪૪) શાસક બન્યા. તેના સમયમાં જ વોકર કરાર થયા હતાં.[૧]

## ભાવનગર :–

ભાવનગરમાં ગોહિલવંશના રજપૂતોનું રાજય હતું. ભાવનગર ઉપરાંત પાલિતાણા, લાઠી, અને વળામાં પણ તેઓ રાજય કરતા હતાં. તેથીજ સૌરાષ્ટ્રનો તે પ્રદેશ 'ગોહિલવાડ' કહેવામાં આવતો હતો. ગ્રહ એટલે 'રક્ષણ કરવુ. ઈલ એટલે વાળો તેથી ગોહિલવાડ નો અર્થ 'રક્ષણ કરવા વાળા' એવો થાય છે.[૨] ગોહિલો સૂર્યવંશી ગણાય છે. સૌરાષ્ટ્રમાં ગોહિલોના આગમનનો સમય વિવિધ વિધ્વાનોએ ઈ.સ. ૮૦૦ થી શરૂ કરીને ૧૨૯૦ સુધીનો દર્શાવ્યો છે. પરંતુ માન્ય તારણ તરીકે ઈ.સ. ૧૨૫૦નો સમય ગણવામાં આવે છે. [૩] સૌરાષ્ટ્રમાં ગોહિલવંશના રાજયના સ્થાપક સેજકજી હતાં. તેમને ત્રણ પુત્રો રાણાજી, શાહજી અને સારંગજી હતા. સેજકજી પછી ૧૨૯૦માં રાણાજી શાસક બન્યા અને તેમણે 'રાણપુર' જીતી લઈ તેને પોતાની રાજધાની બનાવી તેના વંશજોએ ભાવનગર રાજય સ્થપાયું. રાણાજીના અવસાન બાદ મોખડાજી ગાદીએ આવ્યા. ઈ.સ.૧૨૫૦ થી ૧૭૨૪ સુધીના ગાળામાં ગોહિલવંશના સેજકજીએ સેજકપુર, રાણાજીએ રાણપુર, મોખડાજીએ ઘોઘા એન પીરમબેટ, સારંગજીએ ઉમરાળા અને વિસોજીએ સહોર ખાતે ગોહિલવંશના રાજયની રાજધાની સ્થાપી હતી.[૪] વિસાજી પછી પાંચમા ક્રમે આવેલા અખેરાજજી

---

૧) એજન પૃ – ૬૮

૨) ભાવનગર જિલ્લા સર્વસંગ્રહ – ગાંધીનગર ૧૮૮૯ પૃ – ૧૦૧

૩) ભટ દેવશંકર વૃ – સંસ્થાન ભાવનગર ઈતિહાસ ભાવનગર – ૧૯૨૦ પૃ – ૯

૪) સંપાદક કોરાટ, જાની, ભાલ – ભાવનગર રાજયનો ઈતિહાસ – પાર્શ્વ પ્રકાશન – અમદાવાદ, ૧૯૯૫ – પૃ ૧૯

એ વેપાર ઉદ્યોગને પ્રોત્સાહન આપી રાજયની આર્થિક પ્રગતિ કરી હતી. અખેરાજજી પછી રતનજી અને તેમના પછી ભાવસિંહજી – ૧લા શાસક બન્યા. ભાવસિંહજી–૧લાએ સૌથી વધુ લાંબા સમય સુધીનુ (૬૧ વર્ષ) શાસન કર્યું હતું ઈ.સ. ૧૭૨૨ – ૨૩ માં મરાઠા સરદાર પીલાજી ગાયકવાડ અને કંથાજી કદમ બાંડે ૮૦ હજારની સેના સાથે ખંડણી ઉઘરાવવા સૌરાષ્ટ્રમાં આવ્યા. ભાવસિંહજી પાસે વધારે ખંડણીની માંગણી કરી. તેનો ઈન્કાર કરતા બંને વચ્ચે સિંહોરમાં યુધ્ધ થયું. ભાવસિંહજીને સમજાયું કે સિંહોર એ રાજધાની તરીકેસલામત સ્થળ નથી તેથી તેમણે ૧૭૨૩માં દરિયાકાંઠે આવેલ જમીનમાં અખાત્રીજના શુભ દિવસે ગામ વસાવી તેનુ નામ ભાવનગર પાડી, રાજધાની બનાવ્યું[૧] ભાવસિંહજીના રાજયકાળમાં ભાવનગરનો સર્વાંગી વિકાસ થવાનો પ્રારંભ થયો. તેમણે ભાવનગરમાં પ્રથમ દરબારગઢ બંધાવી આધુનિક પધ્ધતિથી વહીવટ ચલાવવાની નીતિનો પ્રારંભ કર્યો તેમના કાર્યો વિશે કર્નલ વોટસને નોંધ્યુ હતુ કે ''ભાવસિંહજીએ પોતાની ૮૦ વર્ષની લાંબી જીંદગીમાં જેટલા કાર્યો કર્યા તેનાથી વધારે કોઈ રાજાએ ભાગ્યે જ કર્યા હશે. તેણે દર્શાવેલી સાવધાની અને બુધ્ધિમતાનું અદભુત મિશ્રણ તો કોઈકમાં જ જોવા મળે.[૨] ભાવસિંહજી ૧લા પછી અખેરાજજી (બાવાજી) શાસક બન્યા અંગ્રેજ સાથે મૈત્રી સંબંધ ઘનિષ્ઠ કરવા ભાવનગરના અખેરાજજીએ પ્રયત્ન કર્યા હતા. અખેરાજજીના અવસાન પછી તેમના પુત્ર વખતસિંહજી ૨૪ વર્ષની ઉમરે શાસક બન્યા. તેમણે ૪૪ વર્ષ શાસન કર્યુ. ભાવસિંહજી૧લાને ભાવનગર રાજયના સ્થાપક ગણવામાં આવે છે. તો તેમના પૌત્ર વખતસિંહજીને 'ભાવનગર રાજય શિલ્પી' ગણાવી શકાય.[૩] વખતસિંહજી અઢામી સદીમાં સૌરાષ્ટ્રના ભાગ્ય વિધાતા ગણાતા ચાર મહાપુરુષોમાના એક હતા અન્ય ત્રણ દીવાન અમરજી મેરુખવાસ, અને ભાકુંભાજી[૪] તેના સમયમાં ચિતળનો વિજય એ વખતસિંહનો મહાન વિજય ગણાય છે.

---

૧) જાની એસ.વી. પૃ – ૭૦

૨) એજન પૃ – ૭૦

૩) સંપાદક – કોરાટ જાની ભાલ – 'ભા.રા.ઈ.' પૃ – ૪૪

૪) જાની એસ.વી. – સૌ. ઈ. પૃ – ૭૨

૧૯મી સદી માત્ર ભાવનગર રાજયના ઈતિહાસમાં જ નહિં પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રના ઈતિહાસમાં અનેકવિધ મહત્વના બનાવોથી ભરેલી સદી તરીકે અંકિત છે.[૧] વખતસિંહજીએ રાજયવિસ્તારને બદલે રાજયના સુદ્રઢિકરણ તરફ ધ્યાન આપ્યું હતું અને પોતાના તમામ શત્રુઓ સાથે સમાધાન કરી લીધું ૧૮૦૭–૦૮માં વોકર કરાર ઉપર પણ સહી કરી હતી. તેમના પછી વિજયસિંહજી શાસક બન્યા. વખતસિંહજીનો શાસનકાળ મધ્યયુગનો છેલ્લો તબકકો હતો.[૨]

## પાલિતાણાંનું રાજય :

પાલિતાણાંનું રાજય એ ભાવનગરના ગોહિલ રાજવંશની શાખા હતું. ભાવનગર મુળપુરૂષ રાજયના સ્થાપક સેજકજી બીજા નંબરના પુત્ર શાહજી પાલિતાણાંના રાજયના મુળ પુરુષ હતા. શાહજી પછી નોંધણજી ગાદીએ આવ્યા. નોંધણજી પછી કાંધોજી પહેલા, નોંધણજી, બીજા, સવોજી બીજા, પૃથ્વીરાજજી, નોંધણજી ત્રીજા, સરતાજી, ઉનડજી, શાસક બન્યા, ઉનડજીના શાસન દરમ્યાન વોકર કરાર ઉપર પાલિતાણાં તરફથી સહી સિકકા થયા હતા. કર્નલ વોકરે નોંધ્યુ છે કે 'ઉડાઉ ખર્ચ અને બેસમજ થી પાલિતાણાં રાજાને પોતાના ઘણાં ખરાં ગામ ગિરવે મૂકવા પડયાં છે. અને અમુક ગામો તેના શત્રુએ છીનવી લીધા છે.[૩] ૧૮૪૪માં નોંધણજી ચોથાના પુત્ર પ્રતાપસિંહજીએ પાલિતાણાને કરજમાંથી મુકત કર્યુ હતું.

## ધ્રાંગધ્રાનું રાજય :

ધાંગધ્રા રાજયની સ્થાપના ઝાલાવંશના રાજપૂતોએ કરી હતી. ઝાલાવાડમાં લીંબડી વાંકાનેર વઢવાણ ચૂડા અને સાયલાનો સમાવેશ થાય છે. ધાંગધ્રાનો પ્રથમ રાજવી સુલતાન હતા. ત્યારબાદ જશવંતસિંહજીએ હળવદ તથા તેના આસપાસના પ્રદેશોની સનદ સમ્રાટ ઔરંગઝેબ પાસેથી મેળવી પોતાનું રાજય વાંકાનેર વાળા પાસેથી પાછુ મેળવ્યું ૧૭૦૯માં હળવદમાં રાજમહેલ બંધાવ્યો જશવંતસિંહજી પછી પ્રતાપસિંહજી ગાદીએ આવ્યા ત્યારબાદ રાયસિંહજી

---

૧) સં – કોરાટ જાની ભાલ – ભા.રા.ઈ. પૃ – ૫૩

૨) જાની એસ.વી. સૌ. ઈ. પૃ – ૭૪

૩) દવે રાજેન્દ્ર – ભાગવત ગુણ ભંડાર – પ્રવિણ પુસ્તક ભંડાર – રાજકોટ ૨૦૦૦ – પૃ – ૧૩૭

ગાદીએ આવ્યા. તેમણે ૧૭૩૦માં ધાંગધ્રાનો કિલ્લો બંધાવ્યો. તેમના પછી તેમના જયેષ્ઠ પુત્ર ગજસિંહજી શાસક બન્યા તેના પછી રાયસિંહજી શાસક બન્યા ત્યારબાદ (૧૮૦૪ – ૧૮૪૩) અમરસિંહજી શાસક બન્યા ૧૮૦૭–૦૮માં વોકર કરાર પર અમરસિંહજીએ સહી કરી હતી. ૧૮૦૯માં એક બકરીના પ્રશ્ને ધાંગધ્રા અને વઢવાણ ઝાલાવંશના રાજયો વચ્ચે લડાઈ થઈ. ધાંગધ્રાના પક્ષે લીંબડી, સાયલા અને ચુડાના ઝાલાઓ જોડાયા. સામા પક્ષે એકલું વઢવાણ હતું તે પણ ઝાલાવંશનું રાજય હતું. આ લડાઈ બકરીના પ્રશ્ને થઈ હોવાથી તે 'બકરીની લડાઈ તરીકે પ્રસિધ્ધ છે.[૧]

## લિંબડીનું રાજય :

લિંબડીનું રાજય એ ધાંગધ્રા રાજયના સ્થાપક ઝાલાવંશના હરપાલ દેવના વંશજોએ સ્થાપ્યું હતું. હરપાલદેવનો બીજા નંબરનો પુત્ર માંગુજી લીંબડીનો સ્થાપક હતો. માંગુજી  પછી મુંજપાલ, અને ધવલ સતા ઉપર આવ્યા જે ધમલ તરીકે જાણીતો હતો. તેણે પોતાના નામ ઉપરથી ધામળેજ ગામ વસાવી તેને રાજધાની બનાવ્યું હતું. ધમલ પછી નાગજી–૧લો સતા પર આવ્યો નાગજી પહેલા પછી ખેતોજી – બીજા સતા પર આવ્યા. ત્યાર બાદ અસ્કરણજી ત્રીજા સતા પર આવ્યા ત્યારબાદ તેના પુત્ર અદેરાજજી બીજા ગાદીએ આવ્યા તેમને વઢવાણના ચંદ્રસિંહજી ઝાલા સાથે યુધ્ધ થયું જેમા ચંદ્રસિંહજી હાર્યા. અદેરાજજી પછી વેરીસાલજી, અને ત્યારબાદ હરભીમજી ૧લા ગાદીએ  આવ્યા હરભીમજીએ લીંબડીમાં રાજધાની સ્થાપી તેના પછી તેમના પુત્ર હરિસિંહજી શાસક બન્યા. તેમણે લીંબડીની કિલ્લેબંધી કરી તથા બરવાળાનો કોટ બંધાવ્યો હતો. વોકર કરાર ઉપર સહી કરી હતી.[૨]

---

૧) નર્મદાશંકર લાલશંકર – કાઠિયાવાડ સારસંગ્રહ પૃ – ૪૮૨

૨) જાની એસ.વી. – સૌ. ઈ. પૃ – ૮૦

## પોરબંદર

પોરબંદર એ જેઠવા વંશનું એક મહત્વનું રાજય હતું. જેઠવા એ સૌરાષ્ટ્રમાં ચાવડા અને ચુડાસમા સિવાયના રાજવંશીઓમાં સૌથી જૂના હતા જેઠવા સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ ઈ.સ. ૯૦૦ – ૧૦૦૦ આસપાસ આવ્યા હશે એમ મનાય છે.[૧] જેઠવાઓ સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ મોરબીમાં વસ્યા ત્યાંથી બેટ દ્વારકા જીતી લઈ જામનગર પાસે પિરોટનમાં થાણા સ્થાપ્યા. ત્યાર પછી મિયાણી અને પોરબંદર પાસેના શ્રીનગરમાં વસ્યા પોરબંદરનો જેઠવા વંશ રાણા વિકયોજીથી શરૂ થયેલો ગણવામાં આવે છે.[૨] સરતાનજી ૧લો, ભાણજી આઠમો, ખીમોજી વિકમાતજી, સરતાનજી બીજા, સતા પર આવ્યા. ઈ.સ. ૧૮૦૪માં સરતાનજીના પુત્ર હલોજીએ પિતાને પદભ્રષ્ટ કરી રાજયવહીવટ પોતે ચલાવ્યો. હાલોજીના રાજયકાળ દરમ્યાન ગાયકવાડ સરકારને આપવાની ખંડણી ઘણા સમયથી ભરપાઈ કરી શકાઈ ન હતી. તેથી પોરબંદર રાજયે ૧૮૦૯ માં બ્રિટીશ સરકાર પાસેથી ૫૦,૦૦૦ રૂા. નું  કરજ લઈ તે ગાયકવાડને આપી હતી. આ કરજના બદલામાં તેણે પોરબંદરના બંદરની મહેસૂલી આવકના ૫૦% આપવાનું સ્વીકાર્યુ હતું. આમ પોરબંદર થોડા સમય માટે બ્રિટિશ રક્ષણ હેઠળ આવ્યું હતું. અને રાણાની સહાય માટે ૧૦૦ સૈનિકનું થાણુ મુકવામાં આવ્યું. હાલોજી પછી ખીમોજી અને તેના પછી વિકમાતજી શાસક બન્યા. [૩]

## જાફરાબાદ :

અમરેલી જીલ્લામાં દરિયાકિનારે બાબરિયાવાડમાં આવેલું જાફરાબાદ રાજય જંજીરાના સીદીવંશના નવાબનું રાજય હતું.[૪]

---

૧) નર્મદાશંકર લાલશંકર – કાઠિઆવાડ સારસંગ્રહ – પૃ – ૪૮૨

૨) જાની – એસ.વી. સૌ. ઈ. પૃ – ૮૪

૩) એજન પૃ – ૮૬

૪) Amreli District Gazetter Ahmedabad 1972 - P. 64

પરદેશીઓ હંમેશા દરિયાકાંઠાના વ્યુહાત્મક સ્થળો મેળવવા પ્રયત્ન શીલ રહેતા પોર્ટુગીઝો દીવમાં પ્રવેશવા માટે ખૂબ જ પ્રયત્નશીલ હતા. તેથી ગુજરાતના સુલતાન ઝફરખાને (મુઝફફરશાહે) ચેતી જઈને આ સ્થળે કિલ્લે બંધી કરી તેનું નામ મુઝફફરાબાદ પાડયું પછીથી તેનું ટૂંકુનામ ઝફરાબાદ અને અપભ્રંશ થઈને જાફરાબાદ થયું. ઓરંગઝેબના અવસાન બાદ મુઘલોની સત્તા સૌરાષ્ટ્રમાં નબળી પડી ગઈ હતી. જૂનાગઢના મુઘલ ફોજદારની સત્તા પણ દરિયાકાંઠાના પ્રદેશમાં નામ માત્રની રહી હતી. તત્કાલીન રાજકીય પરિસ્થિતિનો લાભ લઈને જાફરાબાદના મુસ્લિમ થાણદારો બીજા નાના તાલુકાદારોની જેમ સ્વતંત્ર થઈ ગયા હતા. ૧૭૬૨ થી જાફરાબાદમાં જંજીરાના સીદીવંશનું શાસન સ્થપાયું. સીદી હિલાલ જંજીરાના નવાબના સુબેદાર તરીકે રહયો. જાફરાબાદના આ રાજયમાં કુલ ૧૨ ગામ હતા.[૧] સૌરાષ્ટ્રમાં સીદી શાસન હેઠળનો આ એક માત્ર પ્રદેશ હતો. ઔરંગઝેબે આ વંશના શાસકોને નવાબનું બિરૂદ આપ્યું હતું. જાફરાબાદ રાજય બ્રિટિશ સરકાર કે અન્ય કોઈ રાજયને ખંડણી ભરતું નહી. ઉલટું જૂનાગઢ રાજય પાસેથી વાર્ષિક ૩૬૦ રિયાલ મેળવતું હતું[૨]

## જામનગર

જામરાવળે ઈ.સ. ૧૫૪૦માં નવાનગરમાં રાજધાની સ્થાપી એ સ્થપાયું ત્યારે ત્યારે તેનું નામ નવોનગર, નવીનનગર, નૌતમનગર, નવાનગરના નામથી ઓળખાતું ઈ.સ. ૧૬૬૪માં સોરઠના ફોજદાર કુતુબુદીને ચડાઈ કરી જામને હરાવ્યો. તેને મારી નાખી તેનું નામ ઈસ્લામનગર પાડયું હતું. પણ તે લાબુ ટકયું નહી. પછીથી તો શહેરનું નામ જામનગર પણ રાજયનું નામ નવાનગર પડયું હતું. જામરાવળનું ૧૫૭૨માં અવસાન થતા વિભોજી અને તેના પછી સતાજીએ શાસનની ઘુરાસંભાળી હતી. સતાજી ના અવસાન બાદ તેમનો પુત્ર જશોજી ગાદીએ આવ્યા ઈ.સ. ૧૬૧૬માં તેમણે મુઘલ સમ્રાટ જહાંગીરની ગુજરાતની મુલાકાત વખતે ૫૦ કચ્છી ઘોડા ભેટ

---

૧) નર્મદાશંકર લાલશંકર – કાઠિયાવાડ સારસંગ્રહ – પૃ – ૩૬૦

૨) જાની એસ.વી. – સૌ ઈ. પૃ – ૮૮

**આપી પોતાની વફાદારી દર્શાવી હતી. તેના રાજયકાળ દરમ્યાન નવાનગરમાં દેવચંદજીએ પ્રણામી સંપ્રદાયની સ્થાપના કરી હતી.[1] જામ જશોજીના અવસાન બાદ જામ લાખાજી સત્તા પર આવ્યા ૧૬૪૦માં લાખાજીએ મુઘલ સતાને ખંડણી આપવાનું બંધ કર્યું. પરંતુ ગુજરાતના સૂબા આઝમખાને ચડાઈ કરી ખંડણી વસૂલ કરી હતી.. ૧૬૨૫માં તેના અવસાન પછી તેનો પુત્ર રણમલજી ગાદીએ આવ્યા ૧૬૬૧માં રણમલજીનું અવસાન થતા તેના ભાઈ રાયસિંહજી ગાદીએ આવ્યા ૧૬૯૦ થી ૧૭૦૯ જામલાખા સતા પર રહયો ત્યારબાદ હરધોળજી સતા પર રહયો. લાખોજી ત્રીજો ગાદીએ આવ્યો – (૧૭૪૩ – ૧૭૬૮) જામલાખાજી ત્રીજાના લગ્ન હળવદના ઝાલા રાજસાહેબ રાયસિંહજીના કુંવરી સાથે થયા હતા. આ કુવરી પરણીને નવાનગર આવ્યા ત્યારે તેમની સાથે ખવાસ અજાના ત્રણ પુત્રો નાનજી, ભવાન અને મેરામણને રાજસાહેબે મોકલ્યા હતા. તેમાંથી મેરામણ એ બહુજ ચતુર અને બાહોશ હતો. તે મેરૂ ખવાસ તરીકે પ્રસિધ્ધ થયો.[2] થોડા સમયમાં તે બુધ્ધિ થી આગળ વધી રાજયમાં દીવાન પદે પહોચ્યો હતો. ઈ.સ. ૧૭૬૮માં જામલાખાજીનું અવસાન થયું ત્યાં સુધી સત્તા મરુના હાથમાં હતી. લાખાજી પછી તેનો બાળપુત્ર જશોજી ગાદીએ આવ્યો. તે લગભગ કેદી જેવી સ્થિતિમાં જ રહયો .સાચી સત્તા મેરુખવાસ અને તેના ભાઈ ભવાન ખવાસના હાથમાં જ હતી. ઈ.સ. ૧૭૮૮માં મેરુખવાસે નવાનગરની ચારેબાજુ કિલ્લો બાંધી રાજધાની ને સુરક્ષીત બનાવી હતી. ઈ.સ. ૧૮૦૦ માં મેરુખવાસનું અવસાન થયું ત્યારબાદ જામજશાજી સ્વતંત્ર રીતે રાજય ચલાવવા લાગ્યા જામ જશાજી એ વોકર કરાર ઉપર સહી કરી હતી. તેમનું અવસાન ૧૮૧૪માં થયું.[3]**

---

૧) સેદાણી હસુતા – 'સંત શ્રી પ્રાણનાથ એક અધ્યયન' – મહાનિબંધ – રાજકોટ ૧૯૯૨ પૃ – ૪૫

૨) જાની એસ.વી. સૌ. ઈ. પૃ – ૫૬ – ૫૭

૩) એજન પૃ – ૫૯ – ૬૦

## ઉપસંહાર

આમ સૌરાષ્ટ્રમાં મૌર્ય, ક્ષત્રપ, ગુપ્ત મૈત્રક વંશના શકિતશાળી રાજવીઓએ વિજળી મેળવી અને ત્યાં પોતાના સૂબા નિમ્યા હતા. જુનાગઢમાં ગિરનારની તળેટીમાં મૂળ મૌર્ય રાજવી અશોકનો તથા ક્ષત્રપ રાજવી રુદ્રદામા, ગુપ્ત રાજવી સ્કંદ ગુપ્તનો શિલાલેખ આવેલો છે. તેના લખાણ ઉપરથી આ બાબતની સત્યતા જાણી શકાય છે કે મૌર્યકાળથી ગુપ્તકાળ સુધી સૌરાષ્ટ્રનું વડું મથક ગિરિનગર હતું. પરંતુ પછીથી મૈત્રકોની સત્તા વિસ્તરતા અને સેનાપતિ ભંટ્ટાર્કે મૈત્રક રાજયની સ્થાપના કરતાં તેણે પોતાની રાજધાની વલ્લભીમાં રાખી હતી.

ગુજરાતના સુલતાન બહાદુરશાહની પોર્ટુગીઝોએ ઈ.સ. ૧૫૩૭માં હત્યા કરી. ઈ.સ. ૧૫૭૩માં અકબરે ગુજરાત વિજય મેળવ્યો અને ગુજરાતમાંથી સલ્તનતનો અંત આવ્યો. ઔરંગઝેબના સમયમાં શિવાજીએ ઈ.સ. ૧૬૬૪ અને ૧૬૭૦માં ગુજરાતમાં બે વાર લૂંટ કરી ઈ.સ. ૧૭૩૭ થી ૧૭૫૩ સોળ વર્ષ દરમ્યાન અમદાવાદમાં મુઘલ તથા મરાઠા સરદારોનું સંયુકત શાસન રહયું હતું. પેશ્વા અને ગાયકવાડ વચ્ચે થયેી સમજૂતિને પરિણામે ગુજરાતમાંથી મુઘસતાના અંતની પ્રક્રિયા ઝડપી બની ઈ.સ. ૧૭૫૮માં અમદાવાદ મરાઠાઓના સંપૂર્ણ કબ્જા હેઠળ આવ્યું. અને ૧૮૧૮ સુધી તેના હસ્તક રહયું.

મરાઠાઓની ગુજરાત ઉપરની ચડાઈઓના ભાગરૂપે તેમણે સૌરાષ્ટ્રના પ્રદેશો ઉપર આક્રમણો કર્યા હતા. અને સૌરાષ્ટ્રમાં ચારે તરફ મુસ્લિમ સત્તાનો અસ્ત થતા અને મરાઠાઓની મુલ્કગીરીના કારણે થયેલા કરજના વધારાને પહોંચી વળવા નાના મોટાં રાજયો યુધ્ધોમાંથી અળગા રહી રાજય વિસ્તાર કરતા આબાદી વધારવા પર વધુ લક્ષ્ય આપવા પ્રયત્ન કરી રહયાં હતા. પરંતુ સૌરાષ્ટ્રના ભાગ્યમાં આવી આબાદી કે શાંતિ લખાયા ન હતા.

ઈ.સ. ૧૭૬૦ થી ૧૭૮૪ સુધી સૌરાષ્ટ્રના તખ્તા ઉપર દીવાન અમરજી, મેરુખવાસ, ભાકુંભાજી, પ્રેમજીદામાણી શેખમીંયા, અને વખતસિંહજી ગોહિલ તેમની મહત્વકાંક્ષા પુર્ણ કરવા

સૌરાષ્ટ્રમાં શાંતિ સ્થાપવાના નામે અશાંતિ ફેલાવનારા પાત્રો હતા. આ યુધ્ધવીરોએ તેમની તલવારો લોહી ભીની કરી પ્રજાના શાંતિ, સુખ અને આબાદી હરી લીધા તેઓ વ્યકિતગત કે ટૂંકા સ્વાર્થ થી ઉપર ઉઠી શકયા નહી.

આમ અઢારમી સદીના અંતે અને ૧૯મી સદીના પ્રારંભે ગુજરાતમાં અને સૌરાષ્ટ્રમાં 'મારે તેની તલવાર' જેવી પરિસ્થિતિ હતી. નિર્બળને દબાવી શકિતશાળી તેનું રાજય કે સંપતિ લૂંટી લેતા હતા.

# પ્રકરણ – ૩

# સૌરાષ્ટ્રમાં અંગ્રેજસત્તાની સ્થાપના

(૧) ભારતમાં અંગ્રેજી સતાનું આગમન

(૨) ગુજરાતની રાજકીય પરિસ્થિતિ

(૩) અંગ્રેજોના સત્તા પ્રાપ્તિ માટેના પ્રયાસો

(૪) સૌરાષ્ટ્રની રાજકીય પરિસ્થિતિ

(૫) મરાઠાઓની મુલકગીરી ચડાઈઓ : પધ્ધતિ અસરો

(૬) ૧૯મી સદીના પ્રારંભે સૌરાષ્ટ્ર અને અંગ્રેજો

(૭) વોકર કરાર

(૮) તાલુકદારોએ વોકરને લખેલા પત્રો

(૯) સૌરાષ્ટ્રમાં અંગ્રેજોના પ્રવેશના કારણો

(૧૦) મરાઠા અને બ્રિટિશ સેનાનું સૌરાષ્ટ્રમાં આગમન

(૧૧) કર્નલ વોકરનો પત્ર

(૧૨) વોકર કરારની બાબતો.

(૧૩) વોકર કરારનું મહત્વ :– અસરો

(૧૪) ઉપસંહાર

# પ્રકરણ – ૩

# સૌરાષ્ટ્રમાં અંગ્રેજ સત્તાની સ્થાપના

**ભારતમાં અંગ્રેજી સત્તાનું આગમન :–**

**ભારતને યુરોપીય દેશો સાથે પ્રાચીનકાલ અને મધ્યકાલમાં વ્યાપારી સંબંધો હતા. તુર્કોએ ઈ.સ. ૧૪૫૩માં કોન્સ્ટટિનોપલ જીતી લેતાં અરબી સમુદ્ર અને ભુમધ્ય સમુદ્ર વચ્ચેનો જળમાર્ગ અને આ વિસ્તારમાંથી પસાર થતો સ્થળમાર્ગ બન્ને રુંધાઈ જતાં ભારત સાથેના ધીકતાં નફાકારક વેપારને ટકાવવા માટે યુરોપીય વેપારીઓને ભારત જતો સલામત જળમાર્ગ શોધવાની જરૂરિયાત ઉભી થઈ. આ પ્રવૃતિમાં કોલંબસે અમેરિકા ખંડ શોધ્યો. જયારે પોર્ટુગલનો વાસ્કો–દ–ગામા આફ્રિકાની પ્રદક્ષિણા કરીને અરબી સમુદ્રને રસ્તે ઈ.સ. ૧૪૯૮માં ભારતના કાલિકટ બંદરે આવી પહોંચ્યો. આ ઘટના ભારતનાં ઈતિહાસમાં સીમાચિન્હ રૂપ બની. ત્યારથી ખરેખર અર્વાચીન–કાલનો ઉદય થયો. ફિરંગીઓને પગલે પગલે વલંદા, ડેનીશ, અંગ્રેજ અને ફ્રેન્ચ લોકો વેપારર્થે ભારતમાં આવ્યાને પોતપોતાના દેશની ઈસ્ટ ઈન્ડિયા કંપનીઓ સ્થાપી. રાજકિય અને આર્થિક ક્ષેત્રે પોતાનું યથાશકય પ્રભુત્વ જમાવતા ગયા.[૧]**

**૧૬મી સદીના અંતમાં અંગ્રેજોની દરિયાઈ તાકાત વધી. ઈ.સ. ૧૬૦૦માં કેટલાક અંગ્રેજ વેપારીઓએ પૂર્વના દેશો સાથે વેપાર કરવા માટે ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના કરી. ઈ.સ. ૧૬૦૮માં પહેલું અંગ્રેજ જહાજ સુરત બંદરે લાંગર્યું. ઈતિહાસકાર જી. ડબલ્યુ ફોરેસ્ટ જણાવે છે કે "અંગ્રેજ વેપારી સાહસિકોએ ભારતનાં સમુદ્ર પર ભટકતા છેવટે સુરત બંદરે પોતાના સઢ ફરકાવ્યા અને ત્યાં એક નાનકડી કોઠી સ્થાપી જે ઉતરોતર પૂર્વના એક વિશાળ સામ્રાજયનાં માળખામાં વિકાસ પામી." આ નાનકડી કોઠીના ગર્ભમાં લગભગ બે સદી સુધી જમાવટ કરી**

---

૧) પરીખ પી.સી. – 'ભારતીય સંસ્કૃતિ સ્વરૂપ અને વિકાસ' અમદાવાદ – ૨૦૦૧ અ પૃ – ૧૦૮

ગયેલા વિશાળ ભારતીય બ્રિટીશ સામ્રાજયનાં બીજ પડેલાં હતાં. ભારતના તે સમયના જાહોજલાલ સુરત બંદરે ૧૭ મી સદીના યુરોપીય વ્યાપારવાદના પરિબળ હેઠળ આવેલ અંગ્રેજ વેપારીઓને માટે ભારતમાં પ્રવેશવાની ગરજ સારી. નવી ભૌગોલિક શોધખોળોએ અને નવા દરિયાઈ માર્ગોએ વ્યાપારવાદને ઉતેજન આપ્યુ કેવળ વેપારી હિતો માટે રચાયેલી આ કંપનીએ સમય જતાં શરૂઆતમાં પોતાના વેપારી પ્રતિ સ્પર્ધીઓને હરાવવા અને પાછળથી મુઘલ સામ્રાજયના પતન પછી વેર વિખેર થયેલ તેના અવશેષોને હસ્તગત કરવા યા પોતાના પ્રભાવ હેઠળ લાવવા લશ્કરી અને રાજકીય પ્રવૃતિઓ આદરી તેમના સંઘર્ષના મુખ્ય ક્ષેત્રો તેમના પ્રવેશદ્વાર સમાન પશ્ચિમ ભારત, દક્ષિણ કિનારે મદ્રાસ કિનારાના પ્રદેશો, અને પૂર્વમાં કલકતાની આસપાસના બંગાળના પ્રદેશો રહયા. (૧)

૧૮ મી સદીના મધ્યભાગમાં ભારતની રાજકીય એકતા સંપૂર્ણપણે તુટી પડી હતી. ભારતમાં નાના મોટા સામંતશાહી વ્યવસ્થા ધરાવતાં રાજયો સ્થપાઈ ગયાં હતાં. વિદેશીઓને આ અરાજકતા પોતાના વેપાર માટે નુકશાનકારક લાગવા માંડી. તેમણે ભારતનાં આંતરિક રાજકારણમાં હિંમતભેર પ્રવેશી પોતાના વેપારને સલામત અને સમૃધ્ધ બનાવવાની કોશિશો કરવા માંડી. (૨)

ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતમાં સ્થાપેલી સર્વોપરિતા એ વિશ્વના ઈતિહાસનું એક અનોખું આશ્ચર્ય–કારક પ્રકરણ છે. અંગ્રેજોની આ મહાન સિધ્ધિ માટે અનેક કારણો જવાબદાર ગણાવી શકાય – અંગ્રેજો 'હસમુખા લૂંટારા' હતા. આ દેશમાંથી વેપાર દ્વારા શકય તેટલું ધન પોતાના દેશમાં ઘસડી જવાની તેમની નેમ હતી. ભારતમાં રાજકીય પ્રભુત્વ સ્થાપવાથી પોતાનો ઉદેશ્ય વિશેષ રીતે પાર પડશે તેવી ગણતરીથી તેમણે ભારતના રાજકારણમાં ઝંપલાવ્યું હતું. કલાઈવ, વેલેસ્લી અને હેસ્ટિંગસ જેવા અમલદારોની નેતાગીરી, શિસ્તબધ્ધ સૈન્ય, નૂતન શસ્ત્રો,

---

૧) દેસાઈ ગુણવંત ભાઈ – પશ્ચિમ ભારતમાં અંગ્રેજો – રાજકીય અને સામાજિક પરિપેક્ષ્યમાં – યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ – ૧૯૮૮ – પૃ – ૧૧

૨) પરીખ પી.સી. – 'ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ' (અઢારમી સદીનું ભારત) યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજય – અમદાવાદ – ૧૯૭૪ – પૃ – ૭

વિજયમાં ફાળો આપ્યો. આમાં ભારતની રાજકીય અને સામાજિક પરિસ્થિતિએ પણ સહાયતા કરી આપી. મુઘલ સામ્રાજયનાં ખંડેરોમાંથી ઉભા થયેલા સ્વતંત્ર રાજયો અંદરો અંદર લડી એકબીજાને નિર્બળ બનાવતાં રહયાં. અંગ્રેજો તરફનો ભય પારખીને એક થઈ સામનો કરવાનું કોઈને સૂઝયું નહીં. તેમણે નતો યુધ્ધ પધ્ધતિમાં સુધારા કર્યા કે ન તો નવા શસ્ત્રોથી લશ્કરને સજજ કર્યુ શિવાજીના અવસાન પછી નૌકાદળના વિકાસ તરફ કોઈએ ધ્યાન પણ આપ્યું નહિ. અંગત સ્વાર્થ ખાતર કેટલાક લોકોએ અંગ્રેજોને મદદ કરી. દેશદ્રોહ કર્યો. સામાજિક રુઢિઓ અને ધાર્મિક જડતાને લીધે લોકોમાં પણ કુપમંડૂકતા આવી ગઈ. સમુદ્ર યાત્રા નિષેધ હોવાથી દરિયા પારના દેશોમાં થતા વૈજ્ઞાનિક વિકાસની ભારતને જાણ ન થઈ. અંગ્રેજોએ ભારતની આ પરિસ્થિતીનો પૂરેપુરો લાભ ઉઠાવ્યો. અને પોતાના લાભમાં ભારતને રાજકીય ક્ષેત્રે પરાધીન અને આર્થિકક્ષેત્રે પાયમાલ કરી નાખ્યો.

૧૮મી સદીમાં ભારતની જે સ્થિતિ હતી તે કદાચ સૌથી વધુ ખરાબ હતી. ઈ.સ. ૧૭૦૭માં છેલ્લા મુઘલ સમ્રાટ ઔરંગઝેબના મૃત્યુ સાથે શરૂ થયેલી ભારતની રાજકીય અવનતિ ઈ.સ. ૧૮૧૮માં મરાઠા સામ્રાજયના પતન સાથે પુરી થયેલી ગણાય છે. તે સાથે ભારતમાં બ્રિટીશ સતા સર્વોપરી બની. કેન્દ્રીય શાસનની નિર્બળતાનો લાભ ઉઠાવી પ્રાંતીય સુબાઓ સ્વતંત્ર થવા લાગ્યા. તે સાથે દક્ષિણ ભારતમાં એક પ્રબળ સતા બનેલા મરાઠાઓએ પોતાની સતાનો પ્રભાવ વિસ્તાર્યો.

માળવા અને ગુજરાતના સમૃધ્ધ પ્રદેશો પુના સરકારના અંકુશ નીચે આવ્યા એટલું જ નહિ પણ મોગલ – બાદશાહ મોહમ્મદશાહે પેશ્વા બાજીરાવનો, જમુના સુધીના રજપૂત રાજયોની ખંડણી ઉઘરાવવાનો હકક માન્ય શાખ્યો. ઈ.સ. ૧૭૫૦ આસપાસ મરાઠાઓનું પ્રભુત્વ ગંગાના કિનારાથી મૈસુરની હદ સુધી વિસ્તરેલું હતું. પરંતુ તે પછીના સમયમાં વિવિધ મરાઠા સામંતશાહી જુથોમાં સર્વોપરિતાનો સંઘર્ષ શરૂ થયો. ઈ.સ. ૧૭૬૧ પાણી પતના યુધ્ધમાં મરાઠા સંઘના થયેલા પરાજયે પણ મરાઠા સામ્રાજયનું સ્વપ્ન રોળી નાખ્યું. પાછળથી મરાઠા સંઘની રાજકીય એકતા સિંધિયા, હોલ્કર, ગાયકવાડ અને ભોંસલે કુટુંબો વચ્ચેની હરિફાઈ અને મહત્વકાંક્ષાને પરિણામે

૧) એજન – પૃ – ૨૦

**નાશ પામી તેઓ પુનાના પેશ્વા પ્રત્યે નામ માત્રની નિષ્ઠા ધરાવતા હતા. આ પછીનો સમય બ્રિટીશસતાના વિકાસનો અને તેની સર્વોપરિતા નીચે નાના રાજયોના વિલીનીકરણનો છે.**[૧]

**ભારતમાં બ્રિટીશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ તેની રાજસત્તાનો આરંભ બંગાળમાંથી કર્યો હતો. બંગાળમાં અંગ્રેજોએ તેમની વેપારી કોઠીઓ સ્થાપી હતી. ઈ.સ. ૧૭૧૬માં તેમણે નિશ્ચિત રકમ આપીને માલની આયાત–નિકાસ કરવાની પરવાનગી મુઘલ સમ્રાટ પાસેથી મેળવી હતી. બંગાળ મુઘલ સામ્રાજયનો એક પ્રાંત હતો. અને તેના વહીવટ માટે મુઘલ સમ્રાટ ગવર્નર નીમતો. જે નવાબ કહેવાતો. સમ્રાટની સતા ઘટવાથી આ દૂરના પ્રાંતમાં નવાબની સ્વતંત્રતામાં વધારો થયો.**

**ઈ.સ. ૧૭૫૭માં બંગાળના નવાબ સિરાજુદૌલાને અંગ્રેજો એ પ્લાસીના યુધ્ધમાં હરાવ્યો. અને તેઓ બંગાળનાં વાસ્તવિક માલિક બન્યા. મીરજાફર, મીરકાસીમ ને ફરી મીરજાફરને અનુક્રમે નવાબ પદ આપીને અંગ્રેજોએ બંગાળમાં** 'KING MAKER' **નું સ્થાન મેળવ્યું.**

**અંગ્રેજો અત્યાર સુધી માત્ર વેપારીઓ હતા. બહુતો બંગાળના સુબેદારના એક જમીનદાર તરીકે જ હતા. પ્લાસીના યુધ્ધ પહેલાં તેઓ ત્રણ ગામડાંના જમીનદાર હતા. પ્લાસી પછી તેમાં ૨૪ પરગણાંનો ઉમેરો થયો. ઈ.સ. ૧૭૬૫માં કલાઈવે મોગલ બાદશાહ શાહઆલમ પાસેથી બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દિવાની મેળવી. અહિથી બ્રિંટીશ સામ્રાજયના નિર્માણની પ્રક્રિયા શરૂ થઈ.**

**ભારતમાં બ્રિટીશ સામ્રાજયના વિકાસમાં વેલેસ્વીની સહાયકારી યોજનાએ મહત્વનો ભાગ ભજવ્યો. ૧૮૧૮માં ત્રીજા મરાઠા વિગ્રહથી પેશ્વાનો અંત આવ્યો. અંગ્રેજો સામે ટકી શકે તેવી એક માત્ર સતા નામશેષ થઈ. ઈ.સ. ૧૮૧૮નું વર્ષ આ રીતે એક સિમાચિન્હ રૂપે છે. અત્યાર સુધી બ્રિટીશ સતા ભારતમાંની એક સતા હતી. હવે તે ભારતમાં એકમાત્ર સતા બની.** [૧]

---

૧) વ્યાસ રશ્મિ ટી. '૧૯મી સદીમાં ગુજરાતમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું સાંસ્કૃતિક પ્રદાન' – સ્વામી નારાયણ ગુરુકુળ – રાજકોટ – ૧૯૯૭ પૃ – ૭ – ૮

## ગુજરાતની રાજકીય પરિસ્થિતિ :

ગુજરાત ઉપર અંગ્રેજોનું પ્રભુત્વ સ્થપાયું તે પૂર્વે અહીં મરાઠાઓનું શાસન હતું. પેશ્વા અને ગાયકવાડનાં લશ્કરો ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ વિસ્તારોમાં મુલકગીરી કરવા અને જમાબંધી ઉઘરાવવા જતા મરાઠાઓ ચાર–પાંચ વર્ષની ખંડણી એક સાથે માંગતા. રાજા એ ભરી શકતો નહિં. એટલે મરાઠી લશ્કરો ગામડાઓ લૂંટીને અને બાળીને એ ઘરોમાંની રોકડ, સોનું, ચાંદી, તાંબા અને પિતળની બધીજ વસ્તુઓ લૂંટી લેતા. એ પછી મરાઠા લશ્કરોની સાથે રહેતા પિંઢારાઓ લૂંટાયેલા ઘરોની દિવાલો તોડતા અને ભોયતળિયાને ખોદી નાખી એમાંથી જે ધન મળે તેનો અડધો ભાગ પોતાની પાસે રાખતા અને અડધો ભાગ એ મરાઠી લશ્કરના સેનાપતિને આપતા. પિંઢારાઓને એ સિવાય બીજુ વેતન મળતું નહિં. લૂંટાયેલા કુટુંબો ભીખારીની દશા માં આવી જતા પ્રજાની હાલતનો જરા પણ વિચાર થતો નહિં દયા, કરૂણા કે માનવતાને કોઈજ સ્થાન ન હતું. હિંસા, ક્રુરતા, પશુતા, દગો, વિશ્વાસઘાત અને સ્વાર્થનું સામ્રાજય હતું. અમદાવાદમાં ચાડિયાઓનો એક વર્ગ હતો. જે લૂંટવા જેવા શ્રીમંતોના નામ છૂપી રીતે રાજયકર્તાઓને પહોંચાડતો અને બદલામાં આર્થિક લાભ મેળવતો.

મરાઠાઓનો ગુજરાતમાં શાસનકાળ ૬૦ વર્ષનો રહયો. ઔરંગઝેબના મૃત્યુ પછી ગુજરાતના મોગલ સરદારોમાં ગુજરાતની સુબાગીરી મેળવવા ભારે ખેંચતાણ ચાલી. તેમાં એક અથવા બીજા પક્ષને મરાઠાની સહાયની જરૂર રહેતી. આ પરિસ્થિતિમાં મરાઠાઓને ગુજરાતમાં પોતાનું વર્ચસ્વ જમાવવાની તક મળી. મરાઠા સરદારોનાં આંતરિક કલહે અંગ્રેજો માટે સાનુકુળ પરિસ્થિતિ પુરી પાડી અંગ્રેજોએ ગુજરાત ઉપર ધીમે ધીમે અંકુશ મેળવ્યો.

---

૧) બાવીસી મુગટલાલ – બ્રિટિશયુગ દરમ્યાન ગુજરાતના દેશી રાજયોનું વિશિષ્ટ સ્વરૂપ અને સંચાલન' (૧૮૧૮ – ૧૯૪૭) ગુજરાત ઈતિહાસ પરિષદ – પરિષદ પ્રમુખના વ્યાખ્યાન ભાગ – ૨, ૨૦૦૦ – પૃ – ૨૦૧

## અંગ્રેજોના સત્તા પ્રાપ્તિ માટેના પ્રયાસો :–

ઈ.સ. ૧૭૭૫માં રાઘોબા અને અંગ્રેજ સરકાર વચ્ચે સુરતનાં કરાર થયા તે પછી રાઘોબા અને તેના પુત્ર બાજીરાવ બીજાના લશ્કરો સાથે અંગ્રેજોની લશ્કરી ટુકડીઓ મોકલીને ગુજરાતના શહેરો, બંદરો તથા રસ્તાઓની ભૌગોલિક માહિતી અંગ્રેજોએ મેળવી લીધી. ગુજરાતની રાજકીય, સામાજિક, આર્થિક અને લશ્કરી સ્થિતિનો અભ્યાસ પણ કર્યો. એમણે ૧૮૦૨માં પેશ્વા બાજીરાવ–બીજા સાથે વસઈના કરાર કરીને ગુજરાતમાં અંગ્રેજ લશ્કર મોકલવાની અને વડોદરાનાં ગાયકવાડ સાથે સંબંધો બાંધવાની પરવાનગી મેળવી. ૧૮૦૪માં ગાયકવાડ સાથે સહાયકરી સંધિના કરાર કરી એને અંગ્રેજ લશ્કર રાખવાની ફરજ પાડી. ૧૮૦૫માં એ સંધિમાં સુધારો કરીને કાઠિયાવાડમાં જમાબંધી ઉઘરાવવા ગાયકવાડના લશ્કર અને અંગ્રેજોનું લશ્કર પણ જાય એવું નકકી કરવામાં આવ્યું.[૧]

ધીમે ધીમે ગુજરાત અને સૌરાષ્ટ્રમાંથી ચોથ ઉઘરાવવાનો અધિકાર ગાયકવાડ તથા પેશ્વાએ મેળવ્યો. ઈ.સ. ૧૭૫૮માં અમદાવાદ મરાઠાઓ હસ્તક આવ્યું. અમદાવાદમાં ગાયકવાડ તથા પેશ્વાના પ્રતિનિધિ પોતપોતાનો વહીવટ ચલાવતા હતા. ઈ.સ. ૧૮૦૦ થી ૧૮૧૪ સુધીના ગાળામાં પેશ્વાએ પોતાના ભાગ પરનો વહીવટ ગાયકવાડને સોંપ્યો હતો. એ ઈજારો ઈ.સ. ૧૮૧૪માં પૂરો થયો ત્યારે ફરી ગાયકવાડને તે ઈજારો મળે. તેમાં અંગ્રેજ સતાએ રસ લીધો. વાટાઘાટ માટે ગાયકવાડના પ્રતિનિધિ ગંગાધર શાસ્ત્રીને પૂના મોકલવામાં આવ્યા. તેના જાનમાલના રક્ષણની જવાબદારી અંગ્રેજોએ લીધી. પેશ્વાએ વાટાઘાટો લંબાવી. અને ઈ.સ. ૧૮૧૫માં શાસ્ત્રીનું ખૂન થયું. તેમાં પેશ્વાનો હાથ જણાતાં મુંબઈના ગવર્નર એલ્ફિન્સ્ટને કડક હાથે કામ લીધું. પેશ્વાને 'પૂણે કરાર' કરવાની ફરજ પડી. જેને પરિણામે ગુજરાત માંથી પેશ્વાની સત્તાનો કાયમ માટે અંત આવ્યો. અને ગુજરાતમાં બ્રિટિશ સતાનો પ્રસાર થયો. [૨]

---

૧) ગુ.રા. સાં.ઈ. – ભાગ – ૭ મરાઠા કાલ – અમદાવાદ – ૧૯૮૧ – પૃ – ૧૪૧

૨) વ્યાસ રશ્મિ ટી. ઉપર્યુકત – પૃ – ૧૧

ગુજરાતમાં મરાઠાઓની બહુ ગવાયેલી મુલકગીરીની શરૂઆત કરનાર મરાઠાઓ ન હતા. તે તેમનાં આગમન પહેલા અનિવાર્ય જરૂરિયાત રૂપે ઉભી થઈ હતી. પણ મરાઠાઓએ તેને સ્થાપિત રસમ બનાવી દીધી હતી. પેશ્વા મરાઠા સરદારો ગુજરાતમાં રહેતા નહીં તેથી ઉઘરાણીનું કાર્ય મુખત્યારના મુખત્યાર તથા તેના મુકેલા કામદાર ચલાવતા. મરાઠા લશ્કર વસુલાત માટે તીડની જેમ આવતું. ગુજરાતના પ્રદેશો પેશ્વા અને ગાયકવાડ વચ્ચે વહેંચાઈ ગયા હતા. બંને તરફની ખંડણી વસૂલ કરવા દર વર્ષે લશ્કર નીકળતું. પેશ્વા તથા ગાયકવાડના સૂબેદારો શકય તેટલું વસુલ કરવાનો લોભ રાખતા. અને પ્રજાના સુખ સગવડ માટે ભાગ્યે જ ખર્ચ કરતા. કેટલાક સૂબેદારો વધારાના અવનવા કરવેરા ઉઘરાવતા. આ ત્રાસ જનક રીતનો અંત આખરે ઈ.સ. ૧૮૦૭ના કર્નલ વોકરના સમાધાનથી આવ્યો. [૧]

## સૌરાષ્ટ્રની રાજકીય પરિસ્થિતિ :–

પ્રાચીન કાલમાં સમૃધ્ધ અને પ્રસિધ્ધ એવા સૌરાષ્ટ્રમાં મધ્યયુગમાં ૧૮મી સદીમાં અંધાધૂંધી અને રાજકીય અસ્થિરતા પ્રવર્તતા હતાં. અને રાજકીય એકતાનો અભાવ હતો. નબળા રાજાને દબાવી શકિતશાળી રાજા તેનું રાજય કે સંપતિ ઝૂંટવી લેતો. રાજાઓ રૈયત પાસેથી મનફાવે તે રીતે કરની વસૂલાત કરતા હતા. સર્વત્ર અવિશ્વાસનું વાતાવરણ ફેલાયેલું હતું. [૨]

વળી રાજા અને પ્રજા તથા રાજા–રાજાઓ વચ્ચે પણ એકતા ન હતી. બાહય આક્રમણ સામે એકત્ર થઈને લડવાને બદલે તેઓ એકલા જ લડયા. વળી પોતાના પાડોશી રાજાના બાહય આક્રમણ સામેના પરાજય ને પોતાના પડોશી હરીફની શકિત ઘટી છે. એમ માની ખુશ થતાં હતા. તેમનું આ રાજકીય ગેરડહાપણ હતું. તે તેમના માટે ભવિષ્યનો આત્મઘાતક નીવડશે. એવો તેમને ખ્યાલ પણ ન હતો. પરિણામે 'ઘર ફૂટે ઘર જાય' જેવી રાજકીય પરિસ્થિતિ પ્રવર્તતી હતી. આવી પરિસ્થિતિમાં ૧૮મી સદીમાં પ્રથમ મોગલોએ અને પછીથી મરાઠાઓએ સૌરાષ્ટ્રમાંથી ખંડણી ઉઘરાવવા માટે કાયમી લશ્કર રાખવાના બદલે દર વર્ષે લશ્કર સાથે સવારી કરવાની પધ્ધતિ

---

૧) એજન પૃ – ૧૩

૨) ગુ.રા. – સાં. ઈ. – ભાગ – ૭ – પૃ – ૧૧૩

અપનાવી હતી. તે પધ્ધતિ મુલકગીરીના નામથી ઓળખાતી હતી. [1]

## મરાઠાઓની મુલકગીરી ચડાઈઓ – પધ્ધતિ – અસરોઃ–

મરાઠાઓએ જ સૌરાષ્ટ્રનું નામ 'કાઠેવાડ', કાઠીવાડ, કે કાઠિયાવાડ પાડયું હતું. કારણકે સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ તેમને કાઠીઓ સાથે સંઘર્ષમાં આવવું પડયું હતું. ગાયકવાડના લશ્કરો અવારનવાર સૌરાષ્ટ્રમાં આવીને ખંડણી ઉઘરાવી જતા સૌપ્રથમ પેશ્વાના સેનાપતિ ખંડેરાવ દાભાડે અને તેના સેનાપતિ દામાજી ગાયકવાડની સેના સૌરાષ્ટ્રમાં આવી હતી. દામાજીના પુત્ર પિલાજી ગાયકવાડ અને કંથાજી કદમ બાંડેના નેતૃત્વ હેઠળ પેશ્વાઓની મરાઠા સેનાની મુલકગીરીની આવી પ્રથમ ચડાઈ સૌરાષ્ટ્રમાં ઈ.સ. ૧૭૨૨માં થઈ હતી. અને સૌપ્રથમ સિહોરના ગોહિલ રાજવી ભાવસિંહજી પહેલા પાસે ખંડણીની ઉઘરાણી કરી હતી. તેમાં મરાઠા સેનાને સફળતા મળી ન હતી. મરાઠાઓની આવી મુલકગીરીની ચડાઈઓ ઈ.સ. ૧૮૦૭ સુધી ચાલુ રહી હતી. તે ચડાઈ શરૂમાં દર બે કે ત્રણ વર્ષે અને કોઈક વાર દર વર્ષે કરાતી હતી. ખંડણી ઉઘરાવનાર ગાયકવાડનાં સફળ સેનાપતિઓમાં શિવારામભાઉ ગાર્દી અને બાબાજી અપાજીના નામ મોખરે હતા. ઈ.સ. ૧૭૯૫માં શિવરામભાઉ ગાર્દી ત્રીસ હજારના લશ્કર સાથે ખંડણી ઉઘરાવવા સૌરાષ્ટ્રમાં આવ્યો હતો. ત્યારે તેનું એક ધ્યેય ૧૭૨૨માં સિંહોરનાં ગોહિલોએ મરાઠા સેનાને પરાજીત કરેલી તેનો બદલો લેવાનું હતું. શિવરામભાઉ ઘણો વીર પરંતુ વિલાસી હતો. સૌરાષ્ટ્રમાં એક કહેવત પ્રચલિત હતી કે

''શિવરામ ભાઉ ગાર્દી બે મહિનાને બાર દી–
ચાલ્યા પછી ચાર દી, ઉઠયા પછી આઠ દી.''[2]

એટલે કે જયા પડાવ નાખે ત્યાં ગમે તેટલા દિવસ રહીને પણ લઈને જ છૂટકો કરે.

ઈ.સ. ૧૭૯૩ થી ૧૭૯૫ દરમ્યાન શિવરામ ગાર્દીએ અને ઈ.સ. ૧૮૦૩ થી ૧૮૦૭ દરમ્યાન બાબાજી અપાજીએ ત્રણ મુલકગીરી ચડાઈઓ કરી હતી. તેમણે ખંડણીની રકમમાં ઘણો વધારો કર્યો હતો. તેઓ ધાક ધમકી અને બળના જોરે ખંડણી ઉઘરાવતા હતા. નકકી કરેલી ખંડણી આપીદે તે રાજયને ખાસ કોઈ નુકશાન કરાતું નહિ. પરંતુ ખંડણી દેવાનો ઈન્કાર કરનારને કે સામા થનારનો પ્રદેશ તેઓ ઉજજડ કરી નાખતા.

---

૧) જાની. એસ.વી. સૌ. – ઈ – પૃ – ૯૬

૨) દેસાઈ શં.હ. સૌરાષ્ટ્રનો ઈતિહાસ – પૃ – ૯૬

મુલકગીરીની સવારી સામાન્ય રીતે ખેતીની અનાજની કાપણીની મોસમમાં સૌરાષ્ટ્ર પર કરાતી એ સવારીનો હેતુ પ્રદેશ જીતવાનો કે રાજય વિસ્તારનો ન હતો. પરંતુ અધિકતમ ખંડણી મેળવવાનો હતો. રાજા લડાઈ વિના ખંડણી આપવાનું કબૂલ કરે ત્યાંથી સવારી આગળ વધી જતી આ ચડાઈ માટેની સેના રાખવાનો ખર્ચ ઘણો મોટો થતો હતો. કારણકે તેનો ઉપયોગ કયારે કરવો પડશે તે નકકી ન હતું. ખંડણીનો ઈન્કાર કરાય અથવા રાજા સામો થાય તો જ સેનાનો ઉપયોગ કરવામાં આવતો. કોઈક વાર તો મરાઠા સેના કોઈ એક ગામનો ઘેરો ઘાલીને ઘણા દિવસ પડી રહેતી. કારણકે તેમની પાસે તોપના સરંજામની પૂરતી માત્રા ન હતી. જેમકે માળિયા મિયાંણા જેવા નાના રાજયની સેના બાબાજીની મરાઠી સેના સામે ઘણા દિવસ સુધી ટકી રહી હતી. વળી મરાઠાઓ શકય હોય ત્યાં સુધી સૌરાષ્ટ્રના સૌથી મોટા અને શકિતશાળી એવા જૂનાગઢ ઉપર ચડાઈ કરવાનું માંડી વાળતા.

મુલકગીરીની સેના જે પ્રદેશમાં થઈને જતી તેને ઉજજડ કરી નાખતી અને તેનાથી ખેડૂતોને ઘણું નુકશાન થતું. મુલકગીરીની ચડાઈનો એકમાત્ર હેતુ અધિકતમ ખંડણી ઉઘરાવવાનો હતો. સૌરાષ્ટ્રના રાજયો મરાઠા સેના સામે સંગઠિત થઈને લડયા નહિ. મરાઠા સેના તીડના ટોળાની જેમ આવી પ્રજા અને પ્રદેશનો વિનાશ નોતરતી. મરાઠા સેના ખંડણીની રકમ ઉપરાંત નવાં નવાં નામ આપી અન્ય મોટી રકમની ઉઘરાણી કરતી. રાજાની કોઈ દલીલો સ્વીકારતી નહિ. સૌરાષ્ટ્રના આ તાલુકદારો ખંડણીની અસહય રકમ પ્રજા પાસેથી બળ જબરીથી ઉઘરાવતા. પરિણામે પ્રજા માટે તો 'નાણાં આપો અથવાતો વિનાશ નોતરો' સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો. [૧]

બ્રિટિશ સરકાર જાણતી હતી કે ગાયકવાડની આવકનો મોટોભાગ સૌરાષ્ટ્રમાંથી ઉઘરાવતી ખંડણીનો હતો. તેથી દર વર્ષે તે ઉઘરાવી લેવાની જરૂર પડતી ગાયકવાડની આ ખંડણીની બાકી રકમ ચડત થઈ ગઈ હતી. તે ઉઘરાવવા બ્રિટિશ સેનાની જરૂર પડી હતી. તેથી તેણે બ્રિટીશ સેના સાથે સંધિ કરીને સહાયકારી સેનાની ત્રણ પલટન રાખી હતી. અને જરૂર પડે તો એક પલટન સૌરાષ્ટ્રમાં મોકલવાનો નિર્ણય પણ કરી રાખ્યો હતો. [૨]

---

૧) નર્મદાશંકર – લાલશંકર – કાઠિયાવાડ સાર સંગ્રહ – પૃ – ૨૪૦

૨) જાની એસ. વી. નો લેખ ''સૌરાષ્ટ્રની રાજકીય પરિસ્થિતિ અને વોકર કરાર – વિદ્યાપીઠ – અમદાવાદ – ૧૯૮૬ – પૃ – ૩૮

આમ, ૧૯મી સદીના પ્રારંભે મરાઠાઓની ચડાઈઓ, સૌરાષ્ટ્રમાં રાજવીઓના પારસ્પારિક કુસંપ અને લડાઈઓ તથા સ્થાનિક રાજાઓની રાજયવિસ્તાર કરી સતામાં વૃધ્ધિ કરવાની લાલસાને પરિણામે સૌરાષ્ટ્રનો પ્રદેશ નિર્ધન, નિસ્તેજ અને નિર્બળ થઈ ગયો હતો. તે અંગે ઈ.સ. ૧૮૦૮માં કર્નલ વોકરે લખ્યું છે કે "કાઠિયાવાડ એક કાળે કોઈને પણ અદેખાઈ આવે એવી સુધરેલી અને આબાદ હાલતમાં હતો. હાલ તે અજ્ઞાન, જંગલી અને વેરાન હાલતમાં આવી પડયો છે. તે ચોર લૂંટારાઓનું રહેઠાણ થઈ પડયો છે. અને રાજયમાં કાયદો કે વ્યવસ્થાનું નામ નિશાન નથી. [૧]

## ૧૯મી સદીના પ્રારંભે સૌરાષ્ટ્ર અને અંગ્રેજો :–

૧૯મી સદીના આરંભકાળથી કાઠિયાવાડ અને ગુજરાતમાં શાંતિરૂપી ઉષાના કિરણો પ્રગટ થઈ રહયા હતા. ઈ.સ. ૧૮૦૦માં અમદાવાદ અને કાઠિયાવાડના પ્રદેશોની પેશવાની ખંડણી ઉઘરાવવાનો ઈજારો બ્રિટિશ ગેરેંટી હેઠળ વડોદરાના ગાયકવાડને મળ્યો હતો. તે ૧૮૧૪ સુધી ચાલુ રહયો. તેવામાં ૧૮૦૨માં વસઈ કરાર થતાં બ્રિટિશ સતા ગુજરાતમાં સર્વોપરી બની. તેથી હવે બ્રિટિશ કંપનીનો પગ પેસારો સૌરાષ્ટ્રમાં ગાયકવાડના સાથી મિત્ર તરીકે થયો. એ પહેલાં પણ જો કે ૧૭૬૦માં તળાજાની લડાઈ વખતે કંપનીએ સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો હતો. પરંતુ વસઈના આ કરાર પછી પેશવાના આ પ્રદેશો ઉપર કંપનીએ પોતાની હકુમત બેસાડી અને સૌરાષ્ટ્રની બાબતોમાં વિધિસર હસ્તક્ષેપ કર્યો હતો.[૨] તે સાથે અહીં નવા યુગનો ઉદય થયો.

## વોકર કરાર :–

કર્નલ વોકરને જુલાઈ ૧૮૦૨માં વડોદરાના અંગ્રેજ રેસિડેન્ટ તરીકે નીમવામાં આવ્યો. અંગ્રેજોના વિશ્વાસુ નેટિવ મદદનીશ તરીકે ગંગાધરરાવ શાસ્ત્રી કામ કરતા હતા. ૧૮૦૭માં મોરબી પાસેના ઘુંટુ ગામે કાઠિયાવાડના બધા રાજાઓ, તાલુકદારો, ઠાકોરો વગેરેને એકઠા કરી કર્નલ વોકરે એમની સાથે કાયમી જમાબંધી અને સારી વતર્ણૂકનાં કરાર કર્યા. રાજાઓના ભાયાતોને

---

૧) Rajkot District Gazetter Ahmedabad - 1965 - P - 54

૨) દેસાઈ – શં. હ. – સૌ. ઈ. – પૃ – ૭૧૨

રાજાઓથી જુદા પાડી એમની સાથે અલગ ખંડણી અંગ્રેજો લેવાના હતા. [૧] મુલકગીરી વિના સૌરાષ્ટ્રનાં રાજા અને ઠાકોરો ગાયકવાડને નિશ્ચિત ખંડણી મોકલતા રહે એવા કરાર જુદા જુદા ૧૫૩ રાજાઓ સાથે કરવામાં આવ્યા. વોકર તેમનો જામીન બન્યો. તેથી તે વોકર કરાર તરીકે પ્રસિધ્ધ થયો. પેશ્વાએ આખરે તળ ગુજરાતના પોતાના મુલકનો ઈજારો ગાયકવાડને અને સૌરાષ્ટ્રની ખંડણીનો હકક બ્રિટિશ સત્તાને આપી દીધા.

બ્રિટિશ કંપનીના કાર્યો અંગે સૌરાષ્ટ્રનાં કેટલાક તાલુકદારોમાં સારી છાપ ઉભી થઈ હતી. ઉપરાંત વડોદરાની શકિતશાળી ગણાતી ગાયકવાડ સરકારે પણ બ્રિટિશ સહાયકારી સંધિ સ્વીકારી પોતાના રાજયમાં બ્રિટિશ સેના રાખવાનું સ્વીકાર્યુ હતું પરંતુ મરાઠાઓની મુલકગીરીની ચડાઈઓથી સૌરાષ્ટ્રની પ્રજા અને કેટલાક નાના રાજયો અત્યંત ત્રાસી ગયા હતા. તેથી અશાંતિ સર્જાઈ હતી. મરાઠાઓની ચડાઈઓના ત્રાસના પ્રત્યાઘાત રૂપે સૌરાષ્ટ્રના કેટલાક તાલુકદારોએ બ્રિટિશ કંપનીને ફરિયાદ કરતા પત્રો લખ્યા હતા.

## તાલુકદારોએ વોકરને લખેલા પત્રો :–

૧૯ મી સદીના પ્રારંભ બ્રિટિશ કંપનીની વિશાળ સત્તા સામે તો પેશવા અને ગાયકવાડ પણ વધુ અસરકારક રહયા ન હતા. તેવા સમયે જુનાગઢ, ભાવનગર કે જામગનર જેવા મોટાં રાજયના રાજાઓના અન્યાયી અને સામ્રાજયવાદી કાર્યોથી સૌરાષ્ટ્રનાં કેટલાક નાના તાલુકદારો ત્રાસી ગયા હતા. તેણે વોકરને પત્ર લખી આ ત્રાસમાંથી મુકત કરવા અને કંપનીને રક્ષણ આપવા વિનંતિ કરી. આવો સૌપ્રથમ પત્ર ચિતળ, જેતપુર, મેંદરડા અને કુંડલાનાં કાઠીઓએ ૧૯ નવેમ્બર ૧૮૦૩ ના વોકરને લખ્યો. આમ અંગ્રેજોને સૌરાષ્ટ્રમાં આવવા માટેનું સૌપ્રથમ આમંત્રણ આપનાર કાઠીઓ હતા.[૨] આ પત્રમાં તેમણે જણાવેલા મુદ્દા આ પ્રમાણે હતાં.

(૧) ભાવનગરના રાજા વખતસિંહજીએ ચિતળનો તાલુકો ઉજજડ અને પાયમાલ કર્યો છે. તે તાલુકાની ફરી વ્યવસ્થા કરી ચિતળમાં કંપનીનું નિશાન ચડાવી તેનું રક્ષણ કરવું જોઈએ.

(૧) ગુ.રા. સાં. ઈ. – ભાગ – ૭ – પૃ – ૧૧૩

(૨) જાની. એસ.વી. – સૌ. ઈ. પૃ – ૯૯ – ૧૦૦

**મેંદરડા અને જેતપુરના પરગણાંમાં જુનાગઢ અને જામનગરના લોકો આવી જુલમ કરે છે. અને અસલ દસ્તૂર તથા નવી નવી રીતો દાખલ કરે છે. તેમને જુલમ કરતા અટકાવવા જોઈએ. જુની પધ્ધતિથી નકકી કરેલ રકમ આપવા કબૂલ છીએ.**

**(૨) કુંડલા, સાવર, મીતિયાળા, આસોદડ તાલુકાના ગામોમાં ભાવનગર રાજયે છ વર્ષ થયાં બળજબરીથી લશ્કરી થાણાં બેસાડયા છે. તે ઉઠાડી લેવાની જરૂર છે. તે માટે કંપનીને અર્ધી આવક આપીશું.**

**(૩) પેશવા અને ગાયકવાડનો જુલમ બંધ કરવો જોઈએ.**

**(૪) જુલમથી કબજે કરેલ અમારો પ્રદેશ અમને પાછો અપાવો.**

**(૫) જેતપુર જુનાગઢને વાજબી રકમ આપવા સંમત છે. પરંતુ ખોટી જુલમગીરીથી ઉઘરાવાતી રકમ બંધ કરાવો.**

**(૬) ભાવનગર રાજય વસ્યું ત્યારથી ચિતળ ઉપર વાર્ષિક હકક તરીકે ઘોડાવેરાની ૫૦૦૦ કોરી લેવાતી હતી. તે અમે ચિતળની લડાઈમાં તેમની સામે હાર્યા પછીથી તેમણે વધારીને ૧૨૦૦૦ માંગણી કરી છે તે બંધ કરી જુની રકમ ચાલુ રાખવી જોઈએ.**

**(૭) જામનગર રાજય જેતપુર પાસેથી કોઈ ઉઘરાણી કરતું ન હતું. તેણે પણ જેતપુર પાસેથી મશાલ ખર્ચની ૫૦૦ કોરી લીધી છે.**

---

૧) જાની એસ. વી. – સૌ. ઈ. – પૃ – ૯૯ – ૧૦૦

આમ, ભાવનગર, જામનગર અને જુનાગઢ રાજયે તેમના પર ગુજારેલા અન્યાયની વિગતો દર્શાવી. અંતે તેમણે જણાવેલું કે ''વાજબી કારણ સિવાય કોઈને અમારી ઈજજત તથા અમારા હકક ઉપર હાથ નાખવા ન દેવો. એ ઉમેદથી અમે અંગ્રેજ સરકારની મદદ માગવાને માટે લલચાયા છીએ. [૧]

કાઠીઓ ઉપરાંત જોડિયાના તાલુકેદાર ભાઈઓ સગરામભવાન અને પ્રાગજીભવાને પણ ૩૦ ડિસેમ્બર ૧૮૦૩ના વોકરને પત્ર લખીને જામનગરના જામ જશાજીના ત્રાસમાંથી છોડાવવા વિનંતી કરી હતી. તેની તેમજ મોરબીના તાલુકેદાર જાડેજા જીયોજી એ પણ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના સૌરાષ્ટ્રમાં મોકલવામાં આવેલા દૂત મૌલવી મહમદઅલી મારફત કર્નલ વોકર પાસે જામજશાજી વિરુધ્ધ મદદ માંગી હતી. ધ્રોળ, ખીરસરાએ પણ જામની સેનાએ તેમના પ્રદેશમાં ત્રાસ વર્તાવ્યો હોવાની ફરિયાદ કરતો પત્ર વોકરને લખ્યો હતો. લાઠી રાજયે પણ ૨૬–૫–૧૮૦૭ના રોજ વોકરને પત્ર લખી તેમના પ્રદેશો ઉપર કાઠી અને રજપૂતોના ત્રાસની વિગતો દર્શાવી મદદની માંગણી કરી હતી.

આમ, સૌરાષ્ટ્રમાં પેશ્વા અને ગાયકવાડની વારંવાર ખંડણી ઉઘરાવવા માટેની ચડાઈઓથી ત્રાસેલા તથા ભાવનગર, જામનગર અને જુનાગઢ જેવા સૌરાષ્ટ્રનાં મોટા રાજયોથી ભયભીત બનેલા કેટલાક નબળા રાજવીઓએ આ અન્યાયી ત્રાસદાયક પરિસ્થિતિમાંથી પોતાને ઉગારી લેવા માટે તથા તેમને કંપનીનું રક્ષણ આપવા માટે ૧૮૦૩માં વોકરને વિનંતી કરી હતી. કર્નલ વોકરે આ અંગે આવેલા બધા પત્રો મુંબઈના ગવર્નરને મોકલી આ બાબત તેમનું માર્ગદર્શન માગ્યું હતું. તેના જવાબમાં મુંબઈ સરકારના સેક્રેટરી જે. એ. ગ્રાંટે ૨૨ ફેબ્રુઆરી ૧૮૦૪ના પત્રમાં વોકરને જણાવેલું કે કાઠિયાવાઢનાં તાલુકેદારો અંગ્રેજી રાજયના અમલ હેઠળ દાખલ થવાને પોતાની મેળે અરજ કરે એ ગમે એટલું બ્રિટીશ પ્રજાની આબરૂને માન ભરેલું હોય અથવા બીજી બાબતોમાં મનગમતું હોય તો પણ તેના બધાં પાસાં તપાસી જવા સૂચવ્યું હતું. છતાં એવું જરૂર લખેલું કે બ્રિટિશ સરકારને કોઈ અડચણ વિના મુલક મળતો હોય તો તે મેળવવા ખુશી દર્શાવી હતી. ઉપરાંત

૧) એજન – પૃ – ૧૦૦

સૌરાષ્ટ્રના આ મધ્યભાગમાં આવેલી કોઈ સુરક્ષીત અને જયાં રહી ચારે તરફ સત્તા ચલાવી શકાય તેવી કોઈ જગ્યા મેળવવાની ઈચ્છા પણ દર્શાવી હતી. આમ "થોભ્મો અને રાહ જુઓ" અને સૌપ્રથમ સલામતી એ સિધ્ધાંત અનુસાર કંપની આગળ વધી રહી હતી. તેથી થોડો વિલંબ કર્યા પછી પરંતુ બધી બાબતોનો સંપૂર્ણ અભ્યાસ કરી સૌરાષ્ટ્રમાં ગાયકવાડના લશ્કરને ખંડણી ઉઘરાવવાનાં કાર્યમાં મદદ કરવાના હેતુથી બ્રિટિશ સેનાને સૌરાષ્ટ્રમાં મુંબઈ સરકારે પરવાનગી આપી હતી. આ કાર્યને તો વળી તેમની વડી સરકારે પણ મંજુરી આપી હતી. ઉપરાંત ગાયકવાડની સેના સાથે અંગ્રેજ અધિકારીઓ હોય તો બળજબરીથી થતી ખંડણી વસૂલાતની પ્રવૃતિ અંગે પણ સુધારા સુચવી શકાય. તેમ મુંબઈ સરકાર માનતી હતી. [૧]

## સૌરાષ્ટ્રમાં અંગ્રેજોના પ્રવેશનાં કારણો :–

સૌરાષ્ટ્રમાં અંગ્રેજોના પ્રવેશ માટેના મુખ્ય બે કારણો હતાં.

(૧) સૌરાષ્ટ્રનાં નાના તાલુકદારોએ સ્થાનિક મોટા તાલુકદાર તરફથી થતાં અન્યાય અને ત્રાસમાંથી બચવા માટે કરેલી બ્રિટીશ રક્ષણની વિનંતીને સ્વીકારવા માટે.

(૨) ગાયકવાડ અંગ્રેજોના મિત્ર હતા. તેથી પોતાના મિત્રને સૌરાષ્ટ્રમાં ખંડણી ઉઘરાવવાના કાર્યમાં મદદ કરવા માટે તેમણે સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો હતો. બ્રિટિશ સેનાએ ગાયકવાડની સેના સાથે રહીને ગુજરાતમાં શાંતિ સ્થાપવામાં મદદ કરી હતી. પરંતુ દર વર્ષે જયારે મરાઠાઓને સૌરાષ્ટ્રમાં ખંડણી ચૂકવવામાં આનાકાની કરાતી હતી અને તેની સેનાનો સક્રિય સામનો થતો હતો ત્યારે અંગ્રેજોને લાગ્યું કે એવા કોઈ ઉપાયની જરૂરિયાત હતી કે જેનાથી ખંડણી નિયમિત રીતે ભરાય અને રકતપાત અટકાવી શકાય. ઉપરાંત જામનગર, ભાવનગર, અને જુનાગઢ જેવા મોટા તાલુકેદારોના જુલમ સામે રક્ષણ આપવા જેતપુર, ચિતળ, મેંદરડા, કુંડલા, જોડિયા, મોરબી વગેરેના નાના તાલુકેદારોએ વિનંતિ પત્રો મોકલ્યા હતા. આ બન્ને દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખીને એવું નકકી કરાયું હતું કે કર્નલ વોકર બ્રિટિશ સેના લઈને ગાયકવાડની બાબાજી અપાજીના નેતૃત્વ હેઠળ ૧૮૦૭માં

૧) જાની એસ. વી. – ઈ.આ.સૌ. – પૃ – ૬૫

કાઠિયાવાડમાં જનારી મરાઠી સેના સાથે જાય, સૌરાષ્ટ્રના દરેક રાજયે કેટલી ખંડણી આપવી તે નકકી કરવાની તથા સૌરાષ્ટ્રના અરજદાર તાલુકેદારને કેટલી મદદ કરવી તેની સતા વોકરને આપવામાં આવી હતી.[1] ખંડણીની રકમ નકકી કરી દીધેલી હોય તો મરાઠા સેનાને સ્થાનિક સેનાનો સામનો ન કરવો પડે માટે ખંડણીની રકમ વાજબી રીતે નકકી કરવા અંગ્રેજોનું સૌરાષ્ટ્રમાં આગમન થયું હતું.

અંગ્રેજોના સૌરાષ્ટ્રમાં આગમન માટેના ઉપરોકત બે કારણો ઉપરાંત કેટલાક કારણો હતાં સૌરાષ્ટ્રના લોકોના હિતોનું રક્ષણ કરવા માટે પણ અંગ્રેજોએ સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો હતો. મરાઠા સેના સૌરાષ્ટ્રમાં આવતી ત્યારે ગામ અને ખેતરો ઉજજડ થઈ જતા વેપારને પણ નુકશાન થતું. પરિણામે સમાજના વિવિધ વર્ગો ઉપર તેની અવડી અસર પડતી ખંડણીની વાજબી રકમ નકકી થાય તો બધા તાલુકેદારો પણ તે ભરવા તૈયાર રહે. ખંડણી ઉઘરાવવા સેના મોકલવાની જરૂર જ ન રહે. એ રીતે લોકોને સલામતી મળી રહે. તેથી શાંતિ સ્થપાય અને પરિણામે પ્રજાની સમૃધ્ધિમાં વધારો થાય.

(૨) વળી અંગ્રેજોને સૌરાષ્ટ્રના સમુદ્રકાંઠે એક બંદર મેળવવાની ઈચ્છા હતી. તે મળવાની શકયતા પણ હતી. તે મળી જાય તો સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ચાંચિયાગીરીને કારણે તે પ્રદેશના વેપારને તે નુકશાન થતું હતું તે બંધ થઈ જાય અને ત્યાં પ્રર્વતતી અવ્યવસ્થા દૂર કરવામાં તેઓ સમર્થ બને એમ તેઓ માનતા હતાં.વળી ફ્રાંસના એજન્ટો દ્વારા થતાં કાવતરાં અને પ્રવૃતિઓ ઉપર આ બંદરથી સીધી દેખરેખ રાખી તેનો પ્રતિકાર કરી શકાય તેમ હતું.[૨]

(૩) ઈ.સ. ૧૮૦૩ માં પોરબંદરના રાણા સરતાનજીએ ઈરાનના દૂતની સંપતિ લૂંટી લીધી હતી. તેની ફરિયાદને કોઈ દાદ મળી ન હતી. પોરબંદર જેવડું નાનું રાજય ઈરાન જેવા મોટા અને શકિતશાળી દેશના દૂતની સંપતિ લૂંટી લે તે એક પ્રકારનું લૂંટનું કૃત્ય હતું.

---

૧) એજન પૃ – ૬૬

૨) ગુ. રા. સાં. ઈ. – ભાગ – ૭ પૃ – ૧૬૬

કોઈપણ પરદેશી દૂતને રક્ષણ મળે તે જરૂરી હતું. તેથી ભવિષ્યનમાં આવું ન બને તે માટે પગલાં લેવા જરૂરી હતાં. પોરબંદરનો યોગ્ય બોધપાઠ આપવાથી તેમ કરી શકાય તે માટે પણ અંગ્રેજોએ સૌરાષ્ટ્રમાં આગમન કરવાનો નિર્ણય કર્યો હતો.

(૪) જૂનાગઢ રાજયના નવાબે ઘઉંનો જથ્થો લઈને મુંબઈ જતા બ્રિટીશ વહાણોને લૂંટયા હતા. તથા એક મુંબઈ નિવાસીની કેટલીક સંપતિ પણ તેણે ઝુંટવી લીધી હતી. જુનાગઢ રાજયનાં આ બન્ને કાર્ય બ્રિટીશ સત્તા સામે પડકાર સમાન હતા. જુનાગઢ પાસેથી તે અંગે વળતર મેળવવાનું શકય બન્યું ન હતું. તેથી પોરબંદરની જેમ જુનાગઢ રાજયને પણ પદાર્થ પાઠ આપવાનું જરૂરી હોવાથી અંગ્રેજો સૌરાષ્ટ્રમાં આવ્યા. આમ અનેક કારણોને લીધે અંગ્રેજોએ સૌરાષ્ટ્રમાં દરમ્યાનગીરી કરી હતી.

કર્નલ વોકરે સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યા ત્યારે મરાઠા આક્રમણોના પરિણામે આ પ્રદેશ અત્યંત ઉજજડ અને વેરાન સ્થિતિમાં હતો. મોટાભાગના લોકો સતત હુમલાના ભય હેઠળ જીવતા હતા. કિલ્લેબંધ શહેરમાં સલામતી જાણી ત્યાં રહેવાનું પસંદ કરતા થયા હતા. માત્ર કંડોરણાથી રાજકોટ વચ્ચે ૩૦ શહેર કે ગામડાં ઉજજડ હતો. જે ગામ ઉજજડ ન હતા. તે ગામ લેણદારોને ઈજારે અપાયાં હતાં. તેથી તે ગામના લોકો ઈજારદારોના શોષણના શિકાર બન્યા હતા. તાલુકેદારોની આર્થિક સ્થિતિ પણ સારી ન હતી. તેથી મરાઠાઓ જયારે ખંડણીની ઉઘરાણી કરતા ત્યારે તેઓ તે આપી શકવાની સ્થિતિમાં ન હતાં. ટુંકમાં ચારેબાજુ અંધાધુંધી અને અવ્યવસ્થા પ્રર્વતતા હતાં. સંપૂર્ણ પ્રદેશમાં લૂંટ અને બેસુમાર ઘાડ થતી હતી. [૧]

૧) જાની એસ.વી. – સૌ. ઈ. – પૃ – ૧૦૩

## મરાઠા અને બ્રિટિશ સેનાનું સૌરાટ્રમાં આગમન :–

વડોદરાના ગાયકવાડની મરાઠા સેના તથા વોકરનાં નેતૃત્વ હેઠળની બ્રિટીશ સેના ૧૮૦૭માં સૌરાષ્ટ્રમાં આવી અને સૌરાષ્ટ્રના રાજવીઓ સાથે ખંડણી અંગેના કરાર કરવા માટે લગભગ ૧ વર્ષ સુધી સઘન પ્રયાસ કર્યા. અને અંતે ૧૮૦૮ના મે મહિનામાં તેમને સફળતા મળી આ સંયુકત સેનાએ કુચ કરી તે પૂર્વે ગાયકવાડના પ્રતિનિધિ તરીકે વિઠલરાવે અને બ્રિટિશ પ્રતિનિધિ તરીકે વોકરે સૌરાષ્ટ્રના રાજાઓને પત્ર લખી ઘુંટું બોલાવ્યા ઘુંટું એ સૌરાષ્ટ્રના મધ્યભાગમાં આવેલું હોવાથી ત્યાં બન્ને સેનાઓના ઘોડામાટે ઘાસચારા તથા પાણીની મૂંશ્કેલી ન હોવાથી મિલન સ્થાન તરીકે તેને પસંદ કરવામાં આવ્યું હતું.

## કર્નલ વોકરના પત્ર :–

કર્નલ વોકરે ૧૮૦૭માં સૌરાષ્ટ્રના તાલુકેદારોને મોરબી પાસે આવેલા ઘુંટું મુકામે મળવા માટેનું આમંત્રણ આપતો પત્ર લખેલો. તેમાં તેણે પારસ્પારિક સમજૂતિ થી ખંડણી નકકી કરવાના હેતુ અને ફાયદા દર્શાવતા જણાવેલું કે ''અંદરો અંદરના ટંટાફિસાદ હંમેશા દેશને નુકશાન પહોંચાડે છે તે ઉપરાંત આવા સારા પ્રાંતમાં દર વર્ષે મુલકગીરી ઉઘરાવવા સેના આવે છે તે હુમલા કરી લૂંટફાટ કરે છે. તેથી ખેડૂતોની મહેનત નકામી જાય છે. ખેતી અને વસ્તી તો રાજાની સંપતિને પ્રજાના સુખનું મુળ છે. તે આનાથી ઘટે છે. ઉપરાંત તે પત્રમાં જણાવેલુ કે 'રાજાઓ ખંડણીની રકમ આનાકાની વિના આપવી જોઈએ. તેમ થાય તો તેમનો પ્રદેશ વાર્ષિક લશ્કરના આવવાથી થતાં ત્રાસમાંથી મુકત થશે. લશ્કર આવવાથી તો પ્રજાના સુખ અને વૈભવને નુકશાન પહોંચે છે. પછીથી ચીમકી આપતાં પત્રમાં જણાવ્યુ કે 'અંગ્રજોના મિત્ર ગાયકવાડની સેના સામે થવાથી ફાયદો નથી. તેનાથી તો તમારે દંડ તરીકે વધુ રકમ આપવી પડે છે. ગાયકવાની સેના સામે નામદાર કંપનીનું વિજયી લશ્કર પણ આવી રહયુ છે. તેનો હેતુ ગાયકવાડની ખંડણી બાબત હંમેશ માટે બંને પક્ષોને પસંદ પડે તેવો ઠરાવ કરવાનો છે. તેથી દર વર્ષે આવતા લશ્કરને રોકી શકશે. લશ્કર આવે તો નુકશાન થયા વિના રહે નહિં માટે આશા છે કે ઉપરોકત ફાયદાઓને ધ્યાનમાં લઈ તેના ઉપર

વિચાર કરી ગાયકવાડની ખંડણી માટે યોગ્ય ગોઠવણ કરવા તમારા વકીલને તે અંગેના અધિકાર આપી મોકલાવશો. [૧]

વડોદરાનાં ગાયકવાડે પણ ૧૮૦૭માં આવી ગોઠવણ કરવા માટે પોતાનું તથા કંપનીનું લશ્કર ઘુંટું તરફ રવાના કર્યાની જાણ કરતા પત્ર સૌરાષ્ટ્રના તાલુકેદારોને લખ્યા હતા. તથા તેમાં દરેક તાલુકેદારને પોતાના વકીલને ત્યાં મોકલવા જણાવેલું. વોકરના ઉપરોકત પત્રનો જવાબ આપતાં ભાવનગર રાજયના તાલુકેદાર વખત સિંહજીએ ૧૮–૫–૧૮૦૭ના પત્રમાં જણાવેલુ કે 'મોરબી તાલુકાનાં ઘુંટું મુકામે ગાયકવાડ અને બ્રિટિશ ફોજ મુકામ કરશે. એ જાણી અમને ઘણો આનંદ થાય છે. કેમકે કંપની સરકાર આખી દુનિયાના કલ્યાણને ચાહે છે. અને તેમના રાજયની આબાદી માટે લોકો આર્શીવાદ દે છે. અંતે ૧૫ મે. ૧૮૦૮ના સૌરાષ્ટ્રના કુલ ૧૫૩ તાલુકેદારો સાથે ખંડણી અંગેના કરાર થયા.[૨] પેશ્વાએ આખરે પોતાના મુલકનો ઈજારો ગાયકવાડને અને સૌરાષ્ટ્રની ખંડણીનો હકક બ્રિટીશ સરકારને સોંપી દીધો. તે કરારનો સંપુટ વોકર સેટલમેન્ટ તરીકે ઓળખાય છે. આ કરારથી સૌરાષ્ટ્રમાંથી મુલકગીરી પધ્ધતિ નાબૂદ કરવામાં આવી.[૩]

બ્રિટિશ કંપની તથા ગાયકવાડ સરકાર તરફથી સૌરાષ્ટ્રના કુલ ૨૯ રાજાઓને પત્ર લખવામાં આવ્યા હતા. તે રાજયના રાજાઓનાં નામ આ પ્રમાણે છે.

---

૧) એજન પૃ – ૧૦૩ – ૧૦૪

૨) જાની એસ.વી. ઈ.આ.સૌ. પૃ – ૬૭

૩) પરીખ ર. ગો. – સૌરાષ્ટ્રમાં મરાઠી સતા 'પથિક – વર્ષ – ૧૦ અંક – ૯૯ – અમદાવાદ – પૃ – ૭૩ – ૭૪

## (૧) ઝાલાવાડ પ્રાત :–

| ક્રમ | રાજય | રાજાઓ |
|---|---|---|
| ૧. | લીંબડી | ઝાલા હરિસિંહ |
| ૨. | વઢવાણ | ઝાલા જાલમસિંહ |
| ૩. | ધાંગધ્રા | ઝાલા અમરસિંહ |
| ૪. | સાયલા | ઝાલા વિક્રમાતસિંહ |
| ૫. | ચૂડા | ઝાલા હરિસિંહ |
| ૬. | મૂળી | પરમાર ચમાજી અને રઘાજી |
| ૭. | સુદામડા | કાઠી સાર્દૂલ ખવડ |
| ૮. | ઘાઘલપર | કાઠી ગોદડ ખવડ |
| ૯. | વાંકાનેર | ઝાલા ચંદ્રસિંહ |

## (૨) ગોહિલવાડ :–

| ક્રમ | તાલુકો | તાલુકેદાર |
|---|---|---|
| ૧૦. | ભાવનગર | વખતસિંહ |
| ૧૧. | વળા | ગોહિલ મિઆભાઈ |
| ૧૨. | લાઠી | ગોહિલ ભાયાત સમસ્ત |
| ૧૩. | દેવાણી | ગિરાસિયા |

## (૩) હાલાર પ્રાત :–

| ક્રમ | તાલુકો | તાલુકેદાર |
|---|---|---|
| ૧૪. | મોરબી | જાડેજા જેહાજી |
| ૧૫. | બાલંભા જોડિયા | ખવાસ સગરામ તથા હરજી |
| ૧૬. | માળિયા | જાડેજા ડોસાજી |
| ૧૭. | ધ્રોળ | જાડેજા ભૂપતસિંહ |
| ૧૮. | ખીરસરા | જાડેજા હારીજી |
| ૧૯. | નવાનગર | જાડેજા જશાજી |
| ૨૦. | પોરબંદર | જેઠવા કુંવર હાલાજી |
| ૨૧. | બાંટવા | બાબીએદલખાન અને ગાજીખાન |
| ૨૨. | જુનાગઢ | નવાબ હામદખાન |
| ૨૩. | ગોંડલ–ધોરાજી | જાડેજા દેવાજી |
| ૨૪. | જેતપુર | કાઠી સાર્દલવાળા અને જેઠાવાળા |
| ૨૫. | રાજકોટ | જાડેજા રણમલજી |
| ૨૬. | કોટડા | જાડેજા હોથીજી |
| ૨૭. | સરધાર | જાડેજા વીરજી |
| ૨૮. | રાજપરા | જાડેજા મેરોજી |
| ૨૯. | જશદણ | કાઠી વાજસૂર |

**ઉપરોકત ૨૯ તાલુકેદારોમાંથી ૨૧ તાલુકેદારોએ ૧૮૦૭નાં મેં મહિનામાં અને છ તાલુકેદારોએ જુન મહિનામાં વોકરને પોતાના હકારાત્મક જવાબો મોકલી આપ્યા હતા.** [૧]

૧) જાની એસ.વી. – સૌ.ઈ. – પૃ – ૧૦૪ –૧૦૫

## વોકર કરારની બાબતો :–

કર્નલ વોકરની કામગીરીથી ગાયકવાડની મુલકગીરી બંધ પડી જુનાગઢની જોરતલબી અંગે પણ આ જ પધ્ધતિ સ્વીકારવામાં આવી.[૧]

આ સેંટલમેન્ટના બે પાસાં હતા. (૧) રાજકીય (૨) નાણાંકીય રાજકીય દ્રષ્ટિએ સૌરાષ્ટ્રમાં યુધ્ધો થતાં રોકવા અને શાંતિ સ્થાપવાની દિશામાં પણ પગલા ભર્યા. અને નાણાંકીય દષ્ટિએ ખંડણી દર વર્ષે વિના અવરોધ નિયમિત રીતે મળતી રહે તે માટે આમાં જોગવાઈ કરવામાં આવી હતી. તેથી આ સેટલમેન્ટ અનુસાર કરારમાં જોડાનાર દરક રાજવીને બે દસ્તાવેજો ઉપર સહી કરવાની હતી. એક રાજકીય બાબત અંગેનો અને બીજો નાણાંકીય બાબત અંગેના હતો.

'રાજકીય દસ્તાવેજ નું નામ ફેલ જામીન બોન્ડ' હતું. આ દસ્તાવેજમાં સહી કરનાર રાજવીએ બ્રિટિશ સરકાર, પેશવા અને ગાયકવાડના પ્રદેશોનાં રક્ષણની તથા શાંતિ જાળવવાની બાંહેધરી આપવાની હતી. આ કરારમાં વેપારીઓને અને પ્રવાસીઓને પોતાના પ્રદેશમાં રક્ષણ આપવાનું પણ રાજવીએ સ્વીકારવાનું હતું. વળી આ કરારના પાલનની ખાતરી માટેના જામીન પણ સહી કરનાર રાજવીએ આપવાનાં હતા. તે જામીન પણ તેના પાડોશી રાજયના રાજવીના જ હોવા જોઈએ. એવું નકકી કરવામાં આવ્યું હતું. આમ દરેક રાજવીએ સહી કરીને આ પ્રદેશની શાંતિ માટેની ખાતરી આપી તથા તેના પાડોશી રાજા પણ શાંતિનું પાલન કરશે. તેવી બાંયધરી આપી. આમ આ કરારથી સૌરાષ્ટ્રના રાજવીઓને પારસ્પારિક જવાબદારીની સાંકળમાં ગૂંથી લેવામાં આવ્યા. એ રીતે આ રાજકીય દસ્તાવેજથી સૌરાષ્ટ્રમાં શાંતિ સ્થાપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. હતો. [૨]

---

૧) વ્યાસ રશ્મિ ટી. ઉપર્યુકત – પૃ – ૧૪

૨) જાની. એસ.વી. – ઈ. આ. સૌ. – પૃ – ૬૮

નાણાંકીય દસ્તાવેજ ખંડણી અંગેનો હતો. તેમાં સહી કરનાર રાજવીએ સ્વીકારેલું કે ૧૮૦૭માં નકકી કરવામાં આવેલી ખંડણી તે અને તેના વંશવારસો દરવર્ષે વડોદરા રાજયને આપશે. તે ભરવાની ખાતરી માટે તેણે પોતાના તરફથી જામીન પણ આપવાના હતા. આ બે દસ્તાવેજમાં સહી કરનાર રાજવીએ પણ પોતાના પક્ષે પ્રતિ સલામતીની માંગણી કરી હતી. તેથી ગાયકવાડે પોતાના તરફથી એક એક બાંયધરી ખત આવા દરેક રાજવીને આપ્યું હતું. જેમાં ગાયકવાડ સરકારે ખાતરી આપેલી કે નકકી થયેલી ખંડણીની રકમ કરતાં વધુ રકમ તે લેશે નહિ. ગાયકવાડ સરકારની આ ખાતરીના જામીન તરીકે બ્રિટિશ સરકારના પ્રતિનિધિ તરીકેના કર્નલ વોકરે સહી કરી હતી. મુકરર કરેલી ખંડણી દર વર્ષે ભરી દેવાનો રાજવીએ કરી આપેલ લેખ જેમ હંમેશને માટે હતો. તેમ બ્રિટિશ સરકારની જામીનગીરી પણ હંમેશને માટે હતી. પરંતુ સલામતીની બાંયધરી દર વર્ષે તાજી કરાવવાની હતી.

## વોકર કરારનું મહત્વ :– અસરો :–

આમ વોકર સેટલમેંટ રાજકીય તેમજ નાણાકીય બંને દષ્ટિએ મહત્વનું હતું. રાજકીય દષ્ટિએ આ કરારને પરિણામે સૌરાષ્ટ્રના રાજયોના પારસ્પારિક યુધ્ધો બંધ થયા. તથા ગાયકવાડની મુલકગીરી સવારીઓ આવવાના ભયનો અંત આવ્યો. નાણાંકીય દષ્ટિએ ગાયકવાડને વિના વિરોધ નિયમિત ખંડણી મળવાની ખાતરી મળી તેથી તેને લશ્કરી કૂંચના ખર્ચમાંથી રાહત મળી ઉપરાંત તેના પરિણામે સર્જાતી તેમના પ્રત્યેની સૌરાષ્ટ્રની રાજા તથા પ્રજાની નારાજગીનો અંત આવ્યો. સૌરાષ્ટ્રના રાજવીઓનો પણ નકકી કરેલી ખંડણી આપ્યા પછી તેમના રાજયો ઉપરનો ચડાઈનો ભય દૂર થયો. તેથી રાજયોને સલામતી મળતા શાંતિનું વાતાવરણ સ્થપાયું. અને પરિણામે જે તે રાજયોને વિકાસ કરવાની તક મળી આવી રીતે વોકર કરાર દ્વારા થયેલ સમાધાનથી સૌરાષ્ટ્રમાં અવ્યવસ્થા દૂર થઈ. શાંતિ સ્થપાઈ અને સૌરાષ્ટ્રમાં વિકાસ તથા પ્રગતિ માટેની પૂર્વભૂમિકા રચાઈ.

આમ, ૧૯ મી સદીના ઉષાકાળે ઈ.સ. ૧૮૦૭–૦૮માં વોકર કરાર થયા. સૌરાષ્ટ્રમાં ત્રાસદાયક મુલકગીરી ચડાઈઓનો તથા મુઘલોના પતનથી દ્વીપકલ્પમાં મહદઅંશે સામાન્ય બની ગયેલી આંતરિક અશાંતિનો સંપૂર્ણ અંત આવ્યો. [૧] પરિણામે સૌરાષ્ટ્રમાં સામાન્ય શાંતી અને વ્યવસ્થા સ્થપાયાં. વોકર કરાર પછી ખંડણી ઉઘરાવવાનું કાર્ય બ્રિટિશ કંપની મારફત શરૂ થવાથી સૌરાષ્ટ્રની યુધ્ધથી ત્રાસી ગયેલી પ્રજા તથા નવાબ અને મરાઠી સતાઓના શોષણમાં તારાજ થયેલા રાજાઓ અને તાલુકેદારોએ રાહત અનુભવી. કંપનીના ન્યાય અને શાંતિ માટેના પ્રયાસો થી સૌરાષ્ટ્રના રાજાઓ તથા પ્રજાના કંપની પ્રત્યે માન અને ચાહ વધ્યા.[૨]

વોકર કરારને પરિણામે સૌરાષ્ટ્રના તાલુકદારો અને તેમની પ્રજા મુલકગીરીની ચડાઈઓ અને આંતર રાજય યુધ્ધોમાંથી મુકત થયા. અને તેમને લાંબાગાળાની શાંતિપૂર્વક પ્રગતિની ખાતરી મળી. આમ, વર્ષોથી સૌરાષ્ટ્રમાં પ્રવર્તતી અશાંતિનો અંત આવ્યો. આમ વોકર કરારનો સમયથી સૌરાષ્ટ્રમાં શાંતિ અને વ્યવસ્થાના યુગના પ્રથમ કિરણ સૌરાષ્ટ્રની ધરતી ઉપર પડયા અને ૧૮૨૦–૨૨માં રાજકોટમાં બ્રિટિશ કોઠી સ્થપાતાં સૌરાષ્ટ્રમાં સુખ શાંતિ અને સમૃધ્ધિની ઉષા પ્રગટી.

---

૧) જાની. એસ. વી. ઈ. આ. સૌ. – પૃ – ૬૯

૨) દેસાઈ – શં.હ. – સૌ. ઈ. – પૃ – ૭૧૩

## ઉપસંહાર :

આમ આ પરદેશી સત્તાની હિંદુસ્તાનમાં સ્થાપના એક બૌધપ્રદ ઈતિહાસ છે. યુરોપીય પ્રજાઓમાં પોર્ટુગીઝ લોકોએ હિન્દુસ્તાનમાં પ્રવેશવાની, વેપારની વૃધ્ધિ કરવાની અને સંસ્થાનો સ્થાપવાની પહેલ કરી. ડચ પ્રજા તેને અનુસરી, ફ્રેંચ પ્રજા આવી તેણે હિંદુસ્તાનમાં ફ્રેંચ મહારાજય સ્થાપવાના સ્વપ્ન સેવ્યા. તે જ સમયમાં વેપારી અંગ્રેજ પ્રજાએ પણ વેપાર કરતા કોઠીઓ સ્થાપી થોડો થોડો મુલક લેવા માંડયો અને હિંદુસ્તાનમાં નબળી પડતી મોગલ સત્તા, વધતી જતી મરાઠા સતા અને દબાઈ પડતી મોગલ સત્તાઓના પરસ્પરના કલહોમાં ઈશ્વરે જેને મદદ કરી તેવી અંગ્રેજ પ્રજાએ કિનારાના બંદરો લેવા માંડયા ગુજરાતમાં એક બાજુ પેશ્વા અને ગાયકવાડનો સંયુકત કારભાર અને બીજી બાજુ અંગ્રેજોનો અમલ ચાલતો થયો.

ઈ.સ. ૧૮૧૮માં પેશ્વા બાજીરાવ બીજાના નામોશી ભરેલા પરાજય પછી હિંદુસ્તાનમાં અંગ્રેજોનું સર્વોપરી પદ સ્થાપિત થયું બાજીરાવ પેશ્વાને પદભ્રષ્ટ કરી પેશ્વાઈ મુલક ખાલસા કર્યા તે સાથે જ ગુજરાત અને સૌરાષ્ટ્રમાંના પેશ્વાના હકકો અંગ્રેજ સરકારને વિજેતા રાજયકર્તાના દરજજે પ્રાપ્ત થયા.

અંગ્રેજોએ ભારતની રાજકીય પરિસ્થિતિનો પૂરેપુરો લાભ ઉઠાવ્યો અને પોતાના લાભમાં ભારતને રાજકીય ક્ષેત્રે પરાધીન અને આર્થિક ક્ષેત્રે પાયમાલ કરી નાખ્યો. ગુજરાત ઉપર સાર્વભૌમત્વ સ્થપાયા પછી અંગ્રેજોએ ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં અલગ અલગ વહીવટી વ્યવસ્થા સ્થાપી તેના ઉપર સીધો અને કડક અંકુશ રહે તે માટે પ્રયત્નો કર્યા. ૧૮૨૦માં રાજકોટમાં કાઠિયાવાડ એજન્સીની સ્થાપના કરવામાં આવી. જેણે કાઠિઆવાડના રાજયો ઉપર દેખરેખ રાખવાની હતી. ૧૮૦૭ ના કર્નલ વોકરના કરારના સુફળ અંગ્રેજોને મળ્યા. બ્રિટિશ એજન્સીએ સૌરાષ્ટ્રમાં સુલેહ શાંતિ જાળવવામાં, વિદ્રોહ શમાવી દેવામાં તથા પરસ્પરના ઝગડા પતાવી દેવામાં ખૂબ જાગૃતિ દાખવી હતી. ૧૮૨૦ માં સૌરાષ્ટ્રમાં અંગ્રેજ સત્તાના આગમન સાથે નવા યુગના મંડાણ થયા.

# પ્રકરણ – ૪

## સૌરાષ્ટ્રના રજવાડાંઓનો વહીવટ અને અંગ્રેજ સત્તાના આગમન થી થયેલ પરિવર્તન

(૧) પ્રાસ્તાવિક

(૨) વહીવટનું સ્વરૂપ

(૩) સૌરાષ્ટ્રમાં બ્રિટીશ પોલિટિકલ એજન્સી સ્થાપના અને દેશી રાજયોનું વર્ગીકરણ

(૪) રાજયોનું વર્ગીકરણ

કર્નલ કીટીંગે કરેલ રાજયનું વર્ગીકરણ

(૫) બ્રિટિશ વહીવટ હેઠળ ન્યાયતંત્ર

(૬) એજન્સીનું દેશી રાજયો પ્રત્યેનું વલણ

(૭) બ્રિટીશ એજન્સીના વહીવટી ફેરફારો

(૮) પોલિટિકલ એજન્સી પ્રવૃતિઓ

(૯) સુધારાઓને ઉતેજન

(૧૦) પ્રજા કલ્યાણની પ્રવૃતિ

(૧૧) ઉપસંહાર

# પ્રકરણ – ૪

## સૌરાષ્ટ્રનાં રજવાડાંઓના વહીવટ અને અંગ્રેજ સતાના આગમનથી થયેલ પરિવર્તન

### પ્રાસ્તાવિક :

સૌરાષ્ટ્રના રાજકીય ઈતિહાસમાં બાહય આક્રમણો અને આંતરિક કુસંપને કારણે સ્થાનિક વહીવટને નામે લગભગ શૂન્ય હતું. મૌર્યો, ગુપ્તો, સોલંકીઓ, મુસ્લિમ શાસકો અને મરાઠાઓના આધિપત્ય નીચે આવતા રહેલા અહીંના નાનાં–મોટાં રજવાડાઓ ખંડણી ભરીને અસ્તિત્વ ટકાવી રાખવાની મહેસૂલને વેરા ઉઘરાવી રાજય કરવાની અને અંદરો અંદર લડવાની પ્રવૃતિમાં પડેલા હતા. અહીંના રાજાઓ માંથી ભાગ્યે જ કોઈ લખવા–વાંચવાનું જાણતા હતા. સૌરાષ્ટ્ર બહારની દૂનિયા સાથે તેમનો બહુ ઓછો નાતો હતો.

રાજાઓ રાજયવિસ્તાર શકય તેટલો કરવાનું પોતાનું કર્તવ્ય માનતા. જો કોઈ રાજા નિર્બળ હોય તો પડોશી રાજા તેના પ્રદેશને હડપવાની કોશિશ કરે. રજપૂતો ભૂમિ પરના આધિત્ય માટે લડયા કરતા બે બળિયા હોય તો આખરે જે હારે તેણે શરતો સ્વીકારવી પડતી અને માગે તેટલી ઉપજની જમીન આપીને સમાધાન સ્વીકારતું. તેમાં ખેડૂત સૌથી ઓછો સુરક્ષિત હતો.[૧]

---

1) Howard Spodek "urban - Rural integration in Regional Development" - A case study of saurashtra - India - 1800 - 1960 university of chicago 1976 - p - 4.

રાજધાનીમાં ગઢ (કિલ્લો) બંધાવીને રહેતા. તેમના ભાયાતો નાના કેન્દ્રો કે ગામોમાં રહેતા. તેઓ મહેસુલ ઉઘરાવતા. તેઓ સ્થાનિક ગામડામાં વસતી પ્રજા અને શાસક વચ્ચેની કડી હતા. ૧૮મી સદીના અંત સમયે સૌરાષ્ટ્ર મહદઅંશે બાહય સત્તાના અંકુશથી મુકત હતું. આંતરિક રીતે મોટી સંખ્યામાં સ્થાનિક લડાયક શાસકોની લડાઈઓથી ઘેરાયેલું હતું. સ્થાનિક શાસકોને બાહય સતાના અંકુશનો અથવા તો કમસેકમ ખંડણી ભરવાનો ભય રહેતો. સૌરાષ્ટ્ર ભારતના મેદાની ભુભાગના કેન્દ્રથી દૂરનો અલગ પડતો પ્રદેશ હોવાથી ભારત વ્યાપી બળવાન સતા કેન્દ્રમાં આવે તો જ તેના લશ્કરો આ પ્રદેશ મેળવતા જેમકે ઈ.સ. ૧૫૯૧–૯૨માં અકબરે સૌરાષ્ટ્ર જીત્યું હતું નહિતો નજીકની બાહય સત્તાનું જેમકે ગુજરાતમાં સુલતાનોનું આધિપત્ય હતું. અંગ્રજોના આગમન સમયે નજીકની બળવાન સતા મરાઠાઓની હતી. તેઓ ખંડણી ઉઘરાવવા માટે પૂરા સક્ષમ હતાં. પરંતુ તેમણે અહીં કોઈ વહીવટી માળખું ઉભું કર્યું નહી.

ટૂંકમાં સતત બાહય અને આંતરિક લડાઈઓ, અને 'મારે તેની તલવાર' ના આ યુગમાં વહીવટી તંત્રની કોઈ પરિપાટી ઉભી થઈ નહીં. બળવાન રાજાઓ યુધ્ધ કરી થોડો ઘણો પ્રદેશ જીતતા અને નિર્બળ રાજાઓ ગુમાવતા રાજાઓ ખુશામત ખોરો અને વ્યસનો વચ્ચે આયુષ્ય પુરૂ કરતા રાજાઓ વચ્ચેની રાજકીય અને મહેસુલી સમતુલા જટિલ હતી. અધિકારી ક્ષેત્રોના સંઘર્ષો, આપખુદ ન્યાય પધ્ધતિ, નબળું શાસન અને સંદિગ્ઘ સરહદો – એ બધું શાંતિની સ્થાપના ને નિરુત્સાહ કરનારું હતું.[૧]

પશુધન ચોરી જવું, ધાડ પાડવી, યાત્રાળુઓને લૂંટવા વગેરે ઘટનાઓ સામાન્ય હતી. શાસકોથી થતાં અન્યાય સામે બહારવટું થતું ઘણીવખત બહારવટું કરનારા ગાદી ખોઈ બેઠેલા શાસકો પણ હતાં જેમને ભટકતું જીવન જીવવાની ફરજ પડી હોય. ઘણી વખત મોટા પુત્રની સરખામણીમાં નાના પુત્રને અન્યાય થતો ત્યારે તે બહારવટું કરતા સમાધાન રૂપે સરહદનો વિસ્તાર કાઢી આપવામાં આવતો આવા સરહદી શાસકો મોટા રાજયો સામે રક્ષણ પણ કરતાં અને કયારેક સમાધાનથી જોડાતા આમ રાજકીય એકતાનો–એકવાકયતાનો સંપૂર્ણ અભાવ હતો. જે કંઈ ન્યાય

1) Ibid - P - 7 - 8

હતો તે ડાકુઓનો હતો. શાસન અંગે વિરોધની પધ્ધતિ પૂર્વગ્રહિત ધૂની હતી. પરિણામે આ પ્રદેશ અશાંત હતો.

સૌરાષ્ટ્રનાં આવા રજવાડાંઓ ભૌગોલિક રીતે એક બીજા સાથે જોડાયેલાં હતાં. પ્રજા પણ ભાષા, રિતરિવાજ કે માળખાગત જ્ઞાતિની દ્રષ્ટિએ બધામાં સમાન હતી. વફાદારી પૂર્વજોની જમીન કે ચાલુ શાસક પ્રત્યે વધુ જોવા મળતી, નહીં પૂર્વજોની જમીન કે ચાલુ શાસક પ્રત્યે વધુ જોવા મળતી, નહીં કે 'રાજય' પ્રત્યે પ્રતિબંધિત લગ્ન અને કૌટુંબિક સંબંધોને વળગી રહેવાની રીતે રજપૂતોને નોકરશાહી રાજય સ્થાપતા રોકયા. તને બદલે તેમને માત્ર જમીન પર અધિકાર કે અંકુશ રાખ્યો તેમ ફોકસ નોંધે છે. [૧]

## વહીવટનું સ્વરૂપ :

સૌરાષ્ટ્રમાં નાનાં મોટાં રાજાશાહી રાજયો હતાં. જે લશ્કરી ક્ષમતા મુજબ આધિપત્ય ભોગવતા હતાં. તેમનામાં પરંપરાગત ક્ષત્રિય ધર્મની ભાવના રહેતી. પ્રજાનું રક્ષણ અને હિત રાજાનો ધર્મ ગણાતો. ગૌ બ્રાહમણ પ્રતિપાળનું બિરુદ સામાન્ય હતું. પરંતુ વહીવટની નિશ્ચિત પરિપાટીનો અભાવ હતો. રાજા સાથે સંકળાયેલા લોકો વહીવટકર્તા કે સલાહકારો હતા. દીવાન કે કારભારી વહીવટમાં ચાવીરૂપ અંગ હતો. તેનું મુખ્યકાર્ય મહેસુલ ઉઘરાવવાનું હતું. મહેસુલી પધ્ધતિ જટિલ હતી અને દરેક રાજય કે ગામમાં કર પધ્ધતિ અલગ – અલગ હતી. મોટાં રાજયોમાં દીવાનો મહદઅંશે નાગર કે વાણિયા હતા. જેમકે ભાવનગર જુનાગઢ રાજયમાં મુખ્યત્વે નાગર દીવાનની પરંપરા ચાલી હતી. તો પોરબંદરમાં વણિક દીવાનોએ મુખ્ય કામગીરી બજાવી હતી. કયારેક અન્ય જેમકે મુસ્લિમ, પારસી, લોહાણા, રજપૂત દરબારી અને ખવાસ પણ મુખ્ય દીવાન બન્યાના દષ્ટાંતો છે.

1) Ibid - P - 11

સૌરાષ્ટ્રનાં રાજયોમાં રાજા પછીનું સ્થાન દીવાનનું હતું. રાજયનો અધિપતિ રાજા હતો. પરંતુ વહીવટી તંત્રની ધરી દીવાન હતો. રાજા શકિતશાળી અને કાબેલ હોય તો દીવાનનું સ્થાન ગૌણ બની જતું. પરંતુ જો તેમ ન હોય તો દીવાન જ રાજયમાં સર્વ કર્તા બની જતો. તેનું દષ્ટાંત જામનગરનો દીવાન મેરુખવાસ છે.

દીવાન તમામ પ્રકારની વહીવટી કામગીરી બજાવતા. સમગ્ર મહેસૂલી તંત્ર તેમનાં નિયંત્રણ નીચે હતું. તેમના આદેશથી બધો વહીવટ ચાલતો. તે સાથે દીવાનો લશ્કરી વ્યવસ્થાની જવાબદારી પણ સંભાળતા અને સમય આવ્યે શસ્ત્ર સજજ થઈ લડવા જતા કે મહેસુલ ઉઘરાવવા લશ્કરી પગલાં લેતા—આમાં શકિતશાળી દીવાન ઘણી વખત ખટપટનો ભોગ બની પ્રાણ પણ ગુમાવતા. રાજા અને દીવાન આસપાસના લોકો ભારે ખટપટ કરતા.

દીવાનો કઈ રીતે વહીવટ કરતા કે કેવો વિભાગીય વહીવટ હતો તેની લિખિત ચોકકસ માહિતી મળતી નથી. મોટેભાગે મહેસૂલ ઉઘરાવવું, રાજયનું આર્થિક તંત્ર જાળવવું, રક્ષણ કરવું વગેરે તેની મુખ્ય કાર્યવાહી હતી. નાના કેન્દ્રોમાં ગરાસિયા, તાલુકદારો અને તેના કારભારીઓ રહેતા. સૌરાષ્ટ્રમાં નાનાં મોટા ૨૨૨ રજાવાડાંઓ હતાં. તેથી તેને આધારે રાજદ્વારી લોકોનો વર્ગ પણ ઉભો થયો હતો. જે મૃત્સદી અને વહીવટી સૂઝ ધરાવનારો હતો. પરંતુ અશાંત અને અરાજકતાભરી પરિસ્થિતિમાં વહીવટનું નિશ્ચિત માળખું કે પરિવાટી ઉભાં થયાં નહીં. બ્રિટિશ સત્તાના આગમન પછી જ લિખિત ધોરણો અને દસ્તાવેજોની શરૂઆત થઈ.

સૌરાષ્ટ્રમાં ૧૮૦૭માં કર્નલ વોકરે દેશી રાજયો સાથે કરાર કરતાં જાણે કે નવાયુગની શરૂઆત થઈ. આ કરાર દર્શાવે છે કે અવ્યવસ્થાના યુગનો અંત નજીક છે. ૧૮૨૨માં આ કરાર કાયમી કરી બ્રિટિશ સતાએ કાઠિયાવાડમાં સર્વોપરી સ્થાન મેળવ્યું હતું. ૧૮૨૨માં તેણે રાજકોટ રાજય પાસેથી ૬૩૮ એકર જમીન ખરીદી રાજકોટમાં બ્રિટિશ એજન્સીની સ્થાપના કરી. ત્યારથી

૧૯૪૭ સુધીના સવાસો વર્ષ દરમ્યાન સૌરાષ્ટ્રમાં શાંતિ રહી. તેથી એમ કહી શકાય કે ૧૮૨૨ થી સૌરાષ્ટ્રમાં રાજકીય સ્થિરતાનો યુગ શરૂ થયો.

ભારતમાં કુલ ૫૬૨ દેશી રાજયો હતા. તેમાંથી ૨૨૨ તો સૌરાષ્ટ્રમાં જ હતા.[૧] કર્નલ વોકર ૧૮૦૯ સુધી સૌરાષ્ટ્રમાં રહયો હતો. સૌરાષ્ટ્રમાં ૧૯મી સદીના પ્રારંભે ગાયકવાડની પ્રદેશ વિસ્તારની પ્રવૃતિ થઈ હતી. ગાયકવાડના સેનાપતિ વિઠલરાવ દેવાજીએ તેમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. તેણે દામનગર, કોડીનાર, શિયાનગર, ભીમકટ્ટા વગેરે ગામો પોતાના કબ્જામાં લીધા. વોકરે વિઠલરાવને સૌરાષ્ટ્રમાં સાચી સત્તા આપી હતી. વોકરે તેને હિસાબો ફરીથી સુધારવાની નવા અને કુશળ વહીવટકર્તા અમલદારો નીમવાની સૂચના આપી.

વોકર વડોદરામાં રેસિડેન્ટ તરીકે ૧૧–૭–૧૮૦૨ થી ૧૧–૧–૧૮૦૯ સુધી રહયો હતો. આમ કર્નલ વોકરે લગભગ ૭ વર્ષ સુધી વડોદરામાં રહી રેસિડેન્ટ તરીકે મહત્વની કામગીરી બજાવી હતી. કર્નલ વોકરની વિદાય પછી છેક ૧૮૨૦ સુધી સૌરાષ્ટ્રનું નિયંત્રણ ગાયકવાડના સેનાપતિ વિઠલરાવ દેવાજી હસ્તક હતું. તેને સૌરાષ્ટ્રનો સરસૂબો નીમવામાં આવ્યો હતો. તે સૌરાષ્ટ્રમાં ગાયકવાડનાં કબ્જા હેઠળના પ્રદેશ વહીવટ ચલાવતો હતો.

સૌરાષ્ટ્રમાં ગાયકવાડ પ્રદેશની રાજધાની નું શહેર અમરેલી હતું. ગાયકવાડનાં સૌરાષ્ટ્રનાં પ્રતિનિધિની મુખ્ય ફરજો આ પ્રમાણે હતી.

(૧) પેશવા અને ગાયકવાડની ખંડણી ઉઘરાવવી.

(૨) ગાયકવાડની સેનાની મદદ થી સૌરાષ્ટ્રમાં શાંતિની જાળવણી કરવી.

(૩) સૌરાષ્ટ્રમાં રાજવીઓના વારસા અંગેના વિવાદોના અંત લાવવો.

(૪) વિદ્રોહ કરનારાઓને સજા કરવી.[૨]

---

૧) જાની, એસ. વી. ઈ. આ. સૌ. – પ્ર – ૧૧૬

૨) જાની એસ.વી. – સૌ. ઈ. – પૃ – ૧૦૯

૧૮૦૭ થી ૧૮૨૦ ના સમય દરમ્યાન સૌરાષ્ટ્રનાં પોરબંદર, જામનગર જુનાગઢ કે ભાવનગર જેવા મોટા રાજયોના મામલાઓમાં ગાયકવાડ અને બ્રિટિશ સતાની દરમ્યાનગીરી રહી હતી. અને તે બન્ને ના સંયુકત લશ્કરોની મદદ હોય તો જ તેઓ સત્તા ટકાવી શકે તેવી સ્થિતિ સર્જાઈ હતી. તેઓને પોતાના શત્રુઓને પોતાના પ્રદેશમાંથી હટાવવા આ સંયુકત સેનાની મદદ લેવી પડતી હતી. તેથી ગાયકવાડ અને બ્રિટિશસત્તા સૌરાષ્ટ્રમાં ખૂબ પ્રભાવક બની ગઈ હતી. તેનો વિરોધ કરનારના પ્રદેશ અને સત્તા ઝૂંટવાઈ જાય તેની પૂરી શકયતા હતી.

## સૌરાષ્ટ્રમાં બ્રિટિશ પોલિટિકલ એજન્સીની સ્થાપના, અને દેશી રાજયોનું વર્ગીકરણ

ઈ.સ. ૧૮૨૦માં સૌરાષ્ટ્રમાં ગાયકવાડ સરકાર જે સત્તા ભોગવતી હતી તે બ્રિટિશ સરકારના હાથમાં આવી તેથી બ્રિટિશ સરકારે સૌરાષ્ટ્રના કામકાજ ઉપર દેખરેખ રાખવા માટે રાજકોટમાં બ્રિટિશ એજન્સીની સ્થાપના કરી.

સૌરાષ્ટ્રમાંના મુખ્ય બ્રિટિશ હાકેમને પ્રથમ પોલિટિકલ એજન્ટ એવું નામ આપવામાં આવ્યું હતું. અને તેના હાથ નીચે આસીસ્ટન્ટ પોલિટિકલ એજન્ટો મુકવામાં આવ્યા હતા. [૧] રાજકોટમાં બ્રિટિશ એજન્સીની સ્થાપના બાદ પ્રથમ પોલિટિકલ એજન્ટ તરીકે કેપ્ટન આર. બાર્નવેલ (ઈ.સ. ૧૮૨૦ – ૧૮૨૬) ની નિમણૂંક કરવામાં આવી. બ્રિટિશ સરકારે ૧૮૨૦માં રાજકોટમાં કોઠી સ્થાપી પરંતુ તેનો બધો વહીવટ ઈ.સ. ૧૮૨૨માં પોતાના હાથમાં લીધો હતો. આમ કર્નલ વોકરનાં કરારના સુફળ અંગ્રેજોને મળ્યાં પછીથી બ્રિટિશ એજન્સીએ સૌરાષ્ટ્રમાં સુલેહ શાંતિ જાળવવા, વિદ્રોહો શમાવી દેવામાં તથા પરસ્પરના ઝઘડા પતાવી દેવામાં ખૂબ જાગૃતિ દાખવી હતી.

---

૧) મહેતા ગોરધનદાસ – સૌ.ઈ. – દર્શન ૧(૮૩૭ પ્રથમ આવૃતિ – પૃ – ૪૦

સૌરાષ્ટ્રમાં ગાયકવાડની સતા હેઠળના અમરેલી પરગણા, પોર્ટુગીઝોના કબજા હેઠળના દીવ તથા સીદીઓના કબજા હેઠળના જાફરાબાદને બાદ કરતાં બ્રિટિશ પોલિટિકલ એજન્સીની સત્તા હેઠળના પ્રદેશનું ક્ષેત્રફળ ૫૪૦૩૮ ચો. કિ.મી. વસતી ૨૧.૮૦ લાખ, વાર્ષિક આવક રૂ. ૧૪૮,૮૭.૦૦ હતી. અને તેમાં કુલ ૪૩૬૯ ગામડાં હતા.[૧]

બ્રિટિશ પોલિટિકલ એજન્સી હેઠળના કાઠિયાવાળના પ્રદેશના તે સમયે દસ પરગણાં કે વિભાગ હતા. તે આ પ્રમાણે હતા. ઝાલાવાડ મચ્છુકાંઠો, હાલાર ઓખામંડળ બરડા, સોરઠ, બાબરિયાવાડ, ગોહિલવાડ. ઉડ સરવૈયા અને કાઠિયાવાડ–[૨] (મધ્ય સૌરાષ્ટ્ર) (પ્રથમ પ્રકરણમાં વિગત આપેલ છે.)

આ દસ પ્રાંતોમાં આવેલા પ્રદેશના ત્રણ વર્ગ પાડી શકાય. (૧) અમદાવાદ જિલ્લાના તાબાનો વિસ્તાર (૨) સ્વતંત્ર રાજયોનો એટલે ફિરંગી તથા ગાયકવાડ સરકારનો વિસ્તાર. (૩) કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટના વહીવટ તળેનો વિસ્તાર જેમાં રાજા, ઠાકોર અને ગરાસિયાના મળી ૧૯૩ સંસ્થાનો હતા.[૩] તેમાં વિસ્તારની દષ્ટિએ સૌથી મોટું રાજય જામનગરનું ૯૮૧૧ કિ.મી. ક્ષેત્રફળવાળું હતું. અને સૌથી વધુ આવક ધરાવતું (વાર્ષિક ૩૦ લાખ રૂ.) જૂનાગઢનું રાજય હતું. ઉપરાંત એક કે બે ચો.કિ.ના વિસ્તાર ધરાવતાં રાજયો પણ હતાં.

---

૧) જાની એસ. વી. સૌ. ઈ. પૃ – ૧૧૪

૨) સંપાદક ખાચર પ્રદ્યુમ્ન (વોટસન કૃત) કાઠિયાવાડ સર્વસંગ્રહ – પૃ – ૨.

૩) એજન– પૃ –૪

હાલ કાઠિયાવાડના આ પ્રદેશોની વ્યવસ્થા માટે અંગ્રેજોએ કાઠિયાવાડ એજન્સીની સ્થાપના કરી હતી. વહીવટની દષ્ટિએ તેનો મુંબઈ ઈલાકામાં સમાવેશ કરાયો હતો. આવડા વિશાળ પ્રદેશનો વહીવટ યોગ્ય રીતે કરવા માટે તેના ચાર પ્રાંત પાડવામાં આવ્યા હતા. ઝાલાવડ. હાલાર સોરઠ અને ગોહિલવાડ આ પ્રાંતોના વહીવટ ઉપર દેખરેખ રાખવા માટે દરેક પ્રાંતમાં એક આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટ નીમવામાં આવ્યો હતો. તે દરેક પ્રાંત વહીવટ પોલિટિકલ એજન્ટની સલાહ અને માર્ગદર્શન હેઠળ ચલાવતો હતો. આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટના વડા મથકો સિવિલ સ્ટેશન તરીકે ઓળખાતા હતા. ઝાલાવાડનું સિવિલ સ્ટેશન વઢવાણમાં, હાલારનું રાજકોટમાં, સોરઠનું માણેકવાડા અને પછીથી જેતલસરમાં અને ગોહિલવાડનું સોનગઢમાં હતું.[૧]

વિસ્તાર, વસતી અને આવકની દષ્ટિએ સૌરાષ્ટ્રનાં રાજયોની વચ્ચે ઘણો તફાવત હતો. ૧૮૨૦માં એજન્સીની સ્થાપના પછી બ્રિટિશ સરકારે મોટા રાજયોને અન્યોથી જુદા પાડી કેટલાંક મોટા રાજયોના રાજવીઓને તોપોની સલામી આપી સન્માન આપવાની પ્રથા શરૂ કરી હતી. તેથી તે રાજયો પોતાને બીજા કરતાં ચડિયાતા ગણવા લાગ્યાં હતાં. આવાં રાજયો સલામીવાળાં રાજયો કહેવાતા અન્ય બિનસલામી રાજયો કહેવાતાં. સૌરાષ્ટ્રમાં કુલ ૧૪ રાજયો સલામીવાળાં હતા. જે આ પ્રમાણે હતા. જૂનાગઢ, જામનગર, ભાવનગર, ધ્રાંગધ્રા, મોરબી, ગોંડલ, પોરબંદર, જાફરાબાદ, રાજકોટ, વાંકાનેર, લીંબડી, વઢવાણ, ધ્રોળ અને પાલિતાણાં. આ મોટાં રાજયોની વફાદારી અને અન્ય બાબતોને ધ્યાનમાં લઈ તેમના રાજવીને ૯ થી ૧૫ તોપોની સલામી આપવામાં આવતી હતી. તોપોની વધુ સંખ્યાની સલામીને રાજવી પોતાના માટે બીજા કરતા ચડિયાતું માન ગણતા હતા. આમ તે સમયના રાજવીઓના માન અને આદરના ખ્યાલો કેવા હતા તેની માહિતી આ બાબત પરથી મળી રહે છે.

---

૧) જાની. એસ. વી. – સૌ. ઈ. પૃ – ૧૧૫

## રાજયોનું વર્ગીકરણ. (ઈ.સ ૧૮૬૬)

ઈ.સ ૧૮૬૩થી ૧૮૬૭ દરમ્યાન કાઠિયાડના પોલિટિકલ એજન્ટ તરીકે કર્નલ આર. એચ. કીટીંગ હતા. [૧] સૌરાષ્ટ્રમાં ૨૦૦ થી વધુ રાજયો અને તાલુકા હતા. આ બધાં રાજયોની ફોજદારી અને દીવાની ન્યાય આપવાની સતાઓ નકકી કરી. ૧૮૬૩માં તેનાં સાત વર્ગ પાડયા હતાં. દરજજા પ્રમાણે એમને ફોજદારી અને દીવાની દાવાઓ ચલાવવાની સત્તા આપવામાં આવી હતી.[૨] તે સાત વર્ગમાં આવતાં રાજયોનાં નામ અને તેમની સત્તાઓ આ પ્રમાણે હતાં.

---

૧) કાડાકા ધં. હો. કાઠિયાવાડ ડિરેકટરી ભાગ–૪ રાજકોટ ૧૯૦૭–પૃ – ૧૩૮–૧૪૫

૨) એજન પૃ – ૧૧૬

## કર્નલ કીટીંગે કરેલ રાજયોનું વર્ગીકરણ

| ક્રમ | વર્ગ–૧<br>સંખ્યા–૮ | વર્ગ–૨<br>સંખ્યા–૬ | વર્ગ–૩<br>સંખ્યા–૮ | વર્ગ–૪<br>સંખ્યા–૯ |
|---|---|---|---|---|
| ૧. | જૂનાગઢ | વાંકાનેર | થાન–લખતર | લાઠી |
| ૨. | નવાનગર<br>(જામનગર) | પાલિતાણા | સાયલા | મૂળી |
| ૩. | ભાવનગર | ધ્રોળ | ચૂડા | બજાણા |
| ૪. | પોરબંદર | લીંબડી | વળા | વિરપુર |
| ૫. | ધ્રાંગધ્રા | રાજકોટ | જશદણ | માળિયા–મિયાણાં |
| ૬. | મોરબી | વઢવાણ | માણાવદર | કોટડાસાંગાણી |
| ૭. | ગોંડલ | | જેતપુર/૧૪ પૈકી<br>૨ ભાગદાર) | જેતપુર (૧૪ પૈકી<br>૨ ભાગદાર) |
| ૮. | જાફરાબાદ | | | પાટડી |
| | વર્ગ–૫<br>સંખ્યા–૧૪ | વર્ગ–૬<br>સંખ્યા–૨૯ | વર્ગ–૭<br>સંખ્યા–૭ | કુલ સંખ્યા<br>વર્ગ–૧–૦૮ |
| ૧. | જાળિયા દેવાણી | ડેડાણ | ખિરસરા | વર્ગ–૨–૦૬ |
| ૨. | કોઠારિયા | શાહપુર | લોધિકા<br>(૨ ભાગદાર) | વર્ગ–૩–૦૮ |
| ૩. | ગવરીદડ | ભોઈકા | વડાળા | વર્ગ–૪–૦૯ |
| ૪. | પાળ | વડોદ | જેતપુર<br>(૧ ભાગદાર) | વર્ગ–૫–૧૪ |
| ૫. | ગઢડા | રાજપુર | કરિયાણા<br>(૨ ભાગદાર) | વર્ગ–૬–૨૯ |
| ૬. | મેંગણી | ભાડવા | | વર્ગ–૭–૦૭ |
| ૭. | જેતપુર<br>(૩ ભાગીદાર) | રાજપરા | | કુલ – ૮૧ |
| ૮. | વણોદ | જેતપુર<br>(૭ ભાગદાર) | | |
| ૯. | વાસાવડ | બગસરા | | |
| ૧૦. | સરદાર ગઢ | કોટડાપીઠા<br>(૫ ભાગદાર) | | |
| ૧૧. | બાંટવા | ચોટીલા | | |
| ૧૨. | બગસરા | સણોસરા | | |
| ૧૩. | | આણંદપર | | |

| | | | | |
|---|---|---|---|---|
| | | (૫ ભાગદાર) | | |
| ૧૪. | | ભડલી | | |
| ૧૫. | | રાયસાંકળી | | |
| ૧૬. | | વીંછાવડ | | |

**આમ, કુલ ૮૧ રાજયોનું વર્ગીકરણ કરીને કીટીંગે તેમના રાજાઓની ફોજદારી તથા દીવાની સતાઓ નકકી કરી હતી. જે આ પ્રમાણે હતી.**[૧]

| **ક્રમ** | **રાજયનો વર્ગ** | **ફોજદારી સતા** | **દીવાની સતા** |
|---|---|---|---|
| ૧. | પ્રથમવર્ગના રાજયના શાસકને | બ્રિટિશ પ્રદેશ સિવાય કોઈપણ રૈયતને દેહાંત દંડ સુધીની સજા કરવાનો હકક બ્રિટિશ મુલકની રૈયતના ન્યાયમાટે પોલિટિકલ એજન્ટની મંજુરી જરૂરી | બ્રિટિશ પ્રદેશ સિવાય કોઈપણ રૈયતના ગમે તેટલી રકમના દાવા સાંભળવાનો હકક |
| ૨. | દ્વિતિય વર્ગના રાજયના શાસકને | પોતાના રાજયની રૈયતને દેહાંતદંડ સુધીની સજા કરવાનો હકક. | રૂ. ૨૦,૦૦૦ સુધીના દાવા સાંભળવાનો હકક અમુકને કુલ અખ્યાત્યાર અપાયો હતો. |
| ૩. | ત્રીજા વર્ગના રાજયના શાસકને | સાત વર્ષની સખત કેદની અને રૂ. પાંચ હજાર સુધીનો દંડ કરવાની સતા | રૂ. ૨૦,૦૦૦ સુધીના દાવા સાંભળવાનો હકક |
| ૪. | ચોથા વર્ગના રાજયના શાસકને | ત્રણ વર્ષની સખત કેદની દંડ કરવાની સતા | રૂ. ૧૦,૦૦૦ સુધીના દાવા સાંભળવાનો હકક. |
| ૫. | પાંચમાં વર્ગના રાજયનાં શાસકને | બે વર્ષની સખત કેદની સજા રૂ. ૨૦૦૦ સુધીનો દંડ કરવાની સતા. | રૂ. ૫,૦૦૦ સુધીના દાવા સાંભળવાનો હકક. |

૧) ગુ.રા. સા.ઈ. ભાગ–૮ – પૃ – ૧૧૦–૧૧૩–૧૧૪

| | | | |
|---|---|---|---|
| ૬. | છઠા વર્ગના રાજયના શાસકને | ત્રણ મહિના સુધીની સખત કેદની સજા રૂ. ૨૦૦ સુધીનો દંડ કરવાની સતા | રૂ. ૫૦૦ સુધીના દાવા સાંભળવાનો હકક. |
| ૭. | સાતમા વર્ગના રાજયના શાસકને | પંદર દિવસ સધીની સખત કૈદ અને રૂ. ૨૫ સુધીનો દંડ કરવાની સતા. | કોઈ હકક નહીં. |

**આ સાત વર્ગના કુલ ૮૧ રાજયો સિવાયના બિન હકૂમત ધરાવતાં ૧૪૧ તાલુકાઓને ૧૨ થાણાંઓ હેઠળ ચૂકવવામાં આવ્યા હતાં તેની વિગતો આ પ્રમાણે છે.**

**પૂર્વ કાઠિયાવાડ એજન્સીના થાણાં** **પશ્ચિમ કાઠિયાવાડ એજન્સીના થાણાં**

| ક્રમ | થાણાંનું નામ | તાલુકાઓની સંખ્યા | | ક્રમ | થાણાંનું નામ | તાલુકાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧. | વઢવાણ | ૧૭ | | ૧. | લાખાપાદર | ૨૦ |
| ૨. | ચોટીલા | ૦૮ | | ૨. | ધ્રાફા | ૦૩ |
| ૩. | દસાડા | ૦૧ | | ૩. | લોધિકા | ૦૯ |
| ૪. | ભોઈકા | ૧૮ | | ૪. | બાબરા | ૧૪ |
| ૫. | પાળિયાદ | ૦૫ | | | | |
| ૬. | ઝિંઝુંવાડા | ૦૧ | | | | |
| ૭. | સોનગઢ | ૨૨ | | | | |
| ૮. | ચોક–દાઠા | ૨૩ | | | | |
| | **કુલ** | **૯૫** | | | **કુલ** | **૪૬** |
| **કુલ ૯૫ + ૪૬ = ૧૪૧**(૧) | | | | | | |

૧) જાની એસ. વી. – સૌ. ઈ. – પૃ – ૧૧૮

આ થાણાંઓનાં ઉપરી તરીકે થાણદાર નીમવામાં આવ્યા હતાં. તેમને બીજા વર્ગના મેજિસ્ટ્રેટના હકકો આપવામાં આવ્યા હતા. તેમને રૂ. ૫૦૦ સુધીના દાવાં સાંભળવાનો હકક હતો. તેમનો ખર્ચ આ તાલુકેદારો પાસેથી લેવાતો હતો.[૧]

## બ્રિટિશ વહીવટ હેઠળ ન્યાય તંત્ર :

જયારે એજન્સીની સ્થાપના થઈ ત્યારે ગાયકવાડની ખંડણી વસૂલ કરવાની જવાબદારી એજન્સીએ સ્વીકારી અને તે સાથે રાજય રાજય વચ્ચેની તકરારો અને રાજયોના અન્ય પ્રશ્નોનાં નિર્ણયની જવાબદારી પણ તેણે લીધી. પરંતુ અંગ્રેજ શાસકો સ્વયં ભયગ્રસ્ત હતાં. સહેજે મળી આવેલી સત્તા ચાલી જાય એ બીકે તેમણે એક અદાલત સ્થાયી અને તેમાં પોલિટિકલ એજન્ટની સાથે વારાફરતી રાજાઓની બેન્ચ બનાવી ઈન્સાફ આપવાનું શરૂ કર્યું. રાજાઓ તેમની હૈયા સૂઝથી ઈન્સાફ આપતા અને તેથી પોલિટિકલ એજન્ટ તથા રાજાઓ વચ્ચે મતભેદો થતાં રાજયો તેમનાં આંતરિક વહીવટમાં જૂની ઘરેડથી કામ કરતા.[૨]

સૌરાષ્ટ્રનાં કેટલાક રાજયોને ફોજદારી દાવા ચલાવવાની હકુમત ન હતી. એમની હદમાં ગુના થતા તેનો ન્યાય કરવા માટે બ્રિટિશ સરકારે ૧૮૩૧માં સૌરાષ્ટ્રમાં એક ફોજદારી અદાલતની સ્થાપના કરી હતી. તેનું મુખ્યકામ ગુનેગારોને દંડ આપવાનું તથા ફરીથી આવા ગુના બનતા અટકાવવાનું હતું.[૩]

---

૧) જાની. એસ. વી. – સૌ. ઈ. – પૃ –૧૧૯

૨) દેસાઈ શં.–હ– સૌ. ઈ. – પૃ – ૭૮૫

૩) નર્મદાશંકર લાલશંકર – કાઠિયાવાડ સારસંગ્રહ પૃ – ૨૪૦

ઈ.સ. ૧૮૫૮માં બ્રિટિશ સામ્રાજ્ઞી મહારાણી વિકટોરીયા એ ઈસ્ટ ઈન્ડિયા કંપની પાસેથી ભારતનું તંત્ર સંભાળ્યું અને બ્રિટિશ તાજ નીચે આવતાં ન્યાયતંત્રમાં પણ સુધારો થયો.[૧]

કર્નલ કીટીંગ એ સૌરાષ્ટ્રમાં ન્યાયકીય સુધારણાનો પ્રણેતા હતો તેણે ઈ.સ. ૧૮૬૩માં સૌરાષ્ટ્રના રાજયોનું સાત વર્ગોમાં વર્ગીકરણ કરી તેમની ફોજદારી અને દીવાની સતાઓ નકકી કરી હતી. તેના સારાં પરિણામો આવ્યાં હતાં. રાજવીઓ તરફથી તેમની પ્રજા કે ભાયાતો કે અન્ય જાગીરદારોને અન્યાય થતાં તેઓ બહારવટે ચડતા હતા. તેથી બ્રિટિશ સરકારે રાજવીઓને ન્યાયતંત્રમાં સુધારા કરવા સુચના આપી હતી. વળી પોલિટિકલ એજન્ટને એકલે હાથે ન્યાયતંત્રની બધી કામગીરી સંભાળવાનું મૂશ્કેલ બન્યું હતું. તેથી તેને ન્યાયકાર્યમાં મદદ કરવા માટે ઈ.સ. ૧૮૭૨માં એક જયુડિશિયલ આસિસ્ટંટની નિમણૂંક કરવામાં આવી હતી.[૨] તેને સેશન્સ જજના હકકો આપવામાં આવ્યા હતો. ઈ.સ. ૧૮૭૩માં રાજાઓ, ગીરાસદારો અને ભાયાનો વચ્ચેની તકરારોના નિકાલ માટે 'રાજસ્થાનિક કોર્ટ' નામની એક મહત્વની અદાલતની રાજકોટમાં સ્થાપના કરી હતી. રાજયો અને ગીરાસોના કારણે બહારવટે ચડતા ગીરાસદારો અને ભાયાતો રાજસ્થાનિક કોર્ટને આંગણે ન્યાય માટે જતા થયાં.[૩]

રાજસ્થાનિક કોર્ટના પ્રમુખ તરીકે અનુભવી બ્રિટિશ અમલદાર મેજર વોટસન ને નીમવામાં આવ્યા હતાં. આ કોર્ટ ભાયાતો તથા ગરાસિયાઓને પોતાની ફરિયાદોના નિકાલ માટેનું એક શાંતિપૂર્ણ સાધન હતી. તેમના માટે એક મહાન આશીર્વાદ સમાન પુરવાર થઈ. આ કોર્ટ ૧૮૯૯માં બંધ થઈ ત્યાં સુધી તેણે સફળતાપૂર્વક કામ કર્યુ હતું.

---

૧) દેસાઈ શ.હ. સૌ. ઈ. પૃ – ૭૮૫

૨) એજન – પૃ – ૨૪૦

૩) એજન – પૃ – ૭૮૬

રાજસ્થાનિક કોર્ટ રાજયો તથા તેની ભાયાતો અને ગરાસિયાઓ વચ્ચેના ઝઘડાઓનો નિકાલ લાવી આ પ્રદેશની સુલેહશાંતિમાં વૃધ્ધિ કરી હતી. વળી કેટલીક જગ્યાએ બ્રિટિશ સરકારે થાણાં સ્થાપી લોકોને યોગ્ય ન્યાય આપવા પ્રયાસ કર્યા હતાં કર્નલ કીટીંગ અને એસ. બી. પીલે (પોલિટિકલ એજન્ટ ૧૮૭૪–૧૮૭૮) હથિયાર રાખવા અંગે પરવાના પધ્ધતિ દાખલ કરી હતી. તેથી લૂંટ, ધાડ, દરોડા, ચોરીના બનાવો ઘટયા હતા. આમ, બ્રિટિશ એજન્સીની સ્થાપનાને લીધે સૌરાષ્ટ્રમાં આધુનિક ન્યાયતંત્રનો પ્રારંભ થયો અને પારસ્પારિક ઝઘડાના નિકાલ ઝડપથી થવા લાગ્યા. અને તેનાથી પ્રજાના સુખ શાંતિમાં વૃધ્ધિ થઈ. ઈ.સ. ૧૯૨૪માં ન્યાયાકીય ક્ષેત્રે વધી ગયેલા કાર્યને પહોંચી વળવા અને ન્યાયતંત્રમાં સુધારા કરવા માટે હાઈકોર્ટની સતા ધરાવતી એક જયુડિશિયલ કમિશનરની અદાલતની રાજકોટમાં સ્થાપના કરવામાં આવી હતી. આમ, બ્રિટિશ સરકારે ન્યાયતંત્રને નિષ્પક્ષ ઝડપી અને આધુનિક બનાવી લોકોનો પ્રેમ સંપાદન કરવાનો પ્રયાસ કર્યો હતો.[૧] ૧૮૭૦માં રાજકોટમાં રાજકુમાર કોલેજની સ્થાપના થતાં સૌરાષ્ટ્રના અનેક રાજયોના રાજકુમારો કે ભાવિ રાજયકર્તાઓએ તેમાં શિક્ષણ લેવાનું શરૂ કર્યુ હતું. તેથી તેમની દ્રષ્ટિ વિશાળ બની અને રાજયકર્તા બન્યા પછી પોતાના રાજયમાં પ્રગતિશીલ સુધારા કરી તેમણે રાજયનું આધુનિકી કરણ કર્યુ હતું.[૨]

## એજન્સીનું દેશી રાજયો પ્રત્યેનું વલણ :

દેશી રાજયોના રાજાઓના મનમાં એવો ખ્યાલ ન પ્રગટે કે તેઓ સ્વતંત્ર અથવા સાર્વભૌમ છે. તેનો ખ્યાલ અંગ્રેજ સરકાર રાખતી હતી. ઈ.સ. ૧૮૭૭માં ૧લી જાન્યુઆરીએ રાણી–વિકટોરીયાના શાસન કાળના ૪૦ વર્ષ પુરા થતાં દિલ્હીમાં ભવ્ય, દરબાર ભરાયો. રાણી વિકટોરીયાને 'કૈસરે હિંદ' (હિન્દની સામ્રાજ્ઞી) તરીકે જાહેર કરવામાં આવી. ગુજરાત સૌરાષ્ટ્રનાં દરેક દેશી રાજયમાં પણ આ દિવસે બધા ભાયાતોનો દરબાર ભરી આ જાહેરનામું વાંચી સંભળાવવામાં આવ્યું.

---

૧) જાની. એસ. વી.–સૌ. ઈ. પૃ – ૧૨૦

૨) ત્રિવેદી અભિજ્ઞા પી. – રાજકોટની રાજકુમાર કોલેજનું શિક્ષણક્ષેત્રે તથા અન્યક્ષેત્રે પ્રદાન એમ.ફીલ. લઘુશોધ નિબંધ – સૌ. યુનિ. રાજકોટ – ૧૯૯૦ – પૃ – ૪૧

દિલ્હીમાં સૌરાષ્ટ્રના ઘણા રાજવીઓ હાજર રહયા હતાં. આ સમયે તેમને રાજચિન્હ તેમજ રાજય ધ્વજ આપીને તેમને આપવામાં આવેલી સલામીની તોપો નકકી કરવામાં આવી હતી. ૧૮૮૭ના વિકટોરિયાના શાસનની સુવર્ણ જયંતિની ઉજવણી લંડનમાં થઈ ત્યારે સૌરાષ્ટ્રના રાજવીઓના પ્રતિનિધિ તરીકે ગોંડલના ભગતસિંહજી, મોરબીના વાઘજી, અને લીંબડીના જશવંતસિંહજી તેમાં હાજર રહયા હતાં. ૧૮૯૭ના ડાયમંડ જયુબિલી સમારોહ સૌરાષ્ટ્રમાં પણ રાજકોટ નવાનગર, જૂનાગઢ, ભાવનગર, ગોંડલ, મોરબી, લીંબડી–ધાંગધ્રા, પોરબંદર વગેરે મુખ્ય રાજયોમાં ધામધૂમથી ઉજવાયો હતો.[૧]

એડવર્ડ સાતમો બ્રિટનનો રાજા બન્યો ત્યારે ૧૯૦૩ની ૧લી જાન્યુઆરીએ વાઈસરોય બોર્ડ કર્ઝને એડવર્ડના રાજયારોહણની ઉજવણી માટે દિલ્હીમાં કોરોનેશન દરબાર ભર્યો હતો. તેમાં પણ ગુજરાત સૌરાષ્ટ્રના કેટલાક રાજવીઓએ હાજરી આપી હતી. આવા પ્રસંગોથી દેશી રાજયોને પરોક્ષ રીતે ભાન કરાવવામાં આવતું કે તેઓ બ્રિટનની સમ્રાજ્ઞી કે સમ્રાટની સત્તા નીચે છે.

જે રાજાઓ પ્રજા ઉપયોગી સુધારાઓ અમલમાં મુકે, અંગ્રેજોના આજ્ઞાંકિત બનીને વહીવટ કરે એમને ઈલ્કાબો આપવામાં આવતા. બ્રિટિશ સરકારે પણ તેમની વહીવટી કુશળતાને બિરદાવવા અને વિશેષતો તેમની વફાદારીનો પુરસ્કાર આપવા માટે તેમને સી.આ.ઈ.

(C.I.E. = Companion of Indian Empire)

કે.સી.આઈ.ઈ.(K.C.I.E. = Knight Commander of the Indian Empire) કે.સી.એસ.આઈ. (K.C.S.I. = Knight Commander of the star of India) જી. સી. આઈ.ઈ. (G.C.I.E. = Grand Commander of Indian Empire) જી. સી. એસ. આઈ. (G.C.S.I. = Grand Commander of the star of India) જેવા ક્રમશઃ ચડતા ક્રમના ઈલ્કાબો આપ્યા.[૨]

---

૧) જાની એસ. વી. – સૌ. ઈ. – પૃ – ૧૨૯

૨) ગુ.રા.સાં.ઈ – ભાગ – ૮–પૃ – ૧૩૦

આવા ઈલ્કાબોથી રાજાઓનો અહમ્ સંતોષાતો – સૌરાષ્ટ્રનાં રાજવીઓ આવા ઈલ્કાબો ને ખૂબજ મહત્વ આપતા હતાં. અને તેને પ્રતિષ્ઠાપાત્ર ગણતા હતા. તેથી બ્રિટિશ સરકારના પ્રીતિપાત્ર બનવા તેઓ જાણે કે હરીફાઈ કરવા લાગ્યા. પરિણામે સૌરાષ્ટ્ર, મુંબઈ કે દિલ્હીમાં યોજાતાં દરબારોમાં આ રાજયકર્તાઓ ભાગ લઈ બ્રિટિશ સરકાર પ્રત્યે પોતાનો આદર તથા વફાદારી દર્શાવતા હતાં.(૧)

રાજયકર્તાઓ ઉપરાંત સૌરાષ્ટ્રના રાજયોના દીવાનો, સુધારકો, કારભારીઓ, સાહિત્યકારો, ધનિકો તથા અગ્રણી વ્યકિતઓ પણ બ્રિટિશસત્તા પ્રત્યે વફાદારી દાખવવા તત્પર રહેતા હતા. બ્રિટિશ સરકાર તેમની પણ સેવા અને વફાદારીની કદર કરીને તેમને સી.આઈ.ઈ., દીવાન બહાદુર, રાવબહાદુર, ખાન–બહાદુર, દીવાન સાહેબ, ખાન સાહેબ જેવા ઈલકાબો આપતી હતી.

દરેક રાજાની કૌટુંબિક પરંપરા પ્રમાણે એનો વિધિસર અને કાયદેસર ખિતાબ નકકી કરવામાં આવ્યો હતો. સૌથી મોટા વડોદરાના મહારાજાનો ખિતાબ હતો. 'સેના ખાસ ખેલ સમશેર બહાદુર' એ ઉપરાંત અન્ય રાજાઓને મહારાજા, રાજા, મહારાવ, રાવ, શ્રીરાજ, મહારાણા, રાણા, મહારાવડ, રાવડ, ઠાકોર, દરબાર, જામસાહેબ જેવા ખિતાબો આપવામાં આવ્યા હતા.(૨)

આવા ઈલકાબો મેળવનારા દરેક રીતે અંગ્રેજોને અનુકુળ બનીને રહેતા. આ ઉપરાંત પ્રથમ અને દ્વિતિય વર્ગના રાજાઓ અંગ્રેજ સરકારના મુખ્ય મથકમાં જાય ત્યારે તેમનું વિધિસર સ્વાગત કરી ૯ થી ૧૫ તોપો સુધીની સલામી આપવામાં આવતી, જેમકે વડોદરાના મહારાજાને ૨૧, કચ્છના મહારાવને ૧૭, પ્રથમવર્ગના અન્ય રાજાને ૧૧, તથા દ્વિતિય વર્ગના રાજાને ૯ તોપોનું માન આપવામાં આવતું. કોઈ રાજાએ અંગ્રેજોની વિશિષ્ટ સેવા કે મદદ કરી હોય તો એના માનમાં બે તોપોને વધારો કરવામાં આવતો.(૩)

---

૧) જાની એસ. વી. – પૃ – ૧૧૨

૨) બાવીસી મુગટલાલ ઉપર્યુકત – પૃ – ૨૦૫

૩) એજન – પૃ – ૨૦૬

**બ્રિટિશ એજન્સીના વહીવટી ફેરફારો :**

કર્નલ કીટીંગે કરેલી વહીવટી વ્યવસ્થા ૧૯૨૩ સુધી કોઈ મુખ્ય ફેરફાર વિના ચાલુ રહી હતી. માત્ર ૧૯૦૨માં એક નાનો ફેરફાર કરી સૌરાષ્ટ્રમાં બ્રિટિશ સરકારના સર્વોચ્ચ વહીવટી અધિકારી જે 'પોલિટિકલ એજન્ટ ઓફ કાઠિયાવાડ' કહેવાતો. તેને હવે 'એજન્ટ ટુ ધ ગવર્નર ઈન કાઠિયાવાડ'નું બિરુદ આપવામાં આવ્યું. સૌરાષ્ટ્ર ઝાલાવાડ, હાલાર અને ગોહિલવાડના પ્રાંત અધિકારીઓને હવે આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટના બદલે પોલિટિકલ એજન્ટ નામ અપાયું. વળી અગાઉ ૧૮૮૬માં સોરઠના આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટનું વડુંમથક માણેકવાડામાં હતું તે જેતલસરમાં ફેરવવામાં આવ્યું.[૧]

૧૯૨૪માં કાઠિયાવાડ કચ્છ અને અન્ય એજન્સીને સંયુકત કરીને વેસ્ટર્ન ઈન્ડિયા સ્ટેટસ એજન્સી ની રચના કરવામાં આવી. અને દેશી રાજયોને સીધા ગવર્નર જનરલના અંકુશ નીચે મૂકવામાં આવ્યા. એના મુખ્ય અધિકારીને 'એજન્ટ ટુ ધી ગર્વનર જનરલ' નો હોદો આપવામાં આવ્યો. કાઠિયાવાડ એજન્સીના ચાર ને બદલે બે વિભાગો 'ઈસ્ટર્ન કાઠિયાવાડ એજન્સી અને વેસ્ટર્ન કાઠિયાવાડ એજન્સી રાખવામાં આવ્યા. ઈસ્ટર્ન કાઠિયાવાડ એજન્સીનું મુખ્ય મથક વઢવાણ કેમ્પ (સુરેન્દ્રનગર) અને વેસ્ટર્ન કાઠિયાવાડ એજન્સીનું મુખ્ય મથક રાજકોટ રાખવામાં આવ્યું.

આ નવા વિસ્તૃત એકમ હેઠળ કુલ ૨૫૧ રાજયો અને તાલુકા હતા. વેસ્ટર્ન કાઠિયાવાડ એજન્સીના વડા મથક રાજકોટ હેઠળ લાખાપાદર, ધ્રાફા, લોધિકા અને બાબરાનાં ચાર થાણાં હતાં તેમાં કુલ ૪૬ તાલુકા હતાં. ઈસ્ટર્ન કાઢિયાવાડના વડામથક વઢવાણ હેઠળ વઢવાણ, ચોટીલા, દસાડા, ભોઈકા, પાળિયાદ, ઝીંઝુવાડા સોનગઢ અને ચોક દાઠાનાં કુલ આઠ થાણાં હતાં. તેમાં કુલ ૯૫ તાલુકા હતાં. ઈ.સ. ૧૯૩૧ અને ૧૯૪૧ માં બિલખા, જસદણ, જેતપુર, ખિરસરા, કોટડાસાંગાણી માળિયા, માણાવદર, થાણાદેવડી, વડિયા, વીરપુર વગેરે નાનાં રાજયો અને રાજકોટ સિવિલ સ્ટેશન વેસ્ટર્ન કાઠિયાવાડ એજન્સી હેઠળ મૂકવામાં આવ્યા હતાં.[૨]

---

૧) ડો. જાની એસ. વી. પૃ ૧૨૨

૨) ગુ. રા. સાં. ઈ. – ભાગ – ૯ – પૃ – ૧૦૩

સૌરાષ્ટ્રમાં અનેક છુટા છવાયા રાજયો હોવાથી તેના વહીવટમાં ઘણી અગવડતા ઉભી થઈ હતી. તેથી બ્રિટિશ સરકારે ઈ.સ. ૧૯૪૩માં જોડાણ યોજના દાખલ કરી. તે યોજના દ્વારા વહીવટી સરળતા તથા આર્થિક પ્રશ્નોના ઉકેલની દ્રષ્ટિએ નાનાં નાનાં રાજયોને નજીકના મોટા રાજયો સાથે જોડી દેવામાં આવ્યાં. તેનાથી નાનાં રાજયો નાખુશ થયાં હતાં. તેમ છતાં બ્રિટિશ સંસદે ૧૯૪૪માં કાયદો પસાર કરી આ યોજનાને મંજુરી આપી દીધી હતી. ત્યાર પછી ૫ નવેમ્બર ૧૯૪૪ના 'વેસ્ટર્ન ઈન્ડિયા સ્ટેટસ એજન્સી ' તથા બરોડા એન્ડ ગુજરાત સ્ટેટસ એજન્સીને પણ તેમાં જોડી દેવામાં આવેલ અને આ વિસ્તૃત કરાયેલ નવા એકમનું નામ 'વડોદરા એન્ડ સ્ટેટસ ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા એન્ડ ગુજરાત' રાખવામાં આવ્યું હતું. વડોદરાના રેસિડેન્ટને આ વિસ્તૃત એકમનો રેસિડેન્ટ બનાવવામાં આવ્યો. આમ, ૧૯૪૪માં સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના બધા દેશી રાજયો એકજ વહીવટી તંત્ર હેઠળ મુકયા છે. જો કે મોટા સલામી રાજયો તો દિલ્હીના પોલિટિકલ ડિપાર્ટમેન્ટ સાથે સીધો સંબંધ ધરાવતાં હતાં. વડોદરાના રેસિડેન્ટ પાસે ગુજરાતનાં બધા દેશી રાજયોના વહીવટની દેખરેખ રાખવાનું કામ આવ્યું. તેણે કચ્છ સાથે સીધો સંબંધ સ્થાપ્યો અને વેસ્ટર્ન કાઠિયાવાડ એજન્સી તથા ઈસ્ટર્ન કાઠિયાવાડ એજન્સીના ક્રમશઃ રાજકોટ અને વઢવાણમાં આવેલા મુખ્ય મથકોએ રહેતા તેમના પોલિટિકલ એજન્ટોને પોતાની દેખરેખ હેઠળ મૂકી ત્યાંનો વહીવટ ચાલુ રાખ્યો હતો. આમ, ભારતને આઝાદી મળી ત્યારે સૌરાષ્ટ્રમાં આ પ્રકારનું બ્રિટિશ વહીવટી તંત્ર હતું.[૧]

## બ્રિટિશ પોલિટિકલ એજન્સીની પ્રવૃતિઓ :

સૌરાષ્ટ્રમાં બ્રિટિશ પોલિટિકલ એજન્સીની રાજકોટમાં સ્થાપના ૧૮૨૦–૨૨માં કરાઈ હતી. તેનું મુખ્યકામ કોઈપણ જાતના અવરોધ વિના પેશવાના ભાગની ખંડણી જે તેને મળી હતી તે ઉઘરાવવાનું તથા ગાયકવાડ વતી તેની ખંડણી તથા જુનાગઢ વતી જોરતલબી ઉઘરાવવાનું હતું. સૌરાષ્ટ્રના દેશી રાજયોના આંતરિક મામલાઓમાં એજન્સી દખલગીરી કરતી ન હતી. તેથી વિદેશનીતિ–સંરક્ષણ અને આંતર રાજય સંબંધો સિવાયની બધી બાબતોમાં દેશી રાજયો આંતરિક

૧) જાની એસ. વી. – સૌ. ઈ. – પૃ – ૧૨૩

સ્વતંત્રતાના હકકો ધરાવતા અને ભોગવતા હતા. છતાં બ્રિટિશ સતા પોતાને સર્વોપરી અથવા સાર્વભૌમ સતા ધરાવતી હોવાનું માનતી હતી. સૌરાષ્ટ્રમાં પોતાના શાસનના પ્રારંભે તો તેમણે રાજયોના આંતરિક મામલા માં ડખલગીરી કરવાનો પ્રયત્ન કર્યો ન હતો. પરંતુ પછીથી ગેરવહીવટ અવ્યવસ્થાકે રાજવીની સગીરા વસ્થા કે વારસદાર નકકી કરવાની ગૂંચ હોય ત્યારે તેમણે ડખલગીરી કરી પોતાની અનુકુળ બની રહે તેવા નિર્ણયો લઈ પોતાની સતા સર્વોચ્ચ છે એવું સાબિત કરવા પ્રયત્નો કર્યા હતાં ઈ.સ. ૧૮૫૭ સુધી દેશી રાજયોનાં શાસન કરતાં બ્રિટિશ શાસન ઘણું સારુ છે. એવી ખોટી માન્યતાઓ તેઓ ફેલાવતા હતા. પછી દેશી રાજયોના શાસકો પોતાની પ્રજાને હેરાન કરે છે એમ દર્શાવીી તેમનાં રાજયો ખાલસા કરવાની નીતિ પણ અપનાવી હતી.

ઈ.સ ૧૮૫૭ના બનાવ પછી તેમની નીતિમાં આમૂલ પરિવર્તન આવ્યું હતું. હવે તેમણે રાજયોની આંતરિક બાબતોમાં દખલગીરી કરવાનું બંધ કર્યુ. તેમ છતાં તાજની સરકાર આવી હોવા છતાં બ્રિટિશ સતાધીશો પોતાને અનેક રીતે ચડિયાતા તો માનતા જ રહયા બ્રિટિશ સત્તા એમ માનતી હતી કે તેઓ સર્વોચ્ચ સત્તા છે. અને દેશી રાજયો તેમના તાબેદાર છે. તેમનો સ્વતંત્ર દરજજો સ્વીકારવા તે તૈયાર ન હતાં. તેથી પોતાના હિતને ધ્યાનમાં રાખી બ્રિટિશ વહીવટકર્તાઓ રાજયોની આંતરિક બાબતોમાં દખલગીરી કરતાં અચકાતા નહિં.[૧]

સૌરાષ્ટ્રના કોઈ રાજયમાં કોઈ રાજવી અપુત્ર મરણ પામે અને વારસદાર અંગેનો વિવાદ થાય. અથવા વારસદાર સગીરવયનો હોય, અથવા રાજયમાં અવ્યવસ્થા ફેલાઈ હોય તેવા સંજોગોમાં બ્રિટિશ એજન્સી દરમ્યાન ગીરી કરીને તે રાજયમાં પોતાની દોરવણી હેઠળ મેનેજમેન્ટ સ્થાપતી હતી. દા.ત. નીચેના પ્રસંગોએ રાજવી સગીર હોવાથી બ્રિટિશ મેનેજમેન્ટ તે રાજયમાં સ્થપાયું હતું. (૧) ભાવનગરના તખતસિંહજી ૧૨ વર્ષના હતાં અને ૧૮૭૦માં ગાદીએ બેઠા અને કૃષણકુમાર સિંહજી ૧૯૧૯માં ૭ વર્ષના હતાં અને ગાદીએ બેઠા ત્યારે. (૨) રાજકોટના બાવાજીરાજ ૬ વર્ષની ઉંમરે ૧૮૬૨માં અને લાખાજીરાજ ૫ વર્ષની ઉંમરે ૧૮૯૦માં ગાદીએ

૧) એજન પૃ – ૧૨૪

આવ્યા ત્યારે (૩) ગોંડલના ભગતસિંહ ૪ વર્ષની ઉંમરે ૧૮૬૯માં ગાદીએ આવતા. (૪) મોરબીના વાઘજી ઠાકુર ૧૩ વર્ષની ઉંમરે ૧૮૭૦માં ગાદીએ આવતાં. (૫) ધ્રાંગધ્રાના મયૂરધ્વજસિંહજી ૧૯ વર્ષની ઉંમરે ૧૯૪૨માં ગાદીએ આવતાં (૬) લીંબડીમાં ૧૮૩૭માં ભોજરાજજીના અવસાન પછી ગાદી વારસના પ્રશ્ને ઉગ્ર વિવાદ થતાં એજન્સીએ દરમ્યાનગીરી કરી હરભમજીનો દાવો માન્ય રાખ્યો હતો. વળી જશવંતસિંહજી ૩ વર્ષની ઉંમરે ગાદીએ આવ્યા ત્યારે અને તેઓ ૧૯૦૭માં અવસાન પામ્યા પછી વારસદારનો પ્રશ્ન ન ઉકેલાતા બ્રિટિશ મેનેજમેન્ટ સ્થપાયું પછી ૧૯૦૮માં માનસિંહજીને બ્રિટિશ સરકારે માન્ય રાખ્યા હતા. પછીથી ૧૯૪૧માં છત્રસાલજી ૧ વર્ષની ઉંમરે ગાદીએ બેઠા ત્યારે (૭) પોરબંદરના ભોજરાજજી ૮ વર્ષની ઉંમરે ગાદીએ આવતાં (૮) પાલીતાણાના બહાદૂરસિંહજી ૫ વર્ષની ઉંમરે ૧૯૦૫માં ગાદીએ આવતાં (૯) વાંકાનેરના અમરસિંહજી ૨ વર્ષની ઉંમરે ૧૮૮૧માં ગાદીએ આવતા. (૧૦) વઢવાણના રાયસિંહજી ૧ વર્ષની ઉંમરે ૧૮૨૭માં ગાદીએ આવતા અને દાજીરાજજી ૧૪ વર્ષની ઉંમરે ૧૮૭૫માં ગાદીએ આવતાં (૧૧) જૂનાગઢના નવાબ મહાબતખાનજી ત્રીજા ૧૧ વર્ષની ઉંમરે ૧૯૧૧માં ગાદીએ આવતા. (૧૨) જામનગરના જશવંતસિંહજી ૧૧ વર્ષની ઉંમરે ૧૮૯૫માં ગાદીએ આવતાં.

આ બધા પ્રસંગો બ્રિટિશ એજન્સીએ જે તે રાજયમાં મેનેજમેંટ બેસાડયું હતું. તેમના આ પ્રતિનિધિઓએ ૧ વર્ષની લઈ ૧૯ વર્ષ સુધી રાજય વહીવટ ચલાવ્યો હતો.[૧] તેનું એક સુપરિણામ એ આવ્યું કે આ રાજયોનાં ખોટા ખર્ચ નાબુદ થયા. વહીવટ કાર્યદક્ષ બન્યો અને રાજયોનું આધુનિકીકરણ થયું લોક કલ્યાણના અનેક કાર્યો થયાં.

## સુધારાઓને ઉતેજન :–

**(૧) દૂધપીતીનો રિવાજ :–** અઢારમી અને ૧૯મી સદીમાં ભારતમાં અને ગુજરાતમાં હિંદુ સમાજમાં કેટલાક કુરિવાજો અને અંધશ્રધ્ધા પ્રવર્તતા હતા. તેમાં સૌરાષ્ટ્રમાં વિશેષ કરીને જાડેજા તથા જેઠવા કુટુંબોમાં દીકરીને દૂધપીતી કરવાની પ્રથા હતી. તેમને નાબુદ કરવામાં

૧) જાની એસ. વી. – પૃ – ૧૩૦

અનેક બ્રિટીશ અમલદારોએ મહત્વનું યોગદાન આપ્યુ હતું. કર્નલ વોકરે આ પ્રથા બંધ કરવા પગલાં લીધાં સૌરાષ્ટ્રમાં જાડેજાઓના દર વર્ષ લગભગ ૫૦૦ થી ૬૦૦ બાળકીઓનો જન્મ થતો હતો. તેમાંથી કોઈને જીવિત રખાતી ન હતી. એટલેકે એ રીતે દર વર્ષે ૫૦૦ થી ૬૦૦ નિર્દોષ બાળાઓની હત્યા થતી હતી.

સૌરાષ્ટ્રમાં જાડેજાઓમાં પ્રવર્તતી આ પ્રથા જોઈને કર્નલ વોકરનો આત્મા કકળી ઉઠયો તેથી તેણે આ પ્રથા અટકાવવા કાઠિયાવાડના લોકો અને જાડેજા રાજવીઓ સાથે ચર્ચા અને દલીલો કરી તેણે કેટલાક રાજવીઓને સમજાવ્યાને કેટલાક ઉપર દબાણ પણ કર્યુ. કર્નલ વોકર તથા આનંદરાવ ગાયકવાડે બ્રહમ વૈવર્ત પુરાણ તથા બીજા શાસ્ત્રોને આધારે કાઠિયાવાડના રાજાઓને આ પાપી કામ બંધ કરવા જણાવ્યું. કર્નલ વોકરે દીકરીઓને દૂધપીતી ન કરવા બાબત એક લખત તૈયાર કર્યુ. પરંતુ વોકરનું કાર્ય સરળ ન હતું. આ પ્રથા દૂર કરવાના કાર્યમાં તેને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો. સૌપ્રથમ તેના આ કાર્યનો જાડેજા રાજવીઓએ સખત વિરોધ કર્યો. કર્નલ વોકરને આ કાર્યમાં ગાયકવાડની સેનાના સેનાપતિ વિઠલરાવ દેવાજીનો પણ મૈત્રી પૂર્ણ સહકાર મળ્યો. અંતે ઈ.સ. ૧૮૦૮માં કર્નલ વોકર સૌરાષ્ટ્રના ૨૮મુખ્ય જાડેજા રાજવીઓને આ પ્રથા બંધ કરવાના લખાણ ઉપર સહી કરવા સમજાવી શકયા. તેના પરિણામે ૧૮૦૭ થી ૧૮૧૭ના સમયગાળા દરમ્યાન જાડેજાઓએ ૬૩ પુત્રીઓનું જતન કર્યુ અને ૧૮૨૪ થી એ સંખ્યા વધીને ૨૬૬ની થઈ તેમાંથી ૪૭ મૃત્યુ પામી. ૨૫ પરણાવી દેવાઈ અને ૧૯૪ કુંવારી હતી. ઈ.સ. ૧૮૨૫માં બાળહત્યા ફંડની રચના કરવામાં આવી. અને આ કરારનો ભંગ કરનાર પાસેથી જે દંડ વસુલ કરવામાં આવતો તે આ ફંડની આવકનું મુખ્ય સાધન હતું. મોટા રાજયોના રાજવીઓ આ કરારનો ભંગ કરેતો મોટી રકમ તેમની પાસેથી વસુલ કરવામાં આવતી.[૧]

જે જાડેજાઓની આર્થિક પરિસ્થિતિ નબળી હતી અને જે પોતાની પુત્રીઓને આર્થિક સહાય વિના પરણાવી શકે તેમ ન હતાં. તેમને આ ફંડમાંથી આર્થિક સહાય આપવામાં આવતી

---

૧) જાની એસ.વી. "૧૯ મી સદીના પૂર્વાર્ધમાં સૌરાષ્ટ્રમાં દૂધપીતીનો રિવાજ (જાડેજાઓના વિશેષ સંદર્ભમાં) એક અભ્યાસ (ઈ.આ.સૌ.) પૃ – ૭૫

હતી. કર્નલ વોકરે તો સુચવેલું કે આ પ્રથાને દૂર કરવામાં સાથ આપનાર જાડેજા રાજવીને પાઘડી, દુપટો, બજરની ડબ્બી, ચશ્માની જોડી કે એવી નાની વસ્તુઓ ભેટ તરીકે આપવી જેને તેઓ પ્રતિષ્ઠાનું ચિન્હ માનશે. રાજકોટના ઠાકુર મહેરામણજી–૪ (૧૮૪૪–૧૮૬૨) એ પણ આ પ્રથા બંધ કરવામાં અંગ્રેજ સરકારને સારી મદદ કરેલી તેની યોગ્ય કદર કરી ૧૮૫૭માં બ્રિટિશ સરકારે તેમને સોનાનો હાર ભેટ આપ્યો હતો.

કર્નલ વોકર પછી કાઠિયાવાડમાં આવેલા કેટલાક બ્રિટિશ પોલિટિકલ એજન્ટોએ આ પ્રથા નાબૂદ કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. જેમકે કેપ્ટન બાર્નવેલ, ડી.એ. બ્લેન, જે.પી. વિલોબી, અર્સ્કિન, માલેટ અને કર્નલ લેંગ, બ્રિટિશ સરકારે આ અમાનવીય રિવાજને સમજાવટ, પ્રલોભન કે શિક્ષાત્મક પગલાં દ્વારા નાબૂદ કર્યો હતો. જૂનાગઢના નાગર દીવાન રણછોડજીએ પણ રજપૂતોમાં પ્રવર્તતી છોકરીઓને દૂધપીતી કરવાના અનિષ્ટની નાબૂદી માટે બ્રિટિશ સરકારને મદદ કરી હતી.[૧]

આમ, સૌરાષ્ટ્રમાં જાડેજાઓમાં પ્રવર્તતી આ પ્રથા નાબૂદ કરવાનો સૌપ્રથમ પ્રયાસ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ કર્યો હતો. સૌરાષ્ટ્રમાં આ તેનું સૌથી વધુ લોકપ્રિય કાર્ય ગણાવી શકાય બ્રિટિશ સરકાર વતી તેના અમલદાર કર્નલ વોકરે આ પ્રથા નાબૂદ કરવાની નેતાગીરી લીધી હતી અને આ અંગેની તેની સફળતાને બિરદાવતાં મુંબઈની સરકારે નોંધેલું કે ' આ પ્રથાની નાબૂદીથી કાઠિયાવાડના ઈતિહાસમાં એક નવા અને વધુ મહત્વના યુગનો ઉદય થશે.[૨] આમ, બ્રિટિશ એજન્સી પોતાના અધિકારીઓ મારફત સામાજિક દૂષણોને ડામવાની પ્રવૃતિઓ પણ કરતી હતી.

## પ્રજા કલ્યાણની પ્રવૃતિ :–

રાજાઓના પુત્રોને શિક્ષણ અને વહીવટની તાલીમ આપવા માટે ઈ.સ. ૧૮૭૦માં રાજકોટનાં કિંગ્સ કોલેજ શરૂ કરવામાં આવી. પછીથી તેનું નામ રાજકુમાર કોલેજ રખાયું હતું. આ સંસ્થાનો મુખ્ય હેતુ રાજકુમારોને પ્રાશ્ચાત્ય પધ્ધતિનું શિક્ષણ આપવાનો હતો. આ કોલેજની

૧) એજન – પૃ – ૭૫ થી ૭૮

૨) એજન પૃ –૭૯

સ્થાપના સાથે જ સૌરાષ્ટ્રમાં એક નવા અને આધુનિક યુગનો પ્રારંભ થયો. તેમના રૂઢિવાદી માનસમાં પરિવર્તન આવ્યું. અને તેમના ઉપર ઉદારવાદની અસર થઈ હતી. તેઓ જયારે પોતાના રાજયના રાજયકર્તા બનતા ત્યારે તેમણે પોતાના રાજયનું આધુનિકીકરણ કરવા પ્રયત્નો કર્યા હતાં.[૧]

ઈ.સ. ૧૮૭૧ થી ૧૮૮૧ દરમ્યાન આ કોલેજમાં દાખલ કરાયેલા ૨૪ રાજકુમારો માંથી ૧૦ સૌરાષ્ટ્રના હતાં. ૨૦મી સદીમાં નવાનગર, ભાવનગર, રાજકોટ, ગોંડલ, ધાંગધ્રા, લીંબડી, મોરબી, પોરબંદર, પાલિતાણા વગેરે રાજયોના શાસકો આ કોલેજમાં ભણ્યા હતાં. અને પોતાના રાજયના આધુનિકીકરણના ઘડવૈયા બન્યા હતા. ગરાસિયાઓના પુત્રોને શિક્ષણ આપવા વઢવાણ કેમ્પ (સુરેન્દ્રનગર) માં તાલુકદારી ગરાસિયા સ્કુલ શરૂ કરવામાં આવી. અંગ્રેજોએ રાજાઓ પર દબાણ કરી પ્રજાની સુખસગવડમાં વધારો કરે એવા કેટલાક આધુનિક સુધારાઓ દાખલ કરવા અને કુરિવાજો, કુરુઢિઓ અસ્પૃશ્યતા, અન્યાય, શોષણ વગેરે દૂર કરવા ફરજ પાડી.[૨] એકથી ચાર વર્ગના રાજાઓએ નાણાંની સગવડ પ્રમાણે પોતાના રાજયોમાં વીજળી, વોટર વર્કસ, રસ્તાઓ, બગીચાઓ, ફુંવારાઓ, શાળાઓ, બોર્ડિંગો, પુસ્તકાલયો, દવાખાનાઓ, પોસ્ટઓફિસો, તાર ઓફિસો, તળાવો, બજારો, થિયેટરો, સંગ્રાહાલયો, વગેરે શરૂ કર્યા. અમદાવાદમાં ૧૮૭૯માં, વડોદરામાં ૧૮૮૨માં, ભાવનગરમાં ૧૮૮૫માં, જુનાગઢમાં ૧૯૦૧માં કોલેજો શરૂ થઈ. ઘણાં ખરા રાજયો ના મુખ્ય મથકો રેલ્વેથી જોડાયા. ખેડૂતોને ઓછા વ્યાજે લોન આપે એવી બેન્કો કે ધિરાણ સંસ્થાઓ સ્થાપવામાં આવી. લીંબડી વઢવાણ વગેરે શહેરોમાં ટ્રામ નાખવામાં આવી. કેટલાક ઉદ્યોગો શરૂ કરવામાં આવ્યા.

જાહેર બાંધકામોના ઉદઘાટન માટે ભારતના ગર્વનર, જનરલ, મુંબઈના ગર્વનર કે રાજકોટના પોલિટિકલ એજન્ટને બોલાવી રાજયો તે ઉદઘાટનના નામ ઉપરથી તેનું નામકરણ કરતાં હતાં. આજે પણ વિલિંગ્ડન ડેમ, કેનેડી બ્રિજ, કાર્નેગી ફાઉન્ટેન, લેંગ લાઈબ્રેરી, વેસ્ટ

---

૧) બાવીસી મુગટલાલ – એજન – પૃ – ૨૦૭

૨) ત્રિવેદી અભિક્ષા – રાજકોટની રાજકુમાર કોલેજનું શિક્ષણ ક્ષેત્રે પ્રદાન' એમ–ફિલ લઘુશોધ નિબંધ. અપ્રકાશિત સૌ. યુ. રાજકોટ ૧૯૯૦ પ્ર ૪૧.

હોસ્પિટલ, આલ્ફ્રેડ હાઈસ્કુલ જેવાં નામ તત્કાલીન બ્રિટિશ શાસનના વારસારૂપ છે. જો કે હવે ૨૧ મી સદીમાં આ ઐતિહાસિક સ્થળોને નવા નામ આપવાના પ્રયાસ થાય છે.[૧]

સતી પ્રથા બાળકીઓની હત્યા, મૃત્યુ પાછળ કારજ અને રડવા – કુટવાનો રિવાજ, બાળલગ્ન, ભિક્ષા માંગવાની પંથા, બહુપત્નીપ્રથા, અસ્પૃશ્યતા વગેરે અનિષ્ટો થોડા યા વધારે પ્રમાણમાં નાબૂદ કરવામાં આવ્યા. અથવા એનું પ્રમાણ ઘટાડવામાં આવ્યું. કેટલાંક રાજયોએ દારૂબંધી અને ગોવધબંધી દાખલ કરી રમતગમત (ક્રિકેટ–ટેનિસ ને વધુ) તથા પરદેશગમનને પ્રોત્સાહન આપવામાં આવ્યું. ૧૮૯૦માં વડોદરામાં કલાભવન સ્થપાયું. મોરબી, વાંકાનેર, ધ્રાંગધ્રા અને હળવદમાં નાટયપ્રવૃતિનો વિકાસ થયો. રાજાઓ અંગ્રેજોથી ડરતા અને દબાયેલા રહેતા. તેઓ વિવિધ રીતે અંગ્રેજોની મહેરબાની મેળવવા પ્રયત્નશીલ રહેતા. અને તેથી જ અંગ્રેજોને ખુશ કરવા જાહેર સંસ્થાઓ અને સ્થળો સાથે ઈગ્લેન્ડના રાજા, રાણી કે અંગ્રેજ અધિકારીઓના નામ જોડવામાં આવતા.

અંગ્રેજોના અંકુશને કારણે રાજાઓ ખેડૂતો પાસેથી વાજબી પ્રમાણમાં જમીન મહેસૂલ ઉઘરાવતા મહેસૂલની ઉઘરાણી દરમિયાન કડક ચોકી અને દેખરેખ રાખવામાં આવતી ઘણા ખરા રાજયોમાં ભાગ બટાઈ પધ્ધતિ અમલમાં હતી. પણ કેટલાક રાજાઓએ વિઘાટી પ્રથા પણ શરૂ કરી. રાજાઓ પડતર જમીન ખેડૂતોને પાંચ–સાત વર્ષ માટે મફત અથવા મહેસૂલ માફ કરીને ખેડવા આપતા અને ત્યાં નવા ગામો વસાવતા. આ રીતે પડતર જમીનને ખેતીલાયક બનાવવાના પ્રયત્નો થતા. ખેડૂતોને ઘાસનો સંગ્રહ કરવા પ્રોત્સાહન આપવામાં આવતું. જેથી દુષ્કાળના સમયમાં પશુઓને ભૂખે મરવાનો પ્રસંગ ન આવે. એવી જ રીતે રાજય તરફથી સાબુ, તેલ. દીવાસળી, તાંબા–પિતળના વાસણો, છરી ચપ્પા, સૂડી, ચામડાંની બનાવટો વગેરે ઉધોગોને પ્રોત્સાહન આપવામાં આવતું. [૨]

૧) જાની એસ. વી. સૌ. ઈ. પૃ – ૧૩૧

૨) બાવીસી એજન પ્ર–૨૦૭

વિવિધ જ્ઞાતિ તથા કોમના લોકો શાંતિથી રહેતા. ગુનેગારો પકડીને સખત સજા કરવામાં આવતી તેથી ગુનાઓનું પ્રમાણ ઓછું અને ન્યાયની પ્રક્રિયા ઝડપી હતી. ગામડાંઓમાં ગુનેગારોને પકડવા પગી રાખવામાં આવતો. તેનું કામ ગુનેગારોનું 'પગેરુ' શોધી તેને પકડવાનું હતું. હિંદુ–મુસ્લીમ, જૈન, પારસી વગેરે એકબીજા સાથે સદભાવથી વ્યવહાર કરતા. કોમી ઝઘડા, દંગલ, કે હિંસાને સ્થાન ન હતું. રાજાઓ દરેક ધર્મ તરફ સારું વર્તન રાખતા. દરેક રાજયના મુખ્ય મથકમાં એક 'નગરશેઠ' રહેતો. જે રાજયમાં મહત્વનું સ્થાન ભોગવતો. એ નગરશેઠનું પદ વંશપરંપરાગત રહેતું. વિશિષ્ટ દિવસો એ રાજાના મહેલમાં દરબાર ભરાતો. નાના ગામોમાં ગામના ચોરે ડાયરાઓ ભરાતા. ચા–કોફીનું ચલણ શરૂ થયું એ પહેલાં અફિણના કસૂંબા પિવાતા કેટલાક રાજકુંટુંબના પાળિયાઓને પણ એમની શહીદીની વાર્ષિક તિથિએ કસૂંબો પિવડાવવાનો રિવાજ હતો. કાળી ચૌદશને દિવસે પાળિયાઓને પાણીથી ધોઈને સિંદૂરથી એમની પૂજા કરવામાં આવતી.[૧]

આમ, ૧૮૫૮ થી ૧૯૨૦ દરમિયાન અંગ્રેજોના પ્રોત્સાહન, માર્ગદર્શન અને દબાણથી દેશી રાજયોના રાજાઓએ પોતાના રાજયોમાં વિવિધ ક્ષેત્રોમાં આધુનિક સુધારાઓ દાખલ કર્યા. અસ્પૃશ્યતા નાબૂદ ન થઈ. પરંતુ હરિજનો તરફના વર્તાવમાં થોડો સુધારો થયો. વાંકાનેર રાજયે હરિજન વિદ્યાર્થીને સ્કૂલમાં દાખલ કરવાની શરૂઆત કરી. લીંબડી રાજયમાં જન્માષ્ટમીના મેળામાં હરિજનો ભાગ લઈ શકતા નહિં. પરંતુ એક દિવસ માટે એ મેળો હરિજન વાસમાં જ યોજવામાં આવતો. જેથી બધા હરિજનો એને માણી શકે. કેટલાક રાજાઓએ યુરોપ અમેરિકાની મુલાકાત લીધી. તેથી તેમની રાજનીતિ અને વહીવટમાં આધુનિકતા દાખલ થઈ. પ્રજાને માટે કંઈક લાભદાયક કરવાની લાગણી એનામાં ઉભી થઈ. આ યુગ દરમિયાન રાજાઓએ પોતાના પરિવારના ઉપયોગ માટે આધુનિક સગવડો વાળા ભવ્ય મહેલો બંધાવ્યા. કાઠિયાવાડ એજન્સીની કેટલીક મોટી ઈમારતો અને મહેલોએ એજન્સીના અંગ્રેજ એન્જિનિયર આર. બી. બૂથની દેખરેખ નીચે બંધાયા હતાં. સમય જતાં રાજાઓએ મોટરકાર, રેડિયો, ટેલિફોન અને નાનાં એરોપ્લેનો પણ પોતાના ઉપયોગ માટે વસાવ્યા હતા. [૨]

---

૧) એજન પૃ–૨૦૭

૨) એજન પૃ–૨૦૮

## ઉપસંહાર :

સૌરાષ્ટ્રમાં બ્રિટિશ સત્તાના પ્રારંભ સાથે આધુનિક યુગની શરૂઆત થઈ હતી. અંગ્રેજોએ ૧૮૨૨માં રાજકોટમાં એજન્સી સ્થાપી અને સૌરાષ્ટ્રના વહીવટનો વિધિસર પ્રારંભ કર્યો હતો. ૧૮૨૦ થી ૧૮૫૭ સુધી ઈસ્ટ ઈન્ડિયા કંપની એક વેપારી કંપની તરીકે સૌરાષ્ટ્રનો વહીવટ કરતી હતી. ૧૮૫૭માં ઉદ્રેક થયેલો ત્યારે સૌરાષ્ટ્રમાં ઓખામંડળના વાઘેરોના બંડ સિવાય તેની કોઈ અસર થઈ ન હતી. પરંતુ ૧૮૫૮ થી તાજના શાસનનો પ્રારંભ થયો તેની સાથે જાણે કે મધ્યયુગનો અંત આવ્યો. અને આધુનિકયુગનો પ્રારંભ થયો એમ કહી શકાય. સૌરાષ્ટ્રમાં બ્રિટિશ શાસન તો પરોક્ષ હતું. કારણકે દરેક રાજય પોતાના આંતરિક વહીવટમાં તો સ્વતંત્ર હતાં. છતાં બ્રિટિશ સત્તા સાર્વભૌમ સતા હોવાથી સૌરાષ્ટ્રનાં રાજયો પણ ઉદારવાદી દષ્ટિકોણ અપનાવતાં થયાં સાર્વભૌમ સત્તાના સંપર્કનું તે એક મહત્વનું પરિણામ હતું. પરિણામે સૌરાષ્ટ્રના વિકાસ અને પ્રગતિની તથા તેના આધુનિકીકરણની પૂર્વભૂમિકા રચાઈ.

સૌરાષ્ટ્રના રાજવીઓ બ્રિટિશ અમલદારોના અને તેના પગલે પ્રાશ્ચાત્ય સંસ્કૃતિના સંપર્કમાં આવ્યા. પરિણામે તેમનું દૃષ્ટિબિંદુ વિશાળ બન્યું. વળી તેમાંથી અનેક રાજવીઓએ રાજકુમાર કોલેજમાં અભ્યાસ કર્યો તો વળી કેટલાકે તો ઈંગ્લેન્ડની શાળા કે કોલેજોમાં પણ અભ્યાસ કર્યો હતો. ઉપરાંત મોટાભાગના રાજવીઓએ બ્રિટિશ ભારતના મહત્વના શહેરો તથા યુરોપના કેટલાક મહત્વના સ્થળોનો પ્રવાસ કર્યો હતો. આમ, પ્રાશ્ચાત્ય શિક્ષણ અને પ્રવાસને કારણે પ્રાશ્ચાત્ય સંસ્કૃતિની અસર હેઠળ તેમણે અન્ય પ્રદેશોનો જે વિકાસ જોયેલો તેનો પોતાના રાજયમાં અમલ કરવા પ્રયાસ કરેલો. બ્રિટિશ ભારતના અનેક 'શહેરોના વિકાસ અને પ્રગતિથી વાકેફ થઈ, પ્રભાવિત થઈ પોતાના રાજયના શહેરોનું આધુનિકીકરણ કરવા તેમણે પ્રયત્ન કર્યો હતો. સૌરાષ્ટ્રમાં બ્રિટિશ શાસનની સ્થાપના, માનવીય સુધારાઓ અને નવી શિક્ષણ પધ્ધતિના પ્રારંભને કારણે સામાજિક ક્ષેત્રે સુધારણાનું વાતાવરણ સર્જાયું હતું.

# પ્રકરણ – ૫

# રાજકોટ રાજયનો ઈતિહાસ

૦૧) ભૌગોલિક સ્થાન, ક્ષેત્રફળ, સીમા

૦૨) જમીનની ફળદ્રુપતા

૦૩) પશુપાલન

૦૪) હવામાન

૦૫) વસ્તી

૦૬) રાજકોટ રાજયનો ઈતિહાસ

- ૦૧) વિભાજી
- ૦૨) મહેરામણજી
- ૦૩) સાહેબજી
- ૦૪) બામણિયોજી
- ૦૫) મહેરામણજી – બીજા
- ૦૬) રણમલજી – ૧લો
- ૦૭) લાખોજી – ૧લો
- ૦૮) રણમલજી બીજા
- ૦૯) સુરાજી
- ૧૦) મહેરામણજી – ચોથા
- ૧૧) બાવાજીરાજ અને તેના સમયના મહત્વના કાર્યો
- ૧૨) લાખાજીરાજ
- ૧૩) ધર્મેન્દ્રસિંહજી
- ૧૪) પ્રદ્યુમ્નસિંહજી
- ૧૫) ઉપસંહાર

# પ્રકરણ – ૫

# રાજકોટ રાજયનો ઈતિહાસ

રાજકોટ રાજયએ સૌરાષ્ટ્રના અન્ય રાજયો કરતા વિશેષ મહત્વનું હતું. તેનું મુખ્ય કારણ આગળ જણાવ્યા પ્રમાણે રાજકોટ પોલિટિકલ એજન્સીનું મુખ્ય મથક તે બન્યું હતું.

## ૧) ભૌગોલિક સ્થાન :

રાજકોટ રાજય કાઠિયાવાડ પ્રાતમાં મધ્યમાં આવેલું હતું. ૨૨° થી ૧૮° ઉતર અક્ષાંસને ૮૦° થી ૫૧° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલું છે. વેસ્ટ ઈન્ડિયા સ્ટેટ એજન્સીની અંદર આવેલા રાજયોમાં તે એક મહત્વનું રાજય હતું. તેનો કુલ વિસ્તાર માત્ર ૨૮૨.૪ ચોરસ માઈલ હતો. તેના શાસકને દરબારશ્રી ઠાકોર સાહેબ તરીકે સંબોધવામાં આવતા.[૧] તેના તાબા હેઠળ ૬૪ ગામો હતા.

## સીમા :

આ રાજયની સીમાઓ ચારેય દિશાએ વિસ્તરેલી છે. તેની પૂર્વે ભાવનગર રાજય અને ચોટીલા થાણાંની અમુક કાંઠી જાગીર જાયદાદો આવેલી હતી. દક્ષિણ તરફ ગોંડલ રાજય અને કોટડા સાંગાણીનો તાલુકો આવેલો હતો. જયારે પશ્ચિમ ધ્રોળ રાજય અને અમુક તાલુકાઓ તથા ઉતર દિશામાં વાંકાનેર રાજય અને કેટલાક નાના તાલુકાથી ઘેરાયેલું હતું.[૨]

## જમીનની ફળદ્રુપતા :

આ પ્રદેશની જમીન – ઉતર – પશ્ચિમ અને દક્ષિણ દિશા તરફનો મૂલક સપાટ હતો. પૂર્વ તરફનો મૂલક ડુંગરાળ હતો. મુખ્ય નહી આજી હતી. આ જમીન પર ખેતી કરતા જે પાક થતા તેની

---

1) Administration Report of Rajkot State 1929 - 30 - P.1.

2) A.D.M. Report of Rajkot State - 1944 - 45 - P.1

વિગતો આ પ્રમાણે છે. આ જમીનમાં બાજરો, ઘઉ, જુવાર, કપાસ તલીબીયા વગેરે પાકો તૈયાર થતા હતા. તેવી માહિતી મળે છે.

## પશુપાલન :

આ પ્રદેશમાં પશુપાલન પણ થતું હતું. મળતી વિગતો પ્રમાણે અહીં ગ્રામ્ય પશુંઓમાં ગાય, ભેંસ, બળદ, બકરા, ઘેટા, વગેરેને પાળવામાં આવતા હતા.

## હવામાન અને આબોહવા :

આ રાજયનું હવામાન સમશીતોષ્ણ અને એકંદરે તંદુરસ્ત હતું રાજકોટ રાજયને મોટે ભાગે તંદુરસ્ત આનંદ પ્રમોદના સ્થળ તરીકે ગણવામાં આવ્યું છે. રાજયમાં ઋતુ પ્રમાણ કેવું હતું. તેની વિગતો મળતી માહિતી પ્રમાણે અહીં દર્શાવેલ છે. જે પ્રમાણે ભાદરવો મહિનો કેટલેક અંશે મેલેરીયા ગ્રસ્ત હોય છે. ડિસેમ્બર અને જાન્યુઆરીના મહિના સૌથી વધુ ઠંડીવાળા હોય છે. જયારે એપ્રિલ મે અને ઓકટોબર માસમાં સૌથી વધુ ગરમી હોય છે. વરસાદી વાદળાઓ બંધાવાની શરૂઆત જૂન માસમાં થતી હોય છે. પરંતુ વરસાદનું આગમન જૂન માસનાં અંતમાં અથવા જૂલાઈના પહેલા પખવાડિયામાં થતું હોય છે. સારામાં સારો વરસાદ જૂલાઈ અને સપ્ટેમ્બર માસમાં હોય છે. સામાન્ય રીતે અહીં ઉનાળાની ઋતુમાં પવન પશ્ચિમ તરફથી વાતો હતો. તેવી માહિતી પ્રાપ્ત થાય છે.[૧]

## વસ્તી :

આ રાજયની વસ્તી ગણતરી જુદા જુદા સમયે જુદી જુદી દર્શાવી છે. જે ઉપર આ રાજયમાં વસતા લોકોની સરેરાશ સંખ્યા અને જ્ઞાતિઓ વિશે માહિતી મળી રહે છે. ઈ.સ. ૧૯૨૧ના સર્વેક્ષણ મુજબ રાજકોટ રાજયની કુલ વસ્તી તે સમય દરમ્યાન ૬૦૯૯૩ હતી.[૨] ૧૯૩૧માં તેની વસ્તી

1) Ibid 1941 - 42 P - 1 - 2

2) A.D.M. Report of Rajkot State - 1925 - 26 P.2

૭૫,૫૪૦ની હતી. તે વધીને ૧૯૪૧માં ૮૫,૦૦૦ ઉપર થઈ હતી. તેની વાર્ષીક આવક ૧૦.૭૬ લાખ અને ખર્ચ ૧૦.૩૬ લાખનો હતો. તેની વાર્ષિક આવક બ્રિટિશ સરકારને ખંડણી પેટે રૂા. ૧૮૯૯૧ અને જૂનાગઢને જોરતલબીના રૂા. ૨૩૩૦ વાર્ષિક આપતું હતું.[૧] વળી તે રાજધાની નું શહેર હતું અને પશ્ચિમ ભારતના રાજયોની રાજધાની જેવું સ્થાન ધરાવતું હતું. અને કાઠિયાવાડ પોલિટિકલ એજન્ટનું વડું મથક હતું.[૨] રાજકોટ રાજયમાં વિવિધ જ્ઞાતિ, સંપ્રદાયના લોકો રહેતા હતા. જે મુજબ હિંદુ, ખ્રિસ્તી, મુસ્લિમ, પારસી, આદીવાસી વગેરે લોકો રહેતા હતા. મોટેભાગે ગુજરાતી ભાષા બોલાતી હતી.[૩]

## રાજકોટ રાજયનો ઈતિહાસ

રાજકોટ રાજય ભાવનગર, જૂનાગઢ, નવાનગર કચ્છ અને ધાંગધ્રાની સરખામણીમાં નાનું રાજય હતું.

જોકે રાજકોટ કદમાં નાનું હતું પરંતુ ભૌગોલિક દ્રષ્ટિએ મધ્યમાં આવેલું હોવાથી તે મહત્વનું બન્યું વળી કાઠિયાવાડના બ્રિટિશ એજન્ટની અહી બેઠક હોવાને કારણે તેનું મહત્વ વધ્યું હતું. રાજયના રેકોર્ડમાં તેનો હંમેશા સંસ્થાન રાજકોટ તરીકે ઉલ્લેખ થયો છે. તેની મૂળ ગાદી સરધારમાં હતી. જાડેજા વંશના લાખો ફૂલાણી એ જીતી હતી. એક વખત સરધાર છેલ્લા વાઘેલા રજપૂત શાસક કરણવાઘેલાના શાસન નીચે આવ્યું હતું. ૧૬મી સદીમાં સરધાર વાઘેલાઓના હાથમાંથી જાડેજા રજપૂત રાજાઓના હાથમાં સરી પડયું. [૪]

રાજકોટના શાસકો ચંદ્રવંશી જાડેજા કહેવાતા હતા. દંતકથા અનુસાર તેઓ ભગવાન કૃષ્ણના વંશજો ગણાતા હતા. કૃષ્ણ ભગવાનના સૌથી મોટા પુત્ર 'સામ્બ' ના વંશમાં ઘણી પેઢીઓ

---

૧) જાની એસ.વી. સૌ. ઈ. – પૃ – ૨૧૦

૨) ભટ્ટ ત્રિભુવન પુ – સંસ્થાન રાજકોટની ડિરેકટરી ભાગ – ૧ – પૃ – ૫

૩) A.D.M. Report of Rajkot State 1925 - 26 P. 1

૪) ભટ્ટ ત્રિભુવન સંસ્થાન રાજકોટની ડિરેકટરી – ભાગ – ૧ – પૃ – ૪૨

પછી 'દેવેહ' થયો આ દેવેહના બીજા પુત્ર નરપતે ગઝનીમાં શાસન કર્યુ. આ નરપત ઘણો બળવાન અને શકિતશાળી હતો. તેથી તે જામ (બળવાન) કહેવાયો તેની ૧૦મી પેઢીએ 'લાખો ઘુરારો' થયો. તેણે સિંધમાં શાસન કર્યુ હતું. તેને બે પુત્રો હતા. તેમાંનો એક 'મોડ' હતો. આ મોડની ચોથી પેઢીએ લાખો ફુલાણી થયો. મોડનો બીજો દિકરો જામમનાય હતો. જામમનાયના વંશજોમાં ઉન્નડ થયો. ઉન્નડની છટ્ઠી પેઢીએ જામજાડા થયો. જામજાડાને બે જોડીયા પુત્રો હતા. જામલાખા અને જામ લખધીરસિંહ ઠાકોર સુરાજી (૧૮૨૫–૧૮૪૪) એ અંગ્રેજોને લખેલા તેના પત્રોમાં એમ જણાવ્યું હતું કે પ્રશિયા તેમની મૂળભૂમિ હતી અને જામશબ્દ પ્રસિધ્ધ પ્રશ્યિન રાજા જમશેદમાંથી ઉતરી આવેલો છે. જાડેજા નામ માટે મતમતાંતર છે. 'જાડેજા' નામની વ્યકિત પરથી, જદુ પરથી, જાદવ પરથી કેટલાકના મત પ્રમાણે યદુવંશી રાજાઓ પ્રથમથી યદુજા કહેવાતા તેમાંથી જાદુજા, જદુજામાંથી જાદેજા, જાડેજા થયું.[૧]

એક અર્થઘટન પ્રમાણે જાડાના વંશજો જાડેજા તરીકે ઓળખાયા. બીજું અર્થઘટન એવું છે કે સિંધી ભાષામાં જોડીયા બાળકોને જાડા જન્મ્યા હોવાનું કહેવાય છે. અને તેથી તેના વંશજો જાડા કહેવાયા અને તેમાંથી જાડેજા થયું.[૨]

## ૧) વિભાજી

નવા નગરના જામ માંથી આ પ્રદેશમાં જાડેજા રાજપૂતો ઉતરી આવ્યા છે. જામસતાજીના પૌત્ર વિભાજીએ રાજકોટની શાખા સ્થાપી ૧૬૦૮માં સરધારમાં આવીને તેણે મોગલ બાદશાહ જહાંગીર પાસેથી આ પરગણાં પર શાસન કરવાનો પરવાનો મેળવ્યો ઈ.સ. ૧૬૧૦ માં રાજકોટ શહેરની સ્થાપના આજીનદજીના પશ્ચિમ કાંઠે કરવામાં આવી હતી. ઈ.સ. ૧૬૭૫ થી ૧૬૯૪ સુધી સરધારનું રાજય ઉતરમાં રાજકોટ તરફ વિસ્તાર પામતું જતું હતું.[૩]

---

૧) ભટ્ટ પ્રભુતા 'સંશોધન' (જાડેજા રાજકુળ) સંપાદક વ્યાસ હસમુખ ' ધોરાજી – ૨૦૦૩ – પૃ – ૨૫

૨) Baroda Central Records office, Vadodara, 558 / Bar Pol. 10-18 Vol I A dafter no. 31. File No. 154. P. 711 - 714

૩) ભટ્ટ પ્રભુતા – ઉપર્યુંકત – પૃ – ૨૫

ઈ.સ. ૧૫૨૯માં ભયંકર દુષ્કાળ વખતે જગડુશાહ તરફથી તે જગ્યાએ અનાજનો કોઠાર નાખવામાં આવ્યો હતો. તે જગ્યાએ વિભાજીએ રાજુસંધીને કેટલીક જગ્યા આપી રાજુ સંધીના નામ ઉપરથી રાજકોટ નામનું ગામ વસ્યું. તે ગામ રાજુ સંધી તથા તેના વંશજોના કબ્જામાં ઈ.સ. ૧૬૪૬ સુધી રહયું હતું . આમ રાજકોટ ગામડામાંથી શહેર બન્યું ૧૬૧૦ માં સરધારના રાજવીએ આજી નદીના કાંઠે એક ગામડા તરીકે સ્થાપેલ રાજકોટનો ક્રમે ક્રમે રજવાડા તરીકે વિકાસ થયો. બ્રિટિશ સરકારના વખતમાં ૧૮૨૦ થી ૧૮૭૦ દરમ્યાન સદર તરીકે જાણીતો થયેલ વિસ્તાર આકાર પામ્યો. ઈ.સ. ૧૬૩૫ માં વિભાજીનું મૃત્યુ થયું. રાજકોટ સરધારના ત્યાર પછીના જાડેજા શાસકો વિભાણી જાડેજા કહેવાયા. વિભાજીના સમયમાં રાજયનો ધ્વજની ડિઝાઈન નકકી થઈ[૧]

## ૨) મહેરામણજી ૧લા (ઈ.સ. ૧૬૩૫ – ૧૬૫૬)

વિભાજીના મૃત્યુ બાદ તેના ૨૧ વર્ષના શાસનકાળ દરમ્યાન મુઘલ સુબો આઝમખાન કાઠીઓને શિક્ષા કરવા માટે પ્રાંતમાં આવ્યો ત્યારે મહેરામણજી સરધારના થાણેદારને સાથે લઈ સુબાને જઈને મળ્યા. સુબાએ તેને શાબાશી આપી તેના વિસ્તાર ઉપર તેને બહાલ કર્યા અને બીજા પણ એક બે ગામ મળ્યા. મહેરામણજીને બે કુવર હતા. પાટવી કુંવર સાહેબજી, અને કુવર કુંભોજી તે ચુડાસમા રાણીના પુત્ર હતા. પાટવી કુંવર સાહેબજીને સરધારના થાણદારની મદદથી મહેરામણજીની જાગીર મળી.[૨]

## ૩) સાહેબજી (૧૬૫૬ – ૧૬૭૫)

મહેરામણજીના અવસાન બાદ ઈ.સ. ૧૬૫૬માં સાહેબજી ગાદીએ આવ્યા હતા. તેણે ૧૯ વર્ષ શાસન કર્યું હતું. સાહેબજી તથા તેના નાના ભાઈ કુંભોજીને અણબનાવ હતો. પણ સોરઠના ફોજદાર કુતુબુદીને વચ્ચે પડી સમાધાન કરાવ્યું સાહેબજીએ કુંભાજીને અરડોઈ અને રીબ આ બેગામો આપ્યા તેથી કુંભોજીએ અરડોઈને પોતાની રાજધાની બનાવી ત્યાં રહયા. થોડા સમય પછી

---

૧) ભટ્ટ ત્રિભુવન સંસ્થાન રાજકોટની ડિરેકટરી – ભાગ – ૧ પૃ – ૪૭

૨) સંપાદક ખાચર પ્રદ્યુમ્ન – ઉપર્યુકત પૃ – ૩૬૪

તેણે પોતાના મામા સાથે લડીને ગોંડલ કબ્જે કર્યુ. આમ ગોડલના રાજવંશના સ્થાપક આ કુંભોજી હતા.[૧] સાહેબજી ઈ.સ. ૧૬૭૫ માં મૃત્યુ પામ્યા.

## ૪) બામણિયોજી (૧૬૭૫–૧૬૦૪)

સાહેબજીના અવસાન પછી તેનો પુત્ર બામણિયોજી ઈ.સ. ૧૬૭૫માં ગાદીએ બેઠો બામણિયોજી હંમેશા સરધારમાં તેમજ રાજકોટમાં કામકાજ કરતા. એના કાળીપાટ વગેરે ગામો રાજકોટથી નજીક હતા. એ સરધાર કરતા રાજકોટમાં વધારે વખત રહેતા. તેમણે કેટલીક લડાઈઓમાં વિજય મેળવી શાહી થાણદાર પાસેથી કેટલાક ગામ ઈજારે પણ રાખ્યા હતા. એકવાર હોળીના તહેવાર પ્રસંગે તેઓ રાજકોટ આવ્યા હતા. ત્યારે કેટલાક મિયાંણાઓ ગાયોનું ધણ હાંકીને લઈ ગયા. તેથી તેમણે તેમનો પીછો કર્યો. અને રાજકોટ થી ૩ થી ૪ કિ.મી. દુર આવેલા નકલંક વીડ પાસે લડાઈ થઈ. તેમા તેઓ મરાયા ત્યારપછી તેના કુંવર મહેરામણજી બીજા ઈ.સ. ૧૬૦૪માં ગાદીએ આવ્યા. [૨]

## મહેરામણજી બીજા :

મહેરામણજી બીજા હિંમતવાન અને શુરવીર યોધ્ધા હતા. ઈ.સ. ૧૭૦૭માં ઔરંગઝેબનું અવસાન થયું ત્યાર પછી પ્રાંતનો રાજયકારભાર નબળો પડયો. અને ગુજરાતના દક્ષિણ ભાગ ઉપર મરાઠાઓ સવારી કરતા તેમને અટકાવવા માટે પ્રાંતમાંનું મુસલમાની લશ્કર ગુજરાતમાં બોલાવી લેવામાં આવ્યુ હતું આ તકનો લાભ લઈ મહેરામણજીએ રાજકોટ આસપાસના ઘણાખરાં ગામ પણ મેળવ્યા તેણે મોગલ રાજયના વિઘટનની પ્રક્રિયાને કારણે ઉભી થયેલી પરિસ્થિતિનો લાભ લઈ રાજયનો વિસ્તાર કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ ગુજરાતના મોગલ સુબેદાર માસુમખાને મોટા લશ્કર સાથે રાજકોટ પર આક્રમણ કર્યુ. યુધ્ધમાં મહેરામણજી બીજો મરાયો. મહેરામણજીનું મૃત્યુ થતા સરધારના સૈન્યો વેરવિખેર થઈ ગયા. અને મધ્ય સૌરાષ્ટ્રમાં એક બળવાન

---

૧) ભટ્ટ ત્રિભોવન પુ. સંસ્થાન રાજકોટની ડિરેકટરી ભાગ – ૧ – પૃ – ૪૯

૨) સંપાદક રાવલ મનોજ – ઉપર્યુંકત – પૃ – ૭૫

મુસ્લિમસત્તાની સ્થાપના થઈ.[1] માસુમખાને સરધારનો કબ્જો લીધો અને રાજકોટનું નામ બદલીને માસુમાબાદ પાડયું.[2]

રાજકોટમાં રાજધાની અને કિલ્લો બાંધ્યા. કારભારી કારકૂનો વગેરે નિયુંકત કર્યા. તથા પોતે એક સ્વતંત્ર રાજા તરીકે રાજ કરવા લાગ્યો. [3]

મહેરામણજીના મૃત્યુ પછી માસુમખાને ઈ.સ. ૧૭૩૨ સુધી રાજકોટમાં રાજય કર્યું. મહેરામણજીને સાત કુંવરો હતા. પાટવી કુંવર રણમલજી ૧લાએ માસુમખાનને ૧૭૩૨માં મારી નાખી રાજકોટ જીતી લીધું એ રીતે ફરીવાર રાજકોટ રાજય ઉપર જાડેજાઓનું શાસન સ્થાપિત થયું હતું. [4]

## ૫) રણમલજી ૧લો :

રણમજી – ૧લા એ રાજકોટ જીતી લઈ પોતાના ભાઈઓને નીચે પ્રમાણે ગામો જાગીરમાં આપ્યા હતા. મોડજીને ગૌરીદડ, કલાજીને શાહપુર, હરભમજીને પાળ, દાદોજીને કોઠારિયા, જસાજીને ભીચડી, ફુલજીને ખોખરદડ[5] આ રીતે રાજકોટની આસપાસ રણમલજીના ભાઈઓના તથા પોતાના જ ગામો હતા.

રણમલજીને ચાર કુંવર હતા. લાખોજી, (એને બાવોજી પણ કહેતા) બીજો વનેરાજ એને માખાવડ, ત્રીજો અખેરાજ એને ગઢકા અને ચોથો પૃથ્વીરાજ એને ત્રંબા ગામ જાગીરમાં મળ્યા હતા. રણમજી. ઈ.સ. ૧૭૪૬માં મૃત્યુ પામ્યા એટલે તેની ગાદીએ તેના પાટવી કુંવર લાખોજી બેઠા.[6]

---

૧) દેસાઈ શં.હ. – સૌ. ઈ. – પૃ – ૫૮૫

૨) નર્મદાશંકર લાલશંકર કાઠિયાવાડ – સર્વ સંગૃહ – પૃ – ૫૫૦

૩) દેસાઈ શં.હ. સૌ.ઈ. પૃ – ૫૮૬

૪) શાહ અમૃતલાલ 'ભારત રાજય મંડળ' એચ.સી. એન્ડ બ્રધર્સ ડાકોર ૧૯૦૨ – પૃ – ૧૫૬

૫) સંપાદક ખાચર પ્રદ્યુમ્ન કાઠિયાવાડ સાર સંગૃહ – પૃ – ૩૬૫

૬) એજન પૃ – ૩૬૫

## ૬) લાખોજી ૧લો અને મહેરામણજી ત્રીજા :

લાખોજી ૧લાએ (૧૭૪૬ થી ૧૭૬૦)૧૪ વર્ષ શાસન કર્યુ પરંતુ ભકિત તરફ વળવાને કારણે તેણે શાસનનો દોર પોતાની હયાતીમાં જ પોતાના પાટવી કુંવર મહેરામણજી ત્રીજાને સોપ્યો. લાખોજીને મહેરામણજી સિવાય બીજા ચાર કુંવર હતા. બીજા વેરાજી, ત્રીજા તોગાજી, ચોથા સુરાજી, પાંચમાં વિસોજી – આમા વિસોજી કાઠીઓની સાથે લડતા વરજા તિર્થ આગળ મૃત્યુ પામ્યા વિભાણી જાડેજાઓમાં રિવાજ છે કે જયારે તેમનામાંનો કોઈ ગાદીએ બેસે કે પરણે ત્યારે વિસોજીના સરધાર તથા વરજાતિર્થ આગળના પાળિયાની પુજા કરવી જોઈએ[૧]

મહેરામણજીને કવિતાનો ઘણો શોખ હતો. તેમજ પોતે પણ વિદ્વાન કવિ હતા. તેમણે 'પ્રવિણ સાગર' નામનો ચોર્યાશી પ્રકરણ વાળો હિંદી ભાષામાં એક ગ્રંથ રચ્યો હતો. જેમા અશ્વવિદ્યા, જયોતિષ વિદ્યા, વૈદ્યવિદ્યા, યોગવિદ્યા સન્યાસી, ધર્મ વગેરે કેટલીક ઉપયોગી બાબતો સાથે કાવ્યના રસ અલંકારાદિનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે.[૨]

મહેરામણજી લાખોજી ૧–લાની હયાતી દરમ્યાન મૃત્યુ પામ્યા તેથી ઈ.સ. ૧૭૯૪–૯૬ બે વર્ષ ફરીથી લાખોજી ૧–લાએ રાજયનો કારભાર સંભાળ્યો. કાઠી બહારવટીયા સાથેના સંઘષમાં તેનું મૃત્યુ થયું.[૩]

૧૮૨૦ થી ૧૯૪૮ દરમ્યાન રાજકોટ રાજયના રાજવીઓ આ પ્રમાણે હતા.

| | | |
|---|---|---|
| ૧) | રણમલજી બીજા | (ઈ.સ. ૧૭૯૬ – ૧૮૨૫) |
| ૨) | સુરાજી | (ઈ.સ. ૧૮૨૫ – ૧૮૪૪) |
| ૩) | મહેરામણજી ચોથા | (ઈ.સ. ૧૮૪૪ – ૧૮૬૨) |
| ૪) | બાવાજી રાજ | (ઈ.સ. ૧૮૬૨ – ૧૮૯૦) |

---

૧) એજન પૃ – ૩૬૫

૨) રત્નુમાવદાનજી 'યદુવંશ પ્રકારા' ભાગ – ૨ જામનગર – પૃ – ૩૭

૩) ભટ્ટ ત્રિભુવન સંસ્થાન રાજકોટની ડિરેકટરી ભાગ – ૧ પૃ – ૫૪

| | | |
|---|---|---|
| ૫) | લાખાજી રાજ | (ઈ.સ. ૧૮૯૦ – ૧૯૩૦) |
| ૬) | ધર્મેન્દ્રસિંહજી | (ઈ.સ. ૧૯૩૦ – ૧૯૪૦) |
| ૭) | પ્રદ્યુમ્નસિંહજી | (ઈ.સ. ૧૯૪૦ – ૧૯૪૮)[૧] |

## ૧) રણમલજી બીજા :

ઈ.સ. ૧૭૯૬માં રણમલજી બીજા રાજકોટ રાજયની ગાદી પર આવ્યા હતા. તેના સમયમાં વડોદરાના બ્રિટિશ રેસીડન્ટ કર્નલ વોકરે ઈ.સ. ૧૮૦૮ માં વોકર કરાર કર્યો. તે વડોદરાના લશ્કર સાથે રાજકોટ આવ્યા. અને ૧૮૦૭માં દરેક રાજયની ખંડણી નિશ્ચિત કરી તે ઈ.સ. ૧૮૦૯ સુધી આ પ્રાંતમાં રહયા અને બધા રાજયો સાથે કરાર કર્યા.

રણમલજી બીજાના સમયમાં રાજકોટ રાજયે વોકર કરાર ઉપર સહી કરી હતી. ૧૮૧૩માં કેપ્ટન બેલેન્ટાઈને સરધાર ઉપર રાજકોટ રાજયનો હકક માન્ય કર્યો હતો. તેમના શાસન દરમ્યાન જ રાજકોટમાં બ્રિટિશ એજન્સીની સ્થાપના થઈ હતી. તે માટે અંગ્રેજોએ રાજકોટ રાજય પાસેથી ઈ.સ. ૧૮૨૨ માં ૬૩૮ એકર જમીન વાર્ષિક રૂા. ૨૮૦૦–૦૦ ના પટે ખરીદી હતી.[૨] આ જમીન ઉપર બ્રિટિશ સરકારે પોતાની એજન્સી માટેની કચેરીઓ કરી હતી. આ રીતે રાજકોટ નગર અને રાજયને એક નવું રાજકીય મહત્વ મળ્યું હતું. રણમલજી બીજાના શાસનકાળ દરમ્યાન બ્રિટિશ કોઠીની સ્થાપના થતાં સૌરાષ્ટ્રના અન્ય પ્રાંતોની સરખામણીમાં રાજકોટનો વિકાસ ઝડપી બન્યો હતો.

## ૨) સુરાજી – (૧૮૨૫ – ૧૮૪૪)

રણમલજીને સુરાજી તથા હોથીજી નામે બે કુવર હતા. રણમલજીના અવસાન પછી તેમના પુત્ર સુરાજી શાસક બન્યા હતા. રાજકોટ રાજયની નાણાંકીય સ્થિતિ સારી ન હોવાથી દીવાન રણછોડજીએ રાજકોટ ઈજારે રાખ્યું હતું. આ ઈજારો ૧૮૨૯મા પૂરો થતા સુરાજીએ રાજકોટનો

---

૧) જાની એસ.વી. સૌ. ઈ. – પૃ – ૨૧૦

૨) ગુ.રા.સાં.ઈ. ભાગ – ૮ – પૃ – ૧૩૩

સંપૂર્ણ વહીવટ સંભાળ્યો અને રાજયની નાણાંકીય સ્થિતિમાં સુધારો કર્યો રાજકોટમાં બ્રિટિશ એજન્સી તથા છાવણી થવાથી સૌરાષ્ટ્રના રાજાઓ તથા બહારગામના ધનિકોએ રાજકોટમાં જમીન ખરીદ કરી તેથી રાજયના વિસ્તાર થતા આવકમાં વૃધ્ધિ થઈ[૧] તેનું શાસન બાળકીઓની હત્યાના સંભર્દમાં પણ મહત્વનું બન્યું તેણે અંગ્રેજો સાથેના કરાર ઉપર સહી કરી હતી. પણ તેનો ભંગ કરીને ઈ.સ. ૧૮૩૩ની ૬ નવેમ્બરે તેની પુત્રીની હત્યા કરી તે બદલ તેના ઉપર કામ ચલાવવામાં આવ્યું અને ૧૨૦૦૦નો આકરો દંડ કરવામાં આવ્યો.[૨] અને ફરી આવો પ્રસંગ નહી બને તેની ખાત્રી આપી હતી.

## ૨) મહેરામણજી – ચોથા (૧૮૪૪–૧૮૬૨)

સુરાજીને ગગુભા તથા મહેરામણજી નામે બે કુંવર હતા. સુરાજીનું ઈ.સ. ૧૮૪૪ માં અવસાન થયું ત્યારબાદ તેના પુત્ર મહેરામણજી ચોથા ગાદીએ આવ્યા.

મહેરામણજી ચોથાના શાસન દરમ્યાન દડવા તથા હોડથલી ગામની સરહદો અંગે રાજકોટ અને ગોંડલ રાજય વચ્ચે વિવાદ થતા બ્રિટિશ એજન્સીએ દરમ્યાનગીરી કરી સમાધાન કરાવ્યું હતું. તેમા રાજકોટની માંગણી સ્વીકારાઈ ન હતી. મહેરામણજીએ બ્રિટિશ સરકારને જાડેજાઓમાં પ્રવર્તતા દીકરીઓને દૂધ પીતી કરવાના રિવાજને બંધ કરાવા સહાયતા કરી હતી. તેની કદર કરી બ્રિટિશ સરકારે ૧૮૫૭માં તેમને સેનાનો હાર ભેટ આપ્યો હતો.[૩]

રાજકોટમાં ગુજરાતી શાળા ૧૮૩૮માં શરૂ કરાયા પછીથી આ સમયમાં અંગ્રેજી શાળા સ્થપાઈ અને કન્યાશાળા પણ શરૂ કરાઈ કન્યાશાળાનો બધો ખર્ચ કર્નલ લેંગ આપતા હતા. પરંતુ પછીથી આ બધી શાળાઓનો ખર્ચ મહેરામણજીના સમયમાં રાજકોટ રાજયે ઉપાડી લીધો.

૧) ભટ્ટ ત્રિભુવન પુ. સંસ્થાન રાજકોટ ડિરેકટરી ભાગ – ૧ – પૃ – ૫૭

૨) છત્રપતિ ભગવાનલાલ સંપતરામ – કાઠિઆવાડ એજન્સીના દેશી સંસ્થાનો સંબંધી કોલ કરાર દસ્તાવેજ અને સનદો – પૃ – ૪૮ – ૪૯

૩) સંપાદક – ખાચર પ્રદ્યુમ્ન – કાઠિયાવાડ સર્વ સંગ્રહ – પૃ – ૩૬૬

૧૮૪૬ થી રાજકોટમાં પધ્ધતિસરની ગુજરાતી અને અંગ્રેજી શાળાઓ શરૂ થઈ હતી.[૧]

મહેરામણજીને દારૂનું વ્યસન હોવાથી તેઓ નાની વયે ૧૮૬૨માં અવસાન પામ્યા.

**બાવાજીરાજ :**

મહેરામણજીના અવસાન બાદ પુત્ર બાવાજીરાજ ૭ વર્ષની વયે ગાદીએ બેઠા. તેઓ સગર વયના હોવાથી રાજકોટનો વહીવટ તેમના દાદીમા માતૃશ્રી નાનીબાએ ઈ.સ. ૧૮૬૨ થી ૧૮૬૭ પાંચ વર્ષ સુધી  કુનેહ પૂર્વક ચલાવ્યો હતો.[૨] ૧૮૬૩માં સૌરાષ્ટ્રના પોલિટકલ એજન્ટ કર્નલ કીટીંગે સૌરાષ્ટ્રના રાજયનું વર્ગીકરણ કરેલું તેમાં રાજકોટને બીજા વર્ગમાં મૂકેલું. રાજકોટમાં બ્રિટિશ એજન્સીનું કામકાજ વધતા તેને વધુ જગ્યાની જરૂરિયાત ઉભી થતાં ૧૮૬૩માં વાર્ષિક રૂા. ૧૫૦૦.૦૦ થી ૩૮૫ એકર જમીન તેમણે રાજકોટ રાજય  પાસેથી કરાર કરીને મેળવી હતી.[૩] આ  કરાર ઉપર બાળ રાજવી બાવાજીરાજ વતી તેમના દાદીમાં નાનીબાએ તથા બ્રિટિશ સરકાર વતી પોલિટિકલ એજન્ટ કર્નલ કીટીંગે ૨૫–૯–૧૮૬૩ સહી કરી હતી.

આ કરારની મુખ્ય શરતો આ પમાણે હતી.

૧) રાજકોટ રાજય બ્રિટિશ સરકારને ૩૮૫ એકટ જમીન આપશે.

૨) તેના બદલામાં બ્રિટિશ સરકાર ૧૮૨૨માં મેળવેલી જમીનના વાર્ષિક રૂા. ૨૮૦૦ ઉપરાંત વાર્ષિક ૧૫૦૦ રૂા. ચુકવશે. આમ આ બંને જમીનના મળી કુલ વાર્ષિક રૂા. ૪૩૦૦/– ચૂકવવાના રહેશે.

૩) રાજકોટ રાજયને આ વિસ્તારમાં એક મકાન અને ઓફિસ બાંધવા માટે ૪૧.૮૦ ચો.મીટર જમીન કોઈપણ જાતના ભાડા કે જકાત વિના આપવી.

૪) રાજકોટ રાજયના વતનીઓને બ્રિટિશ એજન્સીની હદમાં લાવવા કોઈ લાલચ આપવી નહી.

---

૧) ડો. જાની એસ.વી. સૌ.ઈ. – પૃ – ૨૧૧

૨) નર્મદાશંકર લાલશંકર – કાઠિયાવાડ સારસંગ્રહ – પૃ – ૩૬૬

૩) ભટ ત્રિભુવન પૃ સંસ્થાન રાજકોટની ડિરેકટરી ભાગ – ૧ પૃ – ૬૦

૫) આ સિવિલ સ્ટેશન વિસ્તારમાં ૭૫૨૫ ચો.મીટર જમીન બ્રાહ્મણોને દાનમાં અપાયેલી છે તે બ્રાહ્મણો પાસે રહેવા દેવી.

ઈ.સ. ૧૮૬૭માં સૌરાષ્ટ્રના બાળવટાના રાજયકર્તાઓમાં રાજયો માટે અંગ્રેજ સરકારે મેનેજમેટનો કાયદો પસાર કર્યો. ત્યારે રાજકોટના રાજવી બાવાજીરાજ ૧૧ વર્ષના હતા. તેથી તેમના વતી વહીવટી તેમના નાનીબા (દાદીમા) ચલાવતા હતા. (૧૮૬૨–૬૭) હવે તેમની પાસેથી કારોબાર લઈને બ્રિટિશ સરકારે રાજકોટ રાજયના વહીવટ માટે કેપ્ટન જે.એચ. લોઈડને નીમ્યા હતા. તેમના મદદનીશ તરીકે કૃષ્ણાજી લક્ષ્મણ નુલકરને નીમવામાં આવ્યા તેમના વહીવટ દરમ્યાન કોટડા ઉપર રાજકોટની હકુમત માન્ય રખાઈ હતી. ૧૮૬૭ થી ૧૮૭૪ના આઠ વર્ષ સુધી રાજકોટમાં બ્રિટિશ મેનેજમેન્ટ રહયું. બ્રિટિશ ગવર્મેન્ટે રાજકોટ રાજયનું મેનેજમેન્ટ સંભાળ્યું કારણકે તેમાં રાણીઓના મેનેજમેન્ટ નીચે કોઈ પ્રગતિકે દક્ષતાની આશા ન હતી. એમ જણાય છે. કે અંગ્રેજોને નાનીબા પ્રત્યે સખત અભાવ હતો.

બાવાજીરાજને ૧૮૭૪માં મર્યાદિત અને ૧૮૭૬માં રાજયના સંપૂર્ણ હકકો સોંપવામાં આવ્યા બાવાજીરાજે શ્રી કરમચંદ ઉતમચંદ ગાંધી (ગાંધીજીના પિતા)ને પોતાના દીવાન તરીકે નીમ્યા હતા. તેઓ આ હોદા પર ૧૮૮૨ સુધી ચાલુ રહયા હતા. બાવાજીરાજે ૧૮૭૫–૭૬માં પોતાની કારભારી અને સલાહકાર તરીકે પ્રસિધ્ધ મહારાજા લાયબલ કેસવાળા ક્રાંતિકારી સુધારક કરશનદાસ મૂળજીને નીમ્યા હતા.[૧]

બાવાજીરાજના શાસનના કેટલાક મહત્વના કાર્યો આ પ્રમાણે હતા.

## ૧) વહીવટી તંત્ર : (યોગ્ય વ્યકિતઓની નિમણૂંક)

બ્રિટિશ એડમિનિસ્ટ્રેશન દરમ્યાન રાજકોટ રાજયમાં નિયમિત દફતર રાખવાની પ્રથા શરૂ થઈ હતી. તે બાવાજીરાજના શાસન દરમ્યાન ચાલુ રખાઈ હતી. ઉપરાંત કેટલાક સ્થાનિક ધારાઓ

૧) જાની એસ.વી. સૌ. ઈ. – પૃ – ૨૧૨

નકકી કરીને પ્રસિધ્ધ કરાયા હતા. બાવાજીરાજ વહીવટમાં યોગ્ય વ્યકિતઓની નિમણૂંક કરી રાજકોટનો વિકાસ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તે કાર્યમાં દિવાન કરમચંદ ગાંધી તથા સલાહકાર કરસનદાસ મૂળજીનો સાથ મળ્યો હતો. કાઠીઆવાડ પ્રાંતમાં બાવાજીરાજ એ પ્રથમ એવા શાસનકર્તા કે જેણે રાજયમાં મ્યુનિસિપલ ગવર્મેન્ટ દાખલ કરી હતી.[૧] ૧૮૨૨ માં શ્રી કરમચંદ ગાંધી દીવાનપદે થી નિવૃત થતા રાજાએ રાજકોટના જ પ્રજાજન એવા મોતી ચંદ તુલસીને દીવાન તરીકે નીમ્યા હતા. પછી થી લાખાજીરાજના સમયમાં બ્રિટિશ સરકારે તેને જ પોતાના તરફથી સ્ટેટ કારભારી નીમ્યા હતા. બાવાજીરાજ પોતાની રૈયતમાંથી ઉગી નીકળતા યુવાનોને પોતાના રાજયમાં નોકરી આપી ઉતેજન આપવા માંગતા હતા. પરિણામે ૧૮૯૦ માં તેમનું અવસાન થયું ત્યારે રાજકોટ રાજયની નોકરીમાં ૮૦% રાજકોટ રાજયની રૈયત હતી.[૨]

## ન્યાયતંત્ર :

કાઠિયાવાડમાં કર્નલ વોકર પછી સૌથી નોંધપાત્ર વ્યકિત તરીકે કર્નલ કીટિંગની ગણના થાય છે. કાઠિયાવાડમાં ન્યાયકિય સુધારાનો તે પ્રણેતા હતો. ૧૮૬૩માં તેણે ન્યાયકીય સતાના આધારે રાજયોના સાત વર્ગ પાડેલા તેમાં રાજકોટ દ્વિતિય વર્ગમાં મૂકાયું હતું. રાજયો તેમના ભાયાતો અને ગિરાસદારો વચ્ચેના ઝઘડાઓનું નિરાકરણ કરવા માટે ૧૮૭૩માં રાજકોટમાં સાંસ્થાનિક કોર્ટની સ્થાપના કરવામાં આવી. જે ૧૮૯૦ સુધી ચાલુ રહી હતી.

૧૮૬૫ પહેલા રાજકોટમાં રીતસરની અદાલત ન હતી. પરંતુ ૧૮૬૭ થી ૧૮૭૪ના બ્રિટિશ વહીવટ દરમ્યાન રાજયમાં ન્યાય નિયમિત કરાયો હતો. પછીથી બાવાજીરાજે રાજકોટમાં હજૂર કોર્ટ સ્થાપી હતી. જેને લાખાજીરાજે દીવાની તથા ફોજદારી બાબતોમાં હાઈકોર્ટનું સ્થાપ આપ્યું હતું.[૩]

---

૧) Administration Report of Rajkot 1903 - 04 - P-24

૨) ભટ્ટ ત્રિભુવન સંસ્થાન રાજકોટની ડિરેકટરી ભાગ – ૧ પૃ – ૬૪

૩) જાની એસ.વી. – ઈ.આ.સૌ – પૃ – ૧૧૧

**શિક્ષણ :**

સૌરાષ્ટ્રમાં બ્રિટિશ રાજયનો અમલ શરૂ થયો ત્યારે શિક્ષણ આપવા માટે ચોકકસ પધ્ધતિનો અભાવ હતો. ૧૮૨૧માં મુંબઈમાં ગવર્નરની કાઉન્સિલે પોતાની કાર્યવાહીની નોંધમાં જણાવેલ છે કે મુંબઈ રાજયમાં ભાગ્યેજ કોઈ ગામડું એવું હશે કે જયાં પ્રાચીન પધ્ધતિથી ચાલતી શાળાઓ નહીં હોય.[૧] આ સમયે ગામઠી ધુળિયા નિશાળોમાં વિદ્યાર્થીઓને શિક્ષણ અપાતું હતું. તેમા પણ સમાજનો ઉચ્ચવર્ગ તેનો લાભ લેતો હતો. બાકીનો સમાજ શૈક્ષણીક પ્રવૃતિથી વંચિત હતો.

૧૮૩૮માં રાજકોટમાં ગુજરાતી શાળા અને પછીથી અંગ્રેજી શાળા પણ સ્થપાઈ હતી. મહેરામણજી–૪થાના સમય દરમ્યાન રાજકોટમાં કન્યાશાળા સ્થપાઈ હતી. તેનો ખર્ચ કર્નલ લેંગ આપતા હતા. તેના બદલે હવે રાજકોટ રાજયે તે આપવાનું શરૂ કર્યુ હતું. ૧૮૪૬થી રાજકોટમાં પધ્ધતિસરની ગુજરાતી અને અંગ્રેજીશાળાઓ શરૂ થઈ હતી.[૨] તે સમયે કાઠિયાવાડના પોલીટિકલ એજન્ટ મેલેટ હતા. જેમણે ગુજરાતી તથા અંગ્રેજી શાળા શરૂ કરાવી. ૧૮૭૬માં હંટલમેલ ટ્રેનીંગ અને ૧૮૮૫માં સ્ત્રીઓ માટે બાર્ટન ટ્રેનીંગ કોલેજ સ્થપાઈ.[૩]

૧૮૬૩ના સુધારાનો શિલ્પી કર્નલ કીટીંગ એમ માનતો હતો કે દેશી રાજયોના શાસકોનું શિક્ષણ ખૂબ જ ધ્યાન માંગીલે તેવી બાબત હતી. પરિણામે ૧૮૬૮માં રાજકોટમાં રાજકુમાર કોલેજની સ્થાપના થઈ. જેનું ઉદઘાટન મુંબઈના ગવર્નર વિકટર ફ્રિટઝરાલ્ડ ૧૮૭૦માં કર્યુ હતું. આ કોલેજની સ્થાપના પાછળનો મુખ્ય ઉદેશ અંગ્રેજો દ્વારા નકકી થયેલી ઢબે ભવિષ્યના શાસકો અને તેમના સંબંધીઓને તૈયાર કરવાનો હતો. એમ પણ જણાય છે કે તેઓ બ્રિટિશ સંસ્થાઓ અને અંગ્રેજી ભાષામાં સારી રીતે તૈયાર થાય જેથી અંગ્રેજ અધિકારીઓ સાથે સંવાદ કરી શકે એમ પણ

---

૧) રાજગોર શિવપ્રસાદ 'ગુજરાતનો કેળવણીનો ઈતિહાસ' અમદાવાદ ૧૯૬૬ પૃ – ૩૭–૩૮

૨) કોટેચા જે.એમ. બ્રિટિશ શાસન દરમ્યાન સૌરાષ્ટ્રમાં શિક્ષણનો વિકાસ અને લેંગ લાયબ્રેરી – સૌરાષ્ટ્ર કચ્છ ઈતિહાસ પરિષદ (સંશોધન પેપર) જૂનાગઢ – ૧૯૯૭

૩) હાથી દીપ્તિ એમ. રાજકોટનો ઔતિહાસિક, શૈક્ષણિક, સામાજીક અને સાંસ્કૃતિક વિકાસ સૌ. યુનિ. રાજકોટ – ૧૯૮૬ પૃ – ૩

માનવું ખોટું નથી કે આ શિક્ષણ પ્રથા પાછળ અંગ્રેજોનો હેતું રાજકુમારો ઉપર નજર રાખવાનો હોય અને તેમને એવી રીતે તૈયાર કરવા કે જેથી અંગ્રેજ સર્વોપરિતા સામે પ્રશ્ન ન ઉઠાવી શકે રાજકુમાર કોલેજની સ્થાપના આ પ્રદેશના ઈતિહાસમાં એક નવા યુગના આગમન સમાન ગણાય છે. યુવાન સરદારો અને સંભવિત શાસકોને શિક્ષિત કરીને તેને આધુનિક સભ્યતાના વહીવટ કર્તા બનાવવાની શરૂઆત હતી.[૧] અંગ્રેજો એમ પણ વિચારતા હતા કે શાસક કુંટુંબના યુવાનોને બચાવવ માટે કેટલાક કડક પગલા પણ જરૂરી છે. સરકારના નિરિક્ષણ વિના તેઓ જે ભ્રષ્ટ વાતાવરણમાં ઉછરતા હતા તેમાંથી તેમને બહાર લાવવા માટે કંઈક વધુ બળની જરૂર હતી. જે શિક્ષણ દ્વારા આપી શકાય.[૨]

બાવાજીરાજ આ કોલેજની પ્રથમ બેચના વિદ્યાર્થી હતા. આમ વ્યવસ્થિત અંગ્રેજી શિક્ષણ મેળવનારા તેઓ રાજકોટના પ્રથમ રાજવી હતા.[૩] ઠાકોર સાહેબ બાવાજીરાજના વિચારો પ્રાશ્ચાત્ય શિક્ષણને કારણે ઉદાર અને પ્રગતિશીલ હતા. તેને કારણે રાજકોટના આધુનિકરણને વેગ મળ્યો હતો. રાજકોટમાં લાયબ્રેરી પણ ખોલવામાં આવી હતી. રાજકોટ એજન્સીનું વડું મથક હોવાથી રાજકોટમાં ઘણી શૈક્ષણિક સંસ્થાઓ શરૂ થઈ હતી.

રાજકોટમાં કાઠિયાવાડ હાઈસ્કુલ પણ સ્થપાઈ હતી. પછી થી તેનું નામ આલ્ફ્રેડ હાઈસ્કુલ રખાયું હતું. તેનું ઉદઘાટન ૧૮૭૫માં થયું હતું. તેમા  ગાંધીજી ભણ્યા હતા. તેના બાંધકામનો ખર્ચ જૂનાગઢના નવાબ મહોબત ખાનજી બીજાએઆપ્યો હતો. તેવી જ રીતે રાજકોટ રાજયને અન્ય રાજય સાથે જોડતો આજીનદી ઉપરનો કૈસરેહીંદ પૂલ ભાવનગર રાજયે બંધાવી આપ્યો હતો. આ પૂલ ઉપર પથ્થરના સિંહ મૂંકવામાં આયા છે. તે રાજકોટની કલાશાળાના વિદ્યાર્થીઓએ બનાવ્યા હતા.[૪]

---

1) Capt. W. Bell - P. 224

2) A.D.M. Report of Rajkot State - 1903-04 P - 16

૩) ત્રિવેદી અભિજ્ઞા પી. – ઉપર્યુકત – પૃ – ૫૧

૪) નર્મદાશંકર લાલશંકર – કાઠિયાવાડ સર્વસંગ્રહ – પૃ – ૫૫૩

બાવાજીરાજે રાજકોટ તથા સરધારમાં પુસ્તકાલયો ખોલ્યા હતાં. રાજકોટમાં ૧૮૮૮માં વોટસન મ્યુઝિયમની સ્થાપના થઈ હતી.

## હોસ્પિટલ :

૧૯મી સદીની શરૂઆતમાં દેશી પધ્ધતિના દવાખના હતા. પરંતુ રાજકોટમાં એજન્સી હોવાથી ૧૮૩૬માં સિવિલ સ્ટેશન વિસ્તારમાં પાશ્ચાત્ય પધ્ધતિની સૌ પ્રથમ હોસ્પિટલ સ્થપાઈ ૧૮૮૩–૮૫ માં તાત્કાલીન પોલિટિકલ એજન્ટ કર્નલ ઈ. ડબલ્યુ વેસ્ટના નામ ઉપરથી પછીથી તેનું નામ વેસ્ટ હોસ્પિટલ રાખ્યું હતું. ૧૮૮૧માં રાજકોટ રાજયે રકતપિતિયા માટેની હોસ્પિટલ સ્થાપી હતી.[૧]

## નૈતિક :

રાજકોટ તથા રાજયના લોકોના નૈતિક વિકાસ માટે ૧૮૭૭માં જુગાર અટકાવવાનો અને પરવાના લીધા વિના પશુપક્ષીઓનો શિકાર કરવા ઉપર પ્રતિબંધ મૂકવાનો ધારો પસાર થયો હતો.[૨]

## આર્થિક :

રાજકોટ રાજયનું નાણાંકીય વર્ષ ૧ લી નવેમ્બર થી ૩૧ ઓકટોમ્બર ગણવામાં આવતું હતું. ૧૯૮૧માં રાજકોટની રાજયસિલક રૂા. ૫૭.૨૬૬.૨૩ હતી.[૩] તે ૧૯૦૩–૦૪માં લગભગ ૭ ગણી વધીને સાડા ચાર લાખ રૂપિયા થઈ ગઈ હતી.[૪]

ઈ.સ. ૧૮૭૮માં રાજકોટમાં કેટલીક મુખ્ય વસ્તુઓના જે ભાવ હતા તે ૧૯૦૦ માં ઘટી ગયા હતા.

---

૧) જાની એસ.વી. ઈ.આ.સૌ. પૃ – ૧૧૨

૨) જાની એસ.વી. સૌ. ઈ. પૃ – ૨૧૩

૩) ફાઈલ નં. ૨૦૫ બાવાજીરાજના હિસાબી ચોપડા રાજકોટ રેકર્ડ ઓફિસ પૃ – ૧

૪) A.D.M. Report of Rajkot state 1903 - 04 P. 3

| વસ્તુ | વર્ષ ૧૮૭૮[1] (૧ રૂા. માં રતલમાં ) | વર્ષ ૧૯૦૦[2] (૧ રૂા..માં રતલમાં) |
|---|---|---|
| ઘઉ | ૧૩ થી ૧૬ | ૩૦ |
| બાજરો | ૧૪ થી ૧૬ | ૩૦ |
| જુવાર | ૧૬ થી ૧૭ | ૩૪ |
| ચોખા | ૧૧ થી ૧૨ | ૧૩ |
| ચણા | ૧૮ | ૨૫ |

## પીવાનું તથા સિંચાઈનું પાણી :

રાજકોટ સિવિલ સ્ટેશનની વસ્તીની પાણીની તકલીફ દુર કરવા ૧૮૮૭માં રાણી વિકટોરિયાની રાજયારોહણની જયુબિલીની યાદગીરીમાં રાજકોટથી દોઢ માઈલ દુર આવેલા રાંદરડાના વોંકળા પાસે ૧,૩૬,૦૦૦ રૂપિયાના ખર્ચે રાંદરડા તળાવ બાંધવામાં આવ્યું હતું. જયારે રાજકોટ શહેરની વસ્તીને પાણી પુરુ પાડવા તથા લગભગ ૨૬૦૦ એકર જમીનની સિંચાઈ માટે ૧૮૯૫માં ચાર લાખ રૂા. ના ખર્ચે લાલપરી તળાવ બાંધવામાં આવ્યું હતું અને તળાવમાં બોટિંગની વ્યવસ્થા હતી. જે આજે રાજકોટમાં નથી.[3]

## શાક માર્કેટ બજાર :

વસ્તી અને વેપારના વિકાસની સાથે બાવાજીરાજના સમયમાં નવી શાકમાર્કેટ તથા પરાબજાર પણ બાંધવામાં આવ્યા હતા.

---

૧) Kathiawad Pol. Agency Gazetter 1878 - P. 227

૨) A.D.M. Reprot of rajkot op. cit (1930-04) P-8.

૩) રાજકોટના અંધારા અંજવાળા 'ફુલછાબ' દૈનિક તાઃ ૭–૯–૧૯૮૧ પૃ – ૩

## દુકાળ રાહતના કાર્યો :

૧૯ સદીના ઉતરાર્ધમાં રાજકોટ દુકાળ કે પ્લેગ જેવા મહારોગનું શિકાર બન્યું ત્યારે રાજયે સમયસર ચેતી પ્રજા કલ્યાણના અનેક પગલા લીધા હતા. ૧૮૭૭ના દુકાળ વખતે કોઠારીયાના નાકા બહાર રાજ બગીચામાં એક મહેલ રણજીત વિલાસ પેલેસ બંધાવી લોકોને રોજગારી આપવામાં આવી હતી. આ ઉપરાંત દુકાળ રાહતકાર્ય તરીકે સરધારનું જુનુ તળાવ તથા જુનો દરબારગઢ સમરાવવા પાછળ લગભગ ૧ લાખ રૂા. ખર્ચવામાં આવ્યા હતા. દુકાળ નિવારણ માટે રાજકોટમાં Poor Houses ખોલવામાં આવ્યા હતા. છપ્પનીયા દુકાળ વખતે (વિ.સં ૧૯૫૬ – ઈ.સ. ૧૯૦૦) રાજકોટ રૂા. ૧,૮૦,૫૦૦ નું ઋણ લઈને પણ દુકાળ રાહત કાર્ય કર્યા હતા.[૧] તત્કાલીન ગવર્નર જનરલ કર્ઝન રાજકોટ આવ્યા ત્યારે દુકાળને લગતી ગોઠવણ તપાસી હતી.[૨]

## રેલ્વે

આર્થિક વિકાસ માટે રસ્તાઓ જરૂરી છે. રેલ્વે એ તો વેપારની કરોડરજુ છે. ૧૮૬૫ સુધી રાજકોટમાં એક પણ પાકો રસ્તો ન હતો. ૧૮૬૫માં વઢવાણથી રાજકોટ નો રસ્તો બાંધવછાનું શરૂ થયું હતું. ૧૮૮૦ પછી ગોંડલ, મોરબી અને જામનગર રાજયે રાજકોટને સ્પર્શતી રેલ્વે નાખી હતી. રાજકોટ રાજયની પોતાની માલિકીની કોઈ રેલ્વે ન હતી. પરંતુ ગોંડલ રાજયે જેતલસર થી રાજકોટ મોરબી રાજયે વઢવાણથી રાજકોટ અને જામનગર રાજયે દ્વારકાથી રાજકોટ સુધી આવ જા કરતી રેલ્વે નાખેલી ગોંડલ સ્ટેટની રેલ્વે રાજકોટ શહેરમાં થઈને જતી અને રાજકોટ શહેરના મુસાફરોને લેવા માટે રાજકોટ પરા (હાલના ઢેબર ચોક પોલીસ ચોકી વાળા મકાન) સ્ટેશનેથોભતી મોરબી સ્ટેટે ૧૯૧૦માં રાજકોટ સિટી (લાખાજીરાજ નગર) સ્ટેશન બેડીપરામાં બાંધ્યું હતું.

રાજકોટ રસ્તા અને રેલ્વે માર્ગ સૌરાષ્ટ્રના અન્ય રાજયો તથા મુંબઈ સાથે જોડાતા આર્થિક વિકાસ ઝડપી બન્યો માલ અને માણસોની ઝડપી હેરફેર રાજકોટ માટે સમૃધ્ધિ લાવનાર પુરવાર

---

૧) A.D.M. Report of Rajkot State 1903 - 04 P. - 16

૨) ભટ્ટ ત્રિભુવન – સંસ્થાન રાજકોટની ડીરેકટરી ભાગ ૧ – પૃ – ૬૫

થઈ. પરિવહનના સાધનોએ રાજકોટના અધુનિકરણને વેગવંતું બનાવ્યું.[૧]

## સાર્વભૌમ સતા સાથેના સંબંધો :

આ સંબંધો મૈત્રીપૂર્ણ હતા. ૧૮૬૭ થી ૧૮૭૪ સુધી રાજકોટના રાજવી બાવાજીરાજ બાળ વયના હોવાથી ત્યાં બ્રિટિશ વહીવટ હતો. આ વહીવટે રાજકોટ રાજયને બ્રિટિશ હિંદના જીલ્લાઓના અધુનિક વહીવટ જેવો કરવા પ્રયાસ કર્યો હતો. ૧૮૮૭માં ઈંગ્લેંડની મહારાણી વિકટોરીયાના ત્રીજાપુત્ર આર્થરે (ડયુક ઓફ કોનોટ) રાજકોટની મુલાકાત લીધી હતી. આ વર્ષે વિકટોરીયાના રાજયારોહણના ૫૦ વર્ષની સુવર્ણજયંતિનો દરબાર પોલિટિકલ એજન્ટ વુડહાઉસે રાજકોટમાં ભર્યો હતો.  તેમા કાઠિયાવાડના રાજાઓ તરફથી બાવાજીરાજે પ્રવચન કર્યું હતું.[૨] (બીજાથી સાતમાં વર્ગના રાજવીઓનો દરબાર હતો.) આ પ્રસંગની સ્મૃતિમાં રાંદરડા તળાવ બંધાવ્યું હતું. હાલ જયુબીલી બાગમાં આવેલ કોનોટ હોલ તેની જ સ્મૃતિ રૂપે છે જે આજે અરવિંદભાઈ મણિયાર હોલ તરીકે ઓળખાય છે.

## ધર્મેન્દ્રસિંહજી :

૧૯૩૦માં લાખાજીરાજના અવસાન પછી તેમના પુત્ર ધર્મેન્દ્રસિંહજી રાજવી બન્યા. તેમણે રાજકોટની રાજકુમાર કોલેજમાં અને પછીથી ઈંગ્લેન્ડની હાઈગેટ સ્કુલમાં શિક્ષણ લીધું હતું. તેમના પિતાનો શાસનકાળ ખૂબજ ઉજજવળ અને પ્રજાપ્રિય રહયો હતો. જયારે તેમનો શાસનકાળ ખૂબજ વિવાદાસ્પદ રહયો હતો. તેમણે પોતાના પિતાએ કરેલા સુધારા બિન અસરકારક બનાવી દેતા તેઓ પ્રજામાં ખૂબ જ અપ્રિય બન્યા હતા. તેઓ 'દીવા પાછળ અંધારું' પુરવાર થયા તેઓ તેમના દીવાન વીરાવાળાની સંપૂર્ણ અસર હેઠળ હતા અને તેઓ વૈભવી અને વિલાસી જીવન જીવતા હતા. રાજકોટ રાજય બીજા વર્ગનુ નાનું રાજય હતું તેનો ખર્ચ આવક કરતા વધવા લાગ્યો. તેથી રાજાના ખર્ચ ને પહોંચી વળવા દીવાસળી, ખાંડ, બરફ વગેરેના ઈજારા અપાયા. ખેડુતો ઉપર અનેક

---

૧) જાની. એસ.વી. ઈ.આ.સૌ. પૃ – ૧૧૪

૨) ભટ ત્રિભુવન – સંસ્થાન રાજકોટની ડિરેકટરી ભાગ – ૧ – પૃ – ૬૩

જાતના કરવેરા અને વેઠ વેરા નાખવામાં આવ્યા. [૧]

રાજકોટ રાજયની માલિકીની કાપડમીલમાં મજૂરો પાસેથી ૧૦ થી ૧૨ કલાક કામ લેવાતું તેથી તેનો વિરોધ કરવામાં ૧૯૩૭માં મિલ મજૂર મંડળે હડતાળ પાડી વિજય મેળવ્યો હતો. આ હડતાળની સફળતાથી પ્રજામાં આત્મ વિશ્વાસ પ્રગટયો, રાજયનો ડર દૂર થયો અને ન્યાય માટે પ્રજા સંગઠિત થાય તો સત્તાને પણ ઝૂંકવું પડે છે. એમ સાબિત થયું. (ધર્મેન્દ્રસિહજીના) સમયમાં કાઠિયાવાડ રાજકીય પરિષદ (૧૯૩૮માં) નું અધિવેશન રાજકોટમાં મળ્યું હતું. પ્રજા પરિષદે 'જવાબદાર રાજયતંત્ર' અંગેનો ઠરાવ પસાર કરી, રાજયના ઈજારાઓ, આકરા વેરાઓ તથા જુગારખાનુ નાબુદ કરવા આખરી નામું આપ્યું હતું. રાજયે તે અંગે સાનુકુળ પ્રતિભાવ ન આપતા પ્રજાએ સત્યાગૃહ કર્યો હતો. ૨૫–૧૨–૧૯૩૮ના સમાધાન કરી દસ સભ્યોની સધારા સમિતિ નીમી તેના દસ સભ્યોમાંથી સાત નામ સરદાર પટેલ નકકી કરે તેવા સમાધાનનો રાજયે ભંગ કર્યો અને માત્ર ચાર નામ જ સ્વીકાર્યા તેથી ફરી રાજકોટ સત્યાગૃહ નો બીજો તબકકો શરૂ થયો રાજયના ત્રાસની વાતો સાંભળી ગાંધીજી રાજકોટ આવ્યા તેમણે લડતની નેતાગીરી સંભાળી દીવાન વીરાવાળાની રાજસમત ંને કારણે ગાંધીજી નિરાશ થયા અને હતાશ થઈ સત્યાગૃહ સંકેલી લીધો ગાંધીજીએ પ્રત્યાઘાત આપતા જણાવ્યું કે રાજકોટ મારા માટે એક અમૂલ્ય પ્રયોગશાળા પુરવાર થયેલ છે.[૨] તેવામાં ૧૧–૦૬–૧૯૪૦ ના ધર્મેન્દ્રસિંહજીનું અવસાન થયું.

ધર્મેન્દ્રસિંહજીના ૧૦ વર્ષના શાસનકાળ દરમ્યાન મુખ્ય ત્રણ બનાવો ગણાવી શકાય.

૧) રાજકોટ કાપડમીલ હડતાળ. (૨) રાજકોટ સત્યાગૃહ (૧૯૩૮–૯૩). (૩) ૧૯૩૬–૩૭ ધર્મેન્દ્રસિંહજી કોલેજ શરૂ કરવામાં આવી તેનું ઉદઘાટન ૧૬–૧૨–૧૯૩૭ના વેસ્ટન ઈન્ડિયા સ્ટેટસ એજન્સીના રિસેડેન્ટ ઈ.સી. ગિબ્સનના હસ્તે થયું.[૩]

---

૧) જાની એસ.વી. સૌ. ઈ. પૃ – ૨૨૨ – ૨૨૩

૨) હરિજન બંધુ – અમદાવાદ – તાઃ ૩૦–૪–૧૯૩૯ – પૃ – ૬૨ – ૬૩

૩) જાની.એસ.વી. – સૌ.ઈ. પૃ – ૨૨૩

## પ્રદ્યુમ્નસિંહજી

ધર્મેન્દ્રસિંહજીના અવસાન પછી તેના નાનાભાઈ પ્રદ્યુમ્નસિંહજી ગાદી વારસ બન્યા ત્યારે બીજુ વિશ્વયુધ્ધ ચાલતું હતું. તેઓ લાખાજીરાજના પ્રથમ રાણી જયકુંવરબાના પુત્ર હતા.[1] તેમનો શાસનકાળ ૧૯૪૦થી ૧૯૪૮ સુધીનો રહયો. ગાંધીજીના નૈતૃત્વ હેઠળ સ્વાતંત્રની લડત પુરજોશમાં ચાલી રહી હતી. "હિંદ છોડો" ચળવળ ચાલુ હતી. પ્રદ્યુમનસિંહજીએ તેમની પહેલાના તેમના ભાઈના વહીવટના પ્રજા પર પડેલા પ્રત્યાઘાતોની નોંધ લીધી હતી. તેના સમયમાં રાજયને મહેસુલના વહીવટના સંદર્ભમાં ૪ જિલ્લાઓમાં વહેંચવામાં આવ્યું હતું.

(૧) રાજકોટ – તળપદ (૨) રાજકોટ – ચિભડા (૩) સરધાર (૪) કુવાડવા મહાલ. તેના સમયમાં શિક્ષણક્ષેત્રે સારો વિકાસ થયો હતો રાત્રી શાળાઓ પણ ચાલતી હતી. તેના સમયમાં તબીબી રાહત તથા જાહેર આરોગ્યની સાર સંભાળ લેવામાં આવતી. મ્યુનિસિપાલીટીનો વહીવટ પણ યોગ્ય ચાલતો હતો. દરેક નગરમાં લોકપ્રિયતા ના ધોરણે બનેલી પોતાની મ્યુનિસિપાલિટીની જોગવાઈ કરવામાં આવેલ હતી.[2]

આમ પ્રદ્યુમનસિંહજીના સમયમાં રાજકોટનો વહીવટ એકંદરે તેમના પૂર્વજોની યોજના બધ્ધ વહીવટી રીતોથી ચાલતો હતો. ધર્મેન્દ્રસિંહજીના સમયની જે નબળાઈઓ હતી તેને દુર કરવાનો પ્રયત્ન આ શાસકના સમયમાં થયો હતો. ૧૯૪૭માં દેશી રાજયનું વિલિનીકરણ થયું ત્યરે પ્રદ્યુમનસિંહજીએ રાજકોટ રાજયને ભારત સંઘ સાથે જોડવાના કરાર કર્યા હતા. તેના શાસન સમયેપ્રજાને ઠીક ઠીક સંતોષ થયો હતો. પ્રજાભિમુખ રાજયતંત્ર તેના સમયમાં હતું.[1]

---

૧) A.D.M. Report of Rajkot State 1940-41 - P - 06

૨) A.D.M. Report of Rajkot State 1944 - 45 - P - 8

૩) દેસાઈ શં.હ.– સૌ.ઈ. – પૃ – ૭૭૨ – ૭૭૩

## ઉપસંહાર :

રાજકોટ રાજયમાં ઈ.સ. ૧૮૬૨ થી ૧૯૪૭ ના સમયગાળા દરમ્યાન જે રાજવીઓ થઈ ગયા તેમના સમયમાં રાજયની રાજકીય તથા વહીવટી ક્ષેત્રે જે પ્રગતી થઈ તેની નોંધ અહી કરવામાં આવી છે. બાવાજીરાજે જે પ્રયત્નો કર્યા તે આધુનિકતાની વધુ નજીક હતા. તેમના સમયમાં થયેલો શૈક્ષણિક વિકાસ ધ્યાન આકર્ષે તેવો છે. પ્રજાએ બાવાજીરાજના સમયમાં સુખ ભોગવ્યું પણ સાથે જ તેમનાપછીના શાસક લાખાજીરાજના સમયમાં સુખ, શાંતી, વૈભવ અને અધુનિક વિચારો મેળવ્યા હતા. લાખાજીરાજના મૃત્યુ પછી ધર્મેન્દ્રસિંહજીના સમયમાં ત્રાસવાદી વહીવટનો સ્વાદ પણ ચાખ્યો. ધર્મેન્દ્રસિંહજીના નબળા શાસન પછી પ્રદ્યુમનસિંહજી સત્તા પર આવ્યા તે સમયે ૧૯૪૨ ની હિંદ છોડો ચળવળે સમગ્ર દેશમાં રાષ્ટ્રવાદનો જુવાળ ઉભો કર્યો હતો. જેની અસર સૌરાષ્ટ્રના દરેક રાજયમાં થઈ હતી. તેણે વહીવટી તંત્રને યથાવત ચાલુ રાખ્યુ ઈ.સ. ૧૯૪૭માં દેશી રાજયો વિલિનીકરણ થી રાજકોટ રાજયમાં રાજાશાહી ની પકડ ઢીલી થઈ.

રાજકોટ રાજયના ઈતિહાસની ઝાંખી જોતા સ્પષ્ટ થાય છે કે અંગ્રેજી શિક્ષણ અને બ્રિટિશ શાસનના પ્રભાવ હેઠળ અહીં પરિવર્તનની શરૂઆત થઈ રાજાઓ શિક્ષિત થયા તેની સાથે તેમનો પ્રજા તરફનો અભિગમ બદલાયો, રાજાએ માત્ર યુધ્ધો કરવાના હોય અને મહેસૂલ ઉઘરાવવાનું હોય તેવો જ પહેલા ખ્યાલ હતો. તેને બદલે પ્રજામાં શિક્ષણનો વિકાસ થાય તે માટે પગલા લેવા, પ્રજાની આરોગ્યની કાળજી લેવી, રાજયની આર્થિક સમૃધ્ધિ વધે તે માટે પગલા લેવા વગેરે ખ્યાલો વિકસ્યા બાવાજીરાજ અને લાખાજીરાજમાં આ પરિવર્તન જોઈ શકાય છે. ધર્મન્દ્રસિંહજી તેમા અપવાદ હતા. તેઓ લોકોના અધિકારોને સ્વીકારવાનું માનસ ધરાવતા ન હતા. તેથી તેમના સમયમાં રાજકોટ સત્યાગ્રહ જેવી પ્રજા જાગૃતિની ચળવળ ઉભી થઈ  પ્રદ્યુમ્નસિંહજી સમયમાં દેશ આઝાદી તરફ જઈ રહયો હતો. તે સમય પારખીને તેમણે શહયકાર્ય સંભાળ્યું.

# પ્રકરણ – ૬

# સર લાખાજીરાજની કારકીર્દી અને તેના વહીવટી પ્રયોગો

## પ્રાસ્તાવિક :

રાજકોટ રાજયના ઈતિહાસની ઝાંખી કર્યા બાદ રાજકોટના ઈતિહાસમા જેમનો સમય યાદગાર બની રહયો તે લાખાજીરાજના જીવન અને કારકિર્દી આ પ્રકરણમા પ્રસ્તુત છે. અંગ્રેજી કેળવણીએ ઉઘાડી આપેલ દ્રષ્ટીને કારણે સ્થાનીક રાજાઓનો અભિગમ કેવો બદલાયો – તેનું ઉત્તમ ઉદાહરણ લાખાજીરાજ છે. તેમણે બહુ ઉદાર અને સાહસિકતાથી વહીવટમા નવા પ્રયોગો કર્યા. તેમનો લોકશાહીયુકત અભિગમ કેવી રીતે ખીલ્યો છે તે સમજવા લાખાજીરાજના જીવન અને કાર્યોની વિસ્તૃતપણે અહીં માહિતી આપી છે.

## જન્મ :

લાખાજીરાજનો જન્મ તા.૧૭–૧૨–૧૮૮૫ મા ( માગસર સુદ – ૧૦ ) સરધારમા થયો હતો. તેમની અઢી વર્ષની ઉમરે તેમના માતુશ્રી એને સાડાચાર વર્ષની ઉમરે તેમના પિતાશ્રી બાવાજીરાજ મૃત્યુ પામ્યા[૧] ત્યારે લાખાજીરાજ સગીરવયના હોવાથી રાજકોટ રાજય ફરી બ્રિટીશ મેનેજમેન્ટ નીચે મુકાયું. લાખાજીરાજ નાની ઉમરના હોવાથી ઔપચારિક રીતે ૧૮૯૦ મા ૧૬ મી એપ્રિલે વહીવટ અંગ્રેજો ધ્વારા નિમાયેલા મેનેજરો ધ્વારા ચાલ્યો. ૧૮૯૦ થી લાખાજીરાજે ૧૯૦૭ મા શાસન સંભાળ્યું તે દરમ્યાન રાજકોટનો વહીવટ અનુક્રમે ચાર મેનેજરો ધ્વારા ચાલ્યો. સૌ પ્રથમ મોતીચંદ તુલશી જે બાવાજીરાજના રાજનિતિ નિપુણ કારભારી હતા. ત્યારબાદ જી.એન. લોર્ડ, સોરાબજી હોરમસજી અને કૃપાશંકર ભગવાનજી વહીવટદાર તરીકે નિમ્યા હતા. તેમનો વહીવટ સર્વોપરી સત્તા બ્રિટનની દેખરેખ નીચે ચાલ્યો હતો.[૨]

---

૧) જોબનપુત્રા જયંતીલાલ અને વ્યાસ ત્રિભુવન – સરલાખાજીરાજના સંસ્મરણો – રાજકોટ – ૧૯૩૪ – પૃ – ૧૩૫.

૨) જાની એંસ.વી. સૌ. ઈ. પૃ – ૨૧૪

રાજકોટ રાજયના એડમિનિસ્ટ્રેશન રીપોર્ટ ઉપરથી જણાય છે કે અંગ્રેજોને ભારતીય મેનેજરોના વહીવટથી સંતોષ થયો હતો.[૧]

લાખાજીરાજે બાળપણમા જ માતા–પિતાની છત્રછાંયા ગુમાવી હતી. તેથી તેઓ ધરમપુરમા મામા બલદેવસિંહને ત્યાં ઉછર્યા . તેમની સાથે તેમને હંમેશા નિકટના સબંધ રહયા હતા.[૨]

**અભ્યાસ :–**

લાખાજીરાજે પણ પોતાના પિતાની જેમ રાજકોટની રાજકુમાર કોલેજમા શિક્ષણ લીધું હતું. ત્યા વિધાર્થી તરીકે તેમની છાપ ધણીજ સારી હતી. તેમને ધણુંખરૂં કામ મુખ્ય વિધાર્થી તરીકે સોંપવામા આવતું, અને તે કામ તેઓ ધણી કુશળતા અને ચપળતાથી કરતા. રાજા–મહારાજાઓના કુમારો જેવા પ્રમાદ, વ્યસન કે એશઆરામ તેમણે કયારેય પણ કર્યા ન હતા. તેમના તેજસ્વી અને ઉચ્ચ ભાવનાશાળી આત્મા ઉપર કોઈ નબળી પરિસ્થિતી અસર કરી શકી ન હતી. તેમના રાજકુમાર કોલેજના શિક્ષણ દરમ્યાન અને પાછળથી દહેરાદુન કેડેટ કોર્પ્સ દરમ્યાન પણ સહ વિધાર્થીઓ સાથેની મૈત્રીના ઉલ્લેખો જોવા મળે છે. તેમાં કયાંય અભિમાન કે અશિસ્ત દેખાતા નથી. તેવું વલણ તેમણે રાજય સંભાળ્યું ત્યારે પણ જોવા મળે છે. લાખાજીરાજે બે સંસ્થાઓમાંથી શિક્ષણ અને તાલીમ મેળવ્યા હતા. રાજકુમાર કોલેજ કે જે શાહી ભારતીય કુટુંબના યુવાનો માટેજ હતી. આ કોલેજમા તેમણે સાર્વભૌમ સત્તા ધ્વારા સ્થાપિત શિક્ષણ મેળવ્યું હતું.

લાખાજીરાજે ઉચ્ચ શિક્ષણ મેળવ્યા પછી દહેરાદુનની ઈમ્પીરીયલ કેડેટ કોર્પ્સમાં બે વર્ષની લશ્કરી તાલીમ મેળવી હતી. ત્યાં તેમણે પોતાનું પૌરુષ વિકસાવી સાદાઈ કેળવી શકિતમા વધારો કરી અધિકારીઓની સારી પ્રીતિ સંપાદન કરી[૩] લાખાજીરાજે વિદેશ પ્રવાસ પણ કર્યો હતો. તેથી

---

1) A.D.M. Report of Rajkot – 1903-04 – P – 10.

૨) કડાકા ધનજી – હો . ઉપર્યુકત – ભાગ – ૪ – પૃ – ૫૬૧.

૩) જોબનપુત્રા જયંતીલાલ અને વ્યાસ ત્રિભુવન – ઉપર્યુકત – પૃ – ૧૩૬.

રાજકોટમા શિક્ષણ ક્ષેત્રે વિશેષ પ્રગતી થઈ હતી. ૧૯૨૩ મા બાલમંદીર સ્થાપ્યું તેની સંખ્યા ૯ ની કરવામા આવી. કરણસિંહજી મીડલ સ્કુલ, પ્રધુમ્નસિંહજી ગુજરાતી સ્કુલ, ખડપીઠ ગુજરાતી સ્કુલ તથા બાઈસાહેબબા ઈંગ્લીશ ગર્લ્સ સ્કુલના મકાનો નવા બંધાવાયાં હતાં. અનાથ બાળકો માટે રમણીયકુંવરબા અનાથાશ્રમ બંધાવ્યુ હતું. સિવીલ સ્ટેશનની હદમા આવેલી કાઠીયાવાડ હાઈસ્કુલ ૧૯૧૦ મા સંભાળી લઈ તેનું નામ આલ્ફ્રેડ હાઈસ્કુલ રાખવામા આવ્યું. રમણીય કુવરબાના સ્મરણાર્થે ૧૯૧૪ થી સ્કોલરશીપ આપવાનું શરૂ કર્યુ હતું. તે સ્કોલરશીપ રાજકોટના મૂળ રહેવાસી તાલીમાર્થી સ્ત્રી શિક્ષિકાને આપવામાં આવતી હતી. જેમા રૂા. ૭૦૦ માસિક ચૂકવવામાં આવતા.[૧] ૧૯૧૪ મા અંગ્રેજી ગર્લ્સ સ્કુલ શરૂ કરી રાત્રી શાળા તથા રાત્રી વાંચન કક્ષ શરૂ કરવામા આવ્યા. ધંધાધારી શિક્ષણ માટે કોમર્સ કલાસ શરૂ કર્યો હતો. ગર્લ્સ ગાઈડ પ્રવૃતીને પ્રોત્સાહન આપ્યું હતું. રમત – ગમતને પ્રોત્સાહન આપવા શાળાઓમા હરીફાઈઓ શરૂ કરી હતી. ગોબ્લર્સ તાલીમ વર્ગ શરૂ કરાવ્યો હતો. ૧૯૨૧ થી સ્કાઉટીંગના વર્ગો ફરજીયાત જેવા કર્યા હતા. ૧૯૨૯ મા શિક્ષણ સંમેલન બોલાવ્યું હતું.[૨] શિક્ષણના વિવિધ પાસોની ચર્ચા કરી હતી.

## રમતવીર :

શાળાના અભ્યાસક્રમમાં ભાવિ રાજાઓ અને વહીવટકર્તાઓની શારિરીક ક્ષમતા માટે રમત ગમતનો પણ સમાવેશ કરવામા આવ્યો હતો. ક્રિકેટ અનિવાર્ય રમત હતી. તે ઉપરાંત પોલો, ટેનીસ, ટેન્ટ પેગિંગ, એથલેટિકસ અને શારીરીક ક્ષમતા માટેની અન્ય કસરતો કરાવવામાં આવતી હતી.

લાખાજીરાજ સારા કિકેટ ખેલાડી હતા અને અન્ય ટીમો સાથેની મેચમા ભાગ લેતા. આવી ક્રીકેટ મેચો આ પ્રકારની બીજી સંસ્થાઓ જેમ કે જુનાગઢ બહાઉદ્દીન કોલેજ – અજમેર મેયો કોલેજ, વઢવાણ ગરાસીયા સ્કુલ, જામનગર હાઈસ્કુલ અને રાજકોટ જીમખાના સાથે રમાતી.[૩]

---

૧) ભટ્ટ ત્રિભુવન પુ. – સંસ્થાન રાજકોટ ડિરેકટરી ભાગ – ૩ – પૃ – ૧૪૮

૨) જાની એંસ.વી. સૌ. ઈ. પૃ – ૨૧૮

3) Sir Bhavsinghji H.H. The Maharaja of Bhavnagar – 40 years of Rajkumar College , London – 1911 / Vol.-4 quoted by Brahambhatt Rajendra " Aspects of the life and works of Sir Lakhajiraj – under British Paliament Power – A thisis of San Jose Uni. 1990 , P. 18

લાખાજીરાજે ક્રીકેટની મેચમા મેયો કોલેજ હોય કે અન્ય પોતાની ટીમને વિજય અપાવવા મહત્વનો ફાળો આપ્યો હતો. જામનગરના જામ સાહેબ સાથે પણ લાખાજીરાજને ઘણાં સારા સબંધ હતા. લાખાજીરાજે રણજીતસિંહ પ્રત્યેના પ્રેમભાવને કારણે પોતાના નવા પેલેસનું નામ રણજીત પેલેસ રાખ્યું.

સ્કુલના અભ્યાસ પુરો થયા પછી પણ તેમનો ક્રીકેટમા રસ જળવાઈ રહયો હતો અને સંસ્થા છોડયાને ચાર વર્ષ પછી પણ તેમણે રાજકુમાર કોલેજમા ક્રીકેટમા ભાગ લીધો હતો. એક શાસક બન્યા પછી પણ તેમણે રમતને ઉતેજન આપ્યું હતું. તેમની ક્રીકેટની કુશળતાના રાજકુમાર કોલેજના પ્રિન્સીપાલે વખાણ કર્યા હતા.[૧]

૧૯૦૩ મા ટેન્ટ પેગિંગની રમતમા લોર્ડ નોર્થ કોટ પ્રાઈઝ મેળવ્યુ હતું.[૧] આ રમતમા તેઓ સારા ખેલાડી હતા. સીંગલ ટેન્ટ પેઈન્ટીંગમા પણ તેમણે સર્વોતમ સ્કોર કર્યો હતો અને ૧૯૦૯ મા વ્યકિગત હરીફાઈમા તેમણે ઈનામ મેળવ્યુ હતું.[૨]

પોલોની રમત પણ ખુબ સારી રમતા. દહેરાદુન ઈમ્પીરીયલ કેડેટકોપ્સની ટીમ સામે તેઓની ટીમમા પસંદ થયા હતા. આ ઉપરાંત તેઓએ અન્ય રેસ અને રમતોમા ભાગ લીધો હતો જેમ કે એગ અને સ્પુન રેસ, રાઈડીંગ, ટેલીગ્રામરેસ વગેરેમા તેમણે ભાગ લીધો હતો. અને ઈનામો મેળવ્યા હતા.[૩]

---

1) Rajkumar College Report 1904 - 05, P. - 5

2) Kathiawad Times March - 30 1904

3) Ibid - August - 11 - 1905

**તેઓ એથલેટિકસ રમતમા પણ ભાગ લેતા અને ફુટબોલ પણ રમતા. લાખાજીરાજે શિક્ષણ ક્ષેત્રે ઉપરાંત ક્રીકેટ, એથલેટિકસ તથા અન્ય હરીફાઈઓ સંગીત, વકતૃત્વ વગેરેમા અનેક ઈનામો મેળવ્યા હતા.**[૧]

**સત્તા પ્રાપ્તિ :–**

**લાખાજીરાજને ૨૧–૧૦–૧૯૦૭ ના રોજ (૨૧ વર્ષે રાજયાભિષેક થયો હતો). રાજવી તરીકેના સંપુર્ણ હકકો આપવામા આવ્યા હતા. ૧૯૦૮ મા તેઓ ઈગ્લેંડના પ્રવાસે ગયા ત્યારે તેમની ગેરહાજરીમા રાજયનો વહીવટ મુખ્ય કારભારી હરજીવન ભવાન કોટકે કુશળતાપુર્વક ચલાવી રાજયની પ્રતિષ્ઠા વધારી હતી. પ્રાશ્ચાત્ય શિક્ષણ અને પ્રવાસના કારણે તેમનું દ્રષ્ટિબિંદુ ઉદાર અને પ્રગતીશીલ બન્યું હતું. લાખાજીરાજ વહીવટની જવાબદારીની પુર્ણ સમજ સાથે ગાદીએ બેઠા હતા. અને તે જવાબદારી પુર્ણ રીતે પાર પાડી શકાય તેવા ઉપાયો યોજતા અને અમલમાં પણ મુકતા હતા.**

**દેખાવ :**

**લાખાજીરાજ જયારે પુખ્તવયના થયા ત્યારે તેમની ઉંચાઈ ૬ ફુટ હતી. તેમનો વાન ઘેરો ઘઉવર્ણો હતો. અણીયારૂં નાક અને સ્વસ્થ શરીર ધરાવતા હતા. પાતળી મુછો અને મોટી આંખો ધરાવતા હતા. સાફો પહેરતા લોકોએ કયારેય પણ તેમને ઉઘાડા માથે જોયા ન હતા. જાહેરમાં તેઓ પરંપરાગત કાઠીયાવાડી પોષાક પહેરતા હતા. ચોરણી – સાફો – ગોઠણ સુધીનો કોટ અને અણીવાળી મોજડી પહેરતા અંગ્રેજ અધિકારીઓ સાથેની મિટીંગમા ઈગ્લીશ સુટ પહેરતા.**

(૧) ઈનામો – મેગ્નાટન ગોલ્ડ મેડલ , દાજીરાજ અમરાવાળા ગોલ્ડ મેડલ, ગોલડોન મેડલ અને એથલેટીકસમા રણજીતસિંહ મેડલ. હતા. અને તે જવાબદારી પુર્ણ રીતે પાર પાડી શકાય તેવા ઉપાયો યોજતા અને અમલમા પણ મુકતા હતા.

## સ્વભાવ :

તેમની પ્રકૃતી મુડી હતી. કયારેક ગુસ્સો કરતા, ગુસ્સો આવે ત્યારે તેઓ કયારેક તમાચો કે લાકડી મારી પણ લેતા. પણ તેની પાછળ કોઈ દુર્ભાવના ન હતી. જો તેઓ મુડમા ન હોય ત્યારે મુલાકાતી કે લોકો સાથે વાતચીત કરવાનું ટાળતા હતા.

લાખાજીરાજ સ્વતંત્ર તથા સ્વકેન્દ્રી હતા. સામાજીક ઓછા હતા. મિત્રોની બહુ ઝંખના ન હતી. ધર્મપ્રેમી હતા. સવારના યોગ તથા પ્રાર્થના કરવા તેઓ વહેલા ઉઠતા . તેમના ભવ્ય અને વૈભવી પેલેસમા તેઓ સંયમી જીવન જીવતા હતા.[૧]

## અંગત જીવન :–

તેમના અંગત અને જાહેર જીવનમા લાખાજીરાજ ધણાં ચુસ્ત અને નિયમિત હતા. તે તેમની દીનચર્યા ઉપરથી જાણી શકાય છે. હજુર ઓફીસમા તેમના કલાકો ૧૨–૩૦ થી શરૂ થતા હતા અને એક વખત ઓફીસમા દાખલ થયા પછી તેઓ ચાર વાગ્યા સુધી ખુરશી પરથી ઉઠતા ન હતા. સમગ્ર અઠવાડીયાના તેમના કાર્યક્રમો નકકી હતા. દર બુધવારે સવારે આઠ વાગ્યે તેઓ પોલીસ પરેડ અને જેલ ઈન્સ્પેકશનમા જતા. દર ગુરૂવારે સવારે ૯ વાગ્યે તેઓ ટ્રામ્વે ઈન્સ્પેકશનમા જતા. દર શનીવારે ૮ થી ૯ બજારમા જતા. શનીવારે સાંજે ૫ થી ૬ બોયઝ સ્કાઉટમા જતા હતા. આવીજ નિયમિતતાની અપેક્ષા તેઓ અધિકારીઓ અને કર્મચારીઓ પાસે પણ રાખતા હતા. તેથીજ તેમના સમય દરમ્યાન રાજયનો વહીવટ કાર્યદક્ષ રહયો હતો. લાખાજીરાજ દારૂ પીતા પણ કયારેય તેઓ હદ બહાર પીતા નહીં. એક આદત તરીકે પીતા ન હતા.[૨]

---

૧) જોબનપુત્રા જયંતીલાલ અને વ્યાસ ત્રિભુવન – ઉપર્યુકત – પૃ – ૭૫.

૨) ભટૃ ત્રિભુવન – સંસ્થાની રાજકોટની ડીરેકટરી – ભાગ – ૩ – પૃ – ૬૫૪ થી ૬૫૭.

## કુટુંબ પરીવાર :

લાખાજીરાજ અને તેના નાનાભાઈ  કરણસિંહજી બન્ને વચ્ચે અદભુત પ્રેમ હતો. બન્ને રાજકુમાર કોલેજમા સાથે ભણતા હતા. રાજકુમાર કોલેજના પ્રિન્સીપાલે સરકારને કરેલા રીપોર્ટમા બન્ને ભાઈઓ વચ્ચેના પ્રેમનો ઉલ્લેખ કર્યો હતો. બન્ને ભાઈઓ સાથે જમતા અને કયારેય ઝઘડતા નહીં. તેમ સમયે રજવાડી કુટુંબમાં ભાઈઓ વચ્ચે આવો પ્રેમ હોવો મુશ્કેલ હતો. આવોજ પ્રેમ તેમના બહેન દેવકુંવરબાના પતિ  અને વાંકાનેર રાજયના રાજાસાહેબ અમરસિંહજી પ્રત્યે હતો. બન્ને નીકટના મિત્રો હતા.[૧]

રાજાઓની પરંપરા મુજબ લાખાજીરાજે ત્રણ વખત લગ્ન  કર્યા હતા. તેમના પ્રથમ લગ્ન ૧૯૦૮ મા રાજેન્દ્રકુંવરબા સાથે થયા હતા. બીજા લગ્ન ૧૯૦૯ મા પ્રખ્યાત  કવિ સૂરસિંહજી ગોહેલ ( કલાપી ) ના દીકરી રમણીયકુંવરબા સાથે થયા હતા. આ રાણીને એક બંગાળી મહિલા ધ્વારા  શિક્ષણ આપવામા આવ્યુ હતું જે તેને અંગ્રેજી ગુજરાતી, સંગીત અને એમ્બ્રોઈડરીનું શિક્ષણ આપતી હતી. લાખાજીરાજના વ્યકિતત્વના ઘડતરમાં તેનો ફાળો મહત્વનો હતો. તે વ્યકિતગત રીતે લાખાજીરાજની સંભાળ લેતા હતા. ઘણી વખત પોતાના હાથે રાંધીને જમાડતા હતા. લાખાજીરાજને સંગીતમા ખાસ રસ હતો . રાણી રમણીયકુંવરબાના પ્રભાવથી આ રસ જાગ્યો હતો. દર શુક્રવારે હજૂર બંગલામા સંગીતનો પ્રોગ્રામ રાખવામા આવતો. (૮–૩૦ થી ૧૦–૩૦) રમણીયકુંવરબા પોતે ઠાકોર સાહેબ માટે હાર્મોનીયમ વગાડતા. આ રમણીયકુંવરબાનું અવસાન ૧૯૧૩ મા ૧૨ નવેમ્બરે થયું. લાખાજીરાજ તેને ખુબજ ચાહતા હતા તેથી તેમનું મૃત્યુ તેમના માટે મોટી ખોટ સમાન હતું. રમણીયકુંવરબાના અવશાન બાદ લાખાજીરાજે ત્રીજા લગ્ન  કૃષ્ણકુંવરબા સાથે કર્યા. સમય જતા તેમની સાથેના સબંધો બગડયા તેથી રાણીએ લાખાજીરાજને છોડી દીધા હતા.

---

૧)   એંજન પૃ – ૧૩

## સ્ત્રીઓ પ્રત્યેનો અભિગમ :

લાખાજીરાજ ઉનાળાની ઋતુમાં નિયમિત હવાખાવાના જુદા જુદા સ્થળોએ જતા હતા. આ ઋતુમા એવા સ્થળો સામાન્ય રીતે રાજા–મહારાજાઓ અને ધનવાનોના મેળા સરખા બની રહેતા તેથી સ્વભાવીક રીતેજ ત્યાં રાગરંગ અને જલસા પાર્ટીઓ થતી હતી. પરંતુ લાખાજીરાજ પોતાનો સમય તેમાં જરાપણ ગાળ્યો ન હતો તેઓ એક રાજયોગી જેવા સંયમી પુરૂષ રહયા હતા.[૧] તેમણે સ્ત્રીવર્ગ તરફ ઉચી આંખે દ્રષ્ટી માંડી કદી જોયું નથી. પ્રજાને પોતાના બેટા બેટી જેવા ગણી સાચે જ તેમણે રાજપિતાના પદને સાર્થક કર્યુ હતું.

પોતાની પત્ની સિવાય અન્ય કોઈ સ્ત્રીમા તેઓ ભાગ્યેજ રસ લેતા. સ્ત્રી સબંધી કોઈ અફવા તેમના જીવન વિશે સાંભળવા મળી નથી. નોકર  તરીકે પણ તેઓ સ્ત્રીને પસંદ કરતા ન હતા.

પોતાના પેલેસમા પ્રજા ગમે ત્યારે આવી શકે અને રજુઆત કરી શકે તેવી તેમણે છુટ આપી હતી. તેઓ લોકોને સાંભળતા અને પ્રશ્નોનો ઉકેલ લાવતા હતા. તેમની પાસે આવતા લોકો ડર કે હિચકિચાટ અનુભવતા ન હતા. પરંતુ વ્યવહારમા તેમણે સ્ત્રીઓને ત્યાં આવવાની મનાઈ કરી હતી. સ્ત્રીઓ માત્ર હજૂર ઓફીસમા જ આવતી એમ જાણવા મળે છે કે તેમણે માત્ર એક વૃધ્ધ સ્ત્રીને પોતાનું બિછાનું તૈયાર કરવા માટે રાખી હતી જે સુતાં પહેલાં બે કલાક અગાઉ તેમનું બિછાનું તૈયાર કરી જતી.[૨] લાખાજીરાજ ખાસ કરીને ભારતીય સ્ત્રીઓ સાથે હાથ મીલાવવાનું પસંદ કરતા ન હતા. તેઓ માનતા કે આ ભારતીય પરંપરા વિરૂધ્ધ નું છે. પાર્ટીઓ કે મિટીંગોમા યુરોપીયન સ્ત્રીઓ  સાથે  હાથ  મિલાવતા પણ તે  તેને બહુ પસંદ ન હતું.[૩] આમ સ્ત્રીઓના સબંધમા તેમનું

---

૧)    એંજન – પૃ – ૭૭

૨)    એંજન – પૃ – ૭૮.

૩)    એંજન – પૃ – ૭૮.

ચારિત્ર ડાઘ રહીત હતું તેમણે જયારે પોતાના રાજયમા ચૂંટણીના નિયમો નકકી કર્યા ત્યારે સ્ત્રીઓને સમાન હકક આપીને તેમનો સમાવેશ કર્યો હતો.[૧] લોકોની પ્રતિનિધિ સભામા બે સ્ત્રી સભ્યો પણ હતી. રાજકોટ એવું પ્રથમ રાજય હતું કે જેણે સ્ત્રીઓ માટે ખાસ પુસ્તકાલય ખુલ્લું મુકયું હતું. સ્ત્રીઓ માટેના પુસ્તકાલયને ખાસ ધ્યાન અને મહત્વ અપાયું હતું. રાજકોટના મહિલા પુસ્તકાલયની ખાસ જાહેરાત કરવાના પ્રયત્નો કર્યા હતા જેથી સ્ત્રીઓ માહિતગાર થાય અને પુસ્તકાલયનો ઉપયોગ કરે.[૨]

## પ્રથમ વિશ્વયુધ્ધ સમયે મદદ :

લાખાજીરાજના સમયમા વિશ્વમા નોંધપાત્ર બનેલી ઘટના પ્રથમ વિશ્વયુધ્ધ ગણાવી શકાય જેમાં ભારત બ્રિટીશ સરકાર હસ્તક હોવાથી અનિચ્છાએ પણ ઈંગ્લેન્ડના પક્ષે ભાગ લઈ રહયું હતું. આ યુધ્ધમા ભારતના શાસકોને યુધ્ધકીય અને નાણાંકીય મદદ આપવવાની સરકારે માંગણી કરી હતી. જેના પ્રત્યુતર રૂપે રાજકોટના શાસક તરીકે લાખાજીરાજે બ્રિટીશ સત્તાને વફાદાર રહીને પૂરતી મદદ કરી હતી.

ઈ.સ. ૧૯૧૪ મા યુધ્ધ શરૂ થતાં તેમણે જાતે યુધ્ધમાં ભાગ લેવાની માંગણી કરતો પત્ર બ્રિટીશ સરકારને લખ્યો હતો.

આ યુધ્ધમા તેમના તરફથી સરકારને અનેક પ્રકારની મદદ મળી હતી જેના કુલ ખર્ચની રકમ રૂા.૧,૬૪,૩૧૨/– ની હતી જે અન્ય રાજય કરતા વધારે હતી તેવી માહીતી મળે છે. રાજયે રૂા. ૫૩,૮૫૦/– ના યુધ્ધ બોન્ડ પણ ખરીદયા હતા. તેથી યુધ્ધ પુરૂં થતાં તેમની આ મદદની કદર કરીને બ્રિટીશ સરકારે તેમને K.C.I.E. નો ઈલ્કાબ મુંબઈના ગવર્નર વિલિંગ્ડનના હસ્તે આપ્યો હતો.[૩]

---

૧) કડાકા. ધં. હો. ઉપર્યુકત ભાગ–૧ – પૃ – ૧૩૧.

૨) એજન – ભાગ – ૩ પૃ – ૨૯૩ થી ૨૯૫.

૩) સં. રાવલ મનોજ – ઉપર્યુકત પૃ – ૯૧

## પ્લેગના સમયે જીવના જોખમે કરેલી સેવા :

ઈ.સ. ૧૯૧૮–૧૯ અને ૧૯૨૪–૨૫ મા આ પ્રાંતમા ભયંકર પ્લેગ ફેલાયો હતો. લાખાજીરાજ પોતે પ્રજાની સંભાળ લેવા જતા હતા. ભય અને દુઃખ કંપારીભર્યા એ મૃત્યુના સામ્રાજયમા કોઈ કોઈનું હતું નહીં. સગાં–સબંધી સૌ પોત પોતાનું સાચવીને નાસતા ફરતા હતા. સલામતીમા પડેલા લોકો દુઃખી નિરાધારો માટે વિચારતા પણ ન હતા. આવી વિકટ પરિસ્થિતમા લાખાજીરાજે જીંદગી માટે બેપરવા બની, પ્રજાના સાચા પિતા બની મોટરમા બેસી ગરીબ અને નિરાધારોની ઝુંપડીઓમા કોઈપણ ભેદભાવ વિના દોડાદોડ કરી હતી. પ્લેગનો ભોગ બનેલા વ્યકિતઓની મુલાકાત લીધી હતી તેથી પ્લેગના દર્દીઓને રોગ સામે ઝઝુમવામાં અને જુસ્સો ટકાવી રાખવામાં તેમની હાજરી પ્રેરકબળ બની હતી.[૧] આ સમયનો એક જાણીતો કિસ્સો એ છે કે પ્લેગમા એક વૃધ્ધ સ્ત્રીનો એકનો એક પુત્ર મૃત્યુ પામ્યો ત્યારે કોઈપણ આધાર વગરની આ સ્ત્રીને અંતરમા પુત્રના મૃત્યુનો અને બહારથી લાગુ પડેલા સખત પ્લેગનો દાહ સળગાવી રહયો હતો. ત્યારે લાગણીથી પ્રેરાઈને લાખાજીરાજ એ ગરીબ સ્ત્રીની ઝુંપડીમા ગયા. નજીકથી ખબર અંતર પુછયા અને જોઈતી જરૂરીયાતની નોંધ લીધી. રાજમહેલમાંથી પોતાની મચ્છરદાની મંગાવી તે સ્ત્રીને આપવાનો આદેશ આપ્યો હતો. આ ગરીબ સ્ત્રીએ માયાળું રાજવીની હુંફથી આશ્વાસન મેળવ્યુ. લાખાજીરાજે આ સ્ત્રીને લાગણીથી કહયું " ડોશીમા કંઈ ફીકર કરશો નહીં હું પણ તમારો દીકરો છું. "આમ સંકટના સમયે એક રાજાને પોતાના પુત્રનું સ્થાન પ્રેમપુર્વક લેતો જોઈ તે સ્ત્રીનું હૃદય ભાવવિભોર બની ગયું.[૨]

આમ ત્રણ થી ચાર માસ લંબાયેલા પ્લેગના સમય દરમ્યાન તેમણે સેંકડો દર્દીઓ પાસે હાજરી આપી અનેક પ્રકારની મદદ પહોંચાડી અનેકને જીવતદાન , આશ્વાસન અને હિંમત આપ્યા હતા. ગામના મહાજન ગણાતા પ્રજાજનોએ અરજ કરી કે નામદાર , આપ આ પ્લેગના કાળચક્ર

---

૧) જોબનપુત્રા જયંતિલાલ – ઉપર્યુકત ત્રિભુવન – ઉપર્યુકત – ૫,૬,૭

૨) એંજન – પૃ – ૮

થી દુર સલામત સ્થળે જતા રહો અને સારવારનો યોગ્ય પ્રબંધ કરાવો. પરંતુ લાખાજીરાજે જવાબ આપ્યો કે " પ્રજાજનોમાંથી જેને બહાર જવું હોય તેઓ ખુશીથી જાય. મદદ જોઈતી હોય તો માંગવી . પણ પોતે સંકટના સમયે પ્રજાને છોડીને મૃત્યુની બીકે નાશી જવા ખુશી નથી. " પ્રજા માટે આવા સમયે લાખાજીરાજના દર્શન પરદુઃખભંજન વીર વિક્રમના દર્શન હતા.[૧]

આમ કાળના ભયંકર તાંડવની વચ્ચે જીંદગીના જોખમે ઝંપલાવવું એ તો જેના હૃદયમા શૌર્ય, સ્વાર્પણ અને કરૂણાનો ત્રિવેણી સંગમ થતો હોય તેજ કરી શકે તેનું વિરલ ઉ.દા. લાખાજીરાજ પોતે હતા.

## પ્રજા કલ્યાણની ભાવના :

લાખાજીરાજ લોકોમા સહજ રીતે ભળી જતા અને લોકોના હૃદયને જીતવાની તેમનામા આવડત હતી તે પ્રજાથી દુર રહેનારા રાજા ન હતા. લોકોના સંપર્કમા રહેવા તેમણે બનતું બધુંજ કર્યુ હતું. તેઓ હંમેશા સમાજની જરૂરીયાત જાણવા પ્રયત્ન કરતા હતા. રાજકોટના લોકો બાપુની મોટરની રાહ જોતા હતા. અઠવાડીયામા પ્રત્યેક દિવસે રાજયનાં એક એક ખાતાંની મુલાકાત લેતા હતા. ખાતાના અધિકારી સાથે ખભેખભા મીલાવી વાતચીત કરતા હતા. અને ચર્ચાસ્પદ પ્રશ્ન હોય તો તેનો નિકાલ લાવતા. બાપુની ગાડી એકજ પ્રકારની સરળ ગતિથી ચાલતી લોકો તેની ગાડીને રોકીને પોતાના પ્રિય રાજવી સાથે વાતચીત કરતા હતાં. બાપુનું મુખ જોવા અબાલ વૃધ્ધ સૌ આતુર હતા. ખુદ રાજાની મોટરમા તેમનાજ સામાન્ય નોકર તેમની હાજરીમા સાથે બેસતા તે દ્રશ્ય વિરલ લાગતું હતું.

પ્રજાના ભાવિ ઘડતરની નવી યોજનાઓ ઘડવી અને તેને સક્રિય બનાવવાની અવિરત પ્રવૃત્તિએ તેમનો વિષય હતો. એવી પ્રવૃત્તિની અનેક શાખાઓ તેમણે સ્થાપી હતી. તે પૈકી કેળવણીક્ષેત્રે તેમણે અનેક પ્રયત્નો કર્યા હતા.

---

૧) એંજન પૃ – ૭ – ૮

### શિક્ષણ ક્ષેત્રે :

લાખાજીરાજની એક ઉત્કટ અને મુખ્ય ભાવના એ હતી કે પ્રજા પોતાના વ્યવહાર અને સંસ્કારમા પાવરધી તેમજ સ્વતંત્ર બને તે પહેલાં તે નીડર, સ્વમાનશીલ અને અસ્મિતા ધરાવતી હોવી જોઈએ. તેઓ દર અઠવાડીયે શાળાના ગ્રાઉન્ડમા પોતાને અતિપ્રિય સ્કાઉટીંગનું નીરીક્ષણ કરવા પધારતા ત્યારે બાળકોમા એ ભાવનાઓ જગાડવાની નાની મોટી અનેક સુચનાઓ કરતા. બાળકોની સાથે વાતો કરવામા પણ સારો રસ લેતા હતા. બાળકને ઢીલી ચાલતી ચાલતો જુએ તો તેને ઉભો રાખી ઉચે મોઢે ટટ્ટાર ચાલવાનું કહેતા. તેઓ શીક્ષકો તથા લશ્કરી અધિકારીઓને પણ કહેતા કે "તમે એવું શીખવો કે બાળકના મનમાં એમ થાય કે જરૂર અમે કંઈક છીએ." આવી અસ્મિતા જાગૃત કરો."

પ્રજાની ઉન્નતિ માટે તેમણે અનેક દિશામાં સતત ચિંતન અને અમલીકાર્ય કર્યુ હતું. તેઓ કહેતા કે ઉગતી પ્રજાને શિક્ષણ આપવામા કેળવણી જેવું ઉત્તમ સાધન એકપણ નથી. તેથી તેમણે ચાલુ કેળવણીની પધ્ધતીમા જયાં જયાં બાળકોના શારીરિક , માનસિક કે ઔદ્યોગીક વિકાસમા ન્યુનતા જણાઈ ત્યાં ત્યાં પુર્ણતા કરવા નવી યોજનાઓ દાખલ કરી. બાળકોને શારીરિક અને માનસિક રીતે વિકસાવવામા તેણે બહોળા પ્રમાણમા સ્કાઉટીંગનું શીક્ષણ મોટા ખર્ચે લગભગ ફરજીયાત જેવું કર્યું હતું. તેના વાર્ષિક સમારંભો ભારે ઠાઠથી આખા સ્ટેટના વિધાર્થીઓને એકત્ર કરીને ઉજવતા શીક્ષકોને એ કામમા ટ્રેન્ડ કરવા ખાસ તાલીમ વર્ગો શરૂ કર્યા હતા. તેમને કેમ્પ લાઈફમા રાખીને તથા ગોબ્લર્સમા દાખલ કરીને સખત તાલીમ આપી હતી. આથી સ્કાઉટ માસ્તર અને ગોબ્લર્સ તરીકે તાલીમબધ્ધ તૈયાર થયેલા શિક્ષકો પોલીસની રમત–ગમતો , વ્યાયામના પ્રયોગો વગેરે હરીફાઈમાં પણ ઠીક ઠીક ભાગ લેવા માંડયા. તીર કમાન અને બંદુકની વાતો કરવા ટેવાયેલા શિક્ષકો સાચે જ તીર કમાન અને બંદુકનો ઉપયોગ કરવા માંડયા એટલુંજ નહીં પણ નિશાનબાજીમાં ઈનામ પણ મેળવવા લાગ્યા. તેના પ્રણેતા લાખાજીરાજ હતા. તેમણે મનમાં નકકી કર્યુ હતું કે જો શિક્ષકોમા દૈવત હશે તો જ તે ઉગતી પ્રજાને તેયાર કરવામા પોતાનું બળ રેડી શકશે.[૧]

૧) એજન – પૃ – ૪૩, ૪૪

આ ઉપરાંત લાખાજીરાજે બાળકોને ઔધોગીક તાલીમ મળી રહે અને ભવિષ્યમા બાળક પગભર થઈ શકે તે માટે કેળવણીકારો સાથે ચર્ચા કરી રસાયણ શાસ્ત્ર , બાંધકામ શાસ્ત્ર તથા યંત્રશાસ્ત્રના પાંચ પાંચ પુસ્તકોની ગ્રંથમાળા નિષ્ણાંતો પાસે તૈયાર કરાવી. આ પુસ્તકો બાળકોને મફત ભણવા આપવા યોજના કરી.

## બાલ મંદિરો :

લાખાજીરાજ કેળવણીના ક્ષેત્રમા ખુબજ પ્રગતિ ઈચ્છતા હતા. તેમણે એ પ્રવૃત્તિમા બાલમંદિર ઉપર ખાસ લક્ષ આપ્યું હતું તે માટે શહેરના પ્રત્યેક લતામા એક એક બાલમંદીર સ્થાપવાની યોજના કરી સૌપ્રથમ છ બાલમંદિરો સ્થાપવામાં આવ્યા હતા. પરંતુ તે માટે જોઈતા શીક્ષકોનો પ્રશ્ન ઉભો થયો ત્યારે તેમણે રસ્તો કાઢયો કે સારા કુટુંબની કેટલીક વિધવા કે સધવા બાઈઓ ભણેલી અને સંસ્કારી હતી તેમને હિંમતપુર્વક ઘરની બહાર કાઢી અધ્યાપન વર્ગમા દાખલ કરી. આ બહેનોએ બાલ શિક્ષણ સબંધી સારી માહીતી મેળવી અને તેની પરીક્ષામા પણ ઉર્તીણ થઈ ત્યારબાદ તેમના હસ્તક બાલ મંદીરો સોંપવામા આવ્યા.

આ પ્રવૃત્તિને પરિણામે તેમના જન્મ દિવસે રાજમહેલના બગીચામા શહેરના અનેક સદગૃહસ્થો, સીવીલ સ્ટેશનના નાગરિકો તથા યુરોપીયન અધિકારીઓની મોટી સંખ્યા વચ્ચે બાલ મંદિરના નાના બાળકો આનંદભેર ગાતાં નાચતા કૂદતાં અને ગમ્મત કરતા હતા. અંગ્રેજો પણ લાખાજીરાજની બાલમંદિર પ્રવૃતિથી પ્રસન્ન અને પ્રભાવિત થયા હોય તેમ જણાય છે. પોતાના જન્મ દિવસની ઉજવણી તેઓ બાળકોને ભેટ અને મીઠાઈ વહેંચીને કરતા.[૧]

બાળકની શારીરિક તંદુરસ્તી જળવાય રહે તે માટે પણ શાળામા પ્રત્યેક બાળકની શારીરિક તપાસ નિયમિત કરવાનું ડોકટરને આદેશ આપ્યો હતો. બાળકોને ચપળ અને સશકત બનાવવા માટે અનેક પ્રકારની કુસ્તી, વ્યાયામ અને સ્કાઉટીંગની તાલીમ નિયમિત રીતે દાખલ કર્યા . બજરંગ વ્યાયામ મંડળ જેવી સંસ્થાને ઉત્તેજન આપ્યું. [૨]

---

૧) એજન – પૃ – ૫૪

૨) એજન – પૃ – ૧૦૪

## ધાર્મિક પ્રવૃતિ :

લાખાજીરાજ ધર્મપ્રેમી હતા. તેઓ માનતા કે ધાર્મિક બાબતોમા પ્રજાનું અજ્ઞાન ધર્મ તેમજ સમાજને નુકશાનકર્તા છે. તેઓ જાગ્રત ધાર્મિક દ્રષ્ટિબિંદુથી સામાજીક સુધારા આવશે તેવી આશા રાખતા હતા. ધાર્મિક બાબતમાં તેમનું હૃદય આસ્તિક અને ઉદાર હતું. પોતાની પ્રજાના સર્વ ધર્મ બંધુઓ સાથે બેસી મતભેદો દુર કરે અને પરસ્પર પરિચયમાં આવે તેમજ પોતાનો ધર્મ સાચવી બીજાને બને તેટલા સહાયભૂત થાય તેવી ધારણાથી તેમણે "અખિલ ધર્મ સભા" સ્થાપી.[૧] તેમણે સ્થાપેલી આ અખિલ ધર્મ સભા હિંદુ – મુસ્લીમ વચ્ચેના કોમી તંગદીલીના સમયમા એક હિંમતભર્યો પ્રયોગ હતો. તેમનો ઉદ્દેશ ધર્મના બ્રાહય ક્રિયાકાંડો જ નહીં પણ અંદરની શ્રધ્ધાને વધુ સારી રીતે સમજવાનો હતો. તેઓ દ્રઢપણે માનતા હતા કે જો આ કોમો બીજા કરતા પોતાના ધર્મના હાર્દને શીખે અને સમજવાનો પ્રયત્ન કરે તો તંગદીલી ઘટી જાય. તેમના મતે હિંદુ – મુસ્લીમ વચ્ચેના પ્રશ્ન અંગે મુખ્ય કારણ બન્નેનું ઘોર અજ્ઞાન હતું. [૨]

આ બાબતમા લાખાજીરાજ તેમના સમય કરતાં આગળ હતા. તેમનો આખરી ઉદ્દેશ સમયના બધા જ્ઞાતી જુથો, હિંદુ અને મુસ્લીમના વિવિધ સંપ્રદાયો અને પંથો વચ્ચે સંવાદીતા સ્થાપવાનો હતો. ભવિષ્યમા જ્ઞાતી જુથો નાબુદ થશે તેવી પણ તેમને આશા હતી. સમાજ–સુધારણાનો પ્રશ્ન પણ ધર્મના રહસ્યોને આધારે ઉકેલવાની તેમની મુરાદ હતી.[૩]

## ઉત્સવો :

લોકોમા સહજ રીતે ભળવાની અને લોકોના હૃદયને જીતવાની તેમનામા આવડત હતી. નિર્દોષ આનંદ લઈ શકાય અને લોકોને પણ મફત મનોરંજન મળી શકે તે માટે રાજયમા હોળી, દશેરા, દીવાળી વગેરે તહેવારો આનંદપૂર્વક ઉજવતા. આ સમયે રાજકોટના લોકો હોળીના

---

૧) એજન – પૃ – ૭૩ – ૭૪

૨) ભટ્ટ ત્રિભુવન – સંસ્થાન – રાજકોટની ડીરેકટરી ભાગ–૧ – પૃ – ૨૦૯.

૩) અુજન ભાગ–૪, પૃ – ૬૨૨ થી ૬૨૪.

ઉત્સવની આતુરતાપુર્વક રાહ જોતા હતા. આ તહેવારમાં લાખાજીરાજ મુકતપણે સામાન્ય લોકો અને રાજયના નોકરી સાથે ભળી જતા. હોળીના તહેવારમા શૂરાપૂરાની ખાંભીઓને કસુંબો ધરવા તેઓ જાતે જતા અને સાથે સર્વ અધિકારી મંડળ, ભાયાતો વગેરેને સાથે લઈ જતા. નાના મોટાનો ભેદ ભુલી જઈ રસભેર ( આનંદથી ) રંગે રમતા. ચારે બાજુ રંગ તથા પાણીના ફુવારા ઉડતા. રાજકોટ શહેરમા હુતાસણીની સવારી અદભુત મનાતી. આ સરઘસમા બળદગાડામા પોતાના અધિકારીઓ અને સંગીતકારો સાથે બેસતા અને એકબીજા પર રંગ ઉડાડતા.[૧]

આમ લાખાજીરાજ પોતે રાજવી હતા છતાં લોકોમાંના એક હતા. પ્રેમાળ હૃદય ધરાવતા હતા. પોતાની પ્રજા માટેની ગાર્ડન પાર્ટીઓમા અંગ્રેજોને આમંત્રણ આપતા અને પોતાની પ્રજાનો પરીચય કરાવતા. ઘણીવાર લોકોને કહેતા કે "હું તમારામાંનો છું. તમારા ઘરે તમારી સાથે મને રહેવું ગમે કે જેથી હું તમારા સુખ દુઃખ જાણી શકું પરંતુ હું રાજાની જગ્યાએ છું તેથી મારે ઘણાં બધા પ્રતિબંધો છે."[૨] આવા વિરલ રાજવી તો નશીબદાર પ્રજાનેજ પ્રાપ્ત થાય.

લાખાજીરાજની વાતો પણ સરળ હતી. તેમાં ઊંચી ભાષા વાપરતા નહીં. રાજકોટ રાજયના લોકો તેમના પ્રેમાળ સ્વભાવથી પરિચીત હતા. તેથી તેમને ઓફીસમા મળવા જતા હતા કે રસ્તા પર ગાડી ઉભી રાખી મળતા અચકાતા નહીં કારણ કે પ્રજાને ખબર હતી કે રાજા તેમના પ્રશ્નો સાંભળશે અને તાત્કાલીક ઉકેલ પણ લાવશે.

ગામડાંઓના લોકો તેમના ગામની મુલાકાતની આતુરતાપુર્વક રાહ જોતા હતા. લાખાજીરાજ માનતા કે પરેદશમા જઈને લોકોનો પૈસો બગાડવાના બદલે પોતાના રાજયમા રહીને તેને સુધારવાનો પ્રયત્ન કરવો તે વધુ યોગ્ય ગણાય.

---

૧) એજન પૃ – ૩૦, ૩૧

૨) એજન પૃ – ૪૨, ૪૩

## અવસાન :

૧૯૨૯ ના નાતાલમા તેમણે સરધાર મહાલના ગામોની મુલાકાત લીધી હતી. ત્યારપછી ૧૫ જાન્યુઆરી ૧૯૩૦ ના રાજકોટ મહાલની મુલાકાત શરૂ કરી હતી. મવડી પહોંચ્યા પછી ૨૨ જાન્યુઆરીએ તેમને સખત શરદી થઈ અને વધુ તબિયત બગડતા તા.૨૬ મી એ તેઓ રાજકોટ પરત આવ્યા. ત્યારબાદ તબિયત વધુ બગડતા એક અઠવાડીયા સુધી તેમને પથારીવશ રહેવું પડયું. તેમને સંપુર્ણ આરામની જરૂરત હતી અને તે માટે એક નર્સની જરૂર હતી. આ સમયે કોઈ તાલિમી પુરૂષ નર્સ મળી શકતા નહીં તેથી સ્ત્રી નર્સ માટે કહેવામા આવ્યું પરંતુ તે માટે તેમણે મનાઈ કરી દીધી હતી. કારણ કે કોઈ સ્ત્રી તેમને સ્પર્શે નહીં તેવી સખત સુચના આપી.[૧] આખરે શંકરલાલ માસ્તર તેમના નર્સ બન્યા. ૨ ફેબ્રુઆરી ૧૯૩૦ રાત્રે સાડાબાર વાગ્યે તેમનું અવસાન થયું.[૨] તેમની અંતિમ ક્રિયા બીજા દીવસે થઈ. તે દરમ્યાન બે કલાક પહેલાં ધર્મેન્દ્રસિંહજીની તિલક વિધિ કરવામા આવ્યો. તેમની માંદગી દરમ્યાન સમગ્ર રાજકોટ શહેર અને રાજય ચિંતિત હતા. લોકો રાજમહેલ પાસે ટોળે વળતા તેમની તંદુરસ્તી માટે લોકોએ પ્રાર્થના કરી તેમના અવસાનના સમાચાર પછી લોકોએ બંધ પાળયો. હજારો લોકોએ તેમને અશ્રુભીની શ્રધ્ધાંજલિ આપી. તેમની અંતિમ યાત્રા હૃદય સ્પર્શી હતી. તેમના મૃત્યુના સમાચારથી લોકોએ ઉજવણીઓ બંધ કરી હતી. રાજકોટ સિવીલ સ્ટેશનમા પોલિટિકલ એજન્સીએ પણ તેમના મૃત્યુના માનમા ૪ ફેબ્રુઆરી સુધી ઓફિસો બંધ રાખી. તેમનું મૃત્યુ રાજકોટની પ્રજા માટે મોટી ખોટ સમાન હતું. કાઠીયાવાડ માટે આધાત સમાન હતું કેમ કે તેમણે હંમેશા વધુ સુધારાની રાજકીય માંગણીઓને ટેકો આપ્યો હતો.

દિલ્હીમા ચેમ્બર ઓફ પ્રિન્સીસ (નરેન્દ્ર મંડળે ) શોક ઠરાવ પસાર કર્યો હતો અને તેમની સિધ્ધિઓને બીરદાવી હતી.

---

૧) A.D.M. Report of Rajkot State – 1930. P - 5

૨) જોબનુપત્રા જયંતીલાલ , વ્યાસ ત્રિભુવન – ઉપર્યુકત – પૃ – ૧૬૩.

૧૯૩૦ ની ૨૬ ફેબ્રુઆરીએ વાઈસરોય ઈર્વીને પોતાના ભાષણમાં કહયું કે " રાજકોટના ઠાકોર સાહેબ ઉદાર વિચારસરણી વાળા પ્રગતીશીલ રાજા હતા. " પોતાની પ્રજાના તમામ વર્ગોના સામાજીક અને આર્થિક વિકાસમા ઊંડો રસ ધરાવતા હતા. તેના કારણે તેમની ખોટ રહેશે. " આજ સભામા નવાનગરના જામ સાહેબે જણાવ્યું કે " રાજકોટના ઠાકોર સાહેબ મારા પ્રિય મિત્ર – સગા અને સ્નેહી હતા. તેઓ પોતાની પ્રજા માટે મહેનત કરી રહયા હતા."[૧]

લાખાજીરાજે સૌ પ્રથમ કાઠિયાવાડમાં રાજકીય પ્રવૃતિ કોઈપણ શરત વિના કરવા માટે છુટ આપીને રાજકીય જાગૃતીને ટેકો આપ્યો. ઉપરાંત પંડિત જવાહરલાલ નહેરૂના નેતૃત્વ નીચે યુવક કોંગ્રેસના માનમા તેમણે ગાર્ડન પાર્ટી પણ યોજી હતી. કાઠિયાવાડનાં રાષ્ટ્રવાદીઓ માટે તેમનું મૃત્યુ મોટી ખોટ સમાન હતું. તેઓ સ્વાતંત્રય પ્રેમી હતા. બહુ ઓછા રાજાઓમાંના એક હતા. જેમણે ગાંધીજીની ખુલ્લી પ્રશંસા કરી હતી અને પોતાના રાજયમા બંધારણીય શાસન દાખલ કરનાર તેઓ સૌ પ્રથમ હતા. રાજકોટ રાજય તેમના સમયમા પ્રગતીશીલ રાજયમાંનુ એક બન્યું. આજે પણ લોકો તેમના નામ આગળ પ્રાંત સ્મરણીયનું બિરૂદ લગાવે છે. લાખાજીરાજે રાજયના ઈતિહાસમાં અમરકીર્તિ મેળવી અને રાજયમા પ્રગતિ તથા શુધ્ધ સરકારની ભૂમિકા સર્જી હતી.[૨]

## વહીવટી તંત્ર :

લાખાજીરાજે પોતાના પુરોગામી શાસકોની કેટલીક યોગ્ય નીતિઓ અને ધારા ધોરણો યથાવત રાખી તે પ્રમાણે વહીવટ કરવાનો પ્રયત્ન કર્યો. પણ વહીવટી ક્ષેત્રે નવા સુધારા દાખલ કરી વહીવટને આધુનિક સ્વરૂપ આપ્યું હતું. લાખાજીરાજે શરૂ કરેલી પોતાના રાજયની રૈયતને જ શકય હોય ત્યાં સુધી રાજયની નોકરીમાં રાખવાની પ્રથાને લાખાજીરાજે પણ ચાલુ રાખી હતી. ઉપરાંત રાજયના જૂના અને જવાબદાર અમલદારોના અનુભવનો પ્રજા લાભ લઈ શકે તે માટે સ્ટેટ કાઉન્સીલ સ્થાપી હતી. અને મંત્રી મંડળના ધોરણે વહીવટ શરૂ કર્યો હતો. ગુણવત્તાવાળા – ઉમેદવારો રાજયની નોકરીમા લેવા તે માટે તેમની પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો. ઉપરાંત રાજયના

---

૧) સરદાર વલ્લભભાઈ પટેલના ભાષણો – જન્મભૂમિ ૧૯૪૯ – પૃ – ૩૮૬ સંપાદક – પરીખ નરહરી દ્વારકાદાસ

૨) દેવલુક નંદલાલ 'સૌરાષ્ટ્રની અસ્મિતા" – ભાવનગર ૧૯૬૮. પૃ – ૭૦૦ – ૭૦૧

નોકરના પગાર ધોરણ, પેન્શન , ગ્રેચ્યુટી અંગેની વ્યવસ્થા પણ તેમણે દાખલ કરી હતી.[૧] ઈ.સ. ૧૯૧૯ મા પોતાના મિત્ર વાંકાનેરના રાજવી અમરસિંહજી કે જે તેમના મિત્ર હતા તેમની કાયમી સ્મૃતિમા "અમરસિંહજી સચિવાલય" એવું નામ દરબારગઢના એક ભાગને આપી સચિવાલય પધ્ધતિ દાખલ કરી હતી.[૨]

રાજયના ભાયાતોને પણ રાજકાજમા ભાગ લેતા કરવા રાજયની ભાયાતી કોર્ટ નાંખી તેનો વહીવટ ભાયાતોને આપી ભાયાતી સભા સ્થાપી હતી.[૩]

ગાદીએ બેઠા પછી લાખાજીરાજે રાજયનું સ્ટેટ ગેઝેટ છપાવવાનું શરૂ કર્યુ હતું. ૧૯૧૭માં સીટી સર્વે વિભાગ ખોલી લોકોને નવા લેખો કરી આપવામા આવ્યા. સ્ટેટના ધારા ધોરણ તથા અગત્યના બનાવોની નોંધરૂપ ડીરેકટરી ચાર વિભાગમા પ્રસિધ્ધ કરી હતી.

લાખાજીરાજે નોકરોના અંગે ગ્રેડ, પેન્શન કે ગ્રેચ્યુઈટી ની વ્યવસ્થા કરી વિવિધ ખાતાંઓમાં નોકરી મેળવવા માટે પરીક્ષા લેવાનું શરૂ કર્યુ. લાખાજીરાજે ૧૯૨૩ મા પોતાની પ્રજાને વહીવટમા ભાગ લેતી કરવાના હેતુથી ચુંટાયેલા ૯૦ સભ્યોની પ્રજા પ્રતિનિધિ સભાની સ્થાપના કરી (જેની વધુ વિગત પ્રકરણ નં.૭ મા આપેલ છે.)

## આર્થિક પ્રગતિ :

લાખાજીરાજે રાજયનો વહીવટ યોગ્ય રીતે ચલાવ્યો હતો. વહીવટી કુશળતા રાજયના દરેક ક્ષેત્ર સાથે એવી રીતે સંકળાયેલી હતી કે રાજયની સારી પ્રગતી થઈ. આર્થીક ક્ષેત્ર પણ તેમાંથી બાકાત ન હતું.

---

૧) ભટ્ટ ત્રિભુવન સંસ્થાન રાજકોટની ડીરેકટરી ભાગ–૧ પૃ – ૭૫.

૨) દેવબુક નંદલાલ – ઉપર્યુકત – પૃ – ૭૦૩.

૩) ભટ્ટ ત્રિભુવન સંસ્થાન રાજકોટની ડિરેકટરી – ભાગ – ૧ પૃ ૬૩.

## ખેતી અને પશુપાલન :

રાજકોટ રાજયની ૯૦ % વસ્તી ખેતી ઉપર આધારીત હતી. તેથી પ્રજાના આ સૌથી મોટા સમુહ ખેડુતોના કલ્યાણ માટે લાખાજીરાજે સોથી વધુ ધ્યાન આપ્યું હતું . ખેતી અને ખેડુતોની સ્થિતી સુધારવા તેમણે જે પ્રયત્નો કર્યા તે આવકારદાયક હતા. તેમાં તેમની પ્રજા કલ્યાણની ભાવના સ્પષ્ટપણે દેખાય આવે છે. તેમણે પોતાના રાજયના આર્થિક વિકાસ માટે સૌથી વધુ ભાર કૃષિના વિકાસ ઉપર મુકયો હતો. ખેડૂતોના જીવનમાં તેમજ તેની ખેતી અંગેના સમગ્ર પ્રશ્નોનો વિચાર કરી તેમાં સર્વ પ્રકારે પ્રગતિ સાધી શકાય અને ખેડૂતોની સ્થિતિ સુધરે તે માટે ખેડૂત મહાસભાની સ્થાપના કરી હતી.[૧]

ખેડૂતોના કલ્યાણ માટે તથા પશુ સંવર્ધન માટે પગલાં લીધા તેનાથી રાજકોટ રાજયમાં કૃષિના આધુનિકીકરણનો પ્રારંભ થયો. તેમના સમયમાં જમીનની વહેંચણી કર્યા પછી તેના મહેસુલની આવક રાજય માટે મહત્વની બની રહેતી. તેના શાસનકાળ દરમ્યાન જમીન મહેસુલ ત્રણ પ્રકારે લેવાતું હતું.

(૧) ભાગ બટાઈ.

(૨) કુલ પાકમાંથી નકકી કરેલો રાજયનો ભાગ.

(૩) કુદરતી આપતિ સમયે મહેસુલ ઉઘરાવવાનું વલણ કડક બનાવવામાં આવતું ન હતું. તે લાખાજીરાજની ખેડૂતો પ્રત્યેની સહાનુભૂતિ સૂચવે છે. ખેડૂતોને પાણી પૂરતું મળી રહે તે માટે સિંચાઈના સાધનોનો પણ વિકાસ કર્યો. નવો કુવો ગાળનારને રાજય તરફથી રૂા.૨૦૦/– ની મદદ આપવામા આવતી હતી. જુના કુવાના સમારકામનો ૭૫ % ખર્ચ રાજય ભોગવતું હતું. ૧૯૨૫–૨૬ મા રાજકોટ શહેરમા પીવાના પાણી માટે રાજયે બે કૂવા ગળાવતા લાલપરી તળાવના પાણીનો ઉપયોગ પીવાના બદલે માત્ર સિંચાઈ માટે કરવાનું નકકી થયું હતું.[૨] તેને લગતો ધારો પસાર કરાયો હતો. કુવા ગાળવા માટે રાજયે બોર ખાતું ખોલ્યું અને રૂા.૬૦,૦૦૦/– ના ખર્ચે મશીનો ખરીધા , ખેતીને વૈજ્ઞાનિક

---

1) A.D.M. Report of Rajkot State – 1924 - 25. p. 10 – 14.

2) Ibid - 11

અભિગમથી વધુ વિકસાવતા નવું ખેતીવાડી ખાતું ખોલવામા આવ્યું જેમાં ખેતીના નિષ્ણાંતોની નિમણુંક કરવામા આવી તથા મોડેલ ફાર્મ પણ બનાવવામા આવ્યા હતા.[૧]

પશુવર્ધન અંગે પણ લાખાજીરાજે કેટલાંક પગલાં લીધા હતા તેમણે ૧૯૧૦ મા ગૌવધની મનાઈ ફરમાવી હતી. મૂંગા પશુઓ પર તેમના માલિકો તરફથી આપવામા આવતા ત્રાસને અટકાવતો ધારો પણ ઘડવામા આવ્યો હતો. પશુ ઉછેરને ઉત્તેજન આપવાના હેતુથી પેડોકમા ઢોર ઉછેર કેન્દ્ર અને મરઘા ઉછેર કેન્દ્ર શરૂ કરવામા આવ્યા હતા.[૨] ગાય અને બળદની ઓલાદ સુધારવા માટે સારી જાતના ઘણખૂંટો મંગાવી ગામોગામ મોકલી આપ્યા.

ઈ.સ. ૧૯૧૨ મા દુકાળ પડયો તે સમયે ઢોરના રક્ષણ માટે કેટલ કેમ્પ શરૂ કરવામા આવ્યા હતા. રાજયે ૧,૮૦,૫૦૦ નું કરજ લઈને પણ દુકાળમા રાહતના કાર્યો કર્યા હતા.[૩] પશુઓના ખોરાકની પુરતી જોગવાઈ રાજય તરફથી કરવામા આવી હતી.

જમીન મહેસુલનો વહીવટ સરળ બનાવવા રાજકોટ રાજયે વાંકવડ, ડુંગરપુર, નવું કુચિયાદળ તથા હીરાસર નામના નવા ચાર ગામ વસાવ્યા હતા. પ્રજા ઉપરના કેટલાક કર નાબૂદ કર્યા હતા.[૪] આમ લાખાજીરાજના કૃષિ સુધારાથી ખેતીના ક્ષેત્રે આધુનિકીકરણ થયું તેનાથી રાજયની આવકમા વૃધ્ધિ થઈ.

---

૧) Ibid – 12 – 14.

૨) જોબનુપત્રા જયંતીલાલ , વ્યાસ ત્રિભુવન – ઉપર્યુકત – પૃ – ૧૪૬.

૩) A.D.M. Report of Rajkot State – 1912-13.. - P - 6

૪) A.D.M. Report of Rajkot State – 1925 - 14.

## વ્યાપાર ઉધોગ  ક્ષેત્રે થયેલી પ્રગતિ :

રાજયની આવકમા વધારો કરવા લાખાજીરાજે વેપાર ઉધોગને પણ પ્રોત્સાહન આપ્યું હતું. રાજયમા નવા  વેપાર – ઉધોગ  સ્થાપવા તેમણે વિદેશી  કંપનીઓને પ્રોત્સાહન આપ્યું . ૧૯૦૯ મા લંડન અને મુંબઈની બર્ગમેન એન્ડ હોફમેન કંપનીએ રાજકોટ તથા અન્ય દેશી રાજયોમા વેજિટેબલ  ઓઈલ મિલ સ્થાપવા અંગે રસ દાખવ્યો હતો. ૧૯૨૫–૨૬ સરધાર કોટન જિન  અને રાજકોટમા વુલનમિલ સ્થાપવાની ઓફર પણ આવી હતી. રાજયે ૧૯૧૦ મા રાજકોટ સ્ટેટ બેન્ક, ૧૯૧૩ મા કાપડ મિલ, ૧૯૧૫ મા કૃષિ  બેન્ક  અને રોલર ફલોર મીલ શરૂ કરી હતી. ૧૯૨૪ મા પાવર હાઉસ શરૂ કરાયું હતું. જેથી વેપાર તથા ઉધોગોને વિજળીની સગવડ પુરતા પ્રમાણમા મળી રહે. ૧૯૨૫ મા રાજય તરફથી પોષ્ટ ઓફીસો તથા ટેલીફોન સેવા અસ્તિત્વમા આવી હતી. રાજકોટના લોકોને જરૂરી વસ્તુ મળી રહે અને વેપારમા પણ વૃધ્ધિ થાય તે માટે નિશ્ચિત સ્થળે ગુજરી (બજાર) ભરાવવાનું શરૂ કરાયું હતું. આ ઉપરાંત ધર્મેન્દ્રસિંહજી કાપડ માર્કેટ શરૂ કરવામા આવી હતી.[૧] ૧૯૨૨ મા રાજકોટ – જસદણ વચ્ચે રેલ્વે નાંખવા માટેનું સર્વેક્ષણ હાથ ધરવામા આવ્યું હતું. ૧૯૨૩ મા રાજકોટ – બેડી વચ્ચે ટ્રામવે શરૂ કરવામા આવી હતી જે લાંબી ચાલી નહીં. રાજકોટ – આટકોટ વચ્ચે બસ સેવા શરૂ કરાઈ હતી.

## આરોગ્ય ક્ષેત્રે સુવિધા  :

આરોગ્ય ક્ષેત્રે જાગૃતિ લાવવાના આશયથી જોન્સ એમ્બ્યુલન્સ સોસાયટી સ્થાપવામા આવી હતી. ગામડામા ફરતા વૈધો અને ડોકટરોની નિમણુંક કરી હતી. એકસ–રે પધ્ધતિ સિવીલ સ્ટેશનની હોસ્પિટલોમા શરૂ કરવામા આવી હતી. તેમાં મદદ માટે રૂા.૬,૦૦૦/– રાજયે આપ્યા હતા.  ૧૯૧૮ થી ૧૯૨૪ દરમ્યાન રાજકોટમા પ્લેગનો રોગ ફાટી નીકળતા દર્દીઓને રાજય તરફથી મદદ કરી હતી. આવા ભયાનક રોગ સામે ટકી રહેવા પ્રજાને હિંમત આપી હતી. વ્યકિતગત રીતે પ્રજાના દુઃખમા  સહભાગી બન્યા હતા.[૨]

---

(૧) જાની એસ.વી. સૌ. ઈ. પૃ – ૨૧૮

(૨) જોબનપુત્રા જયંતીલાલ – વ્યાસ ત્રિભુવન ઉપર્યુકત  પૃ – ૯.

## કુશળ રાજવી તરીકે મેળવેલા માનપત્રો :

લાખાજીરાજ કુશળ વહીવટકર્તા હતા. તેમની વહીવટી કુશળતાથી આકર્ષાઈને બ્રિટીશ સરકારે તથા સંસ્થાઓ ધ્વારા માનપત્રો આપવામા આવ્યા હતા.

કાઠિયાવાડ પરિષદો સૌરાષ્ટ્રમા જુદા જુદા સ્થળે ભરાતી હતી. જેમાં લાખાજીરાજ ભાગ લેતા હતા. ભાવનગરમા ભરાયેલી કાઠીયાવાડ પરિષદે તા.૮–૧–૧૯૨૫ ના રોજ લાખાજીરાજને ગાંધીજીના હસ્તે માનપત્ર આપ્યું હતું. તા.૧૪–૨–૧૯૨૫ ના રાજકોટની પ્રજા પ્રતિનિધિ સભાએ તેને માનપત્ર આપ્યું હતું. બ્રિટિશ સરકારે ઈ.સ. ૧૯૧૮ મા લોર્ડ વિલિંગ્ડનના હસ્તે તેમને કે. સી. આઈ. ઈ. નો માનવંતો ઈલ્કાબ આપ્યો હતો. ઈ.સ. ૧૯૨૩ મા પ્રજા પ્રતિનિધિ સભાએ માનપત્ર આપ્યું હતું. ૨–૪–૧૯૨૪ ના મુંબઈમા વસ્તી સૌરાષ્ટ્રની પ્રજા અને અન્ય દેશી રાજયોની પ્રજાએ સાથે મળીને લાખાજીરાજને. વિદેશ જતી વખતે હાર્દિક અભિનંદન આપતું માનપત્ર આપ્યું હતું.[૧]

## ઉપસંહાર :

આમ રાજકોટ રાજયના રાજવી લાખાજીરાજે ૧૯૦૭ થી ૧૯૩૦ ( ૨૩ વર્ષ ) સુધી શાસન કર્યુ હતું. સૌરાષ્ટ્રના રાજવીઓમા ભાવનગરના કૃષ્ણકુમારસિંહજી ને બાદ કરતા લાખાજીરાજ એકમાત્ર એવા રાજવી હતા કે જેમણે પોતાની પ્રજાને વહીવટમા સામેલ કરવા માટે સાચા દીલથી પ્રયાસો કર્યા હતા. તે દ્રષ્ટિએ તેઓ સાચા અર્થમા રૈયતરાજ બન્યા હતા. સૌરાષ્ટ્રના ઈતિહાસમા તેમનો શાસનકાળ યાદગાર રહેશે.

૧૯૩૦ મા તેમના અવશાન બાદ રાજકોટની પ્રજાએ તેમની યાદગીરીમા " લાખાજીરાજ સ્મારક મંદિર બંધાવ્યું જે આજે બાપુના બાવલા " તરીકે ઓળખાય છે.

લાખાજીરાજ એક કુશળ વહીવટકર્તા , સહૃદયી અને પ્રજા કલ્યાણવાદી રાજા હતા. તેમણે રાજકીય, વહીવટી, શૈક્ષણીક , સાંસ્કૃતિક જે સુધારા કર્યા તે પ્રશંસનીય છે જેમાં તેમનો

1) A.D.M. Report of rajkot State 1930 P - 6

પ્રાશ્ચાત્યવાદી અભિગમ જોવા મળે છે. તેમણે લોકતંત્રાત્મક શાસન વ્યવસ્થા દાખલ કરી હતી. રાજયમા રાજાશાહી હોવા છતાં આડકતરી રીતે લોકશાહી મૂલ્યો વણાયેલા હતા. તેમના વહીવટને. ધ્યાનમા રાખી " પ્રજાભિમુખ " રાજા કહી શકાય. રાજકોટના શાસકોમા મહત્વનું સ્થાન ધરાવનાર રાજવી તરીકે લાખાજીરાજ રાજકોટની પ્રજામા હંમેશા ચિરસ્મરણીય રહેશે.

# પ્રકરણ– ૭

# સરલાખાજીરાજના વહીવટી પ્રયોગોનું વિશ્લેષણ

**લાખાજીરાજ (શાસનકાળ ૧૯૦૭–૧૯૩૦) ના સમયથી રાજકોટમાં નવાયુગના મંડાણ થયા. કાઠિયાવાડમાં ભાવનગર પ્રથમ કક્ષાનું રાજય હતું. અને સૌથી પ્રગતિશીલ ગણાતું. પરંતુ લાખાજીરાજના શાસન નીચે રાજકોટે તે પ્રતિષ્ઠા મેળવી હતી તેની પાછળ લાખાજીરાજની ઉદાર દષ્ટિ અને શાસનમાં પ્રજાને સામેલ કરવાની તેમની પ્રયોગશીલ નીતિ જવાબદાર હતી જો કે રાજકોટથી પહેલાં ભાવનગર ના મહારાજા ભાવસિંહજીએ ૧૯૧૭ માં પ્રજા પ્રતિનિધિ સભાની સ્થાપના કરી હતી. પરંતુ તેના સભ્યો દરબાર દ્વારા નિયુકત હતા. સભા મહારાજા કે દીવાનના પ્રમુખપણા નીચે વર્ષમાં એક વખત મળે તેમ નક્કી કરવામાં આવ્યું હતું. દર ત્રણ વર્ષે નવા સભ્યો નિમવાના હતા. સભ્યોને ચર્ચા કરવાનો હક્ક હતો. પણ બીલ પેશ કરવાની કે ઠરાવ કરવાની સત્તા ન હતી. પ્રશ્નો પણ ત્રણ થી વધુ પૂછી ન શકાય. સભ્યોએ ચૂંટણી પ્રથાની તથા અંદાજપત્ર પર ચર્ચા કરવાની સત્તાની માંગણી કરી હતી. પણ રાજયે સ્વીકારી નહીં.[૧] તેની સરખામણીમાં લાખાજીરાજ સામે ચાલીને પ્રજાને કે અધિકારો આપ્યા હતા તે ખરેખર સ્તુત્ય ગણી શકાય તેવા હતા.**

**રાજકોટમાં પહેલા વહીવટી સુધારણા અને રાજકીય હક્કો પ્રાપ્ત કરવાના હેતુથી 'કાઠીયાવાડ હિતવર્ધક સભા' ની સ્થાપના શ્રી દલપતરામ ભગવાનજી શુકલના પ્રમુખ પણા નીચે ૧૯૧૯ માં થઈ હતી. આ સંસ્થાના સ્થાપકો લિખીત વિચારસરણીના અને બ્રિટીશ રાજયને વફાદાર રહીને સામાજિક તથા પજાકીય પ્રશ્નો હલ કરવાના મતના હતા. ત્યારબાદ ૧૯૨૦ ના ડિસેમ્બરમાં "કાઠીયાવાડ રાજકીય પરિષદ" ની સ્થાપના થતાં ઉપર્યુકત સંસ્થા બંધ થઈ ગઈ હતીઉ[૨] આ સંસ્થાની સ્થાપનામાં મનસુખલાલ મહેતા, દેવચંદભાઈ પારેખ, અમૃતલાલ**

---

૧) સં. ચોકસી ચુ. એમ. 'ગુજરાત સર્વસંગ્રહ – ભાવનગર જિલ્લો પ્રકાશક ગુજરાત રાજય – અમદાવાદ પ્રકરણ–૨ પૃ – ૧૨૨–૧૨૩

૨) એજન – પૃ– ૧૨૨

શેઠ, ફુલચંદભાઈ શાહ જેવા આગેવાનોએ મુખ્ય ભાગ ભજવ્યો હતો. આ સંસ્થાનો મુખ્ય હેતુ દેશી રાજયોની પ્રજામાં સ્વદેશાભિમાન ખીલવવાનો અને પ્રજાને જાગૃત કરવાનો હતો. આ સમયે બ્રિટિશ પ્રાંતોમાં અસહકારની ચળવળ ચાલતી હતી. બ્રિટીશ સરકાર કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃતિને કરડી નજરે જોતી હતી. તે સમયે આ પરિષદનું પ્રથમ અધિવેશન રાજકોટ ને આંગણે ભરવાની સંમતિ આપીને લાખાજીરાજે ઉદારતા, નીડરતા અને પ્રજાભિમુખતાનો પરિચય કરાવ્યો.[૧] કાઠીયાવાડ રાજકીય પરિષદે તેની કદર રૂપે ૧૯૨૫ માં ભાવનગરનાં અધિવેશનમાં લાખાજીરાજને માનપત્ર આપ્યું હતું. અને પરિષદની ઉત્પત્તિ તેમની સહાનુભૂતિ વિના લગભગ અશકય બની હોત તેમ સ્વીકાર્યું હતું [૨]

લાખાજીરાજે રાજકોટની ગાદીએ આવ્યા બાદ ૧ ૬ વર્ષે પ્રજા પ્રતિનિધિ સભા આપી. સભા સ્થાપવાની ઉત્કંઠા તેમને ઘણાં વર્ષોથી હતી તેમ તેમણે સભા ખુલ્લી મૂકતાં જણાવ્યું હતું [૩] આટલા વર્ષો સુધી સભા ન આપી તેનું કારણ તેમનાં માનવા મુજબ લોકોમાં જાગૃતિનો અને લાયકાતનો અભાવ જણાતો હતો. તેમણે કહ્યું કે. "મારો માત્ર એજ ઉદ્દેશ છે કે મારું રાજય મોભાદાર થાય. લોકોમાં વિશ્વાસ પ્રગટ થાય અને પ્રજા વિશેષ સમૃધ્ધિવાન અને પૃષ્ટિકારક બને." દૂનિયામાં વખાણ કરાવવા કે માનપત્રો મેળવવાના હેતુથી આ સભા નથી સ્થાપી.[૪]

આમ પ્રજા પ્રતિનિધિ સભાના સર્જનમાં મુખ્યત્વે લાખાજીરાજનો ઉદારમતવાદ કારણભૂત હતો. સભાની ચૂંટણી સંબંધે ધારા ઘડવા એક જનરલ કમિટિ નીમવામાં આવી. જેમાં પ્રજાના આગેવાનો ઉપરાંત મુખ્ય કારભારી અને જનરલ કારભારી પણ રાખવામાં આવ્યા હતા. મતાધિકાર માટે ઉદાર વલણ રાખવામાં આવ્યું હતું રાજકોટ સંસ્થાનમાં રહેનાર અથવા સ્થાવર મિલ્કત ધરાવનાર અગર વેપાર ઉદ્યોગ કરનાર (ચૂંટણી પહેલાં ૧ વર્ષથી રાજકોટમાં રહેતો હોયતો) કોઈપણ ૨૧ વર્ષના પુરૂષ કે સ્ત્રીને મતાધિકાર આપવામાં આવ્યો. તળપદ રાજકોટની વસ્તીના ધંધા પરત્વે છ વિભાગ પાડવામાં આવ્યા.

---

૧) માહિતી ખાતું રડીયામણું રાજકોટ ગુજરાત રાજય – ગાંધીનગર – ૨૦૦૬ પૃ – ૩૦

૨) જોબનપુત્રા જયંતિલાલ – વ્યાસ ત્રિભુવન – ઉપર્યુકત – પૃ – ૮૬

૩) રાજકોટ દરાબારી ગેઝેટ એપ્રિલ – ૧૯૨૩ પુ. ૧૬ – નં – ૪.

૪) એજન –પૃ–૮૨.

(૧) વેપાર રોજગાર કરનાર (૨) ખેતી કરનાર
(૩) મજૂર (૪) સાધુસંત
(૫) બીજા શહેરી (૬) કળા કૌશલ્ય

આ રીતે ધંધાદારી પ્રતિનિધિત્વ એક નવતર પ્રયોગ હતો. તેમાં લોકોના બધા વર્ગોનું પ્રતિનિધિત્વ સમાવી લેવામાં આવ્યું હતું.

સરધાર, કુવાડવા, હલેન્ડા, સણોસરા અને ખેરડી એ પાંચ ગામોની વસ્તીના ત્રણ વિભાગ પાડવામાં આવ્યા. (૧) વેપારી (૨) ખેડૂત (૩) મજૂર. મહાલના બાકીના ગામોની વસ્તીના ખેડૂત ને મજૂર એવા બે જ વિભાગ પાડવામાં આવ્યા.

ઉપરના દરેક વિભાગે ત્રણસો માણસ (મતદાર) દીઠ એક પ્રતિનિધિ ચૂંટવાનો હતો. પ્રતિનિધિ તરીકે કોઈપણ ૨૧ વર્ષની વય ધરાવતા પુરુષ કે સ્ત્રી જે મતાધિકારની લાયકાત ધરાવતા હોય તે ઊભા રહી શકે. સિવાય કે તેણે ફોજદારી ગુના માટે સજા ભોગવી હોય કે નાદાર, પાગલ કે સમજશકિત વગરનો હોય.

પ્રજા પ્રતિનિધિ સભાનાં કાર્યો આ મુજબ નક્કી કરવામાં આવ્યાં.

(૧) રાજયના કાયદા કાનૂન ઘડવાનું.
(૨) મ્યુનિસિપાલિટીનું કામકાજ.
(૩) વ્યાપાર અને હુન્નર ઉદ્યોગની અભિવૃધ્ધિ સંબંધી સૂચના કરવાનું અને તે અંગે ધારાધોરણ ઘડવાનું.
(૪) ખેતી સંબંધી સૂચના કરવાનું અને તે અંગે ધારાધોરણ ઘડવાનું.
(૫) મજૂર વર્ગનું હિત જાળવવા સંબંધી સૂચના કરવાનું તેમજ સમગ્ર પ્રજાના અંગભૂત તરીકેની તેમની ફરજો માટેની સૂચના કરવાનું અને આ બંને કાર્ય માટે ધારા ધોરણ ઘડવાનું.
(૬) ધર્મના મૂળતત્વોમાં ફેરફાર કર્યા સિવાય બાહ્ય વ્યવહારમાં જરૂર જોગા સુધારા માટે સૂચના કરવાનું અને તેને અંગે ધારાધોરણ ઘડવાનું.

ઉપરના કાર્યો માટે મુકરર કરવામાં આવેલાં છ મંડળો પોતપોતા સાથે સંબંધ ધરાવનારા કાયદા કાનૂનો તૈયાર કરે. જો આવો કોઈ ખરડો સભાની સંમતિ ન મેળવી શકે તો છેવટના નિર્ણય માટે મંડળની માગણીથી તે ઠાકોરસાહેબને મોકલવામાં આવે તેમ ઠરાવવામાં આવ્યું.

સભાની સાધારણ બેઠકો દર ત્રણ મહિને, પોષ, ચૈત્ર, અષાઢ અને આસોમાં સામાન્ય રીતે ભરવાનું નક્કી થયું. ખાસ કાર્ય માટે પ્રમુખ પોતાની ઈચ્છાથી અથવા ૧૦ સભ્યોની લેખિત માગણીથી અસાધારણ બેઠક બોલાવી શકે, દરેક બેઠકમાં મુખ્ય કારભારીની અથવા તેની ગેરહાજરીમાં બીજા કોઈ કારભારીની હાજરી જરૂરી ગણવામાં આવી.

સભ્યોને પ્રજા સાથે સંબંધ ધરાવનાર રાજયનાં તમામ ખાતાંઓના કારોબાર અંગે સવાલો પૂછવાન છૂટ હતી. સભામાં રાજય તરફથી નિમાયેલ એક પણ સભ્ય ન હતો. જો કે ઠાકોરસાહેબને કેટલીક સર્વોપરી સત્તા હતી. જેમકે તેઓ ગમે તે વખતે સભાની અસાધારણ બેઠક બોલાવી શકતા. તેના ધારામાં સુધારો વધારો કરી શકે. સભાએ પસાર કરેલા ધારા ઉપરના તેમના સુધારા વધારા સભા કબૂલ ન રાખે તો પણ તેઓ સુધારાવધારા સહિત બહાલ કરી શકે. સ્ટેટ તરફથી રજૂ થયેલ ધારાના ખરડાને સભા મંજૂર ન કરે તો પણ અનિવાર્ય સંયોગોમાં બહાલ કરી શકે. સભાને બરખાસ્ત અથવા બંધ કરી શકે. [(૧)]

આમ લાખાજીરાજે ગરીબ–તવંગરના, શિક્ષિત – અજ્ઞાનનાં કે પુરુષ–સ્ત્રીના ભેદભાવ વિના તમામ વર્ગોના પ્રતિનિધિઓને સભામાં પ્રતિનિધિત્વ આપી એક અનોખા પ્રકારનું દષ્ટાંત પુરૂં પાડયું. સભાનો પ્રમુખ સભામાંથી જ ચૂંટાય અને રાજય તરફથી એકપણ સભ્ય નિયુકત ન કરીને સભાનું સ્વરૂપ સંપૂર્ણ પ્રજાકીય રાખવાની ઉદારતા તેમણે દર્શાવી. આ પ્રજા પ્રતિનિધિ સભા તા. ૨૯–૩–૨૩ ના રોજ ખુલ્લી મૂકાઈ ૧૯૨૩ થી ૧૯૩૮ સુધી તે ચાલી. પ્રજા પ્રતિનિધિ સભાની કારકિર્દીને બે વિભાગમાં વહેંચી શકાય.

(૧) પ્રથમ તબક્કો ૧૯૨૩ થી ૧૯૩૦.

(૨) બીજો તબક્કો ૧૯૩૦ થી ૧૯૩૮.

---

(૧) એજન – સંસ્થાન રાજકોટ પ્રજા પ્રતિનિધિ સભાનો કાયદો.

## પ્રથમ તબક્કો ૧૯૨૩ – ૧૯૩૦.

પ્રજા પ્રતિનિધિસભાનો પ્રથમ તબક્કો રાજા અને પ્રજા બન્ને પક્ષે નવા ઉત્સાહની ભરતીનો હતો. કાઠિયાવાડના કોઈ દેશી રાજયોમાં ન હતા તેવા પ્રજાકીય અધિકાર આ સભા દ્વારા રાજકોટની પ્રજાને મળવાથી સ્વભાવિક એક ગૌરવની લાગણી અહીંના લોકોમાં જાગી હતી. વળી લાખાજીરાજનું સભા અંગેનું વલણ પહેલેથી જ પ્રગતિશીલ અને વિધેયાત્મક રહ્યું હતું. તેઓ જાતે સભાની મિટીંગોમાં કલાકો સુધી બેસતા અને સભ્યોને પ્રોત્સાહન આપતા એટલું જ નહિ પણ તેમણે સભ્યોને કહ્યું હતું કે "પ્રજાના હિત માટે જ આ સભા છે માટે તમે તમારા બધા વિચારો બેધડક રજૂ કરજો, જો તેમાં પછાત પડશો તો તે તમારી પોતાની જ ભૂલ ગણાશે. આ રંગભૂમિ બુધ્ધિના વિકાસ માટે છે. અને દરેક શખ્સને તેની બુધ્ધિ ખીલવાનું અને કાર્યવાહક કરી બતાવવાનું એક મહાનક્ષેત્ર છે.[૧] આમ તેમણે વિચાર સ્વાતંત્ર્યને પૂરતી તકો આપી.

રાજકોટ રાજયની કુલ ૫૬,૦૦૦ ની વસ્તીમાંથી ૨૭,૨૦૯ માણસોને મતાધિકાર મળ્યો. તેમાં ૧૩.૨૦૦ મત સ્ત્રીઓના હતા. તળપદ રાજકોટમાંથી બે સ્ત્રી ઉમેદવારો પણ ચૂંટાયા હતા.[૨] (૧) ડો. ડાહીબેન ત્રિવેદી (૨) સીતાબેન બામ.

પ્રજાપ્રતિનિધિ સભાની શરૂઆતની બેઠકોમાં ઠરાવો એકંદરે ખેતી, પાણી, લાઈટ, વગેરેની સુવિધાને લગતા છે. લાખાજીરાજ આ બધા ઠરાવો મંજૂર કે નામંજૂર કરતી વખતે ખુલાસો કરતા. નામંજૂર કરવાના કે મોકૂફ રાખવાનાં કારણો દર્શાવતા. પ્રતિનિધિઓ કેટલીક વખત ઉત્સાહમાં કરવાના અમલીકરણનો કે પરિણામનો લાંબો વિચાર કર્યા વિના ઠરાવો કરતા હશે તેમ જણાય છે તે અંગે લાખાજીરાજે ટકોર કરી હતી. [૩]

---

૧) રાજકોટ દરબારી ગેઝેટ સપ્ટેમ્બર – ૧૯૨૩ – પૂ – ૧૬ – નં–૯ – પૃ – ૧૮૨.

૨) રા. દ. ગે. મે. ૧૯૨૪ – પુ.૧૭ નં – ૫ – પૃ – ૧૨૮.

૩) રા. દ. ગે. નવેમ્બર ૧૯૨૪ – પુ.૧૭ – નં. ૧૧ – પૃ ૨૧૯.

સભાને અમુક અંશે નાણાં સંબંધી ઠરાવો કરવાની પણ સત્તા હતી. જો કે તે સ્ટેટ બજેટ વિષે ચર્ચા કરી શકતી નહીં. પરંતુ પ્રજા સાથે સંબંધ ધરાવતા ખાતાંઓ અંગે સભાએ ઠરાવો કર્યા હોય તે ધ્યાનમાં લઈને રાજયે તૈયાર કરેલ બજેટ તે તે ખાતાંઓ પૂરતું સભામાં ચર્ચા માટે રજૂ કરવાનું વલણ લાખાજીરાજે બતાવ્યું હતું.[૧] પણ તે સાથે રાજય તિજુરીમાં રહેલી રકમની વ્યવસ્થા કરે તે માટે પ્રજા પૂછપરછ કરી શકે નહીં. જો નાણાંની ગેરવ્યવસ્થા થતી હોય અને પ્રજાની જરૂરિયાતો તરફ ધ્યાન ન અપાતું હોય તો સભાના ગૃહસ્થો રાજાને સલાહ આપી શકે તેમ તેમણે સ્વીકાર્યું હતું.[૨] તેમણે સભા પણ ટેકસ નાખી શકે છે, ના પાડી શકે છે તેમ જણાવ્યું પરંતુ રાજા પાસે વીટો સત્તા રહેશે તેની સ્પષ્ટતા કરી હતી. જો કે અંગત રીતે તેમણે સ્વીકાર્યું કે 'આટલા બધા માણસો મારા નિર્ણયની વિરુધ્ધ હોય તો મારે પણ વિચાર કરવો પડે. [૩]

પ્રથમ સભાની નવમી બેઠકમાં સભા પોતાના નાણાંકીય અધિકાર પ્રત્યે વિશેષ જાગૃત બની હોય તેમ જણાય છે. સભાએ ઠરાવ કર્યો કે રાજયે જકાતના ચાલુ ધારા અને લેતરીમાં ફેરફાર કરતાં પહેલાં તેનું બીલ ધોરણસર સભા પાસે રજૂ કર્યું નથી. તે બંધારણ વિરુધ્ધ નું હોવાથી તેનો અમલ મોકૂક રાખવો જોઈએ. તેના જવાબમાં લાખાજીરાજે સભાનું મારી મચડીને નવો હક્ક સ્થાપિત કરવાનું વલણ જોઈને આનંદાશ્ચર્ય વ્યકત કર્યું. અને સ્પષ્ટતા કરી કે જકાતનાં ચાલુ ધારામાં ફેરફાર કરવાનો રાજાને હક્ક છે. રાજયને જકાતધારામાં જૂજ ફેરફાર કરવાની જરૂર લાગે ત્યારે સંબંધિત ડિપાર્ટમેન્ટને પૂછીને તેમ કરી શકે છે. પણ સભાના ઠરાવનો હેતુ બંધારણ કરવાનો હોવનું જણાવી તેમણે એવું ધોરણ મુકરર કર્યુ કે – ''રાજય ગત વર્ષની કુલ ઉપજમાં ૫ ટકાથી વધુ ફેરફાર ન થતો હોય તેવી ચીજમાં માં ફેરફાર કરશે. પરંતુ જો તેથી વધુ ઉપજની બાબત હશે તો દરખાસ્ત રૂપે સભા સમક્ષ મૂકવામાં આવશે અને ધોરણ મુજબ થશે. વધારે ઉપજ માટે રાજય દાણ નાખશે તો સભામાં દરખાસ્ત મૂકશે પણ જો દાણ સદંતર બંધ કરવા ધારશે તો સભામાં તે બાબત મૂકવાની જરૂર રહેતી

---

૧) રા. દ. ગે. માર્ચ – ૧૯૨૫ – પૂ – ૧૮ – નં –૩ – પૃ – ૫૭

૨) એજન

૩) રા. દ. ગે. ફેબ્રુ – ૧૯૨૪ પુ. ૧૩ નં – ૨ – પૃ – ૯૫

નથી.[1] સભાએ કરવેરા વસૂલ કરવાની પધ્ધતિમાં કોઈપણ ફેરફાર કરવો હોય તો પણ સભાને પૂછવું પડે તેવો ઠરાવ કર્યો પણ લાખાજીરાજે જણાવ્યું કે તે આંતર વ્યવસ્થાનું કામ હોવાથી સભાને પૂછવાની જરૂર નથી લાગતી અને ખાસ જરૂરના પ્રસંગે અમારી જે સર્વોપરી સત્તા છે જેને આનાથી કાંઈ બાધ આવતો નથી તેમ સમજવાનું છે. [2]

આ ઉપરાંત સભાએ બજેટ પરની ચર્ચા વધુ ઉપયોગી અને અસરકારક થઈ શકે તે માટે બજેટની છાપેલી પ્રત દરેક સભ્યને આપવાની તથા બજેટની ચર્ચા માટે અમુક સમય રાખવાની વિનંતિનો ઠરાવ કર્યો – લાખાજીરાજે તે ઠરાવ મંજૂર રાખ્યો પણ તે સાથે સ્પષ્ટતા કરી કે ઉપજ–ખર્ચના જે આંકડા પ્રજાકીય ખાતાં સાથે સંબંધ ધરાવતા નથી તે માત્ર સભાની જાણ માટે જ છે. પ્રજાકીય ખાતાં સાથે સંબંધ ધરાવતા આંકડા વિગતવાર અપાય છે અને તે ચર્ચા માટે ખુલ્લા છે. સભાને તે વર્ષના બજેટમાં કાંઈ જરૂરી રકમ ઉમેરવા યોગ્ય લાગે તો તેની અરજી પ્રમાણે તે ખાતાંના બજેટમાં સુધારો કરવામાં આવશે. [3]

આમ છતાં લાખાજીરાજે રાજયની આવક ઘટવાનો સંભવ જણાવી કેટલાક ઠરાવો નામંજૂર કર્યા હતા. જેમકે સભાએ વારંવાર ઠરાવ કર્યો કે રાજકોટ શહેરની ગુજરાતી નિશાળોમાં વિદ્યાર્થીઓ પાસેથી લેવાતી ફી બંધ કરવી પણ લાખાજીરાજે એમ જણાવીને ઠરાવ નામંજૂર કર્યો કે ફી ની રકમ જૂજ છે તે કોઈ રીતે ભારે પડતી નથી. જયારે માફી આપવાથી રાજયને મોટી રકમ ની નુકસાની થવાનો સંભવ છે.[4] આ ઉપરાંત સભાએ રાજકોટથી આટકોટ વચ્ચેની મોટર સર્વીસનાં દરમાં ઘટાડો કરવાનું સૂચવ્યું ત્યારે લાખાજીરાજે તેમ કરવાથી આર્થિક નુકશાન થાય તેમ જણાવી ઠરાવ ના મંજૂર કર્યો. [5] સ્ટેટના નોકરોના પગારમાં ૧૦ થી ૧૫ ટકાનો કાપ મૂકાયો ત્યારે સભાએ તેના

---

૧) રા. દ. ગે. ફુબ્રુ – ૧૯૨૪ – પુ – ૧૯ – નં – ૨ પૃ. ૩૩

૨) એજન – પૃ – ૩૫

૩) એજન – પ્ર – ૩૬

૪) રા. દ. ગે. ઓકટો. ૧૯૨૬ પુ. ૧૯ નં – ૧૦ – પૃ – ૧૧૮.

૫) રા. દ. ગે. ઓગષ્ટ ૧૯૨૮ પુ. ૧૧ નં – ૮ – પૃ – ૧૨૨

વિકલ્પ રૂપે અન્ય સૂચનો કર્યાં હતાં. પરંતુ તે બધાની સ્પષ્ટતા કરી લાખાજીરાજે તેને ઈન્કાર્યા હતાં.[૧]

આમ સભા નાણાંકીય નિર્ણયોમાં બહુ મોટો પ્રભાવ પાડી શકી ન હતી તેવી છાપ ઉપસે છે. કેટલીક ઓછા મહત્વની બાબતોમાં તે ફેરફાર કરાવી શકી હતી. જેમકે ૧૯૨૭ માં સભાએ દરબારી વેઠ માટે ખેડૂત પાસેથી લેવાતા ભાડાંના ખેડૂતને (એક) ૧ રોજના ૩ આના ખોરાકીના મળતા હતાં તેના છ આના કરવાનો ઠરાવ કર્યો. તે લાખાજીરાજને મંજૂર કર્યો. [૨]

કારોબારી વિષયક સત્તામાં લાખાજીરાજે સામે ચાલીને ઉત્સાહ દર્શાવ્યો હતો. તેમાં પણ પોતાની ગેરહાજરીમાં રાજય વહીવટ ત્રણ સભ્યોની કાઉન્સીલને સોંપીને તેમણે એક વધુ પ્રગતિશીલ કદમ ભર્યું હતું. તેઓ ૧૯૨૪ માં ઉત્તરાર્ધમાં ઈંગ્લેન્ડ ગયા ત્યારે આ કાઉન્સિલને રાજયનું સૂકાન સોંપ્યું હતું. તે ત્રણ સભ્યોમાં રામજી બી. દોશી રાજયના મુખ્ય અધિકારી હતા. જયારે બીજા બે સભ્યો લીલાધર મહેતા, તથા હરિશંકર પંડયા પ્રજા પ્રતિનિધિ સભા ના સભ્યો હતા. આ ત્રણેય મેમ્બરોએ કોઈ અસાધારણ પ્રશ્ન ઉભો થાય તો સાથે મળીને નિર્ણય લેવાનો હતો.[૩] કાઠિયાવાડના ઈતિહાસમાં આ અભૂતપૂર્વ પ્રયોગ હતો જેમાં લોકોના પ્રતિનિધિઓ વહીવટ ચલાવતા હોય આ વહીવટ દરમ્યાન પ્ર.પ્ર. સભાની બે બેઠકો થઈ અને કુલ ૩૦ ઠરાવો થયા. કાઉન્સીલે તેમાંથી માત્ર એક જ – કન્યાચોરીનો ઠરાવ Sentimental ગણાવીને નામંજૂર કર્યો. કાઉન્સીલના વહીવટ અંગે વધુ માહિતિ મળતી નથી. પરંતુ આ વહીવટ અંગે લાખાજીરાજે સંતોષ વ્યકત કર્યો હતો. અને જણાવ્યું હતું કે ફરી તેવો પ્રસંગ આવશે તો મારી વસ્તીને રાજતંત્રમાં ભાગ આપવાનું ચૂકીશ નહીં."

---

૧) રા. દ. ગે. મેં ૧૯૨૯ પુ – ૨૨ નં – ૫ – પૃ ૧૬૧ – ૬૭

૨) રા. દ. ગે. મેં ૧૯૨૭ પુ.૨૦ નં – ૫ – પૃ – ૬૩

૩) A. D. M. Report of Rajkot State 1923 - 24 - p. 3.

૪) રા. દ. ગે. માર્ચ ૧૯૧૮ પુ – ૧૮ – નં–૩

આ પ્રકારની જાહેરાત છતા લાખાજીરાજે ફરી વખત આવો પ્રયોગ કર્યો ન હતો. એટલું જ નહિ પણ બીજી સભાની ૧૧ મી બેઠકમાં સભાએ ઠરાવ કર્યો કે ઠાકોર સાહેબને જયારે જયારે પખવાડીયાથી વધુ મુસાફરીએ જવાનું થાય ત્યારે પ્ર. પ્ર. સભાના ચૂંટેલા સભ્યોની કાઉન્સીલ હસ્તક કારોબાર ચાલે તેવો નિયમ કરી પ્રજાને રાજય કારોબારમાં વિશેષ હકક આપવા વિનંતિ કરી. પરંતુ ત્યારે લાખાજીરાજે ઠરાવ નામંજૂર કરી જણાવ્યું કે મુસાફરી દરમ્યાન અમારા વતી મુખ્ય કારભારી હસ્તક કામકાજ રહે છે.[૧]

કેટલીક વખત લાખાજીરાજે ઠરાવને સભાના કાર્યક્ષેત્ર બહારનો ગણાવીને ના મંજૂર કર્યો છે. સભાએ પોતાને આપવામાં આવેલા હક્કો માંથી આવા પ્રત્યુત્તર થી ઓછું કરવા જેવું થાય છે. તેમ જણાવ્યું ત્યારે લાખાજીરાજે સ્પષ્ટતા કરી કે આક્ષેપ રૂપે પ્રશ્નો પૂછવા દેવામાં આવશે નહીં.[૨]

સભાએ હજૂરશ્રીને યોગ્ય લાગે તેટલી રકમ સુધીના પગારદાર નોકરો અને ઓફિસરોની નિમણુંક અને ફેરબદલીઓ કર્યા પછી તેની વિગતો ઉપર ચર્ચા કરવાનો અને સભાને પોતાનો અભિપ્રાય આપવાનો એક નવો હક્ક આપવા વિનંતિ કરી તેના જવાબમાં લાખાજીરાજે જણાવ્યું કે કારોબાર સંબંધી પ્રશ્નો પૂછવાનો અને ઠરાવ લાવવાનો સભાને હક્ક છે જ તેથી વિશેષ કંઈ થઈ શકે તેમ નથી અને કરવા જતાં અવ્યવહારુ બને.[૩] સભાએ પ્રજા સ્વાતંત્ર્ય માટે સૌ પ્રથમ અગત્યની સિધ્ધિ ખાનગી સભાનો રાજયનો ઠરાવ રદ કરાવીને મેળવી હતી. જો કે લાખાજીરાજે તે ઠરાવ અંગે સ્પષ્ટતા કરી કે તેનો હેતુ ખાનગી ગૃહસ્યોની મિટીંગ અટકાવવાનો નથી. રાજકોટ કાઠિયાવાડનું સેન્ટર હોવાથી ઘણા માણસોની આવજા થવાથી, ખટપટનું સ્થાન થઈ શકે તેમ હોવાથી આ ઠરાવ કર્યો હતો. પણ પ્ર. પ્ર. સભાના આગ્રહથી તેમણે તે પાછો ખેંચી લીધો.[૪]

---

૧) રા. દ. ગે. નવે. ૧૯૨૯ પૂ. ૨૨ – નં – ૧૧ – પૃ – ૩૩૫.

૨) રા. દ. ગે. માર્ચ – ૧૯૨૮ – પૂ. ૨૧ નં – ૩

૩) રા. દ. ગે. મેં ૧૯૨૭ પૂ – ૨૦ – નં – ૫ – પૃ – ૬૫

૪) રા. દ. ગે. માર્ચ ૧૯૨૪ પૂ –૧૧ – નં–૩ – પૃ – ૯૫

આ સમય દરમ્યાન રાષ્ટ્રીય સ્તર પર ચાલતા કાર્યક્રમોનો કેટલોક પ્રભાવ સભા પર પડેલો જણાય છે. અસહકારની લડત વખતે સભાનું અસતિત્વ ન હતું. ૧૯૨૨ થી ૨૭ સુધીનો ગાળો મહદ્અંશે રચનાત્મક કાર્યક્રમનો રહયો હતો. તેમાં દારૂબંધી, ખાદીપ્રચાર અને હરિજન ઉધ્ધાર મુખ્ય હતા. સભાએ તે દિશામાં કેટલેક અંશે પગલાં માંડયા હોવાનું જાણવા મળે છે. તેમાં એકંદરે લાખાજીરાજનો સાથ હતો. તા. ૧૫– ૨– ૨૫ ના રોજ પ્ર. પ્ર. સભાએ ગાંધીજીને માનપત્ર આપ્યું ત્યારે લાખાજીરાજે પોતાના પ્રવચનમાં જણાવ્યું કે ખાદી પ્રચાર અને હરિજન ચળવળ તેમના રાજયમાં ઘણા વખતથી ચાલે છે. કાઠિયાવાડમાં સૌ પ્રથમ અંત્યજશાળા રાજકોટમાં લાખાજીરાજના સમયમાં સ્થપાઈ હતી. પ્ર. પ્ર. સભાએ સાથે કાંતેલ અને વણેલ ખાદી અને તેના તૈયાર કપડા કે ચીજોની આયાત પરની જકાત પાંચ વર્ષ માટે માફ કરવાનો ઠરાવ ૧૯૨૪ માં કર્યો હતો. ત્યારે લાખાજીરાજે આ જકાત માફ કરવાથી રાજયને કેટલી ઉપજ જતી કરવી પડે તેના છેલ્લા પાંચ વર્ષનાં આંકડા રેવન્યુ કારભારી રજૂ કરે ત્યાં સુધી. આ ઠરાવ મુલત્વી રાખ્યો હતો. પરંતુ પોતે લક્ષમાં લેશે તેમ જણાવ્યું હતું. [૧] ૧૯૨૫ માં ગાંધીજીના રાજકોટમાં આગમન પછી સભાએ રાજકોટ સ્ટેટમાં રેંટિયાનો ગૃહઉદ્યોગ ખીલવવા બધી નિશાળોમાં વગર લવાજમે 'રેંટિંયા વર્ગ' કરવા ઠરાવ કર્યો હતો. જે લાખાજીરાજે મંજૂર કર્યો અને તે સંબંધી રાજય તરફથી બનતી બધી મદદ કરવાનું જણાવ્યું હતું.[૨]

દારૂબંધીને લાખાજીરાજે સિધ્ધાંતોમાં સ્વીકાર્યા છતાં દારૂના પીઠાં સદંતર બંધ કરવાના સભાના ઠરાવને તેમણે મંજૂર ન કર્યો. જો કે તેમણે શાંત પિકેટીંગ અને પ્રજામત કેળવવાની પ્રવૃત્તિ આવકારી પરંતુ સદંતર બંધી કરવી તે વ્યકિતગત સ્વતંત્રતાને હાનિકારક છે તેમ તેમણે જણાવ્યું. વળી તેમના ફરમાનથી દારૂની બદી અટકશે. તેમ તેઓ માનતા ન હોવાથી ઠરાવને મંજૂરી આપી નહીં. [૩]

---

૧) રા. દ. ગે. નવે. ૧૯૨૪ – પૂ–૧૭ – નં–૧૨ – પૃ – ૨૧૮

૨) રા. દ. ગે. માર્ચ ૧૯૨૫ – પૂ – ૧૮ – નં–૩ – પૃ – ૮૧

૩) રા. દ. ગે. એજન પૃ – ૯૦

લાખાજીરાજના આ પ્રગતિશિલ પ્રયોગને કાઠિયાવાડની પ્રજા ઉત્સુકતાથી જોઈ રહી હતી. મુંબઈમાં ઈબ્રાહીમ રહીમતુલ્લાની આગેવાની નીચે ત્યાં વસતા કાઠિયાવાડીઓ તથા અન્ય નગરજનોએ ખાસ આ સંદર્ભમાં લાખાજીરાજને માનપત્ર અર્પણ કરી દેશી સંસ્થાનમાં કે બ્રિટીશ છત્ર નીચે આ પ્રકારના અધિકારો કોઈને મળ્યા નથી. તે આપવા બદલ લાખાજીરાજને બિરદાવ્યા હતા.[૧] કાઠિયાવાડના અન્ય દેશી રાજયો ની પ્રજા આ પછી પોતાના હક્કો માટે વધુ જાગૃત બની. હોય તેમ માનવાને કારણ છે. વાંકાનેર રાજય સભાના એક સભ્યે રાજકોટની પ્ર. પ્ર. સભાની બે બેઠકોમાં હાજરી આપી તેનું કામકાજ જોયું હતું. તે પછી તેમણે ત્યાંની રાજસભામાં ર–૩ ઠરાવો મૂકયા હતા અને તે પસાર થયા હતા. તે જ રીતે રાજકોટની સભાના અધિકરોનો દાખલો આપી ભાવનગર પ્રજા મંડળના સભ્ય ગુલાબરાય ગોવિંદરાય દેસાઈએ વધુ હક્કોની માંગણી કરી હતી. જો કે દીવાન પટ્ટણી સાહેબે વધુ હક્કોની વતાને મહત્વ ન આપ્યું અને કહ્યું કે "બીજી કાઉન્સીલમાં ઠરાવોથી નથી થતું તે આપણે ત્યાં સવાલોથી થાય છે. ભાવનગર સૌથી વધુ પ્રગશિલ છે. તે બીજા કોઈ રાજયને પ્રગતિને માર્ગે આગળ જવા દેશે નહીં કદાચ કોઈ રાજય આગળ જવા રેલ્વેની માફક દોડશે તો આપણે એરોપ્લેનની માફક ઊડશું" એમ જણાવ્યું ?

કાઠિયાવાડ પરિષદના ભાવનગરના અધિવેશનમાં લાખાજીરાજને ગાંધીજીને હસ્તે માનપત્ર આપવામાં આવ્યું. (જાન્યુ – ૧૯૨૫) જો કાઠિયાવાડ રાજકીય પરિષદને પ્રજાના અવાજનો પડઘો માનીએ તો એમ કહી શકાય કે રાજકોટ રાજયના પ્રગતિશીલ સુધારાનું કાઠિયાવાડની પ્રજાએ સહર્ષ સ્વાગત કર્યું હતું.[૨]

લાખાજીરાજના આ પ્રયોગાત્મક સુધારા પ્રત્યે બ્રિટિશ સત્તાનું વલણ કેવું હતું તે જાણવું પણ રસપ્રદ છે. આ સુધારા અંગ્રેજ સરકારને અગાઉથી જણાવ્યા વિના કે સંમતિ વિના કરવામાં આવ્યા હતા. બ્રિટિશ સરકારે ઈન્કવાયરી કરી તેનો રિપોર્ટ મદ્રાસના NEW INDIAમાં પબ્લીશ થયો. ફોરેન ડિપાર્ટમેન્ટની ફાઈલમાં તેની નીચે રિમાર્ક જોવા મળે છે.

---

૧) રા. દ. ગે. મેં ૧૯૨૪ પુ–૧૭ નં–૫ – પૃ – ૧૨૮

૨) રા. દ. ગે. માર્ચ ૧૯૨૪ – પુ.૧૫ – નં – ૩ પૃ – ૯૯ – ૧૦૦

This is an interesting development and may have for reaching effects in Kathiawad. **બીજો રસપ્રદ રીમાર્ક એ છે કે જો આ (પ્ર. પ્ર સભાના) ધોરણે પ્રતિનિધિત્વ હોય તો બ્રિટિશ ધારાસભા ૪૦,૦૦૦ ની બને સુધારાની માહિતી પોલીટકલ ડીપાર્ટમેન્ટ ઈન્ડિયા ઓફીસ લંડનને મોકલવામાં આવી.**[૧]

**વર્તમાન પત્રોએ આ સુધારાને આવકાર આપ્યો હતો.** NEW INDIA **ના મતમુજબ આ સુધારા મોન્ટેગ્યુ – ચેમ્સફર્ડ ના સુધારાને ચીલે થયા હતા. અને તેની અસરથી દેશી રાજયો મુકત નહીં રહે** NATION **પત્રે આ સુધારાનુ સ્વાગત કરતાં લખ્યું છે કે "રાજકોટ ઠાકોર સાહેબ વિસ્તુત મતાધિકાર દાખલ કરવા બદલ સૌના માનના અને કીર્તિના અધિકારી બન્યા છે. બે સ્ત્રીઓ સહિત ૯૦ પ્રતિનિધિત્વ ચૂંટવા બદલ રાજકોટ ગૌરવ અનુભવી શકે તેમ છે. સભ્ય રાષ્ટ્રોનાં આધુનિક બંધારણમાં સમાયેલા સર્વોચ્ચ લોકશાહી સિધ્ધાંતો સાથે કદમ મિલાવનારું આ પગલું છે. એ ખેદજનકછે કે જયારે મંદ અને પછાત ગણાતાં દેશી રાજયો જાગૃત બની આગળ ગતિ કરી રહ્યાં છે. ત્યારે બ્રિટિશ ઈન્ડિયા સ્થગિત છે"**

**બોમ્બે કોનિકલે પ્ર. પ્ર. સભાના જન્મને વધાવતાં અભિપ્રાય આપ્યો કે આ નવીન પગલું સૌરાષ્ટ્રમાં રાજકોટને પ્રગતિશીલ રાજયમાં મૂકે છે.**[૨]

## બીજા તબક્કો – ૧૯૩૦ – ૧૯૩૮

**લાખાજીરાજના તા. ૨–૨–૧૯૩૦ ના અવસાન થી પ્ર. પ્ર. સભા પર વાદળ ઘેરાવા શરૂ થયાં. ધર્મેન્દ્રસિંહજીની સગીર વયને કારણે "માઈનોરીટી એડકીનીસ્ટ્રેશન" એજન્ટ ટુ ધી ગર્વનર જનરલે જાહેર કર્યું. તે માટે ત્રણ સભ્યોની કાઉન્સીલ નીમવામાં આવી. આ સગીર શાસન તા.૧–૪–૩૦ થી ૨૧–૪–૩૧ સુધી ચાલ્યું. તે સમય દરમ્યાન દેશમાં આવેલી સવિનય કાનૂન**

1) Foreign Department 1923 file No 1437 9, 11 Quoted by Braham Bhatt R. H. Op. cit, P. 66, 67

2) Ibid P - 67, 68

ભંગની લડતના પડઘા રાજકોટમાં પડયા. રાષ્ટ્રીય ભાવના જગાડનારા અને ક્રાંતિકારી ગણાતાં અનેક પુસ્તકો અને પત્રિકાઓ પર પ્રતિબંધો મૂકાયા. ત્રીજી પ્ર. પ્ર. સભા કેટલેક અંશે ઉત્તેજનાત્મક રહી હોય તેમ જણાવ છે. ત્રીજી સભાને 'પ્રથમ ગ્રાસે ભક્ષિકા' જેવું સગીર શાસન મળ્યું. અત્યાર સુધી સભા અને શાસનકર્તા વચ્ચે જે સૂરીલું વાતાવરણ હતું તે તૂટયું. સભાની કેટલીક કમિટીનાં ચૂંટાયેલા સભ્યોને બદલે સ્ટેટે પોતાના માણસો નિમવાનું શરૂ કર્યું. તે અંગે સભાએ પ્રશ્ન ઉઠાવતાં જણાવવામાં આવ્યું કે 'સભાએ પસાર કરેલ ઠરાવ કે દરખાસ્તો અંગે કંઈ કરવા જેવું છે કે કેમ અને જો હોય તો શું અને કયારે તે જોવાનો અધિકાર સ્ટેટનો હોવાથી સભાના સભ્યોને બદલે અન્યની નિમણૂંક કરેલ છે.[૧]

આ અંતરાલ વહીવટ દરમ્યાન રાજકોટમાં સવિનય કાનૂન ભંગની લડતના ભાગરૂપે આલ્ફ્રેડ હાઈસ્કૂલનાં વિદ્યાર્થીઓએ ૩ દિવસ હડતાલ પાડી અને એક સરઘસ કાઢયું. તેને ડિસિપ્લીન રૂલ્સ વિરુધ્ધનું ગણી છોટાલાલ જીવરામ બોલે નામના વિદ્યાર્થીને સ્કૂલમાંથી કાઢી (રસ્ટીકેટ) મૂકવામાં આવ્યો. જો તે માફી માગે અને ભવિષ્યમાં સવિનય કાનૂન ભંગની ચળવળમાં ભાગ ન લેવા લેખિત ખાત્રી આપે તો રસ્ટીકેશન પાછું ખેંચવા હેડમાસ્તર વિચારે તેમ કહેવામાં આવ્યું. પરંતુ તેના જવાબમાં લગભગ ૬૦ જેટલા વિદ્યાર્થીઓની સહી સાથે એક અરજી કરવામાં આવી જેમાં જણાવ્યું હતું કે સરઘસ માં નિશાળનાં બધા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હોવાથી એકલા જીવરામ બોલેને બરતરફ કરવો તે અન્યાય છે. માટે તેની બરતરફી પાછી ખેંચવી. આ સાથે તાજા કલમમાં ઉમેરવામાં આવ્યું કે આ વિનંતિનો જવાબ (બે દિવસમાં) તા. ૧૩–૮–૩૦ માં બપોરના ૧૨ વાગ્યા સુધીમાં નહીં મળે તો તેમને યોગ્ય માર્ગે લેવાની ફરજ પડશે. [૨]

તે જ રીતે 'બળવો' નામની હસ્તલિખિત પત્રિકા પર મનાઈ હુકમ હોવાથી તે પત્રિકા ધરાવવા માટે ૧૧ થી ૧૮ વયના જ કિશોરોની ઘરપકડ કરવામાં આવી હતી. તે અગે પણ સભાના

---

૧) રાજકોટ રેકોર્ડ ઓફિસ પ્રજાપ્રતિનિધિ સભાની ફાઈલ નં. ૧૨ ૧૯૨૯ – ૩૦

૨) એજન પ્રશ્ન નં. ૨૧૪/૨૯

સભ્યોએ ઘણા પ્રશ્નો પૂછયા. આ જ ગુન્હા અંગે અમૃતલાલ વલ્લભદાસ કારીઆ, વૃજલાલ કેશવચંદ્ર, જાદવજીનરસી, મોહનલાલ પ્રેમજી, ખવાસ છગન હીરજી વગેરેને પકડવામાં આવ્યા હતા. (૧)

તા. ૨૧–૪–૧૯૩૧ થી જયારે ધર્મેન્દ્રસિંહજીએ શાસન સંભાળ્યું ત્યારે સભાએ આશા અભિલાષા વ્યકત કર્યા કે તેઓ પણ લાખાજીરાજને પગલે ચાલશે પરંતુ શરૂઆત થી જ કેટલાક દષ્ટિભેદ જોવા મળે છે. પ્રજા પ્ર. સભાએ આપેલા માનપત્રના જવાબમાં ધર્મેન્દ્રસિંહે કહયું કે 'સભાનો વધુ હક્ક માંગવાનો ધ્વનિ જણાય છે. પણ સભા પ્રજાના પ્રતિનિધિત્વનો દાવો કરે છે. તે ખરેખર પ્રજાના અભિપ્રાયમાં તેવું સ્થાન ધરાવે છે ? એવી શંકા વ્યકત કરી વળી આવી ગૌરવશાળી સભા અસતિત્વમાં હોવા છતાં સવિનય ભંગની ચળવળ કેમ થઈ તવો પ્રશ્ન કર્યો. જવાબમાં સભાના પ્રમુખ કાલીદાસ મોતીચંદ પારેખે પોતાનાં ભાષણમાં વિસ્તૃત વિશ્લેષણ કર્યું, અંતરાલ વહીવટ દરમ્યાન સભાની ઉપેક્ષા અને અહેવાલના થયાની લાગણી વ્યકત કરી. સભાના અવાજનો સત્કાર થયો નહીં, તેના મરતબાનો સ્વીકાર થયો નહી. એ. જી. જી. એ કયારેય સભામાં હાજરી આપી નહીં, સભા અરજદાર વ્યકિત હોય તેવી જાતની માન અને મમત્વહીન પ્રથા અપનાવવામાં આવી. રાજયના કાનૂન અને બંધારણ વિરુધ્ધ ઓર્ડિનન્સો કઢાયા. ને તેને આધારે પ્રજાને આકરી સજાઓ થઈ. એટલું જ નહીં પણ પ્રજાના વિચાર સ્વાતંત્ર્ય ઉપર પણ પ્રહાર થયો. દેશમાં પરદેશી માલનો બહિષ્કાર અને સ્વદેશી વસ્તુઓના પ્રચારનું પ્રચંડ આંદોલન ચાલ્યું. તેની અસર સ્વભાવિક રીતે રાજકોટમાં થઈ શાંત અવરોધ થયો. કાઠિયાવાડના અન્ય રાજયોમાં પણ આવી શાંત અવરોધની ચળવળ થઈ પણ ત્યાં પ્રજાની લાગણી દાબી દેવા કોઈ જબરદસ્તી નથી થઈ. જયારે રાજકોટમાં આવી ચળવળમાં ભાગ લેનારાઓ પતિત ગુનેગારો હોય તે રીતે સજાઓ કરવામાં આવી લાઠીચાર્જ અને કેદની સજાઓ થઈ. વિદ્યાર્થીઓની ભાવના સમજી ધીરજથી કામ લેવાને બદલે નશયત કરવામાં આવી. પ્રજાની ભાવનાને શાસન સ્પર્શી ન શકયું. તેની જગ્યાએ જો રજકોટના જ પ્રજાજનોના હાથમાં શાસન હોત તો આટલી વિકૃતિ ન જણાત. સભાના સભ્યોએ આવા પ્રસંગે અમલદારોને ગંભીર અને આવેશ રહિત બનવા સલાહ આપી હતી. અને બન્ને પક્ષે

૧) એજન પ્રશ્ન નં. ૩૯ / ૫૨૪ / ૩૯.

સુમેળ કરવા પ્રમાણિક પ્રયત્નો કરેલા પણ અમલદારો સભાની સલાહને ઘટતું વજન આપતા ન હતા. પરિણામે એકલે હાથે પ્રજાની ભાવના દાબી દેવાના પ્રયત્નમાં શાસનકર્તાઓનો સમય, શકિત અને પ્રજાના નાણાં વેડફાયાં. લાખાજીરાજની પ્રજાકલ્યાણની, વેપાર ઉદ્યોગના વિકાસની વગેરે યોજના વિચારી દેવાઈ લાખાજીરાજે રાજયની નોકરીમાં નવી નિમણુંકમાં જયાં સુધી પ્રજામાંથી મળી રહે ત્યાં સુધી બહારના માણસને નિમવો નહીં તેવો નિયમ કરેલ તે જળવાયો નહીં, આમ અંતરાલ શાસનમાં પ્રજાના હદય પર પડેલા (ઘા) વ્રણ ને ધર્મેન્દ્રસિંહજી રૂઝવશે તેવી આશા પ્રગટ કરવામાં આવી.[૧]

માનપત્રના જવાબરૂપે ધર્મેન્દ્રસિંહજીએ પ્રત્યુત્તરમાં જે કેટલીક બાબતોનો ઉલ્લેખ કર્યો. તેથી પણ સભાની લાગણીને ઠેસ પહોંચી. સભાના પ્રતિનિધિત્વ વિશે શંકા કરવી તે તે સભાના અસતિત્વની વિડંબના જેવું જણાયું. મતદારોની વધેલી સંખ્યા જ પ્રજાનું પ્રતિનિધિત્વ દર્શાવે છે. તેમ પ્રમુખે કહયું. સભ્યોની કાર્યનિપૂણતા વિશે આશંકા ઊભી થતી હોય તો તેને માટે જવાબદાર રાજયના સુત્રધારો છે તેમ સ્પષ્ટ કર્યુ. સભાના પ્રશ્નોના જવાબ ન આપવા, સભાના ઠરાવોમાંથી બહુજ થોડા સ્વીકરવા, ઉપયોગી ઠરાવો નામંજૂર કરવા. શાસનકાર્યમાં સભાને અળગી રાખ્યા કરવી વગેરે બધાની અસર મતદારો પર એવી થઈ કે સભાનું અસતિત્વ હવે રાજયના અમલદારોને રૂચતું નથી. અને સભા કાર્યસાધક રહી નથી. આ પરિસ્થિતિ માં સભાની જવાદારી એટલી ખરી કે સભા એટલા પ્રમાણમાં એકતા કે નિશ્ચયબળ ન કેળવી શકી કે તેથી સભાની ઉપેક્ષા થઈ શકે જ નહિ [૨]

સભાના અસતિત્વ છતાં સવિનયભંગ જેવી ચળવળ કેમ થઈ તેવી ધર્મેન્દ્રસિંહની ટકોર અંગે પ્રમુખે વિસ્મય વ્યકત કરતાં કહયું કે મહાશકિતશાળી બ્રિટિશ સામ્રાજયમાં એ હિલચાલ જન્મ પામી તેનો અર્થ એવો થાય ખરો કે બ્રિટીશ સામ્રાજયનું અસતિત્વ નથી? એ. જી. જી. કેમ ન અટકાવી શકયા હકીકતમાં રાજકોટમાં સ્વદેશી પ્રચાર અને વિદેશીના બહિષ્કારની જ ચળવળ

---

૧) રા. દ. ગે. જૂન ૧૯૩૧ – ભાગ – ૨ – પૃ ૧૬૫ – ૭૦

૨) એજન

હતી. અને તે શાંતિપૂર્ણ હતી. તેને ભીષણરૂપે જોવામાં જ ભૂલ હતી. અને સભાની સલાહ સ્વીકારવામાં આવી નહિ[૧]

જો કે ધમેન્દ્રસિંહ ગાદી પર આવતાં ફરી બધું ઠીક થઈ જશે તેવી સભાની આશા ફળી જણાતી નથી. સભાના માનસમાં લાખાજીરાજનું ઉદાત્ત ચિત્ર અંકિત હતું. ધર્મેન્દ્રસિંહજી લાખાજીરાજ કરતાં તદન ઉલટી પ્રકૃતિના હતા. તેમણે દીવાન વીરાવાળાને કર્તા હર્તા બનાવી દીધા. અને પોતે રાજશાસન પ્રત્યે સક્રિય ધ્યાન આપ્યું નહિ. લાખાજીરાજ સભાની બેઠકોમાં નિયમિત હાજરી આપતા ત્યારે ધર્મેન્દ્રસિંહ કે વીરાવાળા કોઈક બેઠકમાં જ હાજર રહેતા. પ્રજાના સુખ દુઃખ કે ભાવનાનો ખ્યાલ પ્ર. પ્ર. સભા દ્વારા રાજાને મળી શકે તેમ હતો તેનો લાભ ધર્મેન્દ્રસિંહે ઉઠાવ્યો નહીં. ઘણી વખત તો સભાને રાજયના અમલદારો વિરુધ્ધ હકીકત કહેવાની હોય તે જ સભામાં હાજર રહેતા અને ખુદ રાજાની હાજરી ન હોય તેથી સભા બેઘડક પોતાના વિચારો રજૂ કરી શકતીં નહીં, રાજાના સક્રિય રસ વિના સભા સફળ થઈ શકે. નહીં વળી ઘણીવખત સભાએ પોતાની બેઠકોમાં ઘણી ચર્ચા વિચારણા બાદ અગત્યના પ્રશ્નો ઠરાવો, અને સાર્વજનિક હિતની દરખાસ્તો પસાર કર્યા હોય તેના પર સ્ટેટ છેવટનો જે નિર્ણય આપે તે સભાની હાંસી કરનારો અને દયાજનક જણાતો જયારે પ્રજાની જાહેર સભાઓમાં થતા ઠરાવોનો અમલ રાજય તરફથી કેટલીકવાર ઘણી ઉદારતાથી કરવામાં આવતો. આમ સભાની અવગણના થતી હોવાનું સભ્યોને લાગતું.[૨]

વળી પ્ર. પ્ર. સભાની અસાધારણ બેઠકો ભરવા દેવામાં રાજય ઘણીવાર નકાર ભણતું જયારે જાહેર સભાઓ મોટી સંખ્યામાં ભરાતી. ત્યાં સંપૂર્ણ વાણી સ્વાતંત્ર્ય ભોગવાતું. જયારે પ્ર. પ્ર. પ્રજાની આંખે થતી અને તેનું ગૌરવ માર્યું જતું[૩] ધીમે ધીમે સભાના આનુષંગિક મંડળો લૂલા–પક્ષઘાતી થવા લાગ્યાં. મંડળોના સભ્યોનો રસ ઘટતો ગયો. ૧૯૩૨ માં સભાના પાંચ પેટા વિભાગો બંધ થયા માત્ર પ્ર. પ્ર. સભા, ધારાસભા, અને શહેરસુધરાઈ મંડળ ચાલુ રહયાં. સભાની

---

૧) એજન

૨) સંસ્થાન રાજકોટ પ્રજાપ્રતિનિધિ સભાએ ચૂંટેલી ધારા સુધારણા સમિતિનો રિપોર્ટ–૧૯૩૭–૩૮–પૃ–૩૯, ૪૦'

૩) એજન – પૃ – ૪૨

સત્તા અને બંધારણીય હક્કો પરત્વે સભા અને શાસનકર્તાઓ વચ્ચે મતભેદો રહેતા હતા. પ્ર. પ્ર. સભાના પ્રમુખે રાજયના સચિવોના કાર્યોની ટીકા કરી તે કાર્ય સભાનાં કાર્યક્ષેત્ર બહારનું છે તેમ જણાવી વીરાવાળાએ નારાજગી દર્શાવી. વીરાવાળાએ ત્રીજી સભાની ૧૧ મી બેઠક અંગે ટીકાત્મક નોંધ કરી હતી કે આ બેઠકનો કાર્યક્રમ અસાધારણ રીતે મોટો હતો. તેમાં કુલ ૨૨૯ પ્રશ્નો પાંચ (૫) દરખાસ્તો, ૧૬૦ ઠરાવો અને સુધારા માટેની ૩ સૂચનાઓ હતા. તેમના ૧૨૩ પ્રશ્નો અને ૧૧૮ ઠરાવો માત્ર એકજ સભ્ય દ્વારા મૂકવામાં આવ્યા હતા. અને તેમાંના ૬૮% ઠરાવો કાનૂન બહારના કર્યા હતા.[૧]

આ અરસામાં ૧૯૩૫ માં બ્રિટીશ હિંદનાં પ્રાંતોમાં અંશતઃ જવાબદાર શાસનતંત્ર આપવાની જાહેરાત થઈ હતી. રાજકોટમાં એક તરફથી પ્રજા વધુ જાગૃત બની રહી હતી. અને પ્ર. પ્ર. સભા વધુ અધિકારો મેળવવા ઉત્સુક હતી ત્યારે સામે પક્ષે શાસન વધુ સંકુચિત બને આપખૂદ બનતું જતું હતું. રાજકોટ રાજય નાનું હતું અને ધર્મેન્દ્રસિંહજી ભોગ વિલાસી હોવાને કારણે ખર્ચ અનહદ વધવા લાગ્યું. તેને પહોંચી વળવા વીરાવળાએ દીવાસળી, ખાંડ, બરફ, સીનેમા, વગેરેના ઈજારા આપ્યાં, રાજયના મકાનો વેચવા કાઢયાં અને પાવર હાઉસ ગીરવે મૂકવાની તાજવીજ ચાલી. કાર્નિવલ કંપનીને જૂગારનો પરવાનો આપ્યો. ખેડૂતો ઉપરના કરવેરા વધાર્યા.[૨] ઈજારા જુગારના દૂષણો, વેઠ વગેરે સામે પ્ર. પ્ર. સભાએ ઠરાવો કર્યા પરંતુ તે ના મંજૂર કરવામાં આવ્યા.[૩]

પ્રજા આ પ્રકારના રાજય કારભારથી તંગ આવી ગઈ હતી પ્ર. પ્ર. સભાના વર્તુળ બહાર એક નવી નેતાગીરી અને નવું પ્રજાબળ નિર્માણ થયાં. ઢેબરભાઈ, જેઠાલાલ જોષી વગેરેએ અંધેર વહીવટ સામે પ્રવૃત્તિ શરૂ કરી. કાપડમીલના કામદારોના શોષણ વિરુધ્ધ સભા સરઘસો દ્વારા પ્રજાને જાગૃત કરી. કામદારોના કામના કલાકો ઘટાડવા પડયા. રાજકોટમાં લદાયેલી ઈજારાશાહી,

---

(૧) રાજકોટ રેકોર્ડ ઓફિસ પ્રજા પ્રતિનિધિ સભાની – ફાઈલ નં. – ૧૨.

(૨) સંપાદક શાહ જયાબેન 'સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્ય સૈનિકો અને લડતો" – સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ સેવા ટ્રસ્ટ ૧૯૮૮ પૃ. ૭૭–૭૮

(૩) રા. દ. ગે. એપ્રિલ ૧૯૩૫ નં – ૪ – ૫. – પૃ – ૨૮ – ૨૯

ગામડાંની વેરાશાહી, જુગારખાના વગેરે સામે સભાઓ થઈ. રાજયે. લાઠીચાર્જ અને જેલસજાનો આશ્રય લીધો. તેથી આંદોલન વ્યાપક બનતું ગયું. તેનો પડઘો પ્ર. પ્ર. સભામાં પણ પડયો. સભાએ રાજયના દરેક ખાતાંના અમલદાર પોતાના કરોબાર માટે સભાને સીધી રીતે જવાબદાર રહે તેવો ઠરાવ કર્યો. પણ તે ના મંજૂર થયો. સભાએ પ્રજાને વહેલામાં વહેલી તકે સંપૂર્ણ જવાબદાર તંત્ર આપવાનો પણ ઠરાવ કર્યો. પરંતુ દેખીતી રીતે જ આ બધા ઠરાવો નામંજૂર થાયા.[૧]

ચોથી પ્ર. પ્ર. સભાની મુદત પુરી થાય તે પહેલાં સભાનાં ધારાઓમાં સુધારા વધારા સૂચવવા સ્ટેટની ઈચ્છા મુજબ સભા દ્વારા ચૂંટાયેલ કમિટિને કામ સોંપાયું છતાં તે જ કામ ફરી સ્વતંત્ર રીતે સ્ટેટ તરફથી સ્ટેટના અમલદારોની એક સિલેકટ કમિટિ નીમી તેને સોંપવામાં આવ્યું. પ્ર. પ્ર. સભાએ તેનો વિરોધ કર્યા તથા નવી સભા સુધારેલા ધારા મુજબ ચૂંટાય ત્યાં સુધી ચાલુ સભાને લંબાવવા વિનંતિ કરી. પરંતુ વીરાવાળાએ આ બન્ને ઠરાવો ના મંજૂર કર્યા આમ પ્ર પ્ર. સભા વિલીન થઈ ગઈ. આ દરમ્યાન રાજકોટ સત્યાગ્રહ કરનાર રાજકોટ પ્રજાપરિષદ કેન્દ્રમાં આવી ગઈ હતી.

## ઉપસંહાર :

રાજકોટ પ્રજા પ્રતિનિધિ સભા વાસ્તવમાં લાખાજીરાજનાં પ્રગતિશિલ અને ઉદાર માનસનું સંતાન હતી. જેનું અપમૃત્યુ ધર્મેન્દ્રસિંહજીના સમયમાં થયું. સભાની મર્યાદા એ હતી કે તે જે કંઈ અધિકારો ભોગવતી હતી તે રાજય દ્વારા અપાયેલા હતા. તે સભાએ સંઘર્ષો દ્વારા મેળવ્યા ન હતા. તેથી તેની પાછળ જે પ્રજાકીય બળ ઉભું થવું જોઈએ તે કદાચ થયું ન હતું. ધર્મેસિંહજીના વખતમાં જયારે તેના અધિકારો પર તરાપ આવતી ગઈ ત્યારે પણ સભા ઠરાવોથી વિશેષ ભાગ્યેજ કશું કરી શકી સત્યાગ્રહનો સંઘર્ષ કર્યો રાજકોટ પ્રજા પરિષદે જો કે સત્યાગ્રહમાં પ્રજા પ્રતિનિધિ સભાના સભાના કેટલાક સભ્યો વ્યકિતગત ધોરણે જોડાયા. પરંતુ રાજય સભાની અવગણના શરૂ કરી ત્યારે તે ધીમે ધીમે મહત્વ ગુમાવતી વિલીન થઈ ગઈ. સભાનું જમા પાસું એ કહી શકાય કે ભલે તેણે જવાબદાર તંત્ર માટે લડાઈ ન આપી પણ તે માટેનું માનસ ઘડવામાં તેનો ફાળો નોંધપાત્ર કહી શકાય.

---

(૧) રા. દ. ગે. જૂન – ૧૯૩૮ પુ. ૩૧ – નં – ૮ – પૃ – ૧૬૫ – ૧૬૬

# પ્રકરણ – ૮

# સાર્વભૌમ સત્તા સાથેના સંબંધો

આગલા પ્રકરણમા આપણે જોયું કે આંતરિક વહીવટમા રાજકોટના પ્રગતિશીલ રાજાએ પ્રજાને સામેલ કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે આ પ્રયોગ લાંબુ ચાલ્યો નહીં. અહીં સાર્વભૌમ સત્તા સાથેના સબંધોની ઝાંખી કરીશું.

લાખાજીરાજના બ્રિટીશ સાર્વભૌમત્વ સત્તા સાથેના સબંધો મહત્વના હતા. આપણે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે સાર્વભૌમ અને સર્વોચ્ચ સત્તા સામે રાજકોટ રાજયનું કદ ઘણું નાનું હતું અને તેના સ્રોતો મર્યાદીત હતા. સૈધ્ધિાંતિક રીતે ભારતના અન્ય દેશી રાજયોની જેમ રાજકોટ રાજય બ્રિટિશ સામ્રાજયનું ભાગીદાર અને સંધિથી જોડાયેલું હતું. પરંતુ જયારે અંગ્રેજો જીવન અને રાજકારણના તમામ પાસાં ઉપર અંકુશ ધરાવતા હતા ત્યારે આ ભાગીદારી અસમાન હતી. શાસક, રાજકુમારો, સરદારો અને તેના કુટુંબીઓના જીવન અને શિક્ષણ ઉપર અંગ્રેજો બારીકાઈથી નજર રાખતા અને અંકુશ ધરાવતા. વળી બધાં દેશી રાજયો લશ્કરી અને આર્થિક દ્રષ્ટિએ નબળા હતા. સંધિના માળખા મુજબ જો કે અંગ્રેજો રાજયની વિદેશનીતિ ઉપર અંકુશ ધરાવતા હતા. લાખાજીરાજ અંગ્રેજોથી સ્વતંત્રપણે કોઈપણ રાજદ્વારી સંબંધ વિકસાવી શકયા ન હતા.

લાખાજીરાજને પોતાના પૂર્વજોની ગાદીએ બ્રિટીશ પોલિટિકલ એજન્ટે બેસાડયા હતા અને તેમના સગીર વયના કાળ દરમ્યાન રાજયનું વહીવટીતંત્ર અંગ્રેજોએ નિમેલા કારભારીઓ અથવા દિવાનો ધ્વારા ચાલતું હતું. જો આ ધ્યાનમાં રાખીને આપણે જોઈએ તો તેમના અંગ્રેજો સાથેના સબંધો રસપ્રદ જણાય છે. તેને શાસક તરીકેનું અસ્તિત્વ બ્રિટીશ સાર્વભૌમ સત્તાની સદભાવનાને આધારે પ્રાપ્ત થયું હતું. [૧]

---

૧) ભટ્ટ ત્રિભુવન પુ. સંસ્થાન રાજકોટ – ડીરેકટરી – ભાગ – ૪ – પૃ. ૫૬૧ થી ૫૬૪

૧૯૦૭ ની ૧૦ મી ઓકટોમ્બરે શરદપૂર્ણિમાના દિવસે ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયાના ઓર્ડર મુજબ મુંબઈના ગવર્નરના એજન્ટે લાખાજીરાજને કાઠીયાવાડમાં દ્વિતીય વર્ગના રાજાના તમામ અધિકારો આપ્યા હતા.[૧] જયારે યુરોપમા (મહાયુધ્ધ) પ્રથમ વિશ્વયુધ્ધ ચાલુ હતું ત્યારે લાખાજીરાજે કોઈપણ પ્રકારની સેવા માટે (સિવીલ કે મિલિટ્રી) માટે બ્રિટીશ સરકારને ઓફર કરી હતી પરતુ રાજકોટની પ્રજાની લાગણીને માન આપીને લાખાજીરાજે માણસો , પૈસા તથા માલ સામાનની બ્રિટીશ સરકારને મદદ કરી. તેમણે એમ્બ્યુલન્સના હેતુ માટે ૬ સિલિન્ડર મોટરકાર આપી જે પહેલાં દહેરાદુન માટે હતી અને પાછળથી ભારતમાં ગમે ત્યાં ઉપયોગમા લઈ શકાય . થોડા સમય બાદ લાખાજીરાજે તે કાર લોનના બદલે ભેટ તરીકે આપી હતી અને સરકાર તેનો ગમે ત્યાં ઉપયોગ કરી શકતી હતી.[૨]

રાજકોટ રાજયે તેના અધિકારીઓ તથા પ્રજાએ રૂા.૩૫૩૮ અને ૫૦ પૈસાના વોર બોન્ડસ અને પોસ્ટલ કેશ સર્ટીફીકેટ ખરીધા. ઈમ્પીરીયલ રીલીફ ફંડ માટે ૧,૬૪,૮૧૨ રૂા. આપવામા આવ્યા. રાજકોટની પ્રજા અને અધિકારીઓ એ રૂા.૧૧,૦૦૦/– આપ્યા. લાખાજીરાજે પોતે ૧૭,૧૭૯ રૂા. ની કિંમતની મોટરકાર દાનમા આપી. તેમના પ્રિન્સ ઓફ વેલ્સના વોર ફંડમા રૂા.૧૦,૦૦૦ આપ્યા. યુધ્ધના ઉપયોગ માટે ૧૨ ઘોડાઓ આપ્યા.

આ ઉપરાંત લાખાજીરાજે પોતાના રાજયમાં લશ્કરમાં ભરતી કરવા માટે ખાસ ઓફરો અને પ્રેરકતત્વો આપ્યા. આ માટે એક ખાસ ભરતી કરનાર અધિકારીની નિમણુંક કરવામા આવી. પ્રેરક પરિબળોમા રોકડ બોનસ, પેન્શન , દરબારમા હાજર રહેવાનું સન્માન અને શાસક દ્વારા અપાતા માનની ઓફર કરવામા આવી હતી.[૩] વધારામા જો કોઈ યુધ્ધમા મૃત્યુ પામે અથવા અપંગ બને તેના બાળકોને મફત શિક્ષણ આપવાની ઓફર કરી હતી.

---

૧) એજન – ભાગ – ૧ – પૃ – ૬૬

૨) એજન ભાગ–૪ , પૃ – ૩૫૮–૩૫૯

૩) એજન ભાગ – ૪ – પૃ – ૩૩૩ થી ૩૩૫ અને હજુર હુકમ ૧૯૧૮, માર્ચ – ૨ – નં.૨૧૨

આમ લાખાજીરાજ એક વફાદાર મિત્ર તરીકે અને બ્રિટીશ સામ્રાજયના પાર્ટનર તરીકે ગૌરવ લેતા હતા. જર્મનો અને તેના મિત્ર રાજયો સામે બ્રિટીશ સામ્રાજયનો વિજય થાય તે માટે લાખાજીરાજે ખાસ પ્રાથર્નાઓ કરાવી અને મંદિરોમા પોતે પણ પ્રાર્થના કરવા જતા હતા.

દા.ત. પ્રસિધ્ધ હાટકેશ્વરના મંદિરમા લાખાજીરાજ બ્રિટીશ સામ્રાજયના વિજય માટે પ્રાર્થના કરવા ગયા હતા.[૧] ૧૯૧૭ ની છઠ્ઠી જાન્યુઆરીએ બ્રિટીશ સામ્રાજયના વિજય માટે ખાસ પ્રાર્થના દિન રાખવામા આવ્યો હતો. [૨]

મેસોપોટેમિંયામા રહેલા બ્રિટીશ ઈન્ડિયન આર્મીના લાભાર્થે રાજકોટ રાજયે ખાસ "અવર ડે સેલીબ્રેશન" નું આયોજન પણ કર્યુ હતું. ૧૯૧૭ ની ૧૨ ડીસેમ્બરે પબ્લીક હોલીડે જાહેર કરવામા આવ્યો અને આ ઉજવણી ૩ દિવસ ચાલી હતી.[૩] જયારે બલ્ગેરિયાએ બ્રિટીશરો સામે શરણાગતી સ્વીકારી ત્યારે લાખાજીરાજે ૧૯૧૮– ૭ મી ઓકટોબર એ રજા જાહેર કરીને વિજય મનાવ્યો હતો. [૪]

યુરોપમા યુધ્ધનો અંત આવ્યો ત્યારે લાખાજીરાજે હાટકેશ્વરના મંદિરમા પ્રાર્થના યોજી હતી અને હઝૂર હૂકમ ધ્વારા રાજયની બધીજ શાળાઓમાં ૩ દિવસની રજા જાહેર કરી હતી. [૫] ૧૯૧૯ મા યુરોપમા શાંતિ સંધિ પર સહી કરવાના સમાચાર આવ્યા ત્યારે પણ પબ્લીક હોલી ડે જાહેર કરવામા આવ્યો હતો. યુરોપમાં યુધ્ધનો અંત આવતા અને સંધિ થતાં તેમણે ખાસ પ્રાર્થનાઓ યોજી હતી. ૧૯૧૯ ની ૧૯ મી જુલાઈએ ઈગ્લેંન્ડમા શાંતિ સંધિની ઉજવણી થઈ તેમાં જોડાવવા રાજયમા પણ હૂકમ કર્યો હતો. પાંચ મિનિટનું મૌન રાખવામા આવ્યું અને કેદીઓને છોડવામા આવ્યા હતા.

---

૧) એજન ભાગ – ૪ પૃ – ૨૯૩ હજુર હુકમ ૧૯૧૬ જુલાઈ– ૭ – નં.૬૦.

૨) એજન પૃ ૩૩૩.

૩) એજન પૃ – ૩૩૦ થી ૩૩૨

૪) એજન પૃ – ૩૪૩ થી ૩૪૪

૫) એજન પૃ – ૩૪૭ થી ૩૪૮

લાખાજીરાજ અને રાજકોટની પ્રજાએ યુધ્ધ  દરમ્યાન જે વફાદારી અને નિષ્ઠા બતાવ્યા તે માટે બ્રિટીશરોએ આભાર વ્યકત  કર્યો હતો. [૧]

અહિ સુધી અંગ્રેજો સાથેના  સબંધો ઉષ્માભર્યા અને ઉપયોગી રહયા. પંરતુ જયારે લાખાજીરાજે પોતાના રાજયમા સ્વતંત્ર શાસન દેખાડવાનું શરૂ કર્યુ ત્યારે અંગ્રેજો સાથેના સબંધોમા મુશ્કેલી આવી કારણ કે અંગ્રેજો દેશી રાજાઓના પ્રગતીશીલ વિચારોનો  અમલ સહન કરી શકતા ન હતા. અંગ્રેજો આવા સ્વતંત્ર શાસકોને એક યા બીજી રીતે ઉથલાવતા, વળી લાખાજીરાજના સ્વતંત્ર શાસક તરીકેના સ્વભાવને કારણે અંગ્રેજો સાથેના સબંધોમા મુશ્કેલી આવી હતી.

લાખાજીરાજ ગાદી નશીન થવાની સાથે જ અંગ્રેજો સાથે મુશ્કેલી ઉભી થઈ લોકો જાણતા હતા કે તેમનું રાજયારોહણ વિલંબથી થયું હતું અને તે માટે કોઈ ખુલાસો અપાયો ન હતો. તેઓ ૨૧ વર્ષના થયા ત્યારેજ તેમને સંપૂર્ણ સત્તા  સાથે ગાદી આપવી જોઈતી હતી. લાખાજીરાજ અધીરા અને સ્વતંત્ર માનસ ધરાવતા વ્યકિત હોવાને કારણે અંગ્રેજોને કંઈક દૂર્ભાવના થઈ હોય તેમ લાગે છે. [૨]

રાજકોટ સિવીલ સ્ટેશનમા ઈમારતની માલિકી અંગે અંગ્રેજો સાથે સમસ્યા ઉભી  થઈ તે નોંધવું જોઈએ કે ૧૮૬૩ મા રાજકોટ સ્ટેટ પાસેથી બ્રિટીશરોએ રાજકોટ સિવીલ સ્ટેશનનો ૩૮૫ એકરનો વિસ્તાર ૪૫૦૦ રૂા. મા લીઝથી લીધો હતો. લાખાજીરાજના દાદી નાનીબાએ આ લીઝના ઠરાવ ઉપર સહી કરી હતી. [૩]

બ્રિટીશરો આગ્રહ રાખતા કે ઈમારત તેમની માલિકીની છે. જયારે લાખાજીરાજ માનતા હતા કે ઈમારતની માલિકીનો દાવો બ્રિટીશરો કરી શકે નહીં. કેમ કે ઈમારત લીઝ ઉપર આપવામાં આવી હતી અને તે જમીનની માલીકી રાજકોટ રાજયની ગણાય.

---

૧) એજન  પૃ – ૩૫૩  થી ૩૫૯

૨) જોબનપુત્રા જયંતિલાલ  – વ્યાસ ત્રિભુવન ઉપર્યુકત – પૃ – ૮૧

૩) ભટ્ટ ત્રિભુવન – પૃ – સંસ્થાન રાજકોટ ડીરેકટરી ભાગ –૧, પૃ – ૬૦

આ ઉપરાંત રાજયના વાહન નિયમો અંગે પણ પ્રશ્ન ઉભો થયો હતો. લાખાજીરાજે એજન્સી વ્હીકલસની સામે પોતાના નિયમો ઘડયા હતા તે અંગે અંગ્રેજોએ રોષ દર્શાવ્યો હતો.

બ્રિટીશ પોલિટીકલ એજન્ટ ચીભડા ગામે વાયરલેસ સ્ટેશન, આટકોટ–બેટી ટ્રામ વે અને રાજકોટ રાજયની પોતાની પોસ્ટલ સેવાની વિરૂધ્ધ હતા. આ ત્રણેય બાબતો અંગે સંઘર્ષ થયો હતો.

પ્રગતિશીલ ગણાતા બ્રિટીશરોનું આવું વર્તન લાખાજીરાજને રોષ જન્માવનારૂં હતું. તેમના માટે એ સમજવું મુશ્કેલ હતું કે શા માટે બ્રિટીશરો તેમના નાના રાજયની પ્રજા માટે ઉપયોગી એવા વાયરલેસ સ્ટેશન, પોસ્ટલ સેવા કે ટ્રામ વે ની સ્થાપના માટે વિરોધ કરે છે. જો કે લાખાજીરાજ આ યોજના કરવામા સફળ થયા હતા. પરંતુ તે યોજનાઓ બ્રિટીશરો ને ગળે ઉતારવામા અને તેની મંજુરી લેવામા તેમને જે મૂશ્કેલી પડી તે લાખાજીરાજ જેવા સ્વતંત્ર બુધ્ધિના શાસક માટે ઘણું બધું હતું. [૧]

રાજકોટ સ્ટેટની અંદર ટ્રામવે સર્વિસ શરૂ થાય તેમાં બ્રિટીશરોના અણગમાનું કારણ એ હતું કે રાજય સ્વતંત્ર રેલ્વે નાંખે તો તેમને બ્રિટીશરોની પરમીશન લેવી પડે. ૧૯૧૬ મા રાજકોટ અને બેટી વચ્ચે સૌ પ્રથમ ટ્રામવે સર્વિસ શરૂ થઈ પરંતુ ટ્રામવે લાઈનનું બાંધકામ ૧૯૨૩ સુધી શરૂ ન થઈ શકયું કારણ કે રાજયને ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયાની મંજુરી લેવાની હતી. ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયાએ આ યોજના અમુક શરતોએ મંજુર કરી અને કાઠીયાવાડના ચાર પ્રથમ વર્ગના રાજયોને આ અંગે ચર્ચા કરવા આમંત્રણ આપ્યું હતું. આ રાજયોએ આ ટ્રામવે રાજકોટની હદમા હોવાને કારણે તેના નિર્માણ સામે કોઈ રાજકીય વાંધો લીધો નહીં. તેજ રીતે રાજકોટ થી સરધાર વચ્ચે ટેલીફોન લાઈન નાંખવા માટે પણ પ્રશ્ન ઉભો થયો. તેના બે પ્લાન હતા. એક પ્લાન મુજબ રાજકોટ રાજય અને તેની હકુમતના વિસ્તારમાંજ સંપૂર્ણ ટેલીફોન લાઈન નાંખવા માટેનો હતો.

1) Brahambhatt R.H. O.P. Citi p - 50

બીજો પ્લાન એ ટુંકો અને સીધો રૂટ હતો જે ભાડલા તાલુકાના પ્રદેશમા ૧ ૩/૪ માઈલમાંથી જતો હતો. આ બાબતમા બ્રિટીશરોએ બહુ મુશ્કેલી ઉભી કરી નહીં અને ટૂંકો અને ઓછો ખર્ચાળ છતાં વધુ ઉપયોગી એવો રૂટ મંજુર કર્યો. કારણ કે તે તાલુકાના કાયદેસરના અધિકારો પર અસર પાડતો ન હતો અને તે પ્રાઈવેટ લાઈન રહેવાની હતી અને લાભ માટે ઉપયોગી હતી [૧]

૧૯૨૯ મા રાજકોટ રાજયે બ્રિટીશરોને જાણ કર્યા વિના પોતાની હવાલા સ્ટેટ બેંક નોટસ્ બહાર પાડી. તેણે હલચલ મચાવી. લાખાજીરાજને બ્રિટીશરોએ આ અંગે માહીતી આપવા અને નોટસ્ઈસ્યુ કરાવવા અંગે લખ્યું. [૨]

રાજકોટ રાજયે ઈન્ડિયન પોસ્ટલ સર્વિસ સાથે પોસ્ટલ કરાર કર્યા હતા. તે બ્રિટીશરો સાથે પોસ્ટલ યુનિટી માટેના હતા. રાજકોટ રાજયની પ્રજાની પોસ્ટલ જરૂરીયાત માટે બ્રિટીશ પોસ્ટલ સર્વિસ સ્ટેશન રાખવામાં આવ્યા હતાં. ૧૯૨૭ મા લાખાજીરાજે રાજય અને પ્રજાની જરૂરીયાતો પુરી પાડવા પોતાની પોસ્ટલ સર્વિસ ખોલી. રાજકોટ સ્ટેટ પોસ્ટલ સર્વિસના પત્રોનું પ્રમાણ નાનું હતું તે રાજયમાં પાંચ પત્રો અને ૩૮ પોષ્ટકાર્ડો એક દિવસમા હેરફેર કરતું. બ્રિટીશરોને એમ લાગતું કે પ્રજાને આવી કોઈ ગંભીર જરૂરીયાત નથી. [૩]

બ્રિટીશ ઈન્ડિયન પોસ્ટલ સર્વિસ રાજકોટ રાજયમા પોસ્ટલ એગ્રીમેન્ટ મુજબ સેવા બજાવતું હતું. રાજકોટ રાજયમાં ૬૪ ગામડાઓ અને રાજકોટ સીટીનો સમાવેશ થતો હતો. રાજકોટ રાજયના લોકોની જરૂરીયાત માટે ઈમ્પીરીયલ પોસ્ટલ સર્વિસે છ પોસ્ટ ઓફીસો દ્વારા

---

(1) F.D. Inti / B Feb. 1909 / 13 – 16 Proceeding 9 and 17 December 1908 quated by Brahambhatt R.H.

(2) File No.217 Pro. of 1929 – P. 6 quated by Brahambhatt R.H.,

(3) Ibied – P. 7

સેવા શરૂ કરી, દેખીતી રીતે દરેક ગામને અલગ પોસ્ટ ઓફિસ ન હતી. વળી મોટાભાગના ગામો રોજ પોસ્ટલ સર્વિસ મેળવતા ન હતા. લાખાજીરાજે પોતાની પોષ્ટલ સર્વિસ ખોલી. તેથી ૪૦ ગામો રોજ પોષ્ટલ સર્વિસ અને ૨૪ ગામો સાપ્તાહિક સર્વિસ મેળવતા થયા. ઈમ્પીરીયલ પોષ્ટલ સર્વિસ ધ્વારા રાજકોટ નગરમા રોજ બે વખત બે ગામોમા અઠવાડિયામાં પાંચ વખત , ૨૫ ગામોમા સપ્તાહમા ત્રણ વખત, ૨૬ ગામોમા અઠવાડિયામાં બે વખત, ૬ ગામોમાં અઠવાડિયામાં એક વખત અને ચાર માં રોજ સેવા અપાતી હતી. અને એક ગામ રેકોર્ડ ઉપર હતું નહીં. [૧]

લાખાજીરાજે ૩૬ ગામોમા ડેઈલી સર્વિસ આપીને પોષ્ટલ સેવામા સુધારો કર્યો. લાખાજીરાજનો ઈરાદો બ્રિટીશ ઈમ્પીરીયલ પોષ્ટ ઓફિસ સાથે હરીફાઈ કરવાનો ન હતો પરંતુ ઈમ્પીરીયલ પોષ્ટ સર્વિસ અપૂરતી હોવાથી પૂરક સેવા આપવાનો હતો.[૨]

બ્રિટીશરો રાજકોટ જેવા બીજા વર્ગના રાજયમા સ્વતંત્ર પોષ્ટલ સર્વિસ હોય તેમ ઈચ્છતા ન હતા તે એ ઉપરથી જણાય છે કે મુંબઈ ગવર્નરના સેક્રેટરીએ ગવર્નર જનરલના એજન્ટને લખેલા પત્રમા જણાવ્યું હતું કે રાજકોટ રાજયની પોષ્ટ ઓફિસોને માઈનોરીટી એડમિનિસ્ટ્રેશન નીચે જો શકય હોય તો બંધ કરવી [૩]

બ્રિટીશરો માટે તેમાં એક સિધ્ધાંત વણાયેલો હતો કે શું કોઈ દેશી રાજય સરકારની પરવાનગી વિના પોતાની પોષ્ટલ સિસ્ટમ સ્થાપી શકે. પણ ઉચ્ચસ્તરે લાખાજીરાજની પોષ્ટલ સર્વિસ સામેનો ઉશ્કેરાટ અને અસંતોષ શાંત પાડી દેવામા આવ્યો અને એમ નકકી થયું કે શાસક પોતાની પોષ્ટલ સિસ્ટમ સ્થાપવા માટે સ્વતંત્ર છે અને રાજયો પર પોષ્ટલ સિસ્ટમ નાબૂદ કરવાનું દબાણ અનાવશ્યક છે તેથી સમાધાનકારી વલણ લેવામા આવ્યું. ૧૯૩૦ – ૧૨ ઓકટોમ્બરની

---

1) Ibied – P. 9 (QUATED BY BRAHAMBHATT R.H. P.9 NO. 91)

2) Ibid p. 1 (1)

3) Ibied – P. 12 (QUATED BY BRAHAMBHATT R.H. P.9 NO. 92)

નોંધમાં એવું સૂચન કરવામા આવ્યું કે રાજકોટ રાજયની પોષ્ટલ સિસ્ટમના વિકાસ ઉપર રાજકીય અધિકારીઓની મદદથી પોષ્ટલ અધિકારીઓએ દેખરેખ રાખવી.

રાજય વહીવટ અને પ્રજાનો પરસ્પરનો વ્યવહાર સુગમ અને સમયસર થાય તે માટે રાજયના લગભગ ઘણાં ગામોને ટેલીફોનથી જોડી દીધા. ઉપરાંત સ્ટેટની પોષ્ટો પણ શરૂ કરી જેમાં પ્રજા (એક ) ૧ પૈસાના પોષ્ટકાર્ડ અને બે પૈસાના કવરથી પોતાના સમાચારોની આપ લે કરે ? આ સ્ટેટ પોષ્ટલ શરૂ કરતા પોષ્ટ ખાતાનો સખત વાંધો ઉભો થયો છતાં પોતાની પ્રજાના લાભાર્થે આ રાજવીએ તેનો મકકમતાથી અમલ કર્યો. [૧]

લાખાજીરાજ એક પ્રગતિશીલ શાસક હતા અને ઘણું કરીને તેના સમયથી ઘણાં આગળ હતા. તેણે પોતાના રાજયમા ઉદાર બંધારણીય સુધારાઓ દાખલ કર્યા અને કાઠિયાવાડ રાજકીય પરિષદને ટેકો આપીને તેમણે રાષ્ટ્રીય જૂસ્સો પણ બતાવ્યો. યુવક પરિષદની ૧ લી સભા રાજકોટ રાજયમા મળી. લાખાજીરાજને મહાત્મા ગાંધી પ્રત્યે પણ ઘણો આદર હતો. તેઓ ભવિષ્ય અંગે વિચારતા અને કાઠિયાવાડના ભાવિ અંગે ચિંતા કરતા. લાખાજીરાજે કાઠિયાવાડના રાજકુમારોની પરિષદ અંગે પણ વિચારણા કરી હતી. પરંતુ સાર્વભૌમ સત્તાની સંમતિ વગર તે સાકાર બની શકે તેમ ન હતી. તેઓ જાણતા હતા કે વિભાજીત ભારત તેમજ કાઠિયાવાડના નાના રાજયો વિશાળ પાયા ઉપર પ્રજા કલ્યાણ કરવા માટે કાંઈ કરી શકે નહીં. યુવરાજોનું મંડળ કાઠિયાવાડમા એકતા માટેની ભૂમિકા ઉભું કરી શકે. આ દિશામા તેઓ સંભાળપૂર્વક આગળ વધવા માંગતા હતા. કારણ કે તેમને ખબર હતી કે બ્રિટીશરોની સદભાવના વિના આવી યોજના સફળ થઈ શકે નહીં. આ દિશામા વિચારણા કરવા તેમણે ૧૯૨૩–૨૪ ફેબ્રુઆરીએ પ્રથમ વર્ગના ચાર રાજયોને પત્ર લખ્યા હતા.

૧) જોબનપુત્રા જયંતિલાલ – વ્યાસ ત્રિભુવન – ઉપર્યુકત – પૃ – ૧૪૪.

આ પત્રમા લાખાજીરાજે આવા મંડળની જરૂરીયાત સમજાવી હતી. લાખાજીરાજનો મૂળ હેતુ કાઠિયાવાડના શાસકોમા એકતા અને સહકાર ઉભો થાય તે હતો. આ સહકાર ખુદ તેમના રાજયના સંચાલનમા પણ મદદરૂપ બને. વળી તેમની અને આ પ્રાંતની પ્રજાની આબાદી માટે પણ તે સારૂં હતું. આ પ્રાંતના આર્થિક વિકાસ માટે પણ તે સારી યોજના હતી. વળી રાજકુમારો વચ્ચેનો આવો સહકાર ઘણાં વિસંવાદોનો અંત લાવી શકે. વળી દિલ્હીમા રહેલ ચેમ્બર ઓફ પ્રિન્સીસના હાથ પણ મજબૂત થાય. તેમણે જણાવ્યું કે અધિકારો અને ખાસ હિતોને જાળવવામા તે મદદરૂપ બને. [૧]

આ પત્રથી એ સ્પષ્ટ થાય છે કે તેઓ શાસકોના હાથ મજબૂત બને તેના ઉપર ભાર મૂકવા માંગતા હતા. કાઠિયાવાડના મોટા ભાગના શાસકોનું બંધિયારપણું ધ્યાનમા રાખીએ તો આ પત્ર ડહાપણભર્યો ( સમજભર્યો) જણાય છે. કાઠિયાવાડના મોટા ભાગના શાસકો અપ્રગતિશીલ , સંપૂર્ણ સ્વાર્થી, વ્યકિતગત મોભાને ધ્યાનમાં રાખનારા, અને બ્રિટીશરોએ આપેલા વિશેષ અધિકારો ભોગવનારા હતા. બીજી રીતે કહીએ તો તેઓ બધાં યથાવત સ્થિતી જાળવી રાખવામા ખુશ હતા. કાઠિયાવાડના શાસકોએ લાખાજીરાજની કાઠિયાવાડના ચેમ્બર ઓફ પ્રિન્સીસની યોજનાને જે નબળો પ્રતિસાદ આપ્યો. તેના ઉપરથી તેમનું માનસ દેખાઈ આવે છે.

બીજું એ પણ કારણ હતું કે લાખાજીરાજ જે લાભોની વાત કરતા હતા તેની આડપેદાશ રૂપે તે લાભો જનતાને મળે તેમ હતા. કાઠિયાવાડના મોટા ભાગના શાસકો પ્રજાહિતની ભાગ્યેજ વાત કરતા તેથી તેમણે શાસકોના વ્યકિતગત લાભો ઉપર ભાર મૂકયો. [૨] લાખાજીરાજે એમ જણાવ્યું કે કાઠિયાવાડના ચેમ્બર ઓફ પ્રિન્સીસના સર્વસત્તાધીશ શાસક તરીકે તેમને વ્યકિતગત અસર કરશે.

---

1) File No. 1555 of 1923 P. 6 to 11 (QUATED BY BRAHAMBHATT R.H. P.9 NO. 94 – 95)

2) Ibied – P. – 6

નહીં અને પોતાના રાજયમા તેની સત્તાને કોઈ વાંધો આવશે નહીં. આ ઉપરથી આપણને જણાય છે કે લાખાજીરાજ શાસકોના સ્વાર્થી અને સંકુચિત વિચારોને જાણતા હતા. તેમને ખ્યાલ હતો કે શાસકોના વ્યકિતગત અધિકારોને જરાપણ નુકશાન થવાની શંકાની જાગે તો તેઓ કાઠિયાવાડ ચેમ્બર ઓફ પ્રિન્સેસ માટે બહુ વિચાર કરશે નહીં. તેઓ ચેમ્બર ઓફ પ્રિન્સીસના ઠરાવોને અવગણવા માટે સ્વતંત્ર હતા. તેમને કશુંજ બંધનકર્તા ન હતું. પત્રના પાછળના ભાગમાં તેમણે જણાવ્યું હતું કે ચેમ્બરની ભલામણ સ્વીકારવા કે ઈન્કારવા માટેનો તેમને અધિકાર હતો. તેમની દ્રષ્ટિએ તેમના રાજયના હિતમા જે શ્રેષ્ઠ હોય તે તેઓ કરી શકે તેમ હતા. [૧]

લાખાજીરાજ રાજકુમારોના આવા સંગઠનને આર્થિક કારણોસર પણ જરૂરી માનતા હતા. જો રાજાઓ સંગઠિત બને તો તેઓ મોટા પાયા પર ઉધોગોનો વિકાસ પણ કરી શકે અને રેલ્વેનું માળખું પણ વધારી શકે. બધાં રાજયોના મૂળ સ્ત્રોતોની મોજણી જરૂરી હતી. કેમકે રાજયો કદમા નાના અને મર્યાદિત આર્થિક સાધનો ધરાવતા હતા. અને આ યોજનાથી રાજાઓ અને પ્રજાને લાભ થાય તેમ હતો. આ દ્વિપકલ્પની ભૂગોળને કારણે પણ આવું સંગઠન જરૂરી હતું. જો તે રાજકીય ન થઈ શકે તો આર્થિક રીતે એક એકમ બની શકે. ચેમ્બર ઓફ પ્રિન્સીસ સરકારની સદ્દ્ભાવના હોય તોજ તે આકાર લઈ શકે તે ઘણું મહત્વનું હતું. શાસકોની કોઈપણ પ્રવૃતિએ માટે બ્રિટીશરોની સદ્દ્ભાવના અને સંમતિનો આધાર જરૂરી હતો. રાજાઓની શંકાના નિવારણ માટે લાખાજીરાજે ખાસ લખ્યું હતું કે આપણી બધી વિચારણામા સામ્રાજયનો વિચાર હંમેશા યોગ્ય રીતે કરવામા આવશે અને આપણું સંપૂર્ણ સંગઠીત મંડળ બધીજ શાહી વિચારણામા સામ્રાજયની સરકારને બળ પુરૂ પાડનાર સ્ત્રોત બની રહેશે.[૨] લાખાજીરાજ સંપુર્ણ સાચા હતા. કેમ કે બ્રિટીશ સરકારની સંમતિ વિના ગમે તે કદના રાજય માટે સ્વતંત્ર સબંધ વિકસાવવો એ કલ્પના બહારનું હતું અને બ્રિટીશોએ આ યોજના મંજુર ન કરવાથી પ્રાથમિક સ્તરે જ તેનો અંત આવ્યો.

1) Ibid – P. 7

2) Ibid – P. 8

આ સૂચિત કાઠિયાવાડના રાજકુમારોની ચેમ્બર ઘણાં ઉપયોગી કામ માટે વિશાળ ક્ષેત્ર બને તેમ હતી. એક સંસ્થા તરીકે તે વેપાર વાણિજય અને ઉધોગોને વિકાસવવા માટે સલાહ આપી શકે રેલ્વે અને નહેરો જેવા આવકના સ્રોતો અને અન્ય ખર્ચાળ કાર્યો શરૂ કરી શકે જેમને જરૂર હોય તેમાં નાણાંકીય મદદ કરી શકે. નાના રાજયો તથા તાલુકાઓને ઘણો લાભ આપી શકે અને તે રીતે આખો પ્રાંત સમૃધ્ધ થઈ શકે. ટુંકમા દરેક સભ્ય તેમજ સમગ્ર પ્રાંતની સમૃધ્ધિ તેના ધ્વારા આવી શકે તેમ હતું.

લાખાજીરાજ કદાચ બ્રિટિશરોના પ્રતિભાવ અંદાજી શકયા નહીં. તેમણે પત્રમા લખ્યુ કે આપણી સંસ્થાની શકિત જોઈને આપણી ગતિમા બ્રિટિશ સરકાર સહાયરૂપ બને. પરંતુ બ્રિટિશરો ભારતના વિભાજીત રાજાઓમાં કોઈપણ પ્રકારની એકતા સર્જાય તેમ ઈચ્છતા ન હતા. બ્રિટિશરો માટે ચેમ્બર ઓફ પ્રિન્સીસ સામ્રાજયના હિતો માટે ભયજનક હતું. ૧૯૨૩ ની ૯ મી જૂનના બોમ્બે ગવર્મેન્ટ ના પત્રમા કે જે કાઠિયાવાડમા ગવર્મેન્ટના એજન્ટને લખવામા આવ્યો હતો. તેમાં જણાવાયું હતું કે ચેમ્બરની રચનાની ઠાકોર સાહેબની આ દરખાસ્તને તેઓ સ્વીકારી શકતા નથી. એજન્ટને સૂચના આપવામા આવી કે રાજકોટ ઠાકોર સાહેબ તથા અન્ય સરદારોને સરકારની નામંજૂરીની વાત યોગ્ય સમયે અને યોગ્ય રીતે જણાવવામા આવે.

લાખાજીરાજે ૧૯૨૩ ની ૨૯ મી ઓગષ્ટે કાઠિયાવાડ ચેમ્બર ઓફ પ્રિન્સીસ સંબંધી ચર્ચા માટે બીજો આમંત્રણ પત્ર લખ્યો ૨૬ ઓકટો. ના મુંબઈના ગવર્નર રાજકોટ આવી રહયા હતા ત્યારે આ અંગે ચર્ચા કરવામા તેમણે દરખાસ્ત મૂકી જો કે આ મુલાકાત કેન્સલ થઈ. ગવર્નરના એજન્ટ વુડે જણાવ્યું કે ઠાકોર સાહેબ અને કાઠિયાવાડના અન્ય શાસકો સૂચિત ચેમ્બર માટે એકમત થઈ શકશે નહીં. લાખાજીરાજે સરકારની અસંમતિનો વિરોધ કર્યો અને અન્ય સરદારોને લખ્યું કે મુંબઈ ગવર્મેન્ટે તેમના લાગણી અને મતનું અપમાન કર્યુ . તેનો કોઈ અર્થ ન હતો. તેમણે કર્નલ વુડને એમ પણ જણાવ્યું કે તે બધાં રાજાઓને તેમનો ટેકો મળે તે માટે આ વિરોધપત્ર સરકયુલેટ કરશે. આ પત્રમા લાખાજીરાજની નિરાશા અને ગુસ્સો જણાતો હતો.

આ પત્રમા તેમણે પોતાનો રોષ ઠાલવતા જણાવ્યું કે આ પ્રાંતના જે સર્વોચ્ચ હિતમા છે અહિની પ્રજા તેમજ સરકારના હિતમા ચેમ્બર રચાય તેની સામે ગવર્મેન્ટને શા માટે વાંધો હોવો જોઈએ. દિલ્હીમા જે ચેમ્બર ઓફ પ્રિન્સીસ છે તેને જ સરકાર હાર્દ રૂપ માને છે. હમણાંજ વિશ્વયુધ્ધે શીખવેલો પાઠ "United we stand , divided we fall." સરકાર ભૂલી ગઈ છે જો કાઠિયાવાડના રાજાઓ અને સરદારો એક સંગઠન રચીને સારી સરકાર તેમજ પ્રજાના કલ્યાણ માટે ચર્ચા ન કરી શકતા હોય તો બ્રિટિશ સામ્રાજયની અંદર ભારત કેવી રીતે સ્વશાસન મેળવી શકે. સુધારાની યોજનામા તો ભારત સમક્ષ એ ધ્યેય રાખવામા આવ્યું છે. આના કારણે અવિશ્વાસ અને શંકાઓ ઉભા થશે. દિલ્હીના નરેન્દ્ર મંડળની લાઈન ઉપર આ પ્રાતના સરદારો અ ને રાજાઓ મળે તેમાં સરકારને શા માટે વાંધો હોવો જોઈએ. આપણાં ઉપર અવિશ્વાસની નજરે જોવાનું સરકારને કોઈ કારણ નથી. મારા રાજવી ભાઈઓ સમક્ષ આ યોજના મૂકાય તે પહેલાંજ તેનો નિષેધ કરવાનું કોઈ કારણ હું જોતો નથી. મુંબઈ સરકારે જે પ્રક્રિયા કરી છે તે ઈંગ્લેન્ડ કે કોઈ જાગૃત દેશ જેવા કે ઓસ્ટ્રેલીયા, કેનેડા અથવા સાઉથ આફ્રિકામાં કરવામાં આવી હોત તો તેનો જોરદાર વિરોધ થયો હોત. ગવર્મેન્ટે આવો પત્ર લખીને આ પ્રાંતની પ્રજા અને રાજાઓને મોટો અન્યાય કર્યો છે. ગવર્મેન્ટે પ્રજા અને રાજાની સહાનુભૂતિ અને સદભાવના મેળવવાં જોઈએ. દમનનું શાસન આખરે નિષ્ફળ જાય. દેશની પ્રગતિના જુસ્સા સામે ગવર્મેન્ટે સમય આવ્યે ઝુંકવું પડશે. [૧]

જો કે લાખાજીરાજની યોજના ઉપર બ્રિટીશોના સામ્રાજયવાદી અભિગમ વિશેના દસ્તાવેજો મળતા નથી. પણ એ સ્પષ્ટ છે કે તેમણે આ યોજનાનો વિરોધ કર્યો. આ યોજના નામંજુર કરવા પાછળના બ્રિટીશ કારણો જાણવા મળતાં નથી.

---

1) Ibid - P. 14 to 16

લાખાજીરાજના પત્ર ઉપરથી જણાય છે કે તેમનો વિરોધ  શાસકો પર રહેલા તેમના અવિશ્વાસ ઉપર આધારિત હતો. લાખાજીરાજે બ્રિટિશોની આ વિચારધારા  સામે પ્રશ્નો ઉઠાવ્યા તેનો કયારેય જવાબ મળયો નહીં. આ આખા મામલે બોમ્બે ગવર્મેન્ટના પોલિટિકલ સેક્રેટરી G.D. Ogilvie  સાથે ઉગ્ર ચર્ચાઓ થઈ. ઓગીલ્વી એ  ' થોભો અને રાહ જુઓ ' ની નીતિ અપનાવી જે સરકારે સ્વીકારી.

૧૯૨૪ મા રાજકોટ રાજયમાં એવી જોરદાર અફવા ફેલાણી કે લાખાજીરાજ જે દાર્જીલિંગ ગયા હતા તેમને પાછા રાજકોટ આવવા દેવામા નહીં આવે. અંગ્રેજોએ તેમને ત્યાં  લાંબા સમય સુધી રોકાવાની ફરજ પાડી છે. બ્રિટીશરોએ લાખાજીરાજની ' નરેન્દ્ર મંડળ ' ની યોજના  ગમી નથી તેથી તેઓ તેમની સામે ઉગ્ર પગલાં લેવા માંગતા હતા. બ્રિટીશરોએ લાખાજીરાજની વિરૂધ્ધ મા કોઈ પગલું ન લેવાનું નકકી કર્યુ . તેઓ જાણતા હતા કે આ યોજના સાકાર નહીં થાય. કેમકે કાઠિયાવાડના રાજાઓ અને સરદારો આવી લોકલ ચેમ્બર  ઈચ્છતા  ન હતા. તેમ તેમણે ખાત્રી આપી હતી. તેમના મતે લાખાજીરાજ ઘણી બધી દ્રષ્ટિએ એક સારા વિશાળ માનસ ધરાવતા વ્યકિત હતા. તેમણે એ પણ જાણ્યું કે લાખાજીરાજ અનિયંત્રિત ગુસ્સો અને અસમતોલ મન ધરાવતા હતા. નરેન્દ્ર મંડળનો ખ્યાલ તેમના  OBSESSION  નું પરીણામ હતું. ટુંકમા તેમની આ યોજનાને ગંભીરપણે જોવામા આવી નહીં. લાખાજીરાજે તેમના અસંતુલિત મનની પરિસ્થિતિમાં આ પત્ર લખ્યો  છે તે રીતે લેવામા આવ્યું [૧]

બ્રિટીશરોએ યાદ રાખવું જોઈએ કે આ યોજના કોઈ નવીન ન હતી. બ્રિટીશ આઈડિયા માંથી જ તેમણે લીધી હતી. અને કાઠિયાવાડમા લાખાજીરાજ તે દાખલ કરવા માંગતા હતા. લાખાજીરાજ લાગણીશીલ હતા તે સાચું પણ કાઠિયાવાડમાં કયાંય એવું સાંભળ્યું નથી કે લાખાજીરાજ અસ્થિર અને અવિચારી હતા. તેઓ પ્રગતિશીલ રાજવી હતા કે જેઓ પોતાના નાના રાજય  તેમજ સમગ્ર પ્રાંત માટે ઘણું કરવા માંગતા હતા. પોતાના તેમજ અન્ય રાજયમાં આર્થિક પ્રગતિ  ઈચ્છતા  હતા. જે તેમને અન્ય રાજયોના સહકારથી શકય લાગી. આ યોજના પ્રાથમિક

---

1) I bid – P. 19

લેવલે જ નિષ્ફળ ગઈ કારણ કે કાઠિયાવાડના રાજાઓ સરકારની આજ્ઞા કે ઈચ્છાની વિરૂધ્ધ જવાથી ડરતા હતા. બ્રિટીશો શાસકોની નબળાઈઓ સમજતા હતા. મોટા ભાગના રાજાઓ સામ્રાજયના માલિક સામે ઝૂકી જવા તૈયાર હતા. બ્રિટીશો લાખાજીરાજને વિચારશીલ અને દીર્ઘ દ્રષ્ટિ વાળા રાજા હોવાનો યશ દેવા માગતા ન હતા. જયારે લાખાજીરાજે પોતાના રાજયમા લોકશાહી સુધારા કર્યા ત્યારે બ્રિટીશોએ તેમને ગણકાર્યા નહીં.

કાઠિયાવાડના રાજાઓની મિટીંગ કયારેય થઈ નહીં તેનું દેખીતું કારણ એ હતું કે આ રાજાઓ પોતાના વિશેષ અધિકારો ગુમાવવાની બીકે તેમના માલિકોને લાખાજીરાજને ટેકો આપીને નાખુશ કરવા માંગતા ન હતા. લાખાજીરાજે બ્રિટિંશોનો દંભ ખુલ્લો પાડવાનું નકકી કર્યુ. પોતાના માટે હોંશીયારીપૂર્વક પ્રતિષ્ઠા ઉભી કરી તેમની ઐતિહાસિક યોજના અને તે સબંધે લખાયેલો હિંમતભર્યો પત્ર કાઠિયાવાડમાંજ નહીં પરંતુ સમગ્ર ભારતના વર્તમાનપત્રમાં છપાયો અને ચર્ચાયો. બ્રિટિશોની અસંમતિ વ્યાપકપણે ચર્ચવામા આવી અને તેની ટીકા થઈ. 'ધ ઈન્ડીયન સ્ટેટસ' (દિલ્હી) ૧૯૨૩માં ૫ મી મે એ આ દરખાસ્ત અંગે વિસ્તારપૂર્વક લખ્યું તેને ઠાકોર સાહેબનો બધાંજ રાજાઓ અને સરદારોને આમંત્રણ ન આપવાનો વિચાર ગમ્યો નહીં. તેણે આ યોજનાની વિગતોનુ કાઠિયાવાડમાં પ્રવર્તમાન રાજકીય પરિસ્થિતીના સંદર્ભમા વિવેચન કર્યુ. અને તારણ કાઢયું કે નરેન્દ્ર મંડળ બધાં માટે અસાધારણ લાભ આપનાર અને સાર્વભૌમ સત્તા પ્રત્યે અસરકારક પ્રતિનિધિત્વ કરનાર બની શકત.[૧]

'ધ નેશને' ( લાહોર ) ૧૯૨૩ ની ૧૭ ઓકટોબરે લાખાજીરાજનો પત્ર પ્રસિધ્ધ કર્યો. બ્રિટિશ પોલિટિકલ એજન્સીઓમાં અને રાજાઓના વર્તુળમા બ્રિટિશોની નામંજુરીએ સનસનાટી સર્જી હતી. ' નેશને ' લખ્યુ કે આ પત્રે આશ્ચર્ય સર્જયું છે અને ગંભીર પરિણામો આવી શકે છે. ઠાકોર સાહેબે નાખુશી વહોરી લીધી છે.

---

1) Ibid P - 1 to 3

'ધ કેસરી' ( બોમ્બે ) ની ૨૧ ઓકટોમ્બરની આવૃતિમા બ્રિટિશોની નામંજુરી અંગે ટીકા કરી છે તેના મતે લાખાજીરાજ વિરૂધ્ધ સરકારની નાખુશીનું કારણ તેમણે જે પોતાના લોકોને અધિકારો આપ્યા તે હતું. મુદ્દાસર જવાબ આપવા અંગે આ પત્રે લાખાજીરાજના વખાણ કર્યા તેમજ મુંબઈ સરકારના એવા દાવા કે તેઓ લોકોના હિત માટે પ્રગતીશીલ છે તેનું ખોખલાપણું ખૂલ્લું પાડવા માટે અભિનંદન આપ્યા [૧]

'ધ મરાઠા' અને ૧૯૨૩ ના ૨૧ મી એ પોતાની આવૃતિમા મુંબઈ સરકારની અવિશ્વાસની અને ભાગલા પાડીને શાસન કરવાની નીતિની ટીકા કરી અને લાખાજીરાજે લીધેલા પગલાને ટેકો આપ્યો.

૧૯૨૩ ની ૨૦ ઓકટોબરે મુંઈબના ગવર્નરના એજન્ટ કર્નલ વુડના (ધ ઈન્ડિયન સોશ્યલ રીફોર્મર) લશ્કરી મિજાજ સામે જુસ્સાદાર જવાબ આપવા માટે લાખાજીરાજને અભિનંદન આપ્યા અને આશા બતાવી કે બીજા રાજાઓ અને સરદારો એક સમાન હેતુ માટે તેમને હાર્દિક સહકાર આપવા માટે દેશભકિત બતાવશે તેણે એવું પણ સૂચન કર્યુ કે કાઠિયાવાડના લોકોએ એક પબ્લીક મિટીંગ બોલાવીને બ્રિટિશ ગવર્મેન્ટનો વિરોધ અને લાખાજીરાજને સાથ આપવો જોઈએ.[૨]

૧૯૨૩ ની ૨૧ ઓકટોબરે 'ગુજરાતી' (છાપુ ) એ પણ લખ્યું કે ગવર્નરના એજન્ટ યોગ્ય તક મળતા જ ઠાકોર સાહેબને ગાદીએ થી દૂર કરતાં અચકાશે નહીં. ઉપકારક સંધિને ધ્યાનમાં રાખીને આ પત્રે એવો પણ પ્રશ્ન ઉઠાવ્યો કે ઠાકોર સાહેબનું આમંત્રણ સ્વીકારવાની અને બ્રિટિશ સરકારને નારાજ કરવાની હિંમત કોણ કરશે [૩]

---

1) Ibid – P. 2 3.

2) Ibid – P. 2 3.

3) Ibid – P. 23 – 24.

'દેશી મિત્રે' પણ ૧૯૨૩ ની ૧૮ ઓકટોબરે લખ્યું હતું કે પોલિટિકલ એજન્ટે રાજાઓની દયાજનક સ્થિતિ દર્શાવી છે અને તેણે માત્ર રાજકોટના જ નહીં પણ બધાં રાજાઓનું અપમાન કર્યુ છે.

'નવયુગે' ૧૯ ઓકટો. ૧૯૨૩ ની આવૃત્તિમા લખ્યું કે કાઠિયાવાડના રાજાઓ તમે રાજકોટના ઠાકોર સાહેબનું આમંત્રણ સ્વીકારશો કે ૫૦૦૦ માઈલ દૂરથી આવેલા પરદેશીઓ સામે ઘુંટણ ટેકવશો . મુંબઈ સરકારને શું થયું છે ? શા માટે તેમનામાં એકાએક શૈતાન જાગ્યો છે?[૧]

'સ્વરાજયે' ૧૯૨૩ ની ૧૮ ઓકટો. ની આવૃત્તિમા નોંધ્યું કે લાખાજીરાજનો જવાબ સન્માન અને જુસ્સાથી ભરેલો હતો. તેણે પ્રશ્ન કર્યો કે શું સરદારો માનવ નથી ? તો શા માટે તેમને સંગઠિત થવાનો મૂળભૂત અધિકાર ખૂંચવી લેવામા આવે. બીજા સરદારોની એ ફરજ છે કે તેઓ એકત્રિત થઈને લાખાજીરાજને સમર્થન આપે કે જેથી પોલિટીકલ એજન્ટને પોતાના પગલાં માટે પસ્તાવો થાય. [૨]

૧૯૨૩ ની ૧૮ ઓકટો. 'Servant of India' .એ લાખાજીરાજનું સમર્થન કર્યુ અને ટીકા પણ કરી. રાજાઓને ચર્ચા કરવાનું સ્વાતંત્રય હોવું જોઈએ. પોતાની ગરીબ રૈયતના ભલા માટે અને પોતાનું સન્માન જાળવવા પ્રતિબંધ હોવા છતાં રાજાની ઈચ્છા વિરૂધ્ધ લોકો મળે તેવા કાર્યની પણ રાજાએ પ્રશંસા કરવી જોઈએ. જેવી રીતે અત્યારે તેઓ મુંબઈ સરકારના નાખુશીભર્યા પગલાં સામે ઠાકોર સાહેબના વખાણ કરે છે. [૩] 'નવકલા' એ ૧૯૨૩ ની ૧૭ ઓકટોબરે લખ્યું કે કોઈ ભારતીય શાસકે જુસ્સાભેર લખ્યુ હોય તો આ પ્રથમ પ્રસંગ છે.

---

1) Ibid – P. 25.

2) Ibid – P. 27.

3) I bid – P. 26.

૧૯૨૪ ૨૧ ફેબ્રુઆરીના ' રાજસ્થાન ' ( દિલ્હીના ) પ્રકાશન માંથી આપણને જાણવા મળે છે કે ૧૯૨૪ – ૨૧ જાન્યુ ની મિટીંગ મુલત્વી રાખવામા આવી કેમ કે મહત્વના રાજાઓએ આ ચળવળને ટેકો આપ્યો નહીં. છતાં લાખાજીરાજ હજુ આશાવાદી હતા. [૧]

જો કે આ ઐતિહાસિક મિટીંગ કયારેય મળી નહીં. પોતાનો પત્ર પ્રકાશિત કરવાનું લાખાજીરાજનું પગલું અસાધારણ અને દીર્ઘ દ્રષ્ટિવાળું હતું. જો કે તેણે બ્રિટિશ ગવર્મેન્ટના સ્તરે આપખુદ અને સત્તાપૂર્ણ પ્રતિક્રિયા સર્જી તથા પોતાના માટે તેમણે વર્તમાનપત્રો તથા લોકોનો આદર અને ટેકો પ્રાપ્ત કર્યા . બ્રિટિશોએ તેને તકલીફ આપી નહીં તેની પાછળનું આ પણ એક કારણ હતું.

લાખાજીરાજે કાઠિયાવાડ પ્રાંતમા લોકોનો ટેકો મેળવ્યો. ૧૯૨૩ ની ૨૯ ઓકટોબરે કાઠિયાવાડ રાજકીય પરિષદની અસાધારણ સભા બોલાવવામા આવી અને તેમાં કાઠિયાવાડ નરેન્દ્રમંડળ સબંધી ત્રણ ઠરાવો પસાર કરવામા આવ્યા.

(૧) નરેન્દ્ર મંડળ – રાજાઓ અને પ્રજા માટે રાજકીય અને આર્થિક દ્રષ્ટિએ લાભદાયી બનશે.

(૨) પોલિટિકલ એજન્ટે દરખાસ્તે નામંજુર કરી ને અન્યાયી પગલું હતું તેનો સખત વિરોધ કર્યો. સરકારે તે પાછું ખેંચી લેવું જોઈએ. અને રાજકોટ ઠાકોર સાહેબને સમર્થન આપવું જોઈએ.

(૩) કાઠિયાવાડના રાજયો મિટીંગમાં હાજરી આપશે અને બ્રિટિશને બતાવી આપશે કે પોતાના અધિકારની રક્ષા માટે તૈયાર અને તત્પર છે. [૨]

કાઠિયાવાડ નરેન્દ્રમંડળની લાખાજીરાજ ની યોજના અને પોલિટિકલ એજન્ટને તેમણે લખેલો પત્ર તેમની દીર્ઘદ્રષ્ટિ અને હિંમત દર્શાવતા હતા તેમનો રાષ્ટ્રીય જુસ્સો તેમા પ્રકાશિત થતો

1) Ibid – P. 26 – 27.

2) I bid – P. 83 - 84.

હતો. તેમનું આ વલણ મહાત્મા ગાંધીને રાજકોટ રાજયની મુલાકાત માટે આમંત્રણનાં તેના પગલાંથી જણાઈ આવે છે. તેના ગાદી  વારસ ધર્મેન્દ્રસિંહજીના જન્મ દિવસની પાર્ટીમા તેમણે ગાંધીજીને આમંત્રણ આપ્યું હતું. રાજકોટ રાજયમા તેણે રાષ્ટ્રીય શાળાની જમીન ઘણાં ઓછા ભાવે વેંચી હતી. [૧] કાઠિયાવાડ રાજકીય પરિષદની  પ્રથમ મિટીંગ રાખવાની તેમણે પરમિશન આપી હતી. તેમણે કાઠિયાવાડ યુવક પરિષદના અધિવેશનમા  મદદ કરી હતી. અને પંડિત જવાહરલાલ નહેરૂના સન્માન  માટે ગાર્ડન પાર્ટીનું આયોજન કર્યું હતું [૨]

તેમણે નોબલ પારિતોષિક વિજેતા રવીન્દ્રનાથ ટાગોરને રાજકોટ આવવા આમંત્રણ આપ્યું હતું. [૩]

## ઉપસંહાર :

રાજકોટ રાજયના વહીવટીતંત્ર ઉપર અંગ્રેજ સત્તાનુ પ્રભુત્વ  પ્રવર્તતું હતું. રાજકોટ સાથેના સાર્વભૌમ સત્તાના સબંધોની શરૂઆત પોલિટિકલ એજન્સીથી થઈ હતી. મુંબઈ સરકારના અંકુશ હેઠળ રાજકોટ રાજય ઘણાં વર્ષ રહયું. ઈ.સ. ૧૯૨૪ મા દેશી રાજયોમા મુંબઈ સરકારને સ્થાને કેન્દ્ર સરકારનો સીધો અંકુશ સ્થપાયો. તેથી રાજકોટ રાજય દિલ્હીની સીધી દેખરેખ હેઠળ આવ્યુ. જેનો વહીવટ – એજન્ટ  ટુ  – ધ – ગવર્નર જનરલ કરતા હતા. સાર્વભૌમ સત્તા  સાથેના રાજકોટ રાજયનો સબંધ ઘણો જુનો રહયો હતો જેમાં અંગ્રેજોનું વર્ચસ્વ હોવા છતાં રાજકોટ રાજયના પ્રગતિશિલ રાજવીઓએ પોતાના રાજયનો વિકાસ કર્યો હતો. લાખાજીરાજ ૧૯૦૮ મા ઈંગ્લેન્ડના પ્રવાસે ગયા ત્યાં તેમણે પ્રાશ્ચાત્ય શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. પ્રાશ્ચાત્ય શિક્ષણ અને પ્રવાસને કારણે રાજકોટ રાજયને આધુનિક  બનાવનાર શાસકના સાર્વભૌમ સત્તા  સાથેના સબંધો વધુ ગાઢ બન્યા હતા. અપવાદરૂપે કેટલાક કિસ્સાઓમા લાખાજીરાજે અંગ્રેજોની પરવા કર્યા વિના પ્રજાના હિતને ધ્યાનમાં રાખીને નિર્ણયો લીધા હતા. જેનાથી તેઓ પ્રજાની વધુ નિકટ આવ્યા હતા.

1) Ibid – P. 143 –144.

2) I bid – P. 84 - 85

3) Ibid – P. 143..

બ્રિટિશ સરકર સાથેના તેમના સબંધો સૂચવે છે કે તેઓ સ્વતંત્ર મિજાજના  રાજા હતા અને બ્રિટિશરોની ઈચ્છા  સામે સહેલાઈથી ઝૂકી જાય તેમ ન હતા. પોતાના તથા અન્ય રાજયમાં આર્થિક પ્રગતિ ઈચ્છતા  હતા.

# પ્રકરણ – ૯

# ''તારતમ્ય''

ભારતના ઈતિહાસમાં બ્રિટિશ શાસનની સ્થાપના અનેક રીતે નવી ભારત ઉપસાવનારી હતી. ૧૮મી સદીના મધ્યભાગમાં ભારતની રાજકીય એકતા સંપૂર્ણપણે તૂટી પડી હતી ભારતમાં નાનાં–મોટાં સામંતશાહી વ્યવસ્થા ધરાવતાં રાજયો સ્થપાઈ ગયાં હતાં. વિદેશીઓને આ અરાજકતા પોતાના વેપાર માટે નુકશાનકારક લાગતી હતી. તેમણે ભારતના આંતરિક રાજકારણમાં હિંમતભેર પ્રવેશી પોતાના વેપારને સલામત અને સમૃધ્ધ બનાવવાની કોશિશો કરવા માંડી ભારતના વેપાર પર સર્વોપરિતા જમાવવા માંગતા બ્રિટિશરોમાં વ્યવસ્થિત રાજનીતિ અમલમાં મૂકવાની ઉચ્ચ પ્રકારની ક્ષમતા હતી. જયારે ભારતીય શાસકોમાં આ બાબતની ખામી હતી. રાજકીય રીતે ભારતીય સમાજ વારસાગત સામંતશાહી પ્રથાના અંકુશ હેઠળ હતો. પશ્ચિમ સમાજ પર આક્રમક અને નફાકારક વ્યાપારી મૂડીવાદનું પ્રભુત્વ જામ્યું હતું. આથી ભારતનાં સામંતશાહી માળખા સામે પશ્ચિમના મૂડીવાદની ઝનૂની ઝૂંબેશનો વિજય થયો.

બ્રિટિશ શાસકોએ સારી રીતે સમજી લીધું હતું કે ભારત જેવા વિશાળ દેશના રોજબરોજના વહીવટ માટે ભારતીય પ્રજાનો સહયોગ દેખીતી રીતે ખૂબ અનિવાર્ય અને જરૂરી હતો. એ સહયોગ ખુબ સરળતાથી મળી રહેતાં બ્રિટિશ શાસકોનો આત્મવિશ્વાસ દ્રઢ બનતો ગયો. ૧૮૫૭ પછીના વર્ષોમાં તો દેશના ૬૬૨ જેટલા નાના મોટા રાજાઓ, જમીનદારો, શહેરી અને ગ્રામ્ય વિસ્તારની અગ્રગણ્ય હસ્તિઓ વગેરે સાથેના સંપર્ક પુનઃ તાજા કરવાના અને તે મજબૂત બનાવવા માટેનાં માધ્યમો મળી રહયાં. અને તે માટેની તકો તેમને મળતી રહી. આ પ્રકારના સંબંધો બ્રિટિશ પ્રત્યે વધુ વફાદારી રાખનારા અને ભારતીય સ્વાતંત્ર ચળવળના માર્ગમાં અવરોધક ચળવળના માર્ગમાં અવરોધક બળો તરીકે છેક ૧૯૪૭ સુધી કાર્યરત રહયા.

બ્રિટિશ શાસકોએ ભારતને ૧૮૭૭માં દિલ્હીમાં એક ભવ્ય દરબાર યોજી બ્રિટનના સામ્રાજય તરીકે જાહેર કર્યું. ત્યાર પછીના આઠ વર્ષોમાં (૧૮૮૫) તેમના મનમાં એવી ભ્રમણા જાગી કે હવે તેમનું શાસન કાયમી અને સ્થિર બની ગયું છે. તેથી ભારતીય પ્રજા પ્રત્યે ઉદારતાની ભાવના દેખાડવા લાગ્યા. એવી ભાવનાના પ્રદર્શન પાછળ કયારેક વાલીપણાની અને સ્થાનિક સરકારની તાલીમ લોકોને આપવાની વાતો કરવામાં આવતી હતી. પરંતુ હકીકતમાં તો પડદા પાછળ તેમના આપખુદ શાસનની વાસ્તવિકતાઓ છૂપાયેલી રહેતી હતી. પરિણામ એ આવ્યું કે રાજકીય નિર્ણયો લેવામાં અને વહીવટી તંત્રમાં તમામ ઉચ્ચસ્તરના હોદાઓ પર બ્રિટિશ પ્રજાનો જ માત્ર હકક સ્થાપિત બની ગયો. આમ છતાં અહીંની પ્રજામાં લોકશાહી માટેનાં બીજ પણ તેમણે રોપ્યાં તેમ કહી શકાય.

ગુજરાત પર અંગ્રેજોનું પ્રભુત્વ સ્થપાયું ત્યારે અહીં મરાઠાઓનું શાસન હતું. પેશ્વા અને ગાયકવાડના લશ્કરો ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ વિસ્તારોમાં મુલકગીરી કરવા અને જમાબંધી ઉઘરાવવા જતા મરાઠાઓ ચાર–પાંચ વર્ષની ખંડણી એક સાથે માંગતા રાજા તે ભરી શકતો નહીં, એટલે મરાઠી લશ્કરો ગામડાંઓ લૂંટી બાળીને રોકડ રકમ લૂંટી જતા. આ રકમનો અડધો ભાગ પિંઢારાઓ મરાઠી લશ્કરના સેનાપતિને આપતા હતા. કર્નલ વોકરને ૧૮૦૨માં વડોદરાના અંગ્રેજ રેસિડેન્ટ તરીકે નિમવામાં આવ્યો. ૧૮૦૭–૦૮માં કાઠિયાવાડનાં રાજાઓ સાથે કર્નલ વોકર કરાર થયો. આ કરાર સૌરાષ્ટ્રના ઈતિહાસમાં નોંધપાત્ર બનાવ ગણાવી શકાય. આમ ૧૯મી સદીના પ્રારંભે થયેલ વોકર કરારથી સૌરાષ્ટ્રમાં ત્રાસદાયક મુલકગીરી ચડાઈઓનો તથા આંતરિક અશાંતિનો સંપૂર્ણ અંત આવ્યો. આમ ૧૮૦૭–૦૮નું વર્ષ સૌરાષ્ટ્રમાં શાંતિના એક નવા યુગનો પ્રારંભ સૂચવે છે. ૧૮૨૦માં ગાયકવાડે પોતાનો ખંડણી ઉઘરાવવાનો હકક બ્રિટિશ સત્તાને સોંપી દીધો. આમ સૌરાષ્ટ્રમાં અંગ્રેજો સર્વોપરી બન્યા. બ્રિટિશ સરકારે ૧૮૨૦ માં રાજકોટમાં એજન્સી સ્થાપી પરંતુ તેનો બધો વહીવટ તો ઈ.સ. ૧૮૨૨માં પોતાને હસ્તક લઈ લીધો. આમ, કર્નલ વોકરના કરારના સુફળ અંગ્રેજોને મળ્યા. વિવિધ રજવાડાં અને ઠાકોરોના સામંતશાહી યુગમાં જીવતી અહીંની પ્રજા મધ્યયુગીનપાશમાં હજૂ વીંટળાયેલી હતી.

બ્રિટિશ એજન્સીની સ્થાપનાથી સૌરાષ્ટ્રના ઈતિહાસને વળાંક મળ્યો. સામાન્ય રીતે અંગ્રજોના સામ્રાજયવાદી નિંદા કરવાનું આપણું વલણ રહયું છે. તે સ્વાભાવિક પણ છે. પરંતુ કેટલાક અભ્યાસને આધારે એ પણ સ્પષ્ટ થાય છે કે અંગ્રેજોનું શાસન સંપૂર્ણપણે નિંદ્ય ન હતું. તેમાં કેટલાક પ્રશંસનીય તત્વો પણ હતાં. સૌરાષ્ટ્રના આધુનિક ઈતિહાસને તપાસતાં તે સ્પષ્ટ થાય. છે. જે પ્રદેશના રાજાઓ લખી વાંચી ન હોતા જાણતા, દુનિયાની પ્રગતિનો જેમને કોઈ અંદાજ ન હતો. જેઓ સ્વકેન્દ્રી હતા. અને નહિવત કારણોસર અંદરોઅંદર લડતા હતા. તેમનામાં બ્રિટિશ સાર્વભૌમત્વનો અંકુશ આવતાં ઈચ્છનીય પરિવર્તનો જણાવા લાગ્યા. મધ્યયુગીન સામંતશાહી માનસ ધરાવનારા રાજાઓ અંગ્રેજી કેળવણીથી પ્રભાવિત થઈ લોકશાહી અને ઉદાર વલણ અપનાવતા થયા. તે તેમનું જબરું માનસ પરિવર્તન ગણાય. જો કે તેનો અર્થ એ નથી કે બધા રાજાઓ ઉદાર અને લોકશાહીવાદી બની ગયા તેમાંના ઘણા હજુ સામંતશાહી માનસ ધરાવતા હતા. અને તેમણે સત્યાગ્રહોને કચડી નાખ્યા હતા. અથવા પ્રતિક્રિયાવાદી માનસ દર્શાવ્યું હતું. તેમ છતાં પ્રજા જાગૃતિ અને પ્રજાલક્ષી વહીવટ એ બ્રિટિશ શાસનની સૌથી મોટી દેણ ગણી શકાય.

સૌરાષ્ટ્ર પ્રદેશ સ્વતંત્રતા પૂર્વે કાઠિયાવાડ તરીકે ઓળખાતો હતો. આ પ્રદેશનો વ્યવસ્થા માટે અંગ્રેજોએ કાઠિયાવાડ એજન્સીની સ્થાપના કરી વહીવટ ની દષ્ટિએ તેનો મુંબઈ ઈલાકામાં સમાવેશ કરાયો હતો. કાઠિયાવાડ એજન્સી હેઠળના પ્રદેશોનો વહીવટ કરવા માટે બ્રિટિશ સરકાર તરફથી મુખ્ય અધિકારી તરીકે પોલિટિકલ એજન્ટની નિમણૂક કરવામાં આવી હતી. ઈ.સ. ૧૮૬૩ થી ૧૮૬૭ કર્નલ કીટીંગ કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ તરીકે રહયા હતા. કીટીંગે બધા રાજયોની ફોજદારી તથા દીવાની ન્યાય આપવાની સત્તાઓ નકકી કરી અને ૧૮૬૩માં તેનાં સાત વર્ગ પાડયા. ફોજદારી અદાલતની સ્થાપના થી નિષ્પક્ષ ન્યાય મળશે તેવી શ્રધ્ધા લોકોમાં બેઠી હતી. પરિણામે લોકો અંગ્રેજ વહીવટ પ્રત્યે માનની લાગણીથી જોવા લાગ્યા.

સૌરાષ્ટ્રના ૨૨૨ રજવાડાંઓમાં રાજકોટ રાજય નાનું હોવા છતાં તેનું સ્થાન મહત્વનું હતું. રાજકોટ સૌરાષ્ટ્રની મધ્યભાગમાં આવેલ બ્રિટિશ એજન્સીનું મુખ્ય મથક હતું. અને દ્વિતિય વર્ગનું

રાજય હતું. રાજકોટ રાજયના ઈતિહાસમાં લાખાજીરાજનું ૨૨ વર્ષનું શાસન એ સૌથી લાંબો પીરીયડ હતો. તેના વ્યકિતગત ચારિત્ર અને તેના સુંદર શાસનને લીધે રાજકોટના લોકો આજે પણ તેને સન્માનપૂર્વક યાદ કરે છે. તેના સુધારા અને વ્યકિતગત ચારિત્ર ને કારણે માત્ર કાઠિયાવાડ પ્રદેશના લોકોનું જ નહીં પરંતુ રાષ્ટ્રીય નેતાઓ જેવાકે મહાત્માગાંધી, પંડિત જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ અને રવીન્દ્રનાથ ટાગોર જેવા નેતાઓનું ધ્યાન ખેચ્યું હતું. લાખાજીરાજે શાસનતંત્રમાં સુધારાનો અને કાર્યક્ષમતાનો જુસ્સો દાખલ કર્યો. પોતાના શાસનના ૧૭માં વર્ષે ૧૯૨૩માં લાખાજીરાજે રાજયની બાબતોમાં મોટા પાયે લોકોને સાંકળવાનું શરૂ કર્યુ ચૂંટણી ધારાઓ અને પ્રજા પ્રતિનિધિ સભાની સ્થાપના માત્ર કાઠિયાવાડ પ્રાંતમાં જ નહીં પરંતુ મોટાભાગના ભારતના દેશી રાજયોમાં કોઈએ સાંભળ્યા ન હતાં. લાખાજીરાજે રાજકીય સુધારા માટે મધ્યકાલીન રાજકોટ રાજયના લોકશાહીકરણમાં પોતાની શકિત અને સ્રાતો જોડી દીધા હતા. સભાની સ્થાપના પછી રાજયમાં બની રહેલા બનાવો પ્રત્યે અલિપ્ત રહેવાને બદલે તેમણે સતત નગરો અને ગામડાંઓની નિયમિત મુલાકાતો લઈને સામાન્ય લોકો સુધી સીધું જ પહોંચવાનું ચાલુ રાખ્યું હતું. પ્રજાપ્રતિનિધિ સભા લોકોના અવાજનું પ્રતિબિંબ પાડતી હતી. અન્ય મંડળો સાથે સહકારથી કામ કરતી હતી. આ વિવિધ મંડળો વચ્ચે હિત સંઘર્ષો થયા હોય તેવું કોઈ ચિન્હ જોવા મળતુ નથી.

કાઠિયાવાડના નરેન્દ્રમંડળની સ્થાપના સંબંધી લાખાજીરાજ અને બ્રિટિશો સાથે જે મતભેદ થયો તેમાં તેમનો રાજકીય જૂસ્સો જોવા મળે છે. પોતાના રાજયમાં કાઠિયાવાડ રાજકીય પરિષદની મિટીંગ બોલાવવાની અનુમતિ આપીને તેમણે ફરી આ રાષ્ટ્રીય જુસ્સો દેખાડયો. તેઓ ૧૯૨૧ અને ૧૯૨૩ના પરિષદના અધિવેશનમાં હાજર રહયા. અને પોતાના રાજકીય અભિપ્રાયો જાહેરમાં ઉચ્ચાર્યા. કાઠિયાવાડના રાજાઓની મિટીંગ બોલાવવાના તેમના પ્રયત્નોએ માત્ર આ પ્રદેશના રાજાઓનું જ નહીં પણ અનેક રાજયોના રાજાઓનું પણ ધ્યાન ખેંચ્યું હતું. લોકોએ તેમના આ ઉમદા વિચારને ટેકો આપ્યો હતો. તેમણે મહાત્મા ગાંધી અને યુવા કોંગ્રેસ નેતા જવાહરલાલ નહેરુને રાજકોટમાં ઓધોગિક પ્રદર્શનની અને રાજકોટ રાજયની મુલાકાત લેવા માટે આમંત્રણ આપીને પોતાની રાષ્ટ્રીય ભાવનાનો પરિચય આપ્યો હતો. વળી રાષ્ટ્રીય શાળાની સ્થાપના માટે

મહાત્મા ગાંધીને નજીવા ભાવે જમીન આપીને તેમજ ખાદી અને ગૃહઉદ્યોગોનો પ્રચાર કરીને પોતાની રાષ્ટ્રીયતા દર્શાવી હતી.

તેમના આધુનિક વિચારને કારણે આ પ્રાંતનાં બીજા વિસ્તારના લોકો પણ રાજકોટમાં આવવા લાગ્યા. તેથી રાજકોટ રાજયની વસ્તીમાં વધારો થયો. અને રાજકોટ નગરનો વિસ્તાર વધ્યો. લાખાજીરાજના શાસન દરમ્યાન પોલિટિકલ એજન્ટ અને અન્ય અધિકારીઓ જેમણે છેલ્લા ૧૦ થી ૧૫ વર્ષ દરમ્યાન રાજકોટની મુલાકાત લીધી હતી. તેમણે રાજકોટનાં નોંધપાત્ર વિકાસ અંગે નોંધ્યુ છે કે રાજકોટ રાજયની વસ્તી ૧૯૦૭માં ૪૯,૬૯૫ હતી. તે વધીને ૧૯૩૦માં ૭૫,૫૬૬ થઈ ગઈ હતી. જીવનના અન્ય ક્ષેત્રોમાં પણ રાજયની પ્રગતિ જોઈ શકાતી હતી. દા.ત. સ્કૂલોની સંખ્યા ૨૧ માંથી ૭૪ ની થઈ. વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯૧૧ હતી. તેમાંથી વધીને ૭૩૦૭ થઈ અને શિક્ષણ પાછળ થતો ખર્ચ ૧૭૭૫૦રૂા. હતો તે વધીને ૧,૨૦,૦૦૦ થયો જે રાજયની કુલ આવકનો ૧૦% જેટલો હતો.

રાજકોટ રાજયના સાર્વભૌમ સત્તા તથા તથા દેશી રાજયો સાથેના સંબંધો શરૂઆતમાં ખૂબ સારા હતા. પડોશી રાજયો સાથેના સંબંધો પણ ખૂબ સારા રહયા હતાં. જેમકે કોટડા સાંગાણી, ભાવનગર, જામનગર, જૂનાગઢ, ગોંડલ, વાંકાનેર, વગેરે રાજયો સાથે રાજકોટ મૈત્રી સંબંધો કે લગ્ન સંબંધો બાંધ્યા હતા. કયારેક કોઈ વિવાદ થાય તો તેનો ઉકેલ લાવવામાં સફળતા મેળવી હતી.

રાજકોટ રાજયના વિકાસમાં વહીવટીતંત્ર નોંધપાત્ર ભૂમિકા ભજવનાર સાબિત થયું. બ્રિટિશ એજન્સીની સ્થાપના થતાં જ વહીવટમાં આધુનિકતા આવી. રાજા, દીવાન રાજયના વિવિધ ખાંતાઓ વગેરે ક્ષેત્રે યોગ્ય માપદંડ સાથે વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. રાજાઓએ વિવિધ સુધારાઓ આપી પ્રજાને તેના હકકો પ્રત્યે જાગૃત કરી વહીવટમાં પણ સામેલ કરી લોકશાહી પધ્ધતિ જીવંત કરવાનો પ્રયત્ન કર્યો હતો.

ટુંકમાં આપણે એમ કહી શકીએ કે લાખાજીરાજ તેની પ્રજામાં નવો જુસ્સો દાખલ કરવાનો મહાન પ્રયત્ન કર્યો અને પોતાના રાજયની પ્રજા તેમજ આ પ્રદેશની પ્રજાની વિચારની ક્ષિતિજો વિસ્તારવામાં તેઓ સફળ થયા.

પ્રજાલક્ષી વહીવટની બાબતમાં રાજકોટના લાખાજીરાજનું શાસન અને પ્રજા જાગૃતિનાં સંદર્ભમાં તેમના જ પુત્ર ધર્મેન્દ્રસિંહનુ શાસન એ બંને વિરોધાભાસી ચિત્ર રજૂ કરે છે. આધુનિક લોકશાહીની જનની ઈંગ્લેંડ ગણાય છે. અંગ્રેજોએ જોહુકમી કરી તે પણ કાયદા દ્વારા સ્થાપીને કરી. કાયદો અને વ્યવસ્થા થી અહીંની પ્રજા અજાણ હતી. તે શું ચીજ છે તેનું તેમણે ભાન કરાવ્યું. રાજકુમાર કોલેજ દ્વારા સૌરાષ્ટ્રના ભાવિ રાજાઓને તૈયાર કરીને સૌરાષ્ટ્રના આધુનિકરણને વેગ આપ્યો.

સામાન્ય રીતે બ્રિટિશ પ્રાંતોમાં પ્રજા જાગૃતિ વધુ હતી. અને ત્યાં કાયદાથી પ્રજાને અધિકારો પણ વિશેષ હતાં. બ્રિટિશ પ્રાંતોમાં જે લોકશાહીની દિશામાં પ્રક્રિયા ચાલતી હતી તે બહુ ઓછા દેશી રાજયોએ ઝીલી હતી. તેમાંનું એક રાજકોટ હતું. અને લોકશાહી પ્રક્રિયા આવનાર તેના રાજા લાખાજીરાજ હતા જો કે આ પ્રક્રિયાને તેની ઘણી મર્યાદા હતી. પરંતુ તે દિશામાં પગરણ એ જ મહત્વની બાબત ગણાય.

રાજકોટમાં જે પ્રયોગ થયો તે ઘણો અસરકારક રહયો. ભલે સીધી રીતે નહીં તો પણ લોકશાહી અને અધિકારો પ્રત્યે જાગરૂકતા લાવવામાં આ પ્રયોગ વિશેષ ભાગ ભજવ્યો હશે તેમ માનવું અસ્થાને નથી. રાજકોટની પ્રજાપ્રતિનિધિસભા કે રાજકોટ સત્યાગ્રહ ઈતિહાસની એરણ પર નિષ્ફળ ગયા હોઈ શકે. પરંતુ તેમાંથી જ સૌરાષ્ટ્રને તેજસ્વી નેતાગીરી સાંપડી હતી. તે ન ભૂલવું જોઈએ. જયારે સ્વતંત્ર સૌરાષ્ટ્ર રાજયની રચના થઈ ત્યારે બ્રિટિશ સમયમાં દ્વિતીય વર્ગનું ગણાતું રાજકોટ મુખ્ય પાટનગર બન્યું. તે માત્ર તેના ભૌગોલિક સ્થાનને કારણે જ નહીં પરંતુ બ્રિટિશ સમયથી રાજકીય પ્રવૃતિઓનું અને પ્રયોગોનું ધમધમતું કેન્દ્ર રહયું હતું. પરિણામે અહીં શ્રીઢેબરભાઈ તથા જેઠાલાલ જોષી જેવા રાજદ્વારી નેતાઓ ઉભા થયા. અલબત તેમના પર

ગાંધીયુગની ચળવળનો પ્રભાવ હતો. પરંતુ અહીંની માટી અને વાતાવરણ પણ તેમના વિકાસમાં ભાગ ભજવ્યો.

અંતમાં આ અભ્યાસને અંતે એવું તારવી શકાય કે

૧) બ્રિટિશ શાસને અહીંના અરાજકતા ભરેલા પ્રદેશમાં શાંતિ અને વ્યવસ્થાનું સ્થાપન કર્યુ.

૨) તેમણે કાયદો, ન્યાયાલય તથા રાજાની સતાઓ સ્પષ્ટ કરી.

૩) રાજાઓને શિક્ષણ આપવા રાજકુમાર કોલેજ સ્થાપી તે પગલું સીમાચિન્હ રૂપ બની રહયું.

૪) અંગ્રેજી શિક્ષણને પરિણામે રાજાઓનું દ્રષ્ટિક્ષેત્ર વિકસ્યુ. – વિશાળ બન્યુ.જે રાજાઓએ બહુ ઉદારપણે કદાચ લોકોને અધિકારો ન આપ્યા હોય તેમણે પણ પ્રજાકલ્યાણવાદી શાસન આપવાનો પ્રયત્ન કર્યો. તેનું ઉદાહરણ ગોંડલના ભગવતસિંહજી છે.

૫) અંગ્રેજી શિક્ષણે જે લોકશાહી અભિગમ પ્રેર્યો તે લાખાજીરાજને આપેલા સુધારામાં અભિવ્યકત થાય છે.

૬) આમ બ્રિટિશ શાસને સ્થાનિક શાસકો અને તેમના શાસનતંત્ર પર પ્રભાવ પાડી સૌરાષ્ટ્રના આધુનિકરણનો પાયો નાખ્યો મધ્યયુગીન સૌરાષ્ટ્રમાં આધુનિકતાની બારી ખોલનાર બ્રિટિશ શાસન હતું. તેજ રીતે અહીંના સામંતશાહી સમાજમાં લોકશાહીનું કિરણ પ્રેરનાર પણ પરોક્ષ રીતે બ્રિટિશ શાસન જ જવાબદાર હતું.

# પરિશિષ્ટ – ૧

## લાખાજીરાજના શાસન દરમ્યાન રાજકોટ રાજયનો વિકાસ

| ક્રમ | વિષય | વર્ષ – ૧૯૦૭ | વર્ષ – ૧૯૩૦ |
|---|---|---|---|
| ૧ | વસ્તી | ૪૯,૬૯૫ | ૭૫,૫૬૬ |
| ૨ | આવક | ૪,૦૯,૧૦૨ | ૧૧,૪૫,૦૪૫ |
| ૩ | ખર્ચ | ૩,૪૬,૧૨૬ | ૧૦,૧૫,૩૬૨ |
| ૪ | પોલીસની સંખ્યા | ૪૨૭ | ૫૨૩ |
| ૫ | પોલીસ ખાતનો ખર્ચ | ૪૭,૬૮૦ | ૧,૧૫,૮૦૯ |
| ૬ | મ્યુનિસિપલ ખાતાનો ખર્ચ | ૨૩,૧૦૭ | ૬૨,૯૧૨ |
| ૭ | આયાત તથા માલની કિંમત | ૧૮,૮૫,૦૦૦ | ૯૯,૦૦,૦૦૦ |
| ૮ | જાહેર બાંધકામ ખાતાનો ખર્ચ | ૭૪,૦૦૦ | ૧,૪૦,૦૦૦ |
| ૯ | હોસ્પિટલની સંખ્યા | ૦૩ | ૦૭ |
| ૧૦ | હોસ્પિટલનો ખર્ચ | ૮૦૨૦ | ૨૧,૫૦૦ |
| ૧૧ | શાળાઓની સંખ્યા | ૨૧ | ૭૪ |
| ૧૨ | વિદ્યાર્થીઓની સંખ્યા | ૧૯૧૧ | ૭૩૦૭ |
| ૧૩ | શિક્ષણ ખાતાનો ખર્ચ | ૧૭,૭૫૦ | ૧,૨૦,૦૦૦ |
| ૧૪ | પુસ્તકાલયોની સંખ્યા | ૦૩ | ૦૬ |
| ૧૫ | કારખાનાની સંખ્યા | ૦૩ | ૯૩ |
| ૧૬ | છાપખાનાની સંખ્યા | ૦૪ | ૧૪ |
| ૧૭ | ઝાડની સંખ્યા | ૧૯,૩૭૧ | ૨૮,૩૯૩ |
| ૧૮ | કુવાની સંખ્યા | ૬૯૫ | ૧,૯૮૨ |

# પરિશિષ્ટ – ૨

# સૌરાષ્ટ્રમાં પ્રજા પ્રતિનિધિ સભા અને પ્રજા મંડળો

પશ્ચિમ ભારતમાં સૌપ્રથમ વડોદરા રાજયમાં ૧૯૧૬માં પ્રજા મંડળની રચના થઈ હતી. તેના કુલ ૨૧ અધિવેશનો માંથી ૧૯૨૬, ૧૯૩૩ અને ૧૯૪૧ના અધિવેશનોમાંથી ૧૯૨૬–૧૯૩૩ અને ૧૯૪૧ના અધિવેશનો સૌરાષ્ટ્રમાં અમરેલીમાં ભરાયા હતા. પ્રથમ અધિવેશનમાં ૧૯૨૬માં મળ્યું હતું. આ અધિવેશનમાં બજેટ ધારાસભામાં મૂકી પસાર કરવા, વિસ્તૃત ચર્ચા કરવા અને જવાબદાર રાજયતંત્ર આપવા ઠરાવ થયા હતા. બીજુ અધિવેશન તાઃ ૨૩ થી ૨૫ અકટોબર, ૧૯૩૩ના અમરેલીમાં મળ્યું હતું. આ પરિષદમાં મહારાજા સયાજીરાવ અમેરીકામાં સર્વધર્મ પરિષદમાં બહુમાન મેળવી પાછા ફરેલા તેથી તેમના દીર્ઘાયુષ્યની કામના કરતા અને ચોરી લૂંટ જેવા ફોજદારી ગુના માટે ગરાસિયાઓને એક વર્ષની સજા થાય તો તેના ગિરાસ ખાલી કરવા અંગે ઠરાવો થયા હતા. ૨૫ નવેમ્બર ૧૯૪૧માં અમરેલીમાં ત્રીજુ અધિવેશન ભરાયું હતું. આ અધિવેશનમાં ધાર્મિક વડાઓ દુર કરવા, મંડળના સભ્યો વચ્ચે સાથ અને સહકાર વધારવા, મંડળ પોતાનું કાર્ય કાયદેસર અને શાંતિમય રીતે ચલાવે અને તેમાં રાજય સરકારને વિનંતી કરવા ઠરાવ થયા હતા.

## ૨) ભાવનગર રાજય પ્રજા પ્રતિનિધિ સભા અને પ્રજા પરિષદ :

સૌરાષ્ટ્રમાં ભાવનગર અને રાજકોટ એ બે રાજયો ઉદારવાદી અને પ્રગતિશીલ હતા. તેથી આ બે રાજયોએ જ પોતાના રાજયના વહીવટમાં પ્રજાને સાંકળવા માટે પ્રજાના પ્રતિનધિઓની બનેલી એવી પ્રજા પ્રતિનિધિ સભા સ્થાપી હતી. સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ ભાવનગર રાજયના રાજવી ભાવસિંહ બીજાએ ૨૫ એપ્રિલ, ૧૯૧૭ના પોતાના જન્મદિવસે પ્રજા પ્રતિનિધિ સભાની જાહેરાત કરી હતી. તેમા ૩૮ સભ્યો હતા. તેમને રાજય દ્વારા ત્રણ વર્ષ માટે નીમવામાં આવતા હતા. તેની બેઠક વર્ષમાં એક વાર રાજવી અથવા દીવાનના પ્રમુખપદે મળતી. આ સભાના સભ્યોને માત્ર પ્રશ્ન

પૂછવાની છૂટ હતી. રાજય દ્વારા તેના જવાબો અપાતા. તે સિવાય ઠરાવોનું અમલીકરણ બહું ઓછું થયું હતું. આ સભામાં બજેટ પર ચર્ચા કરવાનો હકક, સુધરાઈમાં પ્રજાને વિશેષ સતા, કોલેજ માટે વધુ જગ્યાની ફાળવણી, રેલ્વેનાં ભાડાંમાં ઘટાડો, ખેડૂતોના પ્રૂશ્નો, પુસ્તકાલય, વેદસભા વગેરે વિષયો ઉપર ચર્ચા થતી. પરંતુ તેને અમલીકરણમાં નહિવત સ્થાન મળતું. આમ પ્રજા પ્રતિનિધિ સભા રાજયની કૃપા હેઠળ જ કામ કરતી હતી. તેથી પ્રજાને તેનાથી બહુ સંતોષ થયો નહિં. માટે ૧૯૨૩માં પ્રજાએ પ્રજાપરિષદની સ્થાપના કરી. ૧૯૧૭ થી ૧૯૨૭ દરમ્યાન પ્રજા પ્રતિનિધિ સભા બહુ અસરકારક રહી ન હતી. છતાં તેણે ભાવનગર રાજયની પ્રજાને સતત જાગૃત રાખવામાં અમૂલ્ય ફાળો આપ્યો હતો. પરંતુ પ્રજા પરિષદની સ્થાપના થતાં પ્રજા પ્રતિનિધિ સભાનું મહત્વ ઘટી ગયું હતું. છતાં તેણે ભાવનગરની પ્રજાને રાજયવહીવટ અંગેની પ્રજાકીય સામેલગીરીની જે તાલીમ આપી હતી તે તેનું મહત્વનું પ્રદાન ગણાવી શકાય.

૧૯૨૦માં રાષ્ટ્રીય મહાસભાએ પણ દેશી રાજયોને પોતાના રાજયમાં જવાબદાર રાજયતંત્ર શરૂ કરવા માટે પગલાં લેવા વિનંતી કરી હતી. તેનાથી પ્રોત્સાહન થઈને ભાવનગરની પ્રજાએ ૯ ઓકટોબર, ૧૯૨૩ના ભાવનગર રાજય પ્રજા પરિષદની સ્થાપના કરી હતી. તે અંગે રાજયના દીવાન પ્રભાશંકર પટ્ટણીએ પણ સહાનુભૂતિ દાખવી હતી. આ સંસ્થાનો મુખ્ય હેતુ ભાવનગરના મહારાજાની છત્રછાયા હેઠળ શાંતિમય માર્ગે જવાબદાર રાજયતંત્ર મેળવવાનો હતો. આ પરિષદના ૧૯૨૪ થી ૧૯૪૭ના ૨૪ વર્ષના ગાળા દરમ્યાન છ અધિવેશનો મળ્યા હતાં. તેની વિગતો નીચે પ્રમાણે છે.

## ભાવનગર રાજય પ્રજા પરિષદનાં અધિવેશનો (૧૯૨૪ થી ૧૯૪૭)

| ક્રમ | અધિવેશન | તારીખ | મહિનો | વર્ષ | સ્થળ | પ્રમુખ |
|---|---|---|---|---|---|---|
| ૧. | પ્રથમ | 16-17 | જાન્યુઆરી | 1924 | ભાવનગર | ગિરજાશંકર ભગવાનજી ત્રિવેદી |
| ૨. | બીજું | 12-13 | મે | 1926 | મહુવા | અમૃતલાલ વિઠલદાસ ઠકકર |
| ૩. | ત્રીજું | 3-4 | નવેમ્બર | 1928 | બોટાદ | હરજીવન કાળિદાસ મહેતા |
| ૪. | ચોથું | 17 | ઓકટોબર | 1937 | સાવરકુંડલા | રણછોડદાસ ગાંધી |
| ૫. | પાંચમું | 14-15 | મે | 1939 | ભાવનગર | સરદાર વલ્લભભાઈ ઝ. પટેલ |
| ૬. | ખાસ | 14-15 | મે | 1946 | ભાવનગર | બળવંતરાય ગોપાળજી મહેતા |
| ૭. | છઠ્ઠું | 3-4 | મે | 1947 | સિંહોર | બળવંતરાય ગોપાળજી મહેતા |

ભાવનગર રાજયે ૧૯૨૪માં પ્રજાપરિષદનું પ્રથમ અધિવેશન ભાવનગરમાં ભરવા માટે પૂરો સહકાર આપ્યો હતો. તે અંગે 'સૌરાષ્ટ્ર'સાપ્તાહિકે નોંધેલું કે 'રાજયની પ્રજાને રાજદ્વારી પરિષદ ભરી પોતાના રાજયની રાજસતાની કનડગતો બહાર લાવવા માટે ભાવનગર રાજયે પ્રજાને સગવડ અને સામગ્રી આપી. આ અધિવેશનમાં દીવાન પ્રભાશંકર પટણીએ હાજરી આપી તેથી પરિષદને પ્રોત્સાહન મળ્યું હતું. તેમાં ૧૯૦૦ પ્રતિનિધિઓ સભાને સાચા અર્થમાં પ્રજાકીય સંસ્થા બનાવવા મો તેમાં ચૂંટણીપ્રથા દાખલ કરી બિન–અમલદારી બહુમતી રાખવાની, બજેટ ઉપર ચર્ચા કરવાની તથા કાયદા ઘડવાની સતાની માંગણી કરાઈ હતી. ૧૯૨૬માં મહુવામાં મળેલા તેના બીજા અધિવેશનમાં વેઠવેરા નાબૂદ કરવાના, કરવેરા ઓછા કરવાના તથા પ્રાથમિક શિક્ષણ મફત કરવાના ઠરાવ થયા હતા. બોટાદમાં મળેલા તેના ત્રીજા અધિવેશનમાં ખેડૂતો ઉપરના વધારેલા મહેસૂલનાદર ઘટાડવાનો ઠરાવ થયો હતો. પરિષદનું ચોથું અધિવેશન સાવરકુંડલામાં મૂળ સ્વરૂપે મણિશંકર શામજી ત્રિવેદીના પ્રમુખપદે મળવાનું હતું. પરંતુ મુંબઈમાં શિરોહી રાજય પ્રજામંડળની સભામાં આપખુદતંત્ર સામે રોષપૂર્ણ જુસ્સાદાર ભાષણ આપતાં હદયરોગના હુમલાથી તેમનું અવસાન થયું હતું. તેથી રણછોડદાસ ગાંધીને પ્રમુખ બનાવાયા હતા. આમાં વહીવટીતંત્રનાં દુષણો દૂર કરવા અંગે તથા ખેડૂતો અને મજૂરોના કલ્યાણ માટે કાયદા ઘડવા રાજયને વિનંતી કરતા ઠરાવ થયા હતાં.

આ પરિષદનું પાંચમું અધિવેશન ૧૯૩૯માં ભાવનગરમાં સરદાર વલ્લભભાઈ પટેલના પ્રમુખસ્થાને મળ્યું હતું. પ્રમુખની નીકળેલી શોભાયાત્રા ઉપર નગીના મસ્જિદ પાસે મુસ્લિમ ગુંડાઓએ હુમલો કરતાં બચુભાઈ હીરજી પટેલ અને જાદવજીભાઈ વાણિયાએ પોતાના જાનની કુરબાની આપી સરદાર પટેલને બચાવી લીધા હતા. ભાવનગરના મુસ્લિમોએ તે દિવસે જાહેરસભા ભરી આ બનાવ પ્રત્યે રોષ જાહેર કરી મૃતકો પ્રત્યે દિલસોજી દર્શાવી હતી. સરદાર પટેલે પોતાના પ્રમુખકીય ભાષણમાં કહેલું કે જે થોડા રાજયોમાં પ્રજારાજા વચ્ચે મીઠાશ છે. તેમાંનું એક ભાવનગર છે. અહીં મર્યાદાથી રાજયની ટીકા કરી શકીએ છીએ... ... તેથી અહીં પ્રજા ઉપર જે હુમલો થયો તેમાં રાજા અને પ્રજા બંનેનું અપમાન છે સાથે સાથે તેમણે ચેતવણી આપતાં જણાવેલું કે 'આ હુમલો એ બુધ્ધિપૂર્વક ઘડાયેલો હતો. તેથી બધી કોમો વચ્ચે એકતા રાખવા આ બનાવની પાછળનાં તત્વોનો તાગ મેળવવો જોઈએ. તેમનાં મનમાં પસ્તાવાની લાગણી ન થાય ત્યાં સુધી આ વાત છોડવી ન જોઈએ. અને આપણે મુરખ છીએ, નબળા છીએ એમ લાગવું ન જોઈએ. આ અધિવેશનમાં જવાબદાર રાજયતંત્ર દાખલ કરાવવાનો ઠરાવ પસાર થયો હતો. ૧૯૪૬માં મળેલ તેના ખાસ અધિવેશનમાં ત્યારે પ્રવર્તતી અનાજના બિયારણ અને કાપડની તંગી દૂર કરવાના ઠરાવ થયા હતા. ૧૯૪૭માં તેનું છઠું અને અંતિમ અધિવેશન મળ્યું. ત્યારે દેશ આઝાદ થવાની તૈયારીમાં હતો. તેથી તેમાં ધીમેધીમે માનસ પરિવર્તન કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

વઢવાણ પ્રજા પરિષદનું પ્રથમ અધિવેશન ૧૪–૧૨–૧૯૨૯ માં વઢવાણમાં મળ્યું. આ અધિવેશનમાં વર્તમાનપત્રો ઉપરના પ્રતિબંધો ઉઠાવી લેવાની તથા જવાબદાર રાજયતંત્રની માંગણી કરવામાં આવી હતી.

૧૯૩૦ સુધી જામનગર રાજયમાં પ્રજાનું પ્રતિનિધિત્વ કરતી કોઈ સંસ્થા ન હતી. જામનગરનાં જામ રણજીતસિંહની આપખુદ અને પ્રજાકીય દમનની નીતિનો વિરોધ કરવા જામનગર રાજય પ્રજા પરિષદ સ્થપાઈ હતી. તેનું પ્રથમ અધિવેશન જામનગરમાં નહિં પરંતુ

મુંબઈમાં ૬–૭ ઓગષ્ટ ૧૯૩૧ના ભરાયું હતું. આ અધિવેશનમાં જવાબદાર રાજયતંત્રની માંગણી ઈજારા પધ્ધતિની નાબૂદી, સાલિયાણાંની મર્યાદા, અને પ્રજાના નાણાંનો હિસાબ જાહેર કરવાના ઠરાવો થયા હતા. આ પરિષદનું અધિવેશન જામનગરમાં ૧–૨ મે ૧૯૩૯માં દિગ્વીજયસિંહજીના શાસનકાળ દરમ્યાન ભરાયું હતું. ગાંધીજી તથા સરદાર પટેલે પરિષદના આગેવાનોને બોલાવી રાજયની અંગત ટીકા કર્યા વિના સંયમ જાળવી પરિષદ ભરવા સૂચવ્યું હતું.

જૂનાગઢમાં – ૨૧ ઓકટોમ્બર ૧૯૩૮માં જૂનાગઢ રાજય પ્રજામંડળની સ્થાપના થઈ તાત્કાલીન પરિસ્થિતિમાં જૂનાગઢથી ચેતી જઈ કેટલા સુધારાઓ આવી પ્રજાકીય ચળવળને ધીમી પાડી દેવાનો પ્રયાસ કર્યો હતો. ૧૯૩૯માં દુકાળ પડયો. અને બીજુ વિશ્વયુધ્ધ શરૂ થતા પ્રજા મંડળની લડત સંકેલાઈ ગઈ.

ધ્રાંગધ્રા રાજયની પ્રજાએ ૧૯૩૯માં ધ્રાંગધ્રા રાજય પરિષદની સ્થાપના કરી. આ પ્રજા પરિષદનું પ્રથમ અધિવેશન ૩૦ જૂન – ૧લી જૂલાઈ ૧૯૩૪ માં અમદાવાદમાં યોજાયું.

લીંબડી રાજયમાં ૨૪ ડિસેમ્બર ૧૯૩૮માં લીંબડી રાજય પ્રજા પરિષદની સ્થાપના થઈ. તેનું પ્રથમ અધિવેશન ૧૯ ફેબ્રુઆરી ૧૯૩૯માં લીંબડીમાં યોજાયું હતું. તેમા જવાબદાર રાજય તંત્રનો ઠરાવ પસાર કરાયો હતો.

દરેક પ્રજા મંડળે પોતાના રાજયમાં પ્રજાજાગૃતિનું નોંધપાત્ર કાર્ય અવશ્ય કર્યું હતું. કાઠિયાવાડ રાજકીય અને પ્રજાપરિષદ પરિષદ અને વિવિધ રાજયોની પ્રજા પ્રતિનિધિસભા કે પ્રજામંડળોએ સૌરાષ્ટ્રમાં રાજકીય જાગૃતિના વિકાસમાં મહત્વનો ભાગ ભજવ્યો.


નકશો
સંસ્થાન રાજકોટ.
રંગની હકીકત.
રાજકોટ મહાલ.
સરધાર મહાલ.
કુવાડવા મહાલ.



# લાખાજીરાજના લગ્નની કંકોત્રી

॥ श्रीगणेशाय नमः ॥

સ્વસ્તશ્રી [illegible] મહા શુભસ્થાને [illegible]

[illegible]

[illegible]

એતાનશ્રી રાજકોટ સ્વસ્થાનાત્ લખાવીતંગ બાઈશ્રી હાજુબા-
ની આશીષ. વિશેષ લખવા કારણ એ છે જે અમારા ચીરં-
જીવી કુમારશ્રી ઠાકોર સાહેબ લાખાજીરાજના વિવાહનાં શુભ
લગ્ન સં. ૧૯૬૪ ના માગસર શુદ ૩ ને રવિવાર તારીખ ૮ ડીસે-
મ્બર સને ૧૯૦૭ના રોજ નિરધાર્યાંછે. તેના મંડપનું મુહુર્ત કારતક
વદ ૧૧ ને રવિવારૂં છે અને હથેવાળે પરણવા સીધાવવાનું શુ-
ભ મુહુર્ત માગસર શુદ ૧ શુક્રવારનું છે તો તે શુભ સમારંભ ઉ-
પર [illegible]
મંડપની શોભામાં વૃધ્ધી કરશો.

સવંત ૧૯૬૪ ના કારતક વદ ૫ સોમવાર.

ઠા. દામોદર ગોવરધનદાસે પોતાના સ્વદેશ બાંધવ છાપખાનામાં છાપી.—રાજકોટ



પ્રજાવત્સલ સદ્‌ગત નામદાર ઠાકોર સાહેબ
**સર લાખાજીરાજ** કે. સી. આઈ. ઈ.

# સંદર્ભ–સૂચિ

1) Administration Report of Morbi State 1942-43.

5) A.D.M. Reort of Rajkot State 1903 - 04

3) A.D.M. Reort of Rajkot State 1912 - 13

2) A.D.M. Reort of Rajkot State 1920 - 21

4) A.D.M. Reort of Rajkot State 1923 24

6) A.D.M. Reort of Rajkot State 1925 - 26

7) A.D.M. Reort of Rajkot State 1929 - 30

8) A.D.M. Reort of Rajkot State 1944 - 45

9) Amrelii District Gazetter Ahmedabad 1972

10) Baroda central Records Office Vadodara 558 / Bar Po / 10-18 Vol - I A dafter No. - 31. File No. - 115.

11) Bell Wilberforce. The History Kathiawad London. 1916 and Delhi 1980.

12) Foreign Department 1923 File No. 1437 a - 11 Quoted by Braham Bhatt R. H.

13) HOward spodek urben. Rajkot Rural Integratin in Regional Development A case study of saurashtra. India - 1800 - 1960 University of Chicago - 1946

14) Kathiwad Pol Agence Gazetter 1878

15) Kathiwad Time March - 30 - 1904

16) Kathiwad Times August - 11 - 1905

17) Rajkot District Gazetter Ahmedabad - 1965

18) Rajkumar College Report - 1904 - 05

19) Sir Bhavsinhghi H.H. The Maharaja of Bhavnagar - 40 years of Rajkumar college London 1911 Vol - 4. Quoted by Braham Bhatt Rajendra" Aspects of the life and works of Sir Lakhajiraj Under British Paliament Power - A Thisis of Sam Jose Uni. 1990.

# ગ્રથો અને લેખો


૧) કડાકા ધંજીશાહ હોરમઝજી, કાઠિયાવાડ ડિરેકટરી – ભાગ – ૧, ઠકકર દામોદર, રાજકોટ ૧૮૮૬

૨) કડાક ધં. હો., કાઠિયાવાડ ડિરેકટરી – ભાગ – ૪, ઠકકર દામોદર ૧૯૦૭

૩) કર્નલ વોકર, કર્નલ વોકરના રિપોર્ટ – હાલર – ૨૫ જાન્યુ. ૧૮૦૮

૪) કોટેચા જે. એમ. બ્રિટિશ શાસન દરમ્યાન સૌરાષ્ટ્રમાં શિક્ષણનોીવકાસ અને લેંગ લાયબ્રેરી સૌરાષ્ટ્ર કચ્છ ઈતિહાસ, પરિષદ – જૂનાગઢ – ૧૯૯૭

૫) કોરાટ અને સન્ય, (સેપા.) ભાવનગર રાજયનો ઈતિહાસ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, ૧૯૯૫

૬) ખાચર પ્રદ્યુમ્ન, (સંપા.), કાઠિયાવાડ સર્વસંગ્રહ (વોટસન કૃત) જૂનાગઢ – ૨૦૦૫

૭) પરીખ ર. છો. શાસ્ત્રી. હ. ગ. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ભાગ – ૧,૨,૩,૪,૫,૬,૭,૮ ભો.જે. વિદ્યાભવન, – ૧૯૭૨ થી ૧૯૮૧ અમદાવાદ

૮) ગુ.રા. સાં. ઈ. – ભાગ – ૮

૯) ચોકસી યુ. એમ., (સંપા.) ગુજરાત સર્વસંગ્રહ, ભાવનગર જીલ્લો, ગુજરાત રાજય, અમદાવાદ

૧૦) છત્રપતિ ભગવાનલાલ સંપતરમ, કાઠિયાવાડ એજન્સીના દેશી સંસ્થાનો સંબંધી કોલ કરાર દસ્તાવેજ અને સનદો

૧૧) જાની એસ.વી. ઈતિહાસની આરસીમાં સૌરાષ્ટ્ર, રાજકોટ – ૨૦૦૪

૧૨) જાની એસ.વી. "જૂનાગઢી આરઝી હકુમતના ઈતિહાસ : મહાનિબંધ સૌ. યુનિ. રાજકોટ – ૧૯૮૦

૧૩) જાની એસ.વી. સૌ. ઈ. – દર્શક ઈતિહાસ નિધિ, અમદાવાદ, ૨૦૦૩

૧૪) જોટે રત્નમણિરાવ, ગુ. રા. સાં. ઈ. – ભાગ – ૧ ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ – ૧૯૫૭

૧૫) જોબનપુત્રા જયંતિલાલ અને વ્યાસ ત્રિભુવન સર લાખાજીરાજનાં સંસ્મરણો, રાજકોટ – ૧૯૩૪
૧૬) ત્રિવેદી અભિજ્ઞા, રાજકોટની રાજકુમાર કોલેજનું શિક્ષણક્ષેત્રે તથા અન્ય ક્ષેત્ર પ્રદાન અમે.ફીલ. લઘુશોધ નિબંધ – ૧૯૯૦
૧૭) દવે રાજેન્દ્ર, ભાગવત ગુણ ભંડાર, પ્રવિણ પુસ્તક ભંડાર, રાજકોટ, ૨૦૦૦
૧૮) દેસાઈ ગુણવંતભાઈ, પશ્ચિમ ભારતમાં અંગ્રેજો : રાજકીય અને સામાજિક પરિપ્રેક્ષ્યમાં – યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ૧૯૮૮
૧૯) દેસાઈ, શંભુપ્રસાદ, જૂનાગઢ અને ગિરનાર સોરઠ સંશોધન સભા, જૂનાગઢ, ૧૯૭૫
૨૦) દેસાઈ શંભુપ્રસાદ, સૌરાષ્ટ્રનો ઈતિહાસ જૂનાગઢ, ૧૯૬૮
૨૧) દેવલુક નંદલાલ "સૌરાષ્ટ્રની અસ્મિતા" ભાવનગર – ૧૯૬૮
૨૨) પરીખ પી.સી. ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ, અમદાવાદ – ૧૯૭૪
૨૩) પરીખ પી.સી. ભારતીય સંસ્કૃતિ સ્વરૂપ અને વિકાસ અમદાવાદ – ૨૦૦૧
૨૪) પરીખ ર. છો. ગુજરાતની રાજધાનીઓ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૫૮
૨૫) ફાઈલ નં. ૨૦૫ બાવાજીરાજના હિસાબ ચોપડા, રેકોર્ડ ઓફીસ, રાજકોટ
૨૬) બાવીસી મુગટલાલ, બ્રિટિશયુગ દરમ્યાન ગુજરાતના દેશી રાજયોનું સ્વરૂપ અને સંચાલન ગુજરાત ઈતિહાસ પરિષદ (પરિષદ પ્રમુખના વ્યાખ્યાન – ભાગ – ૨) ૨૦૦૦
૨૭) ભટ્ટ ત્રિભુવન, સંસ્થાન રાજકોટની ડિરેકટરી ભાગ – ૧, ૧૯૨૯
૨૮) ભટ્ટ ત્રિભુવન પરસોતમ, ભાગ – ૧, ૨, ૩, ૪ સંસ્થાન રાજકોટની ડિરેકટરી, ૧૯૨૯
૨૯) ભટ્ટ દેવશંકર વૃ. સંસ્થાન ભાવનગર ઈતિહાસ, ભાવનગર, ૧૯૨૦
૩૦) ભાવનગર જિલ્લા સર્વ સંગ્રહ ગુજરાત રાજય અમદાવાદ – ૧૯૮૯
૩૧) મહેતા ગોરધનદાસ નાગરદાસ, સૌરાષ્ટ્ર ઈતિહાસ દર્શન, સિંહોર – ૧૯૩૭
૩૨) માહિતીખાતું "યાત્રાધામ ગિરનાર", ગુજરાત સરકાર ગાંધીનગર, ૨૦૦૧
૩૩) માહિતીખાતું "રળિયામણું રાજકોટ", ગુજરાત રાજય, ગાંધીનગર – ૨૦૦૬
૩૪) રત્નુમાવદાનજી, યદુવંશ પ્રકાશ ભાગ–૨, જામનગર – ૧૯૩૪

૩૫) રાજકોટ દરબારી ગેઝેટ, માર્ચ ૧૯૧૮

૩૬) રાજકોટ દ. ગે., એપ્રિલ ૧૯૨૩

૩૭) રાજકોટ દ. ગે. સપ્ટે. ૧૯૨૩

૩૮) રાજકોટ દ. ગે. ફેબ્રુ. ૧૯૨૪

૩૯) રાજકોટ દ. ગે. માર્ચ ૧૯૨૪

૪૦) રાજકોટ દ. ગે. મે. ૧૯૨૪

૪૧) રાજકોટ દ. ગે. નવે. ૧૯૨૪

૪૨) રાજકોટ દ. ગે. માર્ચ ૧૯૨૫

૪૩) રાજકોટ દ. ગે. ઓકટો. ૧૯૨૬

૪૪) રાજકોટ દ. ગે. મે. ૧૯૨૭

૪૫) રાજકોટ દ. ગે. ઓગષ્ટ ૧૯૨૮

૪૬) રાજકોટ દ. ગે. મે. ૧૯૨૯

૪૭) રાજકોટ દ. ગે. નવે. ૧૯૨૯

૪૮) રાજકોટ દ ગે. જુન ૧૯૩૧

૪૯) રાજકોટ દ ગે. એપ્રિલ ૧૯૩૫

૫૦) રાજકોટ દ ગે. જૂન ૧૯૩૮

૫૧) રાજકોટ શિવપ્રસાદ, "ગુજરાતનો કેળવણીનો ઈતિહાસ", અમદાવાદ ૧૯૬૮

૫૨) રાવલ મનોજ (સંપા.) ગુજરાત રાજય સર્વ સંગ્રહ, ગુજરાત સરકાર (રાજકોટ જિલ્લો) ૨૦૦૧

૫૩) રાજકોટ રેકોર્ડ ઓફિસ, પ્રજા પ્રતિનિધિ સભાની ફાઈલ નં. ૧૨, રાજકોટ – ૧૯૨૯

૫૪) વ્યાસ રશ્મિ ટી., "ઓગણીસમી સદીમાં ગુજરાતમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું સાંસ્કૃતિક પ્રદાન", રાજકોટ – ૧૯૯૭

૫૫) વોટસન જે. ડબલ્યુ. (સંપા. નર્મદાશંકર) કાઠિયાવાડ સર્વ સંગ્રહ, મુંબઈ – ૧૯૮૬

૫૬) શાસ્ત્રી દુર્ગાશંકર કેવલરામ, ગુજરાતનો મધ્યકાલિન, રાજપૂત ઈતિહાસ અમદાવાદ – ૧૯૫૩

૫૭) શાહ અમૃતલાલ, ભારત રાજયમંડળ, એસ.સી. એન્ડ બ્રધર્સ, ડાકોર, ૧૯૦૨

૫૮) શાહ જયાબેન "સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્ય સૈનિકો અને લડતો", સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ સેવા ટ્રસ્ટ ૧૯૮૮

૫૯) સંસ્થાન પ્રજા પ્રતિનિધિ સભાએ ચૂંટેલી ધારા સુધારણા સમિતિનો રિપોર્ટ ૧૯૩૭

૬૦) સેદાણી હસુતા "સંતશ્રી પ્રાણનાથ એક અધ્યયન" મહાનિબંધ ૧૯૯૨

૬૧) હાથી દીપ્તી એમ. "રાજકોટનો ઔતિહાસિક શૈક્ષણિક સામાજીક અને સાંસ્કૃતિક વિકાસ" (મહાનિંબધ) સૌ. યુનિ. રાજકોટ, ૧૯૮૬

# દૈનિક પત્રો તથા મેગેઝીનો


૧) જન્મભૂમિ ૧૯૪૯–૫૦ ની ફાઈલો

૨) ફુલછાબ ૧૯૪૯–૫૦ ની ફાઈલો

૩) પથિક વર્ષ ૧૦ અંક –૯૯

૪) વિદ્યાપીઠ – ૮–૧૦–૧૯૮૬

૫) સંશોધન – ધોરાજી – ૨૦૦૩

૬) હરિજન બંધુ, અમદાવાદ – ૩૦–૪–૧૯૩૯